વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૨મું
નવેમ્બર - ૨૦૧૭
અંક : ૪૭૪

મંગલ મંદિર ● નવેમ્બર-૨૦૧૭ ● ૧
(કુલ પાના : ૯૬)

# મંગલ મંદિર


શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




## ગ્રીક ટેમ્પલ ઓફ ડાયના તૂર્કી

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથ્રીવાળા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org


# ઔષધીય વનસ્પતિઓ દ્વારા સ્વાસ્થ્ય જાળવવા માટે અમારાં શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો























આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.

NAVNEET®

Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED


**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India
**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

IADC

# દીપોત્સવ અને નૂતનવર્ષ પ્રસંગે પ્રકાશિત

## વિવિધ વિષયનાં ગૂર્જરનાં ગૌરવવંતાં પુસ્તકો

### જીવનનિર્માણ

લે. આચાર્ય રાજયશસૂરિ મહારાજ

કિંમત : રૂ. 230

સાત્ત્વિક જીવનને કદી મૃત્યુ નથી આવતું, એનું નિર્વાણ થતું હોય છે. જીવનનિર્વાહની સાથેસાથે જીવનનિર્માણની એવી સાત્ત્વિક ઊંચાઈ સિદ્ધ કરીને જીવનનિર્વાણ પામવાની સ્વાભાવિક વાતો આ પુસ્તકમાં સરળ શૈલીમાં આલેખાઈ છે.

### લવ ઍન્ડ મિ. લૂઈ શેમ

લે. એચ. જી. વેલ્સ, અનુ. સુરેશ શુક્લ,

કિંમત : રૂ. 80

વીસમી સદીના એ મહાન અંગ્રેજી લેખકની નવલકથાનો આ ભાવાનુવાદ છે. આ ટૂંકી (લઘુનવલ) નવલકથા નવી પેઢીને ખૂબ ગમશે.

### વિજ્ઞાનપથ

લે. ડૉ. કિશોર પંડ્યા, કિંમત : રૂ. 150

વિજ્ઞાન સતત વિકસતું અને વિસ્તરતું રહે છે. અભ્યાસપૂર્ણ અને માહિતીસમૃદ્ધ આ પુસ્તક વિદ્યાર્થીઓ માટે, વિજ્ઞાનરસિકો માટે અને જિજ્ઞાસુઓ માટે અણમોલ ખજાનો બની રહેશે.

### એનેસ્થેસિયા : એક રોમાંચક કથા

લે. ડૉ. જિતેન્દ્ર બેલાણી, કિંમત : રૂ. 200

ગુજરાતી ભાષામાં તદ્દન નવા જ વિષયવસ્તુ પર આધારિત લખાયેલી આ નવલકથા વાચકોને ખૂબ ગમશે તેવી શ્રદ્ધા છે.

### અતરાપી

લે. ધ્રુવ ભટ્ટ, કિંમત : રૂ. 150

ધ્રુવ ભટ્ટની નવલકથામાં તાજગી અને માનવીય સંવેદનાનો અદ્‌ભુત સુમેળ જોવા મળે છે. ગુજરાતી ભાષાની એક નમૂનેદાર, ચોટદાર અને રસદાર નવલકથા.

### ગંગાસતીની અમર વાણી

લે. સ્વામી સચ્ચિદાનંદ, કિંમત : રૂ. 250

ગુજરાતી સંતકવિ ગંગાસતીનાં ભજનોનો આસ્વાદ કરાવીને સ્વામી સચ્ચિદાનંદજીએ જ્ઞાન, ભક્તિ, શ્રદ્ધા અને જીવનચિંતનનું સાત્ત્વિક પાથેય આપ્યું છે.

### ગોવાપ્રવાસ

સ્વામી સચ્ચિદાનંદ, કિંમત : રૂ. 40

ગોવા એ ભારતનું વિશ્વપ્રસિદ્ધ પ્રવાસસ્થળ છે. આ પુસ્તકમાં ગોવાના પ્રવાસનું અનુભવ-આલેખન છે.

### યાદગાર સાચી શોધકથાઓ

લે. યશવન્ત મહેતા, કિંમત : રૂ. 100

અહીં રજૂ થતી વૈજ્ઞાનિક શોધોની તદ્દન સાચી કથાઓ નવી પેઢી જરૂર વાંચે. એમાં જ આપણા સૌના આજ અને આવતી કાલના સુખની ચાવી છે.

### દિલીપ રાણપુરા સાહિત્યધન

સંપા. યશવન્ત મહેતા, કિંમત : રૂ. 200

દિલીપ રાણપુરાના વિવિધ સાહિત્ય વિશે અધિકારી અભ્યાસીઓએ જે મૂલ્યાંકન-વિવેચનલેખો લખ્યા અને સ્વજનો સમક્ષ રજૂ કર્યા તેમનો આ સંચય છે.

### સપ્ત માતૃકા

લે. ઇલા આરબ મહેતા, કિંમત : રૂ. 260

'સપ્ત માતૃકા'માં મહાભારત-કથાની સાત માતાઓની સંવેદનાનું મેઘધનુષ છે.

### વિનોદકથા

લે. વિનોદ ભટ્ટ, કિંમત : રૂ. 200

વિનોદ ભટ્ટ ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ હાસ્યલેખક છે. તેમનાં વિવિધ પુસ્તકોમાંથી ખાસ પસંદ કરેલી કેટલીક હાસ્યકથાઓ આ પુસ્તકમાં લેવામાં આવી છે.

### આફ્રિકાના સાહસ-પ્રવાસે

લે. ગિરા પિનાકીન ભટ્ટ

કિંમત : રૂ. 90

ગુજરાતી ભાષામાં બાળકો-કિશોરો માટે પ્રવાસ-સાહિત્ય ખૂબ ઓછું લખાયું છે. પ્રવાસ અને પરાક્રમ દ્વારા પ્રસન્નતાનો અનુભવ કરાવતું આ પુસ્તક ગુજરાતી બાળસાહિત્યમાં તદ્દન નવો અભિગમ વ્યક્ત કરે છે.

### બહાદુર બાળકોની સાહસકથાઓ

લે. નટવર હેડાઉ, કિંમત : રૂ. 150

આ વાર્તાઓનાં પાત્રો કાલ્પનિક નથી. રાષ્ટ્રીય પુરસ્કાર મેળવનાર બાળકોનાં અપ્રિતમ સાહસ, સમજદારી અને પોતાના જીવની પરવા કર્યા વિના બીજાના પ્રાણ બચાવવાની ત્વરિત નિર્ણયક્ષમતાની કથાઓ

### ડાહ્યોડમરો

લે. કુમારપાળ દેસાઈ

કિંમત : રૂ. 100

ગુજરાત સરકારની બાળસાહિત્યની સ્પર્ધામાં પારિતોષિક પ્રાપ્ત કરનાર 'ડાહ્યો ડમરો'માં ગુજરાતના મંત્રી દામોદર મહેતાની ચતુરાઈની કથાઓ છે.

### કેડે કટારી, ખભે ઢાલ

લે. કુમારપાળ દેસાઈ, કિંમત : રૂ. 100

આમાં કચ્છી નરબંકાઓની એવી કથાઓ છે કે જેમનું રાજાએ અપમાન કર્યું હોય, તેમછતાં વતનના પ્રેમને ખાતર, પોતાની ધરતીના રક્ષણ કાજે એકલા તો એકલા પણ લડીને શહાદત વહોરી લીધી હતી.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,

100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઈમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૧ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**


- ચૂંટણીન મલ્લયુદ્ધનો અખાડો નહીં પણ પવિત્ર રાષ્ટ્રીય મહોત્સવ બનાવીએ ...... ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ...... ૮


**લેખ વિભાગ**

**કચ્છી કથા**


- નાગવાળો - નાગમતી ...... સ્વામી સચ્ચિદાનંદ ...... ૯


**કચ્છની રસધાર**


- સામૈયાનું શ્રીફળ ...... દુલેરાય કારાણી ..... ૧૩


**કચ્છની વર્તમાન પ્રતિભાઓ**


- ફોટોગ્રાફી ક્ષેત્રે કચ્છની વર્તમાન પ્રતિભાઓ ...... દિનેશ એચ. મહેતા ..... ૧૫


**ધારાવાહિક નવલકથા**


- છોરાંવછોઈ – (૧૩) દીકરી જ્યોતિનું સ્કૂલમાં સન્માન ...... હંસરાજ સાંખલા ..... ૧૭


**વાર્તા**


- નથી છૂટવું ...... ગિરીશ ભટ્ટ ..... ૧૮
- વાસંતી ...... અર્જુનસિંહ કે. રાઉલજી ..... ૨૧
- પેટ વરાણે ...... નિર્ઝરી મહેતા ..... ૨૩


**નિબંધ**


- બંદૂકની ગોળી... દવાની ગોળી ...... ગુણવંત શાહ ..... ૨૫
- શું શું કહે છે આ વિપરીત બુદ્ધિ ...... રતિલાલ 'અનિલ' ..... ૨૬


**જીવન માંગલ્ય (સત્ય ઘટના પર આધારિત)**


- માફ કરના ...... માલતી શાહ ..... ૨૮


**પ્રેરક પ્રસંગ કથા**


- ઈમાનદારી ...... ડૉ. આઈ.કે. વીજળીવાલા ..... ૩૦


**ધર્મ ચિંતન**


- અવતાર, મંદિર અને મૂર્તિ પૂજા ...... વ્રજકિશોર પી. શાસ્ત્રી ..... ૩૩


**ધર્મ ચર્ચા**


- પ્રતિક્રમણ : વગડાનું ફૂલ કે બગીચાનું 'ડિઝાઈનર ફૂલ?' ...... ડૉ. સર્વેશ પ્ર. વોરા ..... ૩૭
- અમર ગ્રંથશિષ્યો ...... પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ ..... ૩૯


**ચિંતન**


- લક્ષ્ય ...... આચાર્ય ફુલચંદ્રસૂરિજી ..... ૪૪
- કયા પ્રકારના માણસ થવાની તમારી પસંદગી છે? ...... ફાધર વર્ગીસ પોલ ..... ૪૬
- પ્રામાણિકતાનો આનંદ ...... રણછોડ શાહ ..... ૪૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## સમાજ ચિંતન


- સંબંધોના સથવારે : મહિલા દિન – સાર્થક થાય છે ખરો? ..... **ઇલા કે. શાહ** ..... ૫૦


## મંથન


- આદરભાવ ..... **એસ. જી. પટેલ** ..... ૫૧
- મા-બાપોને લાલબત્તી ..... **હરેશ ધોળકિયા** ..... ૫૩


## સંસ્કાર


- માતા-પિતાનું ઋણ અને સંતાનોનું ઉત્તરદાયિત્વ ..... **ડૉ. સી.એલ. પટેલ** ..... ૫૫


## લઘુ કથાઓ


- સંતાનના સોગંદ ..... **રેખા બી. સરવૈયા** ..... ૫૬
- 'બા' ..... **તલકશી પરમાર** ..... ૫૭
- આ અવિરત ચક્ર ..... **જયંતિ ધોકાઈ** ..... ૫૭
- વહાલભરી વાદળી ..... **એમ. ડી. સોલંકી** ..... ૫૮


## વિચાર વલોણું


- માહિતી અને સમજણ ..... **હરીશ બ્રહ્મભટ્ટ** ..... ૫૯
- કંઈક નવું કરવાનું સપનું જુઓ ..... ૬૦


## વિશ્વકારણ


- મ્યાનમાર : કસોટીની ઘડીએ ..... **રક્ષા મ. વ્યાસ** ..... ૬૧


## સ્વાસ્થ્ય


- મારા દીકરાને ભણવાનું મન થતું નથી – (૨)
  કિશોરાવસ્થામાં હતાશાની બીમારી ..... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ** ..... ૬૨
- કબજિયાત : બીમારીઓનું મૂળ ..... **ડૉ. કિરીટ વૈદ્ય** ..... ૬૪


## યોગ


- નવી પહેલનો યોગ-સંયોગ ..... **જસુ કવિ** ..... ૬૬


## હળવાશની ક્ષણોમાં


- નારદજી લાવ્યા સંદેશ ..... **ડૉ. સુધીર ચી. મોદી** ..... ૬૭


## હાસ્ય


- 'બ્લેક હ્યુમર' બોલે તો... ..... **નલિની ગણાત્રા** ..... ૬૯


## નિયમિત વિભાગો


- બાલુડેં જ્યું ગાલિયું ..... **ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૭૦
- આંજો કાગર ..... ૭૧
- અન્ય સંસ્થાના સમાચાર ..... ૭૨
- જાણવા જેવું ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૭૨
- *Nano Nine* શબ્દ રમત-૧૩૪ ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૭૩
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૯૧) ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૭૫
- વલોવતન ..... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૭૬
- સમાજ દર્પણ ..... ૭૭
- સંસ્થા સમાચાર ..... ૭૮
- ઊડતી નજરે ..... ૯૨


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# ચૂંટણીને મલ્લયુદ્ધનો અખાડો નહીં પણ પવિત્ર રાષ્ટ્રીય મહોત્સવ બનાવીએ

છવ્વીસમી જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે અમલમાં આવેલ ભારતના રાજબંધારણ મુજબ દેશનો દરેક નાગરિક નાતજાત, ધર્મ સંપ્રદાય કે લિંગભેદ વગર સમાન ગણાયેલ છે અને દરેક પુખ્ત નાગરિકને પોતાના જનપ્રતિનિધિ ચૂંટવા માટેનો મતાધિકાર તેમજ ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઊભા રહેવાનો પણ સમાન અધિકાર પ્રાપ્ત થયેલ છે. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીએ ૨૧ વર્ષને બદલે ૧૮ વર્ષ પૂરાં કરનાર નાગરિકોને આ મતાધિકાર ઉપલબ્ધ કરાવતો બંધારણીય સુધારો પસાર કરાવી દેશના યુવાનોને રાષ્ટ્રની પ્રગતિમાં સહભાગી થવાની સોનેરી તક પૂરી પાડી હતી. આજે વિશ્વમાં સૌથી 'યુવાન' ગણાતા દેશોમાં ભારતનું નામ મોખરે છે, કારણકે આપણી પંચાવન ટકા વસતિ 'યુવાન' છે. ગત વર્ષો દરમિયાન થયેલ ચૂંટણીઓમાં આ યુવા મતદારોએ અત્યંત મહત્ત્વનો રોલ અદા કરી નિર્ણાયક ભૂમિકા ભજવી અને આપણને વિકાસના માર્ગે અગ્રેસર કરવાના સંકલ્પ સાથે ભારતીય જનતા પાર્ટીએ રાજ્ય અને રાષ્ટ્રનાં શાસનસૂત્રો સંભાળ્યાં. આગામી દિવસોમાં જ્યારે ગુજરાત રાજ્યની શાણી પ્રજા વધુ એક ચૂંટણીપર્વ ઊજવવા જઈ રહી છે ત્યારે બંધારણે આપણને નાગરિક તરીકે આપેલ મતાધિકારનો આપણે ખૂબ જ વિચારપૂર્વક સદુપયોગ કરીને એવી સરકાર ચૂંટી કાઢીએ જેના હૈયે ગુજરાતના છેલ્લામાં છેલ્લા માનવીનું હિત વસ્યું હોય. જેણે માત્ર સત્તા ખાતર નહીં પણ સેવા ખાતર રાજકારણનો રાહ અપનાવ્યો હોય. કોઈ આ કે તે નેતાને નજરમાં રાખીને નહીં, પણ સમગ્રપણે પ્રજાના પ્રશ્નો ઉકેલી શકે એવા સહિયારા પ્રજાલક્ષી નેતૃત્વનું નિર્ણાયક સમર્થન કરે એવી મજબૂત સરકારને વહીવટ સોંપીએ જે દરેક બાબતે પ્રજાને જવાબદાર હોય. પક્ષ કરતાં પ્રદેશ કે રાષ્ટ્રને અગ્રતાક્રમે મૂકનાર અને ધર્મ, જ્ઞાતિ કે લિંગભેદથી પર રહી જનકલ્યાણની ભાવના સાથે ચૂંટણી લડનારા યોગ્ય ઉમેદવાર પર પસંદગી ઉતારીએ. સાથે જ એવા ઉમેદવાર પાસેથી આગોતરી ખાતરી પણ મેળવી લઈએ કે આપણા મૂલ્યવાન મતનો મલાજો એ છેક અંતપર્યંત જાળવશે. આપણો મત એ આપણો વિચારપૂર્વકનો પરિપક્વ અભિપ્રાય છે. એ મેળવીને ચૂંટાયેલ પ્રતિનિધિ સત્તા કે નાણાંના પ્રલોભનમાં આવી પ્રજાનો દ્રોહ કરે તો એને પાછો બોલાવવાનો પણ પ્રજાને અધિકાર હોવો જોઈએ. જાગ્રત મતદાર સમૂહ તરીકે આપણે એ પણ જોવું રહ્યું કે રાજકારણીઓ અને રાજકીય પક્ષો યેનકેન પ્રકારેણ ચૂંટણી જીતી લેવાના એકમાત્ર ઉદ્દેશથી ચૂંટણીને યુદ્ધના અખાડામાં ફેરવી દેતા હોય છે. મની અને મસલ પાવર ઉપરાંત પોતાનો ઉમેદવાર વર્ચસ્વ ધરાવતી જ્ઞાતિનો જ હોય એવો આગ્રહ લગભગ બધા જ રાજકીય પક્ષો રાખતા હોય છે. આદર્શોની વાતો કરતા અને પોતે જાણે ધર્મરાજાનો અવતાર હોય એવો દેખાવ કરતા નેતાઓ ચૂંટણી જીતવા માટે કેવા ચિત્રવિચિત્ર નુસખા અજમાવતા હોય છે તે હવે ગુજરાતની સુજ્ઞ પ્રજાથી અજાણ્યું નથી રહ્યું. ધર્મ, સંપ્રદાય કે જ્ઞાતિઓ વચ્ચે સદીઓથી ચાલ્યા આવતા સૌહાર્દપૂર્ણ સંબંધોને આ સ્વાર્થી રાજકારણીઓ એક યા બીજા બહાના હેઠળ રાગદ્વેષપૂર્ણ બનાવી પોતાનો હેતુ પાર પાડી દેતા હોય છે. પ્રબુદ્ધ નાગરિકોએ પોતાનો નાગરિક ધર્મ સમજીને આવાં તત્ત્વોને ઓળખી લેવાં જોઈએ અને ગરીબ, અલ્પ શિક્ષિત નાગરિકો એમના પ્રલોભનમાં ફસાઈને ખોટી પસંદગી ન કરી બેસે એનું પણ ધ્યાન રાખવું પડશે. સાચા નાગરિકે માત્ર મતદાન કરીને જ નહીં પરંતુ યોગ્ય પાર્ટી અને યોગ્ય ઉમેદવાર તરફી મતદાન કરાવીને પોતાનું રાષ્ટ્રીય ઋણ ચૂકવવું જ રહ્યું. મતદાન દરમિયાન પણ કેટલાંક સ્થાપિત હિતો એમના કુત્સિત સ્વાર્થ સિદ્ધ કરવા સક્રિય બનતાં હોય છે. ક્યારેક સત્તાધારી પક્ષ પોતાની સત્તા બચાવવા

માટે તો ક્યારેક વિપક્ષ કોઈ પણ ભોગે સત્તા હડપવાની લાયમાં કેટલીક ગેરરીતિઓ આચરતા રહે છે. જાગ્રત નાગરિકે આવું કંઇ પણ નજરે પડે તો ચૂંટણી અધિકારીનું અને ચૂંટણી પંચનું ધ્યાન દોરવું જોઈએ. પાંચ વર્ષમાં એકાદ વાર જ આવો રૂડો અવસર આપણા આંગણે આવતો હોય છે. એ વખતે જો પ્રમાદ કરીશું તો આગામી પાંચ વર્ષ લગી પસ્તાવાનો વારો આવશે તે સમજી લેવું જોઈએ. નાગરિકના મૂળભૂત અધિકારો પૈકી સૌથી મહત્ત્વનો અધિકાર તે મતાધિકાર છે. તેના જોર પર એ સત્તાધીશોને ધૂળ ચાટતા કરી શકે છે અને સાચા સેવકોને સિંહાસન પર બેસાડી શકે છે. કમનસીબે છેલ્લાં વર્ષો દરમિયાન રાજકારણ સેવાને બદલે ધંધો બની ગયું છે ત્યારે ચૂંટણીની તકનો સદુપયોગ કરી લોકશાહીની ગાડી આડા રસ્તે ફંટાતી અટકે અને આપણા મહાન પૂર્વજો તથા સ્વાતંત્ર્ય સેનાનીઓનાં બલિદાન એળે ન જાય, એ જોવાની આપણી ફરજ બની રહે છે. ગુજરાત હરહંમેશ દેશ અને દુનિયાને દોરવણી આપતું રહ્યું છે. આવો, આ વખતની ચૂંટણીમાં પણ ગુજરાતની ગરિમાનો પરચો બતાવી દઈએ.

જય જય ગરવી ગુજરાત.

## શા માટે?

હું શેરીમાં નીકળું છું ત્યારે હું પારકા કે પોતાના અથવા અમુક વિચારસરણીવાળા લોકોને જોતો નથી, પણ હું છું ફક્ત માણસ.

હું બસ પકડવા કે ટ્રેનમાં ચડવા મથું છું એ વખતે મને જમણેરી કે ડાબેરી વિચારસરણીવાળા લોકો નથી દેખાતા પણ મને દેખાય છે હાંફળા-ફાંફળા લોકો જે પોતાના કામે જવાની ઉતાવળમાં છે.

આવી જ રીતે હોસ્પિટલના બિછાને દેખાતાં દર્દીઓના વદન પર કોઈ વિચારસરણીના નહીં પણ દર્દના, વ્યથાના અને દુઃખના દર્શન થાય છે.

આપણે શા માટે લોકોને ખાનાઓમાં વહેંચીએ છીએ? શા માટે તેઓના કપાળે લેબલ લગાડીએ છીએ? શા માટે આ કે તે રંગે રંગીએ છીએ? સારાં-નરસાં, લાલ-પીળાં કે જહાલ-મવાળના ભેદભાવ શા માટે ઊભા કરીએ છીએ? આમાં હાથ શું લાગે છે?

*– ફિલ બોસ્મન્સ*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● રવિવાર, તા. ૧૨-૧૧-૨૦૧૭ બપોરે ૪.૦૦ વાગ્યાથી | કર્ણાવતી ક્લબની પાછળ (ભદ્રાબાના નિવાસ સ્થાને) | વયસ્ક સમિતિ | ભદ્રાબાના નિવાસ સ્થાને કાર્યક્રમ. |
| ● રવિવાર, તા. ૧૯-૧૧-૨૦૧૭ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | એડવેન્ચર એન્ડ એજ્યુકેશનલ ટુર (નરારા આઈલેન્ડ - જામનગર) |
| ● બુધવાર, તા. ૨૯-૧૧-૨૦૧૭ બપોરના ૨.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | કૂકિંગ ડેમોન્ટ્રેશનનો કાર્યક્રમ સીઝલીંગ સીઝલર્સ (જૈન) |
| ● મંગળવાર, તા. ૧૯-૧૨-૨૦૧૭ બપોરે ૧.૩૦ વાગ્યાથી | ઈસરો – સેટેલાઇટ | વયસ્ક સમિતિ | ઈસરોની મુલાકાતનો કાર્યક્રમ |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

કચ્છી કથા

# નાગવાળો - નાગમતી

સ્વામી સચ્ચિદાનંદ

મૂળમાં કચ્છ અને સિંધ પશુપાલક માલધારીઓનો દેશ હતો. મોટાંમોટાં ચરાણો હોવાથી માલધારીઓ પોતપોતાની ઑથો લઈને મહિનાઓ સુધી ચરાવતા રહેતા. મોટા ભાગે માલધારીઓ સ્થાયી ન રહેતા, વિચરતા રહેતા. વિચરતાં-વિચરતાં જ્યાં પાણીની સગવડ સારી હોય ત્યાં પોતાના વાંઢ અથવા નેસ બનાવીને રહી પડતા. જેમનું જીવન પશુઓ સાથે જોડાયેલું હોય તેઓ પશુ જેવા થઈ જાય તેવી માન્યતા સાચી નથી. પશુઓ સાથે જોડાયેલા લોકોને પણ હૃદય તો હોય જ છે. જેને હૃદય હોય તેને લાગણી હોય, જેને લાગણી હોય તેને પ્રેમ હોય અને પ્રેમ જ્યારે એકત્વનિષ્ઠ બને ત્યારે કથા બની જાય.

ત્યારે કચ્છ-વાગડના કાનમેરમાં કાઠી રાજા કાનસુઆ ભેડાનું રાજ્ય ચાલે. તેની પાસે ઘણું પશુધન હતું. ત્યારે દૂધની ડેરીઓ ન હતી તેથી દૂધ વેચાતું નહીં. એક કહેવત જ હતી કે ''દૂધ અને પૂત વેચાય નહીં.'' બધું દૂધ મેળવીને તેમાંથી ઘી કરવામાં આવતું. ઘી લાંબો સમય રાખી શકાય, દૂધ ન રાખી શકાય. અને છાશ તો એટલી બધી થતી કે ઢોળી દેવાતી. પશુઓની વચ્ચે સતત રહેનારા લોકોનાં વસ્ત્રો અને શરીરમાંથી પણ પશુ જેવી વાસ આવે. અધૂરામાં પૂરું ત્યારે પાણીની બહુ તંગી, એટલે નાહવા ધોવાનું પણ રોજ-રોજ ન થાય. ગોવાળિયાઓની પણ એક દુનિયા હોય છે. જે તેમની વચ્ચે રહ્યો હોય તે જ જાણે.

રાજા કાનસુઆને બધું સુખ હતું, પણ સંતતિસુખ ન હતું. સંતતિસુખ વિના સંસાર ભર્યોભર્યો હોય તોય સૂનો થઈ જાય. સૂનાપણું વેક્યૂમથી ખાલીપો આપતું હોય છે. દાળમાં બધું બરાબર ભરપૂર હોય પણ માત્ર મીઠું જ ન હોય તો ખાલીપો આવી જાય, તેમ સંસારમાં પણ બધું ભરપૂર હોય પણ સંતાન ન હોય તો બધું ખાલી-ખાલી થઈ જાય. ખાલીપો સતત રહે તો તે ચહેરા ઉપર તરી આવતો હોય છે.

સવારના પહોરમાં ઊતરેલે ચહેરે કાનસુઆ બેઠોબેઠો દાતણ કરી રહ્યો છે. જે પ્રસન્નચિત્તે ઊઠે અને પ્રાતઃક્રિયા કરે તે વ્યક્તિ ધન્ય કહેવાય. ઊઠતાં જ જેનો ચહેરો ઊતરેલો, ચિંતામગ્ન, નિસ્તેજ કે ઉદ્વેગભર્યો હોય તે સુખી ન હોય. અંતરાગ્નિ તેને બાળ્યા કરતો હોય છે. સંતતિનો ખાલીપો રાજાના એ અંતરને બાળ્યા કરતો હતો અને તેની જ્વાળાઓ પૂરા શરીર ઉપર ફેલાઈ જતી હતી. એવામાં એક સફેદ જટાવાળા કોઈ બાવાજી નીકળ્યા. ડૂબતો માણસ તરણું પકડે એ ન્યાયે રાજા કાનસુઆ તેમના પગમાં પડી ગયો. બાવાજીએ આશીર્વાદ આપ્યા. આશીર્વાદ આપવા એ સાધુમહારાજો માટે નિત્યક્રિયા જેવું કહેવાય. પણ રાજાએ પગમાં નમાવેલું માથું ઊંચું ન કર્યું. તેની આંખમાં આંસુ આવી ગયાં. મહારાજ સમજી ગયા. દુઃખી માણસના નમસ્કારમાં ભેદ હોય છે. જો દુનિયામાં દુઃખ ન હોત તો ક્યાંય કોઈ મંદિર કે મહારાજ ન હોત. મહારાજે આશીર્વાદ આપ્યા કે નાગદેવની ઉપાસના કરજે જેથી તને સંતાન થશે. એવું મનાય છે કે નાગપૂજા શકોની સાથે ભારતમા આવી હતી. નાગને તેઓ 'ગોગા' કહેતા અને 'ગોગા' શબ્દ સંસ્કૃતનો નથી, તેથી બહારથી આવનારી જાતિઓ આ શબ્દ લઈ આવી હોવી જોઈએ. નાગમંદિરો અરુણાચલપ્રદેશ અને તિબેટમાં પણ મેં જોયાં છે. બૌદ્ધ લોકો પણ સ્થાનિક દેવ તરીકે નાગપૂજા કરે છે.

પતિ-પત્નીએ નાગપૂજા શરૂ કરી અને સમય જતાં તેમને ઘેર એક કન્યાનો જન્મ થયો. સૌને પુત્ર જોઈએ, પણ પુત્ર ન હોય અને પુત્રી જન્મે તો પણ મન વાળી શકાય. પુત્રીએ આખા ઘરને નવું જીવન આપી દીધું. બાળકોથી ઘર ભર્યુંભર્યું લાગતું હોય છે. બાળકો વિનાનું ઘર શૂન્ય જેવું લાગે. કન્યા પ્રવૃત્તિની પ્રેરક છે. આમ તો સ્ત્રીમાત્ર પ્રવૃત્તિની પ્રેરક કહી શકાય. સ્ત્રી અને નિવૃત્તિ ભાગ્યે જ સાથે રહી શકે. પ્રવૃત્તિનું મૂળ ઇચ્છા અપેક્ષા છે અને સ્ત્રી ઇચ્છા-અપેક્ષા વિનાની ભાગ્યે જ હોય. કન્યાનું નામ નાગમતી રાખ્યું. નાગમતીએ આખા ઘરને ધમધમતું કરી દીધું. ધમધમતું ઘર જો ખટપટિયું ન હોય તો પ્રસન્નતાભર્યું પણ ન હોઈ શકે. જ્યાં બધાં પ્રસન્નતાપૂર્વક જીવન જીવતાં હોય તેને જ સ્વર્ગ કહેવાય - પછી ભલે તે ઝૂંપડું જ કેમ ન હોય.

નાગમતી હવે જુવાન થઈ ગઈ. દીકરીની જુવાની મા-બાપને ચિંતાતુર બનાવી દેતી હોય છે. તેમાં પણ કન્યાની જુવાની રૂપથી પણ ભરપૂર હોય તો માતા-પિતાને વધુ ચિંતા થાય. રૂપભરી જુવાની સાચવવી ઘણી કઠિન હોય છે. તેમાં પણ જેમને ઉચ્ચ ખાનદાનીની છાપ હોય તેઓ તો ચિંતા વિનાનાં હોય જ નહીં. નાગમતીનાં ચારે તરફથી માગાં આવવા લાગ્યાં. આવી કન્યા સમાજ-ઉપેક્ષિત નથી હોતી, અર્થાત્ તેનો હાથ પકડનારા અનેક વરરાજાઓ તલપાપડ થતા હોય છે. જે કન્યાઓ સમાજ-ઉપેક્ષિત હોય છે તેનાં ત્રણ કારણો હોય છે : (૧) ઊતરતી

કુલીનતા, (૨) દરિદ્રતા અને (૩) કુરુપતા. આ ત્રણે કારણો એકસાથે ભેગાં થયાં હોય તો આવી કન્યાની ઉપેક્ષા થતી હોય છે - ભલે ને તે ગુણિયલ જ કેમ ન હોય! ગુણ તો પછી નીવડ્યે દેખાતા હોય છે. રૂપ તો તરત જ દેખાતું હોય છે.

નાગમતીના પિતાને ભારે ચિંતા રહેવા લાગી. બધાને ના કહેવાથી સંબંધો બગડવા લાગ્યા. ભારતમાં વેવિશાળ માત્ર વર-કન્યાનાં જીવન માટે જ નથી થતાં, પણ પોતાપોતાના સંબંધો બાંધવા માટે પણ થતાં હોય છે. સમાજના દબંગ માણસો પોતાની દબંગાઈને પૂરી કરવા માટે પણ સંબંધ બાંધતા હોય છે. જો તે પૂરી ન થાય તો દુશ્મનાવટ પણ થઈ જાય.

કાનસુઆએ એક રસ્તો શોધી કાઢ્યો. તે ઉત્તમ અને કુશળ ખેડૂત હતો. તેથી તેણે ખેતી સ્વયંવર રચવાનો નિર્ણય કર્યો. "જે યુવાન 'દોરીછંટ' ચાસ પાડી બતાવશે અને ખેતીમાં પાસ થશે તેને મારી કન્યા પરણાવીશ." આ શરત પિતા તરફથી હતી, કન્યા તરફથી નહીં. પિતા તરફથી મૂકેલી શરતવાળો સ્વયંવર ખરેખર તો કન્યાસ્વયંવર ન કહેવાય. કન્યાની શરતે જે સ્વયંવર થતો હોય તે જ સાચો સ્વયંવર કહેવાય. પણ ત્યારે કન્યાનો અવાજ જ ક્યાં હતો?

ચારે તરફથી અનેક કાઠી જુવાનો આવવા લાગ્યા અને શરત પૂરી કરવા પ્રયત્નો કરવા લાગ્યા, પણ કોઈ સફળ ન થયા. બધા નિરાશ થઈ ગયા. જે શરત પૂરી કરવા માટે ઘણા લોકો નિરાશ થયા હોય તે શરત જે પૂરી કરવાનો પડકાર બની જાય તેવા પડકારને ઝીલનારો કોઈ નીકળી આવે તો તેની મહત્તા અનેકગણી વધી જાય.

આ વખતે કચ્છ દેશમાં ભયંકર દુષ્કાળ પડ્યો. કચ્છડો દુકાળિયો દેશ પણ કહેવાય છે. પાણી વિનાના દુકાળિયા દેશમાં પાણીદાર નર-નારી-રત્નો પેદા થતાં હોય છે અને પાણીથી પરબતર પાણીવાળા દેશમાં ઓછા પાણીવાળાં માણસો પેદા થતાં હોય છે. પાણીદાર માણસનાં ચાર લક્ષણો હોય છે. (૧) મોરલ, (૨) વચનપાલન, (૩) ન્યાયપ્રિયતા અને (૪) આદર્શવાદિતા.

પશુપાલકો વિચાર કરવા લાગ્યા કે આટલાં બધાં પશુઓ લઈને ક્યાં જવું? બધાની નજર વાગડ તરફ રહેતી. એટલામાં એક ચારણ આવી પહોંચ્યો. ત્યારે ચારણ એટલે ન્યૂઝપેપર અને હરતોફરતો માહિતીનો ભંડાર. ચારણે કહ્યું કે રણની પેલી પાર સમિયાણાની ભૂમિ ઘાસચારાથી ભરપૂર છે. ત્યાં બધા પહોંચી જાઓ તો દુષ્કાળ ઊતરી જવાશે.

બધા માલધારીઓ સમિયાણાની ભૂમિ ઉપર પહોંચી ગયા. ચારે તરફ ઘાસ જ ઘાસ હતું. માલધારીઓને આનંદ થઈ ગયો. પશુ-પક્ષી-જીવજંતુ-માત્ર પહેલાં આહારની સુવિધા શોધે છે. માણસો અને ત્યાગીઓ પણ જ્યાં ઉત્તમ આહારની વ્યવસ્થા હોય તે સ્થાનને પહેલી પસંદગી આપે છે.

સમિયાણામાં કાઠી રાજા ધમ્મરવાળાનું રાજ્ય ચાલતું હતું. તેને એક રાજકુમાર હતો, જેનું નામ નાગવાળો હતું. નાગવાળાનાં લગ્ન આણલદેવી સાથે થયાં હતાં. દુર્ભાગ્યવશ બંને રૂપાળાં તો હતાં, પણ બંનેનું દાંપત્ય જામ્યું ન હતું. આણલદેવી ઉગ્ર સ્વભાવની અને પોતાનું જ ધાર્યું કરનારી હતી. આવી સ્ત્રી પતિમાં પૂરેપૂરી ભળી ન શકે. જે પોતાનું અસ્તિત્વ છોડીને સંપૂર્ણ રીતે પતિમાં ભળી જાય તેનું જ દાંપત્ય જામતું હોય છે. પતિમાં ન ભળી શકનારી પત્ની કોરડુ મગની માફક ચડ્યા વિનાની રહી જાય છે. તે સ્વતંત્ર તો રહેતી હોય છે, પણ સ્વાદ વિનાની, દાંતને કડકડ કરતી રહી જાય છે. ચડેલા મગમાં જે સ્વાદ આવે તે કોરડુમાં ન આવે. લોકો થૂથૂ કરી નાખે. આવી પત્નીના પતિને ઘરનું આકર્ષણ ઓછું થઈ જાય. જેને ઘરનું આકર્ષણ ન હોય તે બહાર વધુ ફરવા લાગે.

નાગવાળો રોજ સવારે પોતાનો પાણીદાર ઘોડો લઈને બહાર નીકળી પડતો. એક દિવસ તેણે જોયું કે કચ્છ-વાગડથી આવેલા કાનસુઆનાં હજારો પશુઓએ પોતાનું ચરાણ-વીડ સાફ કરી નાખ્યું છે. તે ઉગ્ર થઈને સીધો જ કાનસુઆની છાવણીમાં પહોંચી ગયો. સંપત્તિ રક્ષવાથી રક્ષિત રહેતી હોય છે. અરક્ષિત સંપત્તિ ભેળાઈ જતી હોય છે. કાનસુઆ રાજકુમાર નાગવાળાને આવતો જોઈને સામો ગયો, સ્વાગત કર્યું. ઉગ્ર થઈને આવેશમાં આવેલા માણસને પણ જો યોગ્ય સ્વાગત કરીને નમ્રતાથી આવકાર અપાય તો તેની ઉગ્રતા ઓછી થઈ જાય. કાનસુઆએ રજા વિના ઢોરાં ચારવા બદલ ક્ષમા માગી, આગ્રહ કરીને પોતાના નેસમાં લઈ ગયો, ઢોલિયો ઢાળીને ચા-પાણી-નાસ્તો કરાવવા લાગ્યો. આ બધું નાગમતી દ્વારા થતું હોવાથી નાગવાળાની દૃષ્ટિ નાગમતી ઉપર અને નાગમતીની દૃષ્ટિ નાગવાળા ઉપર પડી. બંને એકબીજાને જોતાં જ રહી ગયાં. જાણે જનમ-જનમનાં ઓળખીતાં હોય તેવું લાગવા માંડ્યું. પ્રેમ ત્રણ રીતે થતો હોય છે : (૧) નફરતમાંથી પ્રેમ, (૨) લાંબો સમય સંપર્ક થવાથી અને (૩) પ્રથમ સંપર્ક-માત્રથી. તૃતીય પ્રકારમાં વાસના પણ કારણ બને, પણ વાસનાનું આકર્ષણ થોડા કાળ પૂરતું જ હોય, પછી કાંઈ નહીં, જ્યારે પ્રેમ ચિરકાલીક હોય.

કાનસુઆના નેસમાંથી આદરસત્કાર પામીને નાગવાળો વિદાય થયો. પોતાનું દિલ નાગમતી પાસે મૂકતો ગયો અને નાગમતી પણ પોતાનું દિલ ખોઈ બેઠી. એક રીતે બંનેએ એકબીજાનાં દિલ બદલી દીધાં. હવે ચેન ક્યાંથી હોય? બંને બેચેન થઈ ગયાં. બંને એકબીજા માટે તડપવા લાગ્યાં.

નાગવાળો પોતાના મહેલમાં પલંગ ઉપર સૂતો હતો. ઊંઘ આવતી ન હતી. મગજની રચના એવી છે કે તેમાં તીવ્ર દ્વેષ કે તીવ્ર રાગની લાગણીઓ ઊભરાવા લાગે, એટલે મગજ ઊંઘી ન શકે. લાગણીઓના તરંગો શાંત થાય ત્યારે જ ઊંઘ આવે,

પણ જો લાગણીઓ પ્રચંડ મોજાં બનીને ઘુઘવાટા કરતી હોય તો ઊંઘ ન આવે. યાદ રાખજો, માણસ નથી ઊંઘતો, મગજ ઊંઘે છે; પણ મગજ મોજાં વિનાનું થાય તો જ ઊંઘ આવે.

ઊંઘ ન આવવાથી નાગવાળો પડખું ફરીને દીવાલ ઉપર નખ દ્વારા નાગમતીનું ચિત્ર દોરવા લાગ્યો. કવિનું કવિત્વ અને કલાકારની કલા વ્યથા પીડામાંથી જન્મે તો જ અમર થાય, નહીં તો જોડકણાં કે લીટા જ થઈ જાય - પણ વ્યથા-પીડા લાવવી ક્યાંથી! તે લાવવાથી નથી આવતી, પણ આપોઆપ આવી હોય તો જ પ્રભાવશાળી થતી હોય છે.

ચિત્ર લગભગ પૂરું થવા આવ્યું. બરાબર તે જ સમયે નાગવાળાની પત્ની આણલદેવી આવી પહોંચી. પોતાના પતિને કોઈ બીજી સ્ત્રીનું ચિત્ર દોરતો જોઈને તેના ચિત્તની કમાન છટકી. આમે તે ઉગ્ર તો હતી જ. તેની ઉગ્રતા ઔર વધી ગઈ. જે સ્વભાવથી પતિ-પત્ની વચ્ચે તિરાડ પડી હતી તે તિરાડ ઘણી મોટી થઈ ગઈ. આણલદેવીને પોતાના રૂપનું અભિમાન હતું. મારા જેવી બીજી કોઈ સ્ત્રી રૂપાળી હોય જ નહીં તેવું તેને મિથ્યા અભિમાન હતું. પણ નાગમતીનું ચિત્ર જોયા પછી તેને આઘાત લાગ્યો. પતિ-પત્ની વચ્ચેની તિરાડ ઘણી મોટી થઈ ગઈ. બધી તિરાડો કરતાં પરસ્ત્રી કે પરપુરુષના સંબંધથી થનારી તિરાડ ઘણી વિકરાળ અને ન પુરાય તેવી બની જતી હોય છે.

પગ પછાડતી આણલદે ચાલી ગઈ. ત્યારે બહુપત્નીનો સહજ રિવાજ હતો, તેથી નાગવાળો બીજી સ્ત્રીને પરણે તો તે સહજ વાત મનાવી જોઈતી હતી, પણ તેવું ન થયું.

સવાર થયું અને નાગવાળો પોતાનો ઘોડો લઈને નીકળી પડ્યો. ફરીફરીને તેનું મન નાગમતીને જોવા તલસી રહ્યું હતું. હવે તેનાં તન-મન ઉપર તેનું નિયંત્રણ હતું. બુદ્ધિનું નિયંત્રણ અને પ્રેમ બંને સાથે ન રહી શકે. એટલે તો ડહાપણવાળા લોકોની પ્રેમકથાઓ નથી હોતી - બહુ બહુ તો તેમની વ્યાપારકથાઓ હોય.

નાગવાળો ઘોડા ઉપર કાનસુઆના નેસ તરફ ચાલ્યો જાય છે, પણ ઘોડો કાલનો તરસ્યો છે. કાલે પાણી પીવડાવવાનું ભૂલાઈ ગયું હતું તેથી તે વચ્ચે આવતા સરોવર તરફ વળી ગયો. અને સરોવરના કિનારે પહોંચી ગયો. પણ આ શું? સરોવરમાં તો નાગમતી સ્નાન કરી રહી હતી. વારંવાર ડૂબકીઓ મારવાથી તેનાં કપડાં પલળી ગયાં હતાં. પલળેલાં કપડાં શરીરને ચોંટી જાય અને કુંવારી કન્યાનું માથું ઉઘાડું હોય તેથી આ દશ્ય સહજ રીતે દર્શનીય બની જાય. પણ નાગવાળાએ તરત જ ઘોડાને રોકી દીધો. નહાતી સ્ત્રીને જોવાય નહીં તેવી મર્યાદાનું તેને ભાન છે, તેથી આગળ જતાં તે અટકી ગયો. બીજી તરફ નાગમતી પણ ઊંધી ફરી ગઈ, આનું નામ જ ખાનદાની કહેવાય. પણ તરસ્યો ઘોડો પાણી પીવા ઉતાવળો થયો હતો. તે ભલો ને તેની તરસ ભલી, તેને બીજાના પ્રેમ સાથે શી લેવાદેવા? ઘોડો ખેંચાઈને છેક પાણી સુધી પહોંચી ગયો. ઘોડો તો ચસચસ પાણી પીવા મંડ્યો, પણ નાગવાળો અને નાગમતી બંને ચૂપ છે. શું બોલવું, કેમ બોલવું - કશું સમજાતું નથી. ઉપનિષદોમાં કહ્યું છે કે જ્યાંથી મન-વાણી નિવૃત્ત થઈને ચૂપ થઈ જાય તે બ્રહ્મ કહેવાય. બકવાદ કરવાથી બ્રહ્મનું નિરૂપણ ન થાય. ચૂપ થઈ જવું, મૌનમય થઈ જવું એ જ બ્રહ્મનિરૂપણ કહેવાય. કદાચ પ્રેમનું પણ આવું જ છે.

પ્રેમની શરૂઆત મૌન છે અને પરાકાષ્ઠા પણ મૌન છે. મૌન એટલે નિષ્ક્રિયતા નહીં. મૌન સેવવા માટે પણ ક્રિયા કરવી પડતી હોય છે.

હવે શું કરવું? નાગવાળાને એક ઉપાય સૂઝ્યો. તેણે પોતાની આંગળીએ પહેરેલો વેઢ ધીરે રહીને પાણીમાં સરકાવી દીધો. રિસામણાનું મૌન અને શરમનું મૌન - આ બંને મૌન પ્રેમભર્યા હોય છે. શત્રુતાનું મૌન અને લુચ્ચાઈનું મૌન - આ બંને મૌન ઝેરભર્યા હોય છે.

હવે નાગવાળો બોલ્યો : "અરે-અરે! મારો વેઢ પાણીમાં પડી ગયો! નાગમતી કુંવરી! તમે જરા શોધી આપશો?" બોલવાનો રસ્તો મળી ગયો.

"ઊભા રહો, નાગવાળા! હું શોધી આપું." એમ કહીને નાગમતી વાંકી વળીને જળમાં નાગવાળાનો વેઢ શોધવા પ્રયત્ન કરે છે, ત્યાં તો મારતે ઘોડે આણલદેવી આવી પહોંચી. વહેલી સવારે નીકળી ગયેલા નાગવાળાની પાછળ પાછળ તે પણ પગેરું લેતી આવી રહી હતી. પ્રણયત્રિકોણ શંકા, ઈર્ષ્યા અને શત્રુતા વિનાનો ભાગ્યે જ હોય છે.

આણલદેવી બંને વચ્ચે ઘોડો રાખીને ઊભી થઈ ગઈ અને ઝટ દઈને ઘોડા ઉપરથી નીચે કૂદીને નાગમતીના વાળ પકડીને મારામારી કરવા લાગી. પોતાના હક્ક ઉપર તરાપ મારનારી બીજી સ્ત્રીને પ્રથમ સ્ત્રી સહન કરી શકતી નથી. તે પતિને પ્રેમથી જીતી શકતી નથી, તેથી અસંતુષ્ટ પતિ બીજે ક્યાંય સંતોષ કરવા વળે તો તે પણ સહન કરી શકતી નથી.

આણલદેવી અને નાગમતી બંનેને જળમાં ઝપાઝપી કરતી જોઈને નાગવાળાથી રહેવાયું નહીં. તેને આણલદેવી ઉપર ક્રોધ ચઢ્યો. પ્રેમની આડે આવનાર ઉપર પ્રાણીઓને પણ ક્રોધ ચઢતો હોય છે, તો પછી માણસની તો વાત જ શી? ઉશ્કેરાયેલો નાગવાળો હાથ ઉપાડે તેના પહેલાં જ પરિસ્થિતિને પારખીને આણલદેવી ઘોડે ચઢીને પુરપાટ ભાગી ગઈ. પ્રથમથી બગડેલી બાજી વધુ બગડી. નાગવાળો અને આણલદેવીનો સંબંધ વધુ બગડ્યો. બગડેલા સંબંધે સાથે રહીને જીવન જીવવું તે નરક બરાબર થઈ જતું હોય છે.

પ્રવાસી પરદેશીઓનો પ્રેમ સ્થાયી નથી હોતો. જે સ્થાયી નથી હોતું તે જ વધુ આકર્ષક લાગે છે. જે સ્થાયી હોય છે

તેનાથી જો સંતોષ થાય તો ધન્ય થઈ જવાય, પણ જો અસંતોષ થાય તો ઘોર અશાંતિ રહે.

કચ્છમાં સારો વરસાદ થયાના સમાચાર મળતાં જ કાનસુઓ સમિયાણાની સીમમાંથી ઉચાળા ભરીને પોતાનાં બધાં પશુઓ લઈને કચ્છ તરફ ચાલી નીકળ્યો. નાગમતીને જવું ન હતું. તેનું આકર્ષણ નાગવાળો હતો. બધાં આકર્ષણોમાં સૌથી પ્રબળ આકર્ષણ પ્રેમી પુરુષ માટે પોતાની પ્રેમિકા અને સ્ત્રીપ્રેમિકા માટે પુરુષપ્રેમીનું હોય છે. આ આકર્ષણને પૂરું કરવા તેઓ સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેવા તૈયાર થઈ જતાં હોય છે. જેણે આવું કોઈ આકર્ષણ અનુભવ્યું જ નથી તે પ્રેમબુઠ્ઠો માણસ હોવો જોઈએ. પણ નાગમતી લાચાર હતી. પિતાની આજ્ઞા પ્રમાણે તે પણ ઊંટ-બકરાં-ઘેટા વગેરે લઈને સૌની સાથે પાછી વળી-વળીને જોતીજોતી ચાલતી થઈ ગઈ, પણ જતાં પહેલાં તેણે એક પથ્થરની શિલા ઉપર એક દુહો લખી દીધો :

*અમે પરદેશી પાન, વાને વંટોળે આવિયાં,*
*કોણે ન દીધેલ માન, પાદરથી પાછાં વળ્યાં,*
*આવેલ ઉભે દેશ, ગંજો કો ગમિયો નહીં,*
*નાગડ, તારે નેસ, મનડે માળો બાંધિયો.*

રોજના નિયમ પ્રમાણે નાગવાળો ઘોડો લઈને કાનસુઆના નેસે પહોંચ્યો. નેસ ઉજ્જડ થઈ ચૂક્યો હતો. ક્યાંય કોઈ ચકલુંય દેખાતું ન હતું. તે બાવરો થઈને રડી પડ્યો. "નાગમતી! નાગમતી!" એમ પોકાર પાડવા લાગ્યો. ત્યાં તેની નજર પેલી પથ્થરની શિલા ઉપર પડી. કોલસાથી લખેલો દુહો વાંચી તે ઢફ દઈને ઢળી પડ્યો.

ઘણા દિવસો સુધી તેણે મનને મનાવવા ભારે પ્રયત્ન કર્યો. મર્યાનો વિયોગ હોય તો મનને મનાવી શકાય, પણ જીવતાંનો વિયોગ હોય અને તે પણ કદી પણ યોગ થવાની શક્યતા વિનાનો હોય તો આવા વિયોગને સહી લેવો કઠિન થઈ જાય. નાગવાળો અડધા પાગલ જેવો ફરતો રહ્યો.

પણ લાંબો સમય તેનાથી રહેવાયું નહીં, તેથી એક દિવસ ચૂપચાપ તે સમિયાણાનો ત્યાગ કરીને કચ્છના માર્ગે ચાલતો થયો. આખું રણ પાર કરીને ભૂખ્યોતરસ્યો, રખડતો-ભટકતો તે અંતે કાનમેર પહોંચી ગયો. તેના પરમ લક્ષ્યનું આકર્ષણ તેને છેક અહીં લઈ આવ્યું હતું.

નાગમતીના સ્વયંવરની પ્રક્રિયા ફરી ચાલુ થઈ. બધા રાજકુમારો સીધા ચાસ પાડવાની ખેતીની કસોટી માટે આવતા રહ્યા અને નિષ્ફળ જતા રહ્યા. નાગવાળો પણ હવે તેમાં જોડાયો. સતત તાપ વેઠવાથી તેનું શરીર કાળું પડી ગયું હતું અને ભૂખ-તરસથી દુર્બળ પણ થઈ ગયું હતું, તો પણ તેની પ્રેમજ્યોતિ ઝળહળ-ઝળહળ પ્રકાશી રહી હતી. તે પણ ખેતી શીખવા લાગ્યો. સીધા ચાસ કેમ પાડવા તે માટે તે મથામણ કરી રહ્યો હતો.

એક દિવસ નાગમતી તેને જોઈ ગઈ. તેની ભૂંડી દશા જોઈને તેને આઘાત લાગ્યો. આ બધું મારે કારણે થયું છે તેવું પણ તે સમજતી હતી. તે પરસેવે રેબઝેબ થઈ ગયેલા નાગવાળા પાસે ગઈ અને બોલી :

*નાગ! સાંતીડું છોડ, ખેડુ વિણ ખેડાય ના,*
*આંખો રાતીચોળ, ધમરાણી ધંધે ચડ્યો.*

નાગમતી દાસીના વેશમાં ભાથું લઈને આવી હતી. તેને નાગવાળો ઓળખી ગયો. તેને હવે ખાતરી થઈ ગઈ હતી કે મારી માફક નાગમતીનો પ્રેમ પણ મક્કમ છે. તેને ભારે શાંતિ થઈ. બંનેએ મળીને ભાગી છૂટવાની યોજના ઘડી. ઉભયપક્ષી પ્રેમ જ્યારે મક્કમતાથી પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે સહવાસ વિના રહેવાય નહીં, પણ સહવાસ માટે જે સાહસ કરવું પડે તે બધું કરવા તૈયાર થઈ જાય. સ્ત્રીમાં પ્રેરકબળ વિના સાહસ પ્રગટે નહીં. પ્રેમથી મોટું બીજું કોઈ પ્રેરકબળ સ્ત્રીમાં નથી હોતું. નાગમતીએ પાદરે આવેલા શિવાલયમાં નિશ્ચિત સમયે મળવાનું ગોઠવ્યું. મંદિરો-તેમાં પણ ગામબહારનાં મંદિરો માત્ર ભગવાનનાં દર્શન કરવા માટે જ નથી હોતાં, તે કેટલીક વાર પ્રેમીજનોને મળવાના કામમાં પણ આવતાં હોય છે.

નિશ્ચિત સમયે નાગવાળો શિવાલયે પહોંચી ગયો. ખરેખર તો પુરુષો સ્ત્રીઓને ભગાડતા નથી હોતા, પણ સ્ત્રીઓ જ પુરુષોને ભગાડતી હોય છે, અર્થાત્ તેઓ પોતાને ભગાડી લઈ જવા પુરુષોને તૈયાર કરતી હોય છે.

કિલ્લા બહાર બે પાણીદાર અશ્વો તૈયાર રખાયા હતા. નાગમતી થોડું જર-ઝવેરાત લઈને કિલ્લાના દરવાજે પહોંચી, પણ દરવાજો બંધ થઈ ચૂક્યો હતો. હવે શું કરવું? આખી રાત તે કિલ્લા ઉપર આંટા મારતી રહી. ગમે તેટલું સારું અને ઉત્તમ કાર્ય હોય, પણ જો વ્યવસ્થિત યોજનાપૂર્વકનું ન હોય તો કામ બગડી શકે છે. પ્લાન - યોજના બહુ મહત્ત્વની વસ્તુ છે.

બીજી તરફ નાગવાળો શિવાલયમાં આખી રાત પ્રતીક્ષા કરતો-કરતો થાકી ગયો. તેને થયું કે નાગમતી ફરી ગઈ છે. સ્ત્રીઓનો ભરોસો ન કરાય. ક્યારે બદલાઈ જાય તે કહેવાય નહીં. પ્રેમ ઇંતેજાર વિનાનો હોય નહીં. ઇંતેજાર જ્યારે અસહ્ય સ્થિતિએ પહોંચે ત્યારે વ્યક્તિ જાતજાતના તર્કકુતર્ક કરવા લાગે. પ્રેમીઓનાં જીવનમાં જ્યારે તર્ક કરતાં કુતર્કો વધી જાય તો સમજવું કે કરુણ અંજામ આવશે.

નાગમતી વિના રહેવાતું ન હતું અને નાગમતી ઉપરથી વિશ્વાસ પણ ઊઠી ગયો હતો એવી સ્થિતિમાં નાગવાળો શિવાલયમાં ગયો અને ભેટમાં ખોસેલી કટાર ઝડપથી બહાર કાઢી, મહાદેવને બતાવી અને બોલ્યો : "હે મહાદેવ! હવે મારાથી નાગમતી વિના રહેવાતું નથી! મને તારી પાસે બોલાવી લે!"

**(અનુ. : જુઓ પાના નં.-૧૬ ઉપર)**

કચ્છની રસધાર

# સામૈયાનું શ્રીફળ

દુલેરાય કારાણી

'કૉ ઠક્કર! હાણેં હકલીજા આંવારેં ભાઠેં કે!' '(કેમ ઠાકોર! હવે હાકલજો તમારાં ભાંઠાં જેવાં ઘોડાંને!)' નવી નાળ ગામના પાદરમાં વેલના સામૈયા માટે સજ્જ થઈ ઊભેલા ઘોડેસવારેના જૂથમાં પોતાની માણકીને ઝુકાવતાં ભુજપુરના વણિક યુવાન આસારીઆએ જાડેજા જુવાનોને પોકાર કર્યો.

'આઆરીઆ! તોકે પણ નાઈયરજો મન થ્યો કુરો! (આઆરીઆ! તને પણ નાળિયેરનું મન થયું કે શું?)'

'મન કીં ન થીએ બાવા! ઠક્કર ઠેંકી નિકરેં તડેં વાણીઆ કીં વઈ રે? (મને કેમ ન થાય બાવા! ઠક્કર ઠેકી નીકળે ત્યારે વાણિયા કંઈ બેસી રહે?)'

'તૉ વારી માણકી તાં પુચ્છનું મોર હલેતી, ભલા! (તારી માણકી તો પૂંછડાથી પહેલાં હાલે છે હો!')

'તેંજી હાણેં ખબર પોંધી, બાવા! હાણે ભલીયું તેંજ્યું વંય! (તેની હવે ખબર પડશે, બાવા! હવે ભલી તેની વહે!)'

અને તે જ વખતે ઘોડેસવાર-મંડળને સાવધાન બની જવાની સૂચના મળી. એક, બે ને ત્રણના અવાજ સાથે પચ્ચીસ ઘોડાંનો પગો છૂટ્યો. દાબડાની ગર્જના ગજાવતા અને ધૂળના ગોટેગોટ ઉડાડતા ઘોડાઓનું ઘમસાણ થોડી જ વારમાં નજર બહાર નીકળી ગયું.

★

આજથી એક સદી ઉપરની ઘોડાદોડના શોખની આ રસકથા છે. આસારીઆના પિતાનું નામ નારદશા હતું. ગામ ભુજપુર. ઉત્તમ ઘોડાં ઉછેરવાનો શોખ આ નારદશામાં વંશપરંપરાથી ઊતરી આવેલો હતો. અને ભુજપુરના વણિક વીરો તો પ્રથમથી જ પ્રખ્યાત હતા.

એક ઘોડીને માટે રતાડીઆના ઠાકોરનો મદ ઉતારી નાખનાર અને રતાડીઆના ગઢને તોડી પાડનાર કોરશી પટેલ ભુજપુરનો જ હતો.

નારદશાએ પણ એની ઘોડીની એક વછેરીને ખૂબ કાળજીથી ઉછેરીને મોટી કરી હતી. ભેંસોનું દૂધ પાઈને ઉછેરેલી આ વછેરીના તેજસ્વી પાણીનું પૂછવું જ શું? ડિલ પરથી માખી સરકી જાય એવી એની પસમાઈ હતી. રાજની કોંતલ જેવો એનો થનગનાટ હતો. દિશાઓને માપી લે એવી એની ચાલ હતી. એનું નામ હતું માણકી. આ માણકી હવે ચડવાને લાયક બની હતી. છતાં દરરોજ તાલીમ માટે ફરવા લઈ જવા ઉપરાંત એના પર આજ લગી પડછી મંડાઈ નહોતી.

નવી નાળમાં વેલના સામૈયાની ઘોડાદોડ જામવાની છે એવા સમાચાર સાંભળીને નારદશાના પુત્ર આશારીઆને પોતાની માણકીનું પાણી બતાવવાનું મન થયું. આસારીઆની ઉંમર વીસ વરસની હતી. ઘોડાના ચાડુ તરીકે છકોશીમાં તેની છાપ પડે. ઘોડાદોડની કોઈ શરતમાં તેની હાજરી ન હોય એવું ન બને. આ વખતે તેણે નવી નાળની વેલના સામૈયામાં માણકીને દાખલ કરવા પિતાની રજા માગી; પરંતુ માણકી હજુ ઘોડાદોડમાં દોડાવવા જેવી ન લાગવાથી નારદશાએ આશારીઆને સામૈયામાં ભાગ લેવાની સાફ ના સંભળાવી દીધી.

આસારીઆના મનની ઉમેદ મનમાં જ રહી ગઈ. આજ સવારથી જ તેણે હોંસભેર નવી નાળ જવાની તૈયારી કરવા માંડી. પિતાની રજા લઈ માણકીને સામૈયામાં લઈ જવાનો તેણે નિશ્ચય કરી લીધો હતો. પણ પિતાની પરવાનગી ન મળતાં તેના આશાના બધા કિલ્લા એકાએક ભાંગી પડ્યા. તે નિરાશ થઈ ગયો. માણકીનું પાણી બતાવવાની આજે સારામાં સારી એક તક હતી. આ તક હાથમાંથી ચાલી જવાનો વખત આવતાં આસારીઓ પોતે જ જાણે ભાંગી પડ્યો.

નારદશાની એક વાર ના થઈ તો ફરી હા થવાની વાત અશક્ય હતી એ હકીકત આસારીઓ જાણતો હોવાથી તેનું મન ભાંગીને ભુક્કો થઈ જતું હતું. છતાં એક ઈલાજ અજમાવવાનો એને વિચાર આવ્યો. એક યુક્તિ એને યાદ આવી. આ નવા વિચારે એના અંતરની કરમાતી જતી આશાવેલીને ફરી સજીવન કરી. આ વિચારને એકદમ અમલમાં મૂકવાનો તેણે પાકો નિર્ણય કરી લીધો.

ભુજપુરમાં કરસનજી નામનો એક ગરાસિયો નારદશાનો મિત્ર હતો. કરસનજીની ડેલીએ લગભગ આખો દિવસ ડાયરો જામેલો રહેતો. કસુંબાપાણી પણ ખૂબ ઊડતાં. નારદશા પણ કસુંબાના બંધાણી થઈ ગયેલા હોવાથી એ પણ કસુંબાના ડાયરામાં રોજ હાજરી આપતા.

આશારીઆને આ વાત યાદ આવતાં તે કરસનજી બાવાની સહાય લેવા એની પાસે પહોંચી ગયો અને નારદશાને સમજાવવા વિનંતી કરી.

સામૈયામાં જવાની આસારીઆની હોંસ જોઈ, કરસનજીએ તેને માણકી અપાવાની ખાતરી આપી અને બપોર સુધી ઘેર રહેવા તેણે ભલામણ કરી.

બપોર થતાં નારદશા કરસનજીને ત્યાં આવીને બેઠા. વૈશાખ માસ ચાલતો હતો. ગરમી પણ ખૂબ પડતી હતી. આ લાગ સાધીને કરસનજીએ આજના તાપની વાત છેડતાં નારદશાને કહ્યું.

'પટેલ! અજ તાં સૂરજ ડાડો બોરો તપે તો ભલા! (પટેલ! આજે તો સૂરજ દાદો ભારે તપે છે હોં!)'

'બાવા ઇન જા ડીં ઐં સે તપેતાં ખરો ન! (બાવા! એના દિવસ છે તે તપે તો ખરો ને?)'

'પણ પટેલ, હેડે તપ મેં આંવારી માણકી કે પાણી વતાયાં ક ન? (પણ પટેલ, આવા તાપમાં તમારી માણકીને પાણી બતાવ્યું કે નહિ?)'

'બાપુ, પાણી તાં અઞાં નાંય વતાયો, બરેં બપોરેં વેંધો પણ કેર? (બાપુ, પાણી તો હજી નથી બતાવ્યું. બળતા બપોરે જશે પણ કોણ?)' નારદશાએ ઉત્તર આપતાં જણાવ્યું.

'વેંધો પાંવારો પબો. (જશે આપણો પબો.)'

બાપુએ પોતાના માણસ પબાનું નામ લેતાં કહ્યું.

'ત તાં ખપે કુરો? (તો તો જોઈએ શું?)' એમ કહીને નારદશાએ માણકીને જ્યાં બાંધવામાં આવતી હતી તે વંડાની ચાવી કાઢીને બાપુના હાથમાં મૂકી દીધી.

બાપુએ પબાને હાકલ કરી બોલાવી લીધો અને નારદશાના વંડાની ચાવી તેને આપીને પ્રથમથી કરી રાખેલી ગોઠવણ મુજબ ઘોડીને પાણી પાઈ આવવાનો તેને હુકમ કર્યો.

નારદશાના આગ્રહી સ્વભાવથી કરસનજી બાપુ પૂરતા વાકેફ હોવાથી તેણે આ યુક્તિ કરીને આશારીઆને ઘોડી અપાવી દીધી.

ઘોડીની લગામ હાથમાં લેતાં જ આસારીઆનું હૃદય હર્ષાવેશથી નાચી ઊઠ્યું. તરત જ ઘોડી પર પડછી માંડી નવી નાળના પાદરે સામૈયાના સમારંભમાં આવી પહોંચ્યો.

દોડમાં ઊતરનારા ઘોડેસવારોનું મંડળ તૈયાર થઈને જ ઊભું હતું. આસારીઆએ પણ પોતાની માણકીને તેમાં દાખલ કરી દીધી. થોડી જ વારમાં ઘોડાપૂરની ગર્જના સાથે સામૈયાના અશ્વોનું જૂથ વેલની સામે જવા નીકળ્યું.

આસારીઓ શરતની દોડનો જેટલો શોખીન હતો તેટલો જ એક કાબેલ સવાર પણ હતો. શરૂઆતમાં તેણે માણકીને વધુ દબાવ્યા વગર દોડમાં મૂકી દીધી. ત્યાર બાદ તેને જરા દાબીને બીજા ઘોડાઓના સાથમાં લઈ લીધી. ઘોડાંનો ત્રૂકો દડબડ દડબડ દાબડા ગજાવતો એકશ્વાસે દોડવા લાગ્યો. હવે આસારીઆએ દાવ સાધ્યો. માણકીની લગામને રોંક દઈને તેને પૂરા વેગમાં ઉપાડી. માણકી પણ પવનપુત્રીની પેઠે જાણે આકાશમાં ઊડતી હોય તેમ ઊડવા લાગી.

સ્વલ્પ સમયમાંજ બધા ઘોડા બેચાર ખેતરવા દૂર પડી ગયા. થનગનતી માણકી થોડી જ વારમાં વેલને આંબી ગઈ. આસારીઆએ સામૈયાનું શ્રીફળ તરત જ લાડીબાના હાથમાંથી લઈ લીધું.

નાળિયેર હાથમાં લઈ માણકીને નચાવતો-નચાવતો આસારીઓ પાછો ફર્યો.

એક વણિકપુત્ર આમ સામૈયાનું શ્રીફળ હાથ કરી લે એ વાત ગરાસિયા જુવાનોને રુચિ નહિ. બધા કહેવા લાગ્યા : 'આસારીઓ શરતની શરૂઆતમાં તો હતો જ નહિ. એ તો વચમાંથી જ આવીને નાળિયેર લઈ ગયો છે. નાળિયેરનો હકદાર એ છે જ નહિ!'

આસારીઓ નજીક આવી પહોંચતાં જ એને સામૈયાનું શ્રીફળ સોંપી દેવા દબાણ કરવામાં આવ્યું. આટલી મહેનતે મેળવેલું નાળિયેર આસારીઓ એમ આપી દે એવો કાચોપોચો પણ ન હતો. પણ વાત તો વધવા લાગી. આસારીઆએ વિચાર્યું કે આખી મંડળી એને અન્યાય કરવા માગે છે. એને થયું કે અહીં વધારે રોકાવામાં સાર નથી. એમ વિચારી પાછા નવી નાળ જવાને બદલે એણે માણકીને ભુજપુર તરફ મારી મૂકી.

ગરાસિયાઓ પણ હવે એને એમ જવા દે એવા ન હતા. એમણે પણ આસારીઆની પીઠ પકડી. પણ માણકી ક્યાં કોઈને આંબવા દે એવી હતી? તીરની પેઠે માણકી નીકળી ગઈ અને થોડી જ વારમાં ભુજપુર આવી પહોંચી.

આસારીઆના પિતા નારદશા હજુ કરસનજી બાવાના ઉતારે જ બેઠા હતા. ઘોડીની વાત એમના જાણવામાં આવી ગઈ હતી. એટલામાં આસારીઓ માણકીને કુદાવતો આવી પહોંચ્યો અને સામૈયાનું નાળિયેર પિતાના હાથમાં મૂકીને ઘોડાદોડમાં બનેલી સઘળી ઘટના અહીં બેઠેલા આખા ડાયરા વચ્ચે રજૂ કરી. એટલામાં તો ઘોડાના દાબડાના ગડગડાટ સાથે નવી નાળના ઘોડેસવારોનું મંડળ ધમધમાટ કરતું આવી પહોંચ્યું. એક જણે અસારીઆના પિતા નારદ સમક્ષ ફરિયાદ કરી : 'તમારા આસારીઆએ અધવચથી જ ઘોડીને દોડમાં નાખીને દગલબાજીથી અમારું નાળિયેર લઈ લીધું છે. માટે નાળિયેર અમને આપી દો! નહિ આપો તો જોવા જેવી થશે!'

આસારીઆનો પિતા નારદશા જમાનાનો ખાધેલ એક અડીખમ વાણિયો હતો. આવી ધમકીથી ડરી જાય એવો ન હતો. છતાં આજના સમયને તે ઓળખી ગયો હતો. તેણે વિચાર્યું કે હમણાં કોઈ આડોટેડો જવાબ આપવાથી ખેલ બગડી જશે. એટલે સૌને શાંત કરીને ધીમેથી બોલ્યો : 'તમારી વાત તો મને પણ ખરી લાગે છે. આસારીઓ અહીંથી નીકળ્યો પણ મોડો હતો. વળી મારી મનાઈ છતાં તે માણકી પર પડછી નાખીને છાનોમાનો જ ભાગ્યો હતો. એનાં તો બધાં આવાં જ કામ છે. હવે તમારી વાતનો તોડ લાવવા હું નવો રસ્તો બતાવું છું. તમે બધા અમારા આખા ડાયરાની સાક્ષીએ નવી ઘોડાદોડ લગાવો. આસારીઓ માણકીને લઈને તમારી સાથે જ નીકળે. જે સૌથી પહેલો નવી નાળ પહોંચે તેનું આ નાળિયેર.' નારદશાએ મોતી જડેલું સામૈયાનું શ્રીફળ હાથમાં લઈને પોતાની વણિકવિદ્યાનો ઉપયોગ કરવા માંડ્યો.

નારદશાની આ નવી વાત સાંભળીને બધા ઘોડેસવારો એકબીજાનાં મોઢાં સામે જોવા લાગ્યા. તેમણે તો સામૈયાની દોડમાં જ પોતપોતાનાં ઘોડાનાં પાણી માપી લીધાં હતાં. બધા સમજી ગયા કે માણકી સાથે હવે હરીફાઈમાં ઊતરીને હાથે કરીને નામોશી વહોરી લેવી પડશે. એમને હવે પોતાનાં વાહનોની રહીસહી કિંમત પણ ઘટાડવાનું ઉચિત ન લાગતાં સૌ એક પછી એક ત્યાંથી સરકી ગયા.

એક સદી ઉપરની વણિક વીર આસારીઆની આ સાહસકથા આજે પણ લોકહૃદયમાં જળવાઈ રહી છે. ■

કચ્છની વર્તમાન પ્રતિભાઓ

# ફોટોગ્રાફી ક્ષેત્રે કચ્છની વર્તમાન પ્રતિભાઓ

દિનેશ એચ. મહેતા

કચ્છની સંસ્કૃતિ, કલા વારસો, સ્થાપત્ય, પહેરવેશ, ખનીજ, સફેદ રણ વગેરેને કારણે કચ્છ પ્રદેશને વિશ્વ સ્તરે સ્થાન મળ્યું છે. આજે પણ કચ્છની સંસ્કૃતિ જળવાઈ રહી છે અને એ જ કારણે વિશ્વના લોકો કચ્છ પ્રત્યે આકર્ષાય છે. કચ્છના કલા વારસાની જાળવણીમાં ફોટોગ્રાફી અને પેઈન્ટિંગનું પણ આગવું સ્થાન રહેલું છે. ફોટોગ્રાફી ક્ષેત્રે ભૂતકાળમાં કચ્છના અનેક ફોટોગ્રાફરોએ પોતાની કલા થકી કચ્છનું નામ રોશન કરેલ છે જેમાં માંડવી - કચ્છના સ્વ. ટી. એસ. લાલે ચામાચીડિયા ઉપર કરેલ અદ્‌ભુત ફોટોગ્રાફીને લોકો આજે પણ યાદ કરે છે. તેવી જ રીતે સ્વ. એલ. એમ. પોમલે કચ્છના રણના સુરખાબ પક્ષી અને જંગલી ગધેડા - ઘુડખરની જીવન લીલાને કેમેરામાં કેદ કરીને લોકો સમક્ષ મૂકી અને દેશ વિદેશના પ્રવાસીઓ અને પક્ષીનિષ્ણાતો અને નેચરમાં રસ ધરાવતા લોકોને કચ્છમાં આવવા મજબૂર કર્યા.

ફોટોગ્રાફીની કલા ક્ષેત્રે ભૂતપૂર્વ કલાકારોએ તો સિધ્ધિઓ પ્રાપ્ત કરી, કચ્છનું નામ ઉજાગર કર્યું પરંતુ વર્તમાનના ઘણા ફોટોગ્રાફરો પણ આ કલાને આગળ ધપાવી રહ્યા છે અને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહ્યા છે. તેમાંના કેટલાક કલાકારોનો પરિચય મેળવીને કચ્છી સમાજ જરૂર ગૌરવ અનુભવશે.

### ● શ્રી વસંત સંઘવી (માંડવી - કચ્છ)

શ્રી વસંતભાઈ સંઘવી ઘણાં વર્ષોથી માંડવીમાં ફોટોગ્રાફી ક્ષેત્રમાં કાર્યરત છે અને તેમણે પક્ષીઓની સુંદર ફોટોગ્રાફી કરી અનેક ઍવોર્ડ મેળવીને વિશ્વ કક્ષાએ નામના મેળવી છે. તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૧૦૦થી વધુ ઍવોર્ડ્સ પ્રાપ્ત કરેલ છે. ચીનમાં ગોલ્ડ મેડલ, અમેરિકામાં વન સ્ટાર મેડલ, હોંગકોંગમાં મેડલ, PSAમાં સિલ્વર મેડલ, લખનૌમાં ઈન્ટરનેશનલ સ્પર્ધામાં, આંધ્ર પ્રદેશમાં ઇનામો મેળવેલ છે. તેમને સ્વિટ્‌ઝરલેન્ડ તરફથી ફોટોગ્રાફીની ઑનરરી ડિગ્રી AFIAP મળેલ છે, જે કચ્છનું ગૌરવ છે.

### ● શ્રી અશોક ચૌધરી (મુંદ્રા - કચ્છ)

કુદરતમાં નાનપણથી રસ ધરાવતા મુંદ્રામાં રહેતા શ્રી અશોક ચૌધરીએ કચ્છની સુંદરતાને કેમેરામાં કેદ કરવા પિક્ટોરિયલ ફોટોગ્રાફીથી શરૂઆત કરી રબારી, જત લોકોની લાઈફ સ્ટાઈલ ફોટોગ્રાફી કરી. પણ પછી વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીમાં વધુ રસ લીધો અને ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ (ઘોડાર પક્ષી) અને લેસર ફ્લોરિકન (ખડમોર) પક્ષીની લુપ્ત થતી પ્રજાતિને હાઈલાઈટ કરવાનો પ્રયત્ન કર્યો અને તેમાં તેમને સફળતા મળી. અને તેમની તસવીરોએ તેમને અનેક ઍવોર્ડની સાથે નામના પણ અપાવી. જેમાં નેશનલ લેવલ ફોટોગ્રાફી સ્પર્ધા, સેન્ચુરી એશિયા - વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી તેમજ વન્ય વિભાગ સ્પર્ધામાં મુખ્ય ઇનામો મળ્યા. તેમના ઘોડાર અને ખડમોર પક્ષીના ફોટાઓને ઈન્ટરનેશનલ મેગેઝિનો જેવા કે HORN BILL, MISNES, SANCTUARY ASIA SEAVUS, HERITAGE INDIA ના મુખપૃષ્ઠ ઉપર સ્થાન મળેલ છે. તે ઉપરાંત ક્લાસમેટની ૧ કરોડ નોટબુક ઉપર WWF દ્વારા આ બંને પક્ષીઓના ફોટાએ સ્થાન મેળવી શ્રી ચૌધરીને ખૂબ નામના અને પ્રસિદ્ધિ અપાવેલ છે. કચ્છના નલિયા નજીક આવેલા ઘાસિયા મેદાનમાં લુપ્ત થવાના આરે પહોંચેલા આ અલભ્ય પક્ષીનાં માત્ર ૪ યુગલ જ હોવાનું જણાય છે. તેને બચાવવા સરકારે પણ કમર કસી છે જેમાં શ્રી અશોક ચૌધરી પણ યશભાગી થયા છે, તે કચ્છ માટે ગૌરવની વાત છે.

### ● શ્રી અરવિંદ નાથાણી (ભુજ)

ભુજના શ્રી અરવિંદભાઈ નાથાણીએ સરકારી નોકરી સાથે પોતાનો ફોટોગ્રાફીના શોખને પણ વિકસાવ્યો અને કચ્છના વિવિધ વિષયો ઉપર સુંદર ફોટોગ્રાફી કરી પ્રદર્શનો અને સ્પર્ધાઓમાં ભાગ લઈને ફોટોગ્રાફીમાં માહિર થઈ ગયા અને રાષ્ટ્રીય કક્ષાએ અનેક ઇનામો મેળવ્યાં. જેમાં વર્ષ ૨૦૦૦ મિલેનિયમ સ્પર્ધામાં પ્રથમ પુરસ્કાર, બેટર ફોટોગ્રાફી સ્પર્ધામાં 'ધ રાઈઝિંગ બ્યુટી' ફોટાને પુરસ્કાર, ગુજરાત રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા કચ્છના પ્રવાસનને વિશ્વ ફલક પર પહોંચાડવા યોજાયેલ સ્પર્ધામાં રૂપિયા ૧ લાખનો પ્રથમ પુરસ્કાર તેમજ કચ્છ જૈન સેવા સમાજ દ્વારા ગુજરાત સ્તરે યોજાયેલ હરીફાઈમાં પણ પ્રથમ પુરસ્કાર મેળવેલ છે અને કચ્છનું નામ રોશન કરેલ છે. 'કચ્છમિત્ર' દૈનિકમાં તેમના વિવિધ વિષયો ઉપરની સુંદર તસવીરો અવારનવાર પ્રકાશિત થાય છે, જે કચ્છનું ગૌરવ છે.

### ● શ્રી હર્ષદ પોમલ (ભુજ)

'મોરનાં ઇંડાં ચીતરવાં ન પડે' તે કહેવત ભુજના શ્રી હર્ષદભાઈ પોમલને બરાબર લાગુ પડે છે. સ્વ. એલ. એમ.

પોમલની ફોટોગ્રાફી કલાનો વારસો પિતા તરફથી પુત્ર હર્ષદભાઈને મળેલ છે. તેમણે નેચર, વાઈલ્ડ લાઈફ અને લાઈફ સ્ટાઈલ ફોટોગ્રાફીમાં રાષ્ટ્રીય કક્ષાએ અનેક ઍવોર્ડ મેળવ્યા છે. જેમાં નિહારીકા ક્લબ - અમદાવાદ, ફોટોગ્રાફિક સોસાયટી ઓફ કચ્છ ઉપરાંત કલકત્તા, રાજસ્થાન અને હૈદ્રાબાદમાં યોજાયેલ સ્પર્ધાઓમાં ઍવોર્ડ મેળવ્યા છે અને તેઓ પણ પક્ષીઓ સહિત અનેક વિષયોની ફોટોગ્રાફી કરીને કચ્છનું ગૌરવ વધારે છે.

### ● શ્રી જયસુખ પારેખ અને શ્રી નીરવ પારેખ - ભુજ

ભુજમાં દવાના ધંધા સાથે સંકળાયેલા શ્રી જયસુખભાઈ પારેખ કવિતા લખવાના શોખને કારણે 'કવિ સુમન' તરીકે જાણીતા છે. તેઓ તથા તેમના પુત્ર નીરવ પારેખને ફોટોગ્રાફીનો શોખ અને બર્ડ-વોચિંગનો શોખ છે અને પક્ષીઓની સુંદર ફોટોગ્રાફી કરે છે. પક્ષીઓ ઉપરાંત ઐતિહાસિક સ્થળોની તેમજ વિવિધ વિષયોના ફોટાઓનું વિશાળ કલેક્શન ધરાવે છે અને અનેક જગ્યાએ તેમના ફોટાઓનાં પ્રદર્શનો યોજાઈ ગયાં છે. શ્રી જયસુખભાઈને 'ફ્લેમિંગો મિટિંગ' ફોટા માટે વન્યજીવન ફોટો સ્પર્ધામાં તેમજ અન્ય સ્પર્ધાઓમાં પુરસ્કારો મળેલ છે, તો નીરવ પારેખને પણ ભુજ નગરપાલિકા તથા રોટરેક્ટ ક્લબ - મિડટાઉન દ્વારા યોજાયેલ સ્પર્ધામાં પુરસ્કાર મળેલા છે. આમ પિતા-પુત્ર ફોટોગ્રાફી ક્ષેત્રે કચ્છનું નામ રોશન કરે છે.

### ● શ્રી રણજિતસિંહ જાડેજા (મોટી ખાખર - કચ્છ)

કચ્છ મોટી ખાખર ગામના શ્રી રણજિતસિંહ જાડેજાએ પોતાની બેંકની નોકરીની સાથે ફોટોગ્રાફીના શોખનો પણ વિકાસ કર્યો અને કચ્છની રબારી કોમ, ઐતિહાસિક સ્થળો તથા સફેદ રણની સુંદર ફોટોગ્રાફી કરેલ છે. તે ઉપરાંત સુરખાબ અને અન્ય પક્ષીઓ તેમજ વાઈલ્ડ લાઈફની યાદગાર તસવીરો ખેંચી છે. જેમાં મુખ્યત્વે હરણ, ચિંકારા - કાળિયારની યાદગાર તસવીરોનો સંગ્રહ ધરાવે છે તેમજ અનેક પ્રદર્શનોમાં પણ ભાગ લીધેલ છે અને પુરસ્કાર મેળવેલ છે.

★

કચ્છમાં આવી તો અનેક પ્રતિભાઓએ ફોટોગ્રાફી ક્ષેત્રે વર્તમાનમાં કાર્યરત રહીને તેમની કલા વડે કચ્છને કચકડે મઢીને કચ્છનું નામ રોશન કરેલ છે, તેમનો પરિચય ફરી કોઈવાર કરશું. તે ઉપરાંત નાની વીરાણીના જુગલ કિશોર તિવારી, કાર્તિક મહેતા, નટવરલાલ વ્યાસ, આશિષ ગોહિલ, કાર્તિક પોમલ, શાંતિલાલ વરુ, કાંતિલાલ હુબલ,મુંદ્રાના દિલીપસિંહ, મોહન માતંગ; માંડવીના સતીષ શનિશ્વરા, ભુજના રમેશ પોમલ, આસુતોષ ગોર, રાપરના રામજી મેરિયા, સમીર ભટ્ટ, રોનક ગજ્જર, યોગેન ખત્રી, રાહુલ જોટા, હસમુખ મચ્છર, દીપ કટ્ટા, નીરવ પોમલ, પરેશ કટ્ટા, ભાર્ગવ વાઘેલા, અનવર તુર્ક વગેરે પણ સુંદર ફોટોગ્રાફી કરે છે. ■

## નાગવાળો - નાગમતી

(અનુ. : પાના નં.-૧૨ ઉપરથી ચાલુ)

એમ કહીને જોરથી પેટમાં કટારી ભોંકી દીધી. લોહીનો ફુવારો ઊડ્યો. નાગવાળો શિવલિંગ આગળ પડીને તરફડવા લાગ્યો. "નાગમતી! નાગમતી!" એવા પોકાર પાડતો રહ્યો.

એટલામાં તો કિલ્લાનો દરવાજો ખૂલવાથી નાગમતી મારતે ઘોડે શિવાલય પહોંચી અને નાગવાળાને તરફડતો જોઈને ગાંડી જ થઈ ગઈ. ઝટ દઈને તેણે તરફડતા નાગવાળાનું માથું પોતાના ખોળામાં લઈ લીધું. બંને પ્રેમીઓનું મધુર મિલન થયું, પણ આ મૃત્યુમિલન હતું. જીવનભર સાથે રહ્યાં હોય, પણ મરતી વખતે મોઢું જોવા ન મળે તો કાચું મિલન કહેવાય, પણ જીવનભર દૂરદૂર રહ્યાં હોય, પણ અંતિમ ઘડીએ મિલન થઈ જાય તો તે પાકું મિલન કહેવાય. નાગવાળાએ નાગમતીના ખોળામાં પ્રાણ છોડી દીધા. પ્રિયજનના ખોળામાં પ્રાણ છોડવા તે ગંગાકિનારે સમાધિમાં પ્રાણ છોડવા કરતાં પણ વધુ મહત્ત્વનું થઈ શકે છે.

શુધ્ધ પ્રેમ ગંગા કરતાં પણ વધુ પવિત્ર છે. ગંગાકિનારામાં કદાચ મળમૂત્રાદિની ગંદકી પણ ભેગી થઈ હોય, પણ શુદ્ધ પ્રેમની ગંગામાં ગંદકી સમાય જ નહીં. ગંગા કદાચ મેલી થાય, પણ પ્રેમ કદી મેલો ન થાય.

નાગમતીની શોધમાં નીકળેલો કાઠી રાજા સૈનિકો સાથે આવી પહોંચ્યો. શિવાલયનું દશ્ય જોઈને તેની આંખો ફાટી રહી ગઈ. હવે નાગમતી નાગમતી ન રહી હતી. તેને સત ચડેલું હતું. સત ચઢવાનો અર્થ થાય છે કે રોમેરોમે એક પ્રચંડ પ્રેમજ્વાળા પ્રગટવા લાગી. ઢાંકી રાખેલા સત્યને પ્રગટ કરવા માટે સત ચઢવું જરૂરી હોય છે. લોકલાજ, ભય, ચિંતા વગેરે કારણોથી જે સતને ઊંડાણમાં દબાવી રાખ્યું હોય તે ફુવારાની માફક ફૂટી નીકળે તેને પ્રેમ-સત કહેવાય.

કાઠી રાજા પુત્રી નાગમતીથી સ્થિતિ સમજી ગયો. તે ડાહ્યો હતો. તેણે સીધો અર્થ કર્યો. ગુસ્સે થવાની જગ્યાએ તે અનુકૂળ થયો. પુત્રીના પ્રેમને તે પિછાણી શક્યો. તરત જ નાગવાળાના અગ્નિદાહ માટે મોટી ચિતા રચાઈ. સૌના જયજયકાર વચ્ચે નાગમતી નાગવાળાને લઈને ચિતા ઉપર ચઢી ગઈ. જીવનભર તન-મન બાળી-બાળીને જીવવું તેના કરતાં એકસાથે થોડી વાર અગ્નિ વેઠી લેવો સારો એવું આ લોકો માનતા હોય છે.

પલાંસવાથી નજીક જ નાગવાળા અને નાગમતીની દેરીઓ છે. બંને અમર થઈ ગયાં. મેં અમેરિકાનાં મોટાં ખેતરોમાં ગોળગોળ ચાસ જોયા હતા. કહેવાય છે કે આપણે ત્યાં પણ પહેલાં ગોળગોળ ચાસ હતા, પણ નાગવાળાએ સીધા ચાસ પાડવાની પ્રથા ચલાવી. જે હોય તે, પણ આ બંનેનો પ્રેમ ઘણાઘણા બોધપાઠ આપી શકે છે. ■

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૧૩)

હંસરાજ સાંખલા

## દીકરી જ્યોતિનું સ્કૂલમાં સન્માન

મણિલાલને કલકત્તા જવા દેતાં પહેલાં રતને પાણી પહેલાં પાળ બાંધી.

એની પાસે ભગવાનનો દીવો ઉપડાવી દારૂ ન પીવાના સૌગંદ લેવરાવ્યા. પોતાના તથા દીકરીયુંના પણ સોગંદ ખવરાવ્યા. આટલું કર્યા પછીયે રતનને ઊંડે-ઊંડે થોડી બીક તો હતી જ. મારી નજરથી દૂર જૈને ફરી શીખી જશે તો? ઇયાં મારા પ્રેમના નશામાં ને મરઘાંમાની બીકમાં કાબૂમાં હતા પણ હવે?

હવે તો ઇ એટલા છેટે જનારા હે કે ત્યાં પોતાના પ્રેમની અને મરઘાંમાની ધાકની અસર નથી જ રેવાની તો પછે શું? છતાં જવા તો દેવા પડશે ને?

અને મણિલાલ કલકત્તા ગયો.

લગ્ન કર્યાનાં આટલાં વર્ષોમાં પહેલાં ક્યારેય નૈને આ વખતે કોણ જાણે કેમ રતનને પણ એની યાદ આવવા લાગી. એને બગડી જવાની બીકના સ્મરણથી કે એને છેલ્લે છેલ્લે મણિલાલને દારૂ ભુલાવવા માટે પત્ની સાથે પ્રેમિકાનું જે પાત્ર ભજવ્યું હતું, તેનાથી એના દિલને અને મનને પણ ખરેખર એનો પ્રેમ યાદ આવવા લાગ્યો. એને સવાર બપોરે ને સાંજે એ યાદ આવવા લાગ્યા.

ઘણી વાર એનાથી અનાયાસે સરખામણી પણ થઈ જતી.

એને થતું 'પહેલાંની જિંદગી તો જીવવા ખાતર જિવાતી હતી. જ્યારે હવે તેને જિંદગી જીવવા જેવી લાગી. પહેલાં દર ચોમાસે આવતા અને જતા. આ રીતે એનું આવવું અને જવું જાણે યંત્રવત્ સંસારી જીવનનો માત્ર એક ફરજનો ભાગ લાગતો હતો. જાણે લાચાર મજબૂર ફરજિયાત ફરજ બજાવતો પગારદાર નોકરિયાત. એ આવતા અને પગારદાર નોકરિયાતની જેમ ફરજ બજાવી મુદત પૂરી થયે પાછા જતા રહેતા.

પરંતુ એના છેલ્લા રોકાણ દરમિયાન પતિ-પત્નીના સંબંધો ગરીબી-અમીરીની અસરથી મુક્ત લાગ્યા. એને થયું આ બાબત ભગવાને કેવી સમતોલ આપી છે સૌને! નહીં તો અછતિયાં (ગરીબો) સાંસારિક સુખ પૂર્ણપણે કેમ પામી શક્યાં હોત?

ગરીબ હોય કે અમીર પણ આ સંબંધોની સફળતા અને સંતોષ માટે કોઈને ગરીબી-અમીરી બાધા કે વરદાનરૂપ સાબિત થતી નથી. રતનને થયું ભગવાને સંસારી જીવનમાં સફળતા અને સંતોષનો આંક જે - તે વ્યક્તિનાં દિલ અને દિમાગ ઉપર આધારિત રાખ્યો છે. એટલે જ કદાચ ગરીબો અમીરો કરતાં સાંસારિક જીવન બાબતે વધુ વાસ્તવિક સંતોષ અનુભવે છે. અને એ સંતોષના આધારે અને આશાએ એ એના જીવનમાં આવતા ઢાળ-ચઢાણ, નાની-મોટી મુશ્કેલી કે દુઃખ એને નિરાશ કરી શકતા નથી. અને એ સંતોષતંતુના સહારે પાતળી સગવડો વચ્ચે પણ આખો જન્મારો પરસ્પર હૈયાની હૂંફને આધારે હસતાં હસતાં વીતાવે છે.

રતનને પતિ-પત્નીના સંબંધો હવે હાચાહાચ ભગવાનનું વરદાન લાગ્યા.

આવી અનુભૂતિ રોજબરોજ મહેસૂસ થવા લાગી ત્યાં એને એકલું રહેવાનું આવ્યું.

દિવસ તો મૂલમજૂરના કામે અને સવાર સાંજ દીકરીયું અને ગાયની સાર સંભાળમાં કેમ પસાર થઈ જતો એ ખબર જ ન પડતી. ને મોડી સાંજનો વધઘટનો સમય પસાર કરવા નાનબાઈ આવી જતી, પરંતુ રાત્રે?

મણિલાલને પેલી બાબતે બાંધવામાં ને સોગંદ ખવરાવવામાં નાનબાઈ અને મનસુખભાઈને ભેળાં જ રાખ્યાં હતાં. દવાખાનાના ને દારૂના બનાવ પછી રતન અને નાનબાઈ ખૂબ નિકટ આવી હતી.

રતન પોતાની ખાનગીમાં ખાનગી વાત પણ નાનબાઈ પાસે છુપાવતી નહીં. નાનબાઈને પોતાની અમુક અંગત બાબતો કહેવામાં થોડો સંકોચ થતો અને શરમાતી. પણ રતન તો કહેતી 'એવા ભેદ રાખીયે તો પછી આપણાં બેનપણાં માત્ર કહેવાનાં?' મણિલાલ હતો ત્યારે બે પતિ-પત્ની વચ્ચે થતી વાતો, ક્રિયાઓ વગેરે એ ઉત્સાહમાં આવી ભોળાભાવે કહી દેતી ને કહેતી. 'તને બધી ખબર તો હે તું ક્યાં કુંવારી હો કે મને તારી મર્યાદા રાખવી પડે.'

દારૂવાળા બનાવ પછીના છ મહિનામાં તો બંને બહેનપણીઓ અમુક મુદ્દે અને અમુક સંજોગોમાં પોતાના પતિ સાથે કેમ વર્તવું? કેમ કામ કઢાવવું? શું કરવું? શું ન કરવું? વગેરેમાં પરસ્પર સૂચનથી એ બે સંપૂર્ણ ઐક્ય ધરાવી ચૂકી હતી.

(અનુ. : જુઓ પાના નં.-૨૪ ઉપર)

વાર્તા

# નથી છૂટવું

ગિરીશ ભટ્ટ

રાતે છેલ્લી હાજરી નોંધતી વખતે જમુનાએ શારદીને સૂચના આપી હતી : 'સવારે દસ વાગે હાજર રે'જે. તને મળવા આવશે.'

કોઈ પણ કેદી માટે આટલા શબ્દો આખી રાતના જાગરણ માટે પૂરતા હતા.

દુનિયા કેટલી સાંકડી થઈ ગઈ હોય? ને ભીડ પણ કેટલી? એના એ જ ચહેરાઓ ને એના એ જ ભીંતડાં. શારદી તો અવાક થઈ ગઈ હતી. આમાં બાર વરસ કાઢવાના? કેટલીક સ્ત્રીઓ ઉદાસ હતી તો કેટલીક નફ્ફટ બનીને હસી રહી હતી.

એકે હસીને કહ્યું હતું : 'લો, હવે જાજરૂની લેનમાં એક વધી!'

બીજીએ પાદપૂર્તિ કરી હતી - 'કયું પરાક્રમ કરીને આવી? ધણીને પતાવીને...કે...?'

ના, તે તો ધણીને બચાવીને આવી હતી.

તે તો નકામું ઘાસ નીંદતી હતી. ખડતલ હાથમાં રહેલું દાતરડું લયબદ્ધ ચાલતું હતું. હોઠ પર એક ગીતનો અંતરો હતો. અચાનક શેઢા પર ગાળાગાળી થતી કાને પડી હતી. એક અવાજ તેના પતિ નારાયણનો હતો. ને બીજો પડખેના ખેતરવાળા હરજીવનનો. જમીનની તકરાર તો વરસોની હતી.

તે ઊભી થઇ, વસ્ત્રો સમાં કર્યાં ને ફરી દાતરડું લીધું હાથમાં. જોયું તો આંખો ફાટી ગઈ હતી. આખલા જેવો હરજીવન લાકડી ઊંચકતો તેના પતિ પર ધસી આવતો હતો. બે પળનો સવાલ હતો.

તે દાતરડું લેતીક દોડી હતી કચકચાવીને.

બીજી પળે એ દાતરડું પેલાના પેટમાં હતું, રક્તનો ફુવારો ઊડ્યો હતો. શારદીના વસ્ત્રો પણ લોહીના છંટકાવથી રંજિત હતાં. બસ...પળ, બે પળનો જ મામલો.

હાહાકાર મચી ગયો હતો : ખૂન...ખૂન...શારદીએ હરજીવનના પેટમાં દાતરડું...ઘાલી દીધું!

ને બાર વરસનો કારાવાસ.

નારાયણે ઘણી માથાકૂટ કરી, વકીલ રાખવાની; પણ શું થયું? શારદીએ ગુનો કબૂલ કરી લીધો હતો.

ઘર જાણે ખાલી થઈ ગયું! રહ્યાં-ડોસો, ડોસી ને નારાયણ. છેલ્લે એ સહુ કોર્ટની પરસાળમાં મળ્યાં હતાં. ને એય અલપઝલપ.

તે બોલી હતી : જુઓ, બાર વરસ તો પૂરાં થઈ જાશે. આવીયે જઈશ ઘરે. મારી ચિંતા ના કરશો.

એ રાતે શારદીને એ બધું તાજું થતું હતું; દશ્યો, ચહેરાઓ અને ઉદાસી.

તેને પાકી ખાતરી હતી કે જો તે એ સાંજે મોડી પડી હોત તો પતિ આ દુનિયામાં ના હોત. કેટલું ખુન્નસ હતું હરજીવનમાં?

તેને પતિની વિશેષ ચિંતા હતી. તે જાણતી હતી એ પુરુષને; કેટલો આધારિત હતો તેના પર?

ટેવાતી ગઈ આ નવતર જગાથી, નવતર ચહેરાઓથી, નવતર જિંદગીથી.

મેલા સફેદ રંગની સાડી શિયાળામાં સારું કામ આપતી હતી. ફરસ કેટલી મેલી, બરછટ, ઠંડી હતી?

ઘરની ગારનો ગરમાટો યાદ આવી જતો હતો. તેની ઓરડીમાં તો ઢોલિયો હતો પાટીવાળો. ને એના પર ગાદલું! રજાઈની હૂંફ ભેગી એના પુરુષનીયે હૂંફ! સમજ કેળવી લીધી હતી કે ત્યાં તો આવું ના જ હોય ને? જેલ હતી. મજૂરી કરવાની હતી. કેટલાં બધાં કામો સોંપાઈ જતાં હતાં?

રાતે...થાક વચ્ચે ગોદડી પર પડે. બીજી આઠ નવ સૂતી હોય અડી અડીને.

ને પછી તો એનીય હૂંફ લાગતી હતી.

પહેલાં તો દિવસો ગણતી હતી. રોજ રાતે વેઢા હલાવે. મજાક કરતી હતી એ સ્ત્રીને દયા આવી હતી; કહ્યું કે આમ પાર ના આવે. છોડી દે ભલી થઈને. અને જેને છોડીને આવી એનેય...ભૂલી જાજે. છે છૈયાં છોકરાં? તો પછી લૈર કર. બીજા તો તને ક્યારનાય ભૂલી ગ્યા હશે! ઓળખ દુનિયાને.

પછી ટોણો માર્યો હતો : કોઈ આયવું તને મળવા? થયા ને ચાર-પાંચ મહિના? તુંય ભૂલી જા એ બધાંયને. જગત આખું સવારથી છે. તું આડી ઊભી રૈ. ઈ ધણી પણ આયવો? તારા દાતરડાં પહેલાં એની લાકડી હાલી હોત તો? તું ગઈ હોત જાનથી! પડી રે...અહીં. શું ખોટું છે? કામ જ કરવું છે ને?

પછી તો તેનેય થયું કે કેમ કોઈ...! નારાયણ તો આવી શકે ને? કેમ નહીં આવતા હોય?

કે પછી કોઈ મોટી આપદા આવી હશે? ના, એ કાંઈ મંગળા કેતી'તી એવો તો નો'તો! કાં તો જાણ જ નહીં હોય આમ મળાય બારીમાં! એ તરફ તે, ને આ તરફ હું! વચ્ચે સળિયા! જરિનાએ બારીનું વર્ણન કર્યું હતું, મુલાકાતનું પણ; શારદી...એમ થાય કે સળિયા તોડીને વળગી જ પડીએ!

આવા વિચારો રાતે જ આવે, થાક અને નીંદરની વચ્ચે. નીંદર આવી જતી હતી.

સ્ત્રીઓ કણસાટ કરે, વાતોય માંડે, પોતપોતાના સ્વજનોને યાદ કરે અને નસકોરાં બોલાવતી જંપીયે જાય. કલાકે કલાકે ડંકા પડે, સંત્રીઓના હાકોટા, ખોંખારા સંભળાય, લાઠીના ઠપકારા થાય. ના, ડર ના લાગે. અજાણ્યું પણ ના લાગે. અને ઘર પણ ના લાગે. બસ, મુકામ! જ્યાં જિંદગી, રાત દિવસ, શરીર મન થીજીને સ્થિર થયાં હોય એવો મુકામ.

શારદીને તો સંત્રીઓની દયા આવી જતી હતી; થતું કે એ લોકો પણ અરધાપરધા કેદીઓ જ હતા ને?

જમુનાબેને તેને તૈયાર રહેવાનું કહ્યું હતું. સવારે દસ વાગે તેને પણ કોઈ મળવા આવવાનું હતું. હવે તે આ બધીઓની હરોળમાં આવી જવાની હતી.

પછી પેલી ટોણો નહીં મારી શકે. તે પણ કહેશે જરિનાને કે તેને પણ એવી જ લાગણી થઈ હતી કે સળિયા તોડીને તેના પુરુષને વળગી પડે!

વળી તે જ હોય ને? ડોસા કે ડોસી તો ક્યાંથી આવે? ડોસી, તે અહીં આવી ત્યારે ખાટલાવશ હતાં, ખોં ખોં...ખાંસી આખી રાત ખાતાં'તાં. ને ડોસા કડધડે પણ સાંભળે જરાય નૈં.

અને વહુને મળવા એ થોડા આવે? નારાયણ જ આવે. કેવા હશે? છેલ્લે મળી ત્યારે તો દયા આવી જાય એવી સિકલ હતી?

એમ જ હોય ને? ઢોલિયામાં એકલા સૂવાનું! તે હસી પડી હતી.

ક્યાંથી લાવશે શારદી? ચાર દીમાંય ઘાંઘા થઈ જાય!

ડોસી બધુંય સમજે.

થોડાં સરસ દશ્યો જોવાઈ ગયાં. સુખ મળ્યું. પણ આ વાસે તેને જગાડી દીધી.

એક પછી એક બધી જાવા લાગી હતી.

તેણે સાડીનો પાલવ માથે ઓઢી લીધો. થયું કે સૂઈ જવું જોવે. તો જ સવાર પડશે ને? અને આવી ગંધમાં પણ ઘોંટી જવાતું હતું.

પાછું પાંચને ડંકે ઊઠી જવાનું હતું, ચકરડા ચાલું કરવાના હતા, એક નવો દિવસ શરૂ કરવાનો હતો. પણ કાલે દસ વાગે તો...એ બારી પાસે પહોંચી જવાનું હતું. બારીના સળિયા સામે ખડા થવાનું હતું.

ને સામે હશે નારાયણ? શું કે'શે તેને? અરે, કેવી થઈ ગઈ તું? કેવું મળે છે જમવાનું? અને વૈતરું? કરાવતા જ હશે? માંદી તો નથી પડી ને? કેવું થ્યું? મને બચાવવા તું ખાબકી! શારદી, મારે ખાતર તેં જેલ વહોરી લીધી. શારદી, કેટલું થાય છે મને? આ લોક માને તો તારી જગાએ હું આવી જાઉં કારાવાસમાં.

ને તે સાંત્વના આપશે. હસીને કે'શે કે બાર વરસ તો આમ હાલ્યાં જા'શે. દખી ના થાતા. મને કાંઈ મુશ્કેલી નથી. શું કરે છે બા-બાપુ? બેયને સાચવજો.

★

માંડ ઊંઘ આવીને પાછું ઊઠવાનું પણ થયું હતું. દાંતે મીઠું ઘસી, ઝટપટ કોગળા કરીને લે'નમાં ઊભા રહી જવાનું હતું, ઊંઘરેટી સ્ત્રીઓના બેડોળ ચહેરાઓ જોવાના હતા.

ખિખિયાટા અને સંત્રીઓના બરાડા વચ્ચે સવારને જીવતી કરવાની હતી.

બધું એનું એ જ હોવા છતાં શારદીમાં તરવરાટ હતો.

તે કાંઈ એકલી નહોતી; તેના જેવી પચીસેકને મળવા આવવાના હતા.

યાદી તૈયાર હતી જમુના પાસે : અનુક્રમ નંબર, કેદી નંબર, નામ, સજાનો પ્રકાર, મળવાનો સમય અને આવનારની સહી અથવા અંગૂઠાનું નિશાન.

જમુનાએ જ સહુને વારાફરતી લઈ જવાના હતા. શારદીનો ક્રમ આઠમો હતો.

ક્યાં એ બારી જોઈ હતી? એમાંથી તો બહારનું દશ્ય પણ દેખાવાનું હતું.

આવી પછી બહાર આવી નહોતી.

પહેલી વાર આવી ત્યારે બધું જોઈ લેવાના હોશ નહોતા. આછું યાદ હતું : તોતિંગ ભીંત, દરવાજો, પછી બીજો ડેલો, અને પછી ત્રીજી ગરક બારી.

અંદર મગતાશ હતી, અજવાળું હતું, વચ્ચે ખુલ્લું અને ત્રણેય તરફ સળિયાવાળી ઓરડીઓ હતી. હવા હતી પરંતુ ભયમિશ્રિત, આકાશ દર્શન થતું હતું પણ ભયભીત કરી મૂકે તેવું.

ધીરે ધીરે ટેવાઈ ગઈ હતી. કેટલીક જૂની સ્ત્રી તો રીઢી બની ગઈ હતી. સંત્રીઓ સાથે ગપાટા મારતી હતી.

થોડી રાતો-ઘર, ખેતર, હરજીવન, પતિ, ડોસા ડોસી સાંભર્યાં હતાં. પણ પછી મન ખૂંપવા લાગ્યું હતું. લે'નમાં આગળ ઊભી રહેવાનું મળી જાય એનું સુખ મળતું હતું, નહાવામાં સાબુની ચપતરી મળી જાય ને જલસો પડી જતો હતો, જમવામાં ભાવતું શાક મળી જાય ને આનંદ આનંદ.

તે-આ દુનિયામાં ભળી રહી હતી.

ક્યારેક ગણતી કે કેટલાં બાકી, બાર વરસમાં? ને અડધી રાત પસાર થઈ જતી હતી.

એમાં જબુએ માહિતી આપી હતી કે સારી વર્તણૂક હોય તો એના દિવસો સજામાંથી કપાય.

ને તેણે નક્કી કર્યું હતું કે તે સારી રીતે વર્તશે, વહેલો છુટકારો મેળવશે.

તેણે સંત્રીને કહ્યું પણ હતું કે તે જાણતી હતી ફૂલ-છોડ વિશે. ખેતરમાં કામ કરેલું ને? માવજત કરશે ક્યારડાઓની.

સંત્રીએ એ વાત જેલર સુધી પહોંચાડી પણ હતી.

★

શારદીનો આઠમો નંબર હતો. ગરક બારી કૂદીને આ તરફ આવી ગઈ હતી. કેવું થયું હતું? ડોસા-ડોસીના તો ચહેરાઓ પણ પૂરા યાદ નહોતા! નારાયણ તો હૂબહૂ યાદ હતો. ઊભી હતી. નામ બોલાય એટલે ડાબી બાજુની ઓરડીમાં પહોંચી જવાનું હતું. ત્યાં બારી હતી.

જમણી બાજુ જેલર સાહેબની કચેરી હતી. ઝીણી કલબલ પણ નહોતી થતી. ધાક હતી સાહેબની.

ચારેય ચહેરા પર હરખ હતો. કોઈ મળવા આવતું હતું. જેલવાસમાં કશુંક નવતર બની રહ્યું હતું. કહેવાની, અને ન કહેવાની વાતો અલગ તારવાતી હતી. કેટલું ભૂલી જવાયું હતું એનો એકેય પાસે હિસાબ નહોતો.

ત્યાં તેનું જ નામ પોકારાયું હતું : શારદા, કેદી નંબર...અહીં તેની આ ઓળખ હતી. છુટકારા સુધી લમણે લખેલી હતી. કદાચ ઘરે જશે ત્યારેય વળગેલું રહેશે. તે વિચારતી હતી. કદાચ છૂટે ત્યારે તેને ગમવા પણ લાગે.

તે...ઝપ કરતી દોડી હતી.

બહાર સંત્રીનો અવાજ પડઘાતો હતો : કેદી શારદા નારાયણ, મળનાર-લલિતા.

તે ચોંકી. આ તો તેની સાસુ! પતિ નહોતો. કેમ નહીં હોય? કશું...બન્યું હતું? નારાયણ જ મળવા આવે ને?

અમંગળ વાત પહેલા યાદ આવે. છાતીમાં થડ થડ થવા લાગ્યું.

એમ જ બારી સુધી જવાયું. લલિતા હતી, દુઃખી ના લાગી. ભાતવાળો સાડલો હતો, નાકમાં ચૂંક હતી. મોં પર ઉજાસ ભાળ્યો.

તો...? કદાચ માંદગી હોય. સાસુ ના આવે. નહીં તો તે જ આવે. તે ઉદાસ થઈ ગઈ. નહીં મળાય પતિને. કેટલી વાતો ગોઠવીને રાખી હતી?

ને ત્યાં ડોસી બોલી : 'મજામાં છે ને શારદા? ત્યાંય સહુ હેમખેમ છે.'

ચાલો, ચિંતા તો ગઈ. પણ પતિ કેમ ના આવ્યો એ સવાલ તો અનુત્તર જ રહ્યો.

તે કશું બોલી ના શકી. મૂઢ જેમ ઊભી રહી બારીમાં. પણ લલિતા બોલવા લાગી હતી.

'વહુ, તું તો બાર વરહે આવીશ. તયેં નારાયણ તો અધગલઢો થ્યો હશે. બધું વેરછેરણ થઈ જાહે.'

તે ચોંકી હતી. શું કે'તી હતી ડોસી?

વાત આગળ ચાલી હતી. તેને ઉતાવળ હતી.

'સાંભળ, શારદા. તું ફારગતી લખી દઈશ? ક્યાં વંશ વધારી શકી હતી? પેટ કાયમ...સપાટ...! એનો વચાર કરવો પડે. ડોસા જોઈને જાય. નારાયણને પણ ઓરતા હોય. સહી કરી દેજે. કાલે વકીલ મળવા આવશે. જેલર સા'બ સાથે વાત થઈ ગઈ છે. ભલી થઈને સહી કરી દેજે. કાલે...વકીલ અને નારાયણ...!

શાંત ઊભેલી શારદા કાળઝાળ થઈ ગઈ. તેણે વહોરી લીધેલા જેલવાસની કંઈ કિંમત નહીં?

હરજીવને...એ દા'ડે હુમલો કર્યો એમાં કશું થયું હોત તો...ડોસી ક્યાંથી વંશ વધારત? કેટલા ઝનૂનમાં હતો એ જણ? મારું કે મરું હતો. ને તે દોડી હતી કશો વિચાર કર્યા વગર? અરે, તે પણ પતી જાત!

આ - સજા ભોગવતી હતી એનો આટલો અરથ? શું સમજે છે આ સ્વાર્થીઓ? વંશ વધારવા, જો દીકરો ખપી ગયો હોત તો શું વહુને ઘરગાવત?

શારદામાં એ સમયનું ખુન્નસ પ્રગટ્યું.

ડોસી તો બોલતી જ હતી : તું છૂટીને આવીશ ત્યારે દાણોપાણી નારાયણ આલશે. કપડાંય પૂરાં પાડશે. બસ...ફારગતી લખી આલ!

ને શારદાએ સંયમ ગુમાવ્યો હતો.

બારી સોંસરી ત્રાડ પાડી હતી : 'અરે ડોકરી, મોકલજે તારા દીકરાને. લખી દઈશ ફારગતી, સવારથીઓ! આ જેલ ભોગવું છું ઈ શું મારા સાટે? આજે સાચી ઓળખાણ પડી. તમારો તો પડછાયો યે ના લેવાય. દાણો પાણીને લૂગડાં દેનાર કોણ છે ઈ? ટળ અહીંથી.'

જમુનાએ તેને ઝાલી. પગથી માથા સુધી કંપતી હતી. બેરેકમાં આવીને ધ્રુસકે ધ્રુસકે રડી હતી. ઝબુ તેનો વાંસો પંપાળતી હતી.

માંડ બોલી : 'મરીશ ત્યાં સુધી અહીં જ રહીશ. નથી છૂટવું મારે.' ■

વાર્તા

# વાસંતી

અર્જુનસિંહ કે. રાઉલજી

પાંચમી તારીખ હતી. રણછોડ ટપાલીના હાથમાં મનીઓર્ડર હતું અને હતા પૂરા પાંચ હજાર રૂપિયા. તેના પગ આપોઆપ રાધાબાના ઘર તરફ વળ્યા. બારણામાં ઊભા રહી બૂમ પાડી, લોટ બાંધતાં બાંધતાં રાધાબા હાથ ધોઈ, હાથ લૂછતાં લૂછતાં બહાર આવ્યાં. રણછોડ બોલ્યો, 'બા...તમારું મનીઓર્ડર છે પાંચ હજાર રૂપિયા... રાધાબાએ તેણે કહ્યું ત્યાં અંગૂઠો પાડી દીધો. 'કોણે મોકલ્યું છે?' ખબર હોવા છતાં રાધાબાએ પૂછ્યું. એ જ વાસંતી...સાદર પ્રણામ લખ્યું છે, બીજું કાંઈ લખ્યું નથી...રણછોડ બોલ્યો અને પોતાનો થેલો લઈ ચાલી નીકળ્યો.

કોણ હશે આ વાસંતી? સો સોની નોટોનો થોકડો લઈ ઘરમાં જતાં રાધાબા બબડ્યાં, 'ના કોઈ સંબંધ. સ્નાન સૂતકનો પણ નહીં...અને આમ દર મહિને પાંચ હજાર રૂપિયા મોકલનાર વાસંતી કોણ હશે?' રાધાબા બબડતાં હતાં પણ તેમના આ પ્રશ્નનો જવાબ પણ તેમની પાસે નહોતો.

અને આવું તો છેલ્લા આઠ મહિનાથી ચાલે છે. દર મહિનાની પાંચમી તારીખે રાધાબાના હાથમાં પાંચ હજાર રૂપિયા આવી જાય છે, મનીઓર્ડર આવી જ જાય છે, મોકલનાર હોય છે વાસંતી અને સંદેશામાં લખ્યું હોય છે સાદર પ્રણામ. કોણ હશે આ વાસંતી? અને શા માટે મને દર મહિને પાંચ હજાર રૂપિયા મોકલતી હશે? એક વિરાટ અને વિકરાળ પ્રશ્ન રાધાબાને સતાવે છે. દૂર દૂર સુધીની સગાઈમાં ન તો પિયર પક્ષનું કોઈ સગું હતું કે સાસરી પક્ષનું...! તો પછી આ રીતે આ પૈસા મોકલનાર વાસંતી છે કોણ? તેમને સમજ પડતી નહોતી, મગજ કામ કરતું નહોતું, તેમના ઘરવાળાને દેવલોક થયે પણ ખાસ્સા બાર વરસ થઈ ગયાં હતાં, તેમની નોકરી પણ એવી નહોતી કે કોઈનું ભલું કર્યું હોય, જાણે-અજાણ્યે કોઈને લાભ કરાવી દીધો હોય અને સામો માણસ તેના ઉપકારના બદલામાં આ રીતે રાધાબાને મદદ કરતો હોય...! સામાન્ય મિલ મજૂરની નોકરી હતી... પગાર તો સારો હતો... પણ તે માત્ર બે જણના કુટુંબ માટે જ...! રાધાબા પરણીને આવ્યા ત્યારની ઘરમાં કામવાળી હતી... તેમને રસોઈ બનાવવાનું એક જ કામ કરવાનું, બાકીનું બધું જ કામ કામવાળી કરી જતી. રાધાબાનો સ્વભાવ પણ એવો હતો કે તેમને ત્યાં કામ કરનાર કામવાળીને કામ છોડવાનું મન થતું નહીં. રાધાબા દિલનાં ઉદાર એટલે વધ્યું ઘટ્યું ખાવાનું પણ કામવાળીને આપે. કેટલીક વાર તો ઓછું હોય ખાવાનું તો રોટલી કે શાક નવાં બનાવી નાખે પણ કામવાળીને તો રાજી જ રાખે. કામવાળી એકલી જ નહી પણ કચરાવાળી પૂંજીની સાથે તેની પાંચ વરસની બબુ પણ આવતી. ભલે હતી કચરાવાળી પણ મારી બેટી હતી ઢીંગલી જેવી...! પરી જ જોઈ લ્યો. ફાટેલા વસ્ત્રોમાં પણ તે વહાલી લાગતી. રાધાબાને તો લાદાબા...લાદાબા...કરતી પાછળ જ પડી જતી. રાધાબા પણ નાતજાતના ભેદભાવ વિના તેને સોડમાં લઈ લેતાં. એક વખત તેમના ઘરવાળાએ તો કહ્યું'તું પણ ખરું કે પારકાં કાંઈ પોતાનાં થવાનાં નથી...! પોતાનું લોહી એ પોતાનું લોહી. એ બબુ અવશ્ય રાધાબા પાસે માગીને ખાય. તેની મા તો કહેતી પણ ખરી કે - અમારી બબુ રાધાબાના ઘેર ખાવા જ આવે છે. રાધાબા ખાવાનું તો કાયમ આપતાં પણ વાર તહેવારે પાંચ દસ રૂપિયા પણ આપતાં કહેતા કપડાં લાવજે તારાં...! ક્યારેક હસતાં હસતાં કહેતાં મારે તો કોઈ વસ્તાર નથી બસ...આ બબુ દીકરી સિવાય...!

કામવાળી કૈલાસબહેન પણ મન મૂકીને તેમને ત્યાં કામ કરતી. ડેપોથી સોસાયટી આવવાના રસ્તા ઉપર જ કૈલાસબહેનનું ઘર હતું. ક્યાંક પાંચ દસ દિવસ ફરવા ગયાં હોય ત્યારે પાછાં ફરતાં કૈલાસબહેનને બૂમ પાડતાં આવવાની, કૈલાસબહેન આવીને બધું જ કામ કરી નાખે-કચરો વાળે, પોતું કરે, વાસી વાસણો ઘસે, કપડાં ધૂએ અને રાધાબા રાંધવા પેઠાં હોય તો તેમને શાક પણ સમારી આપે, મસાલો વાટી આપે. તો સામે રાધાબા પણ કૈલાસબહેનને કહે - હવે ખાઈને જ જજો. કૈલાસબહેન પણ બે જ જણાં હતાં. તેમને પણ રાધાબાની માફક કોઈ વસ્તાર નહોતો...પણ તેમનો ઘરવાળો દારૂડિયો હતો એટલે એક દિવસ તેણે દારૂ પીને કૈલાસબહેનને ખૂબ માર્યા, કૈલાસબહેન ઘર છોડીને નાસી ગયાં...બાકી કૈલાબહેને તો ખાસ્સું સાત વરસ કામ કર્યું તેમના ઘેર.

કૈલાસબહેનને તો કોઈ છોકરાં-છૈયાં હતાં નહીં પણ એ આવતાં બંધ થયાં એટલે આવ્યાં કોકિલાબહેન. કોકિલાબહેનને પણ ત્રણ દીકરીઓ હતી, જે વારાફરતી તેમની સાથે કામે આવતી. રાધાબા તેમને પણ પોતાની દીકરી માફક જ રાખતાં, ખાવાનું આપતાં, વાર-તહેવારે પૈસા પણ આપતાં. જૂનાં ઘસાઈ ગયેલાં કાઢી નાખવાનાં વાસણો અને બૂટ ચંપલ પણ આપતાં પણ...! એક વખત રાધાબાનો બે તોલાનો અછોડો ખોવાયો,

ખોવાયું શું...? ચોરાઈ જ ગયો. રાધાબાને પૂરેપૂરો શક એ કોકિલા અને તેની દીકરી ઉપર જ હતો, પણ તેણે ઘસીને ના પાડી દીધી એટલે રાધાબાએ તેને બંધ કરી દીધી.

પાસપાડોશમાં પણ તેમને કોઈ સાથે એવો ઘરોબો નહોતો કે આમ કટોકટીના મરણ પછી રાધાબાની તો જાણે કે દશા બેઠી હતી. આવકનું કોઈ સાધન રહ્યું નહોતું, જે રાધાબા ઘેર કામવાળી રાખતાં હતાં તેમને બીજાને ત્યાં કામ કરવાની ફરજ પડી હતી, લોકોના ઘરનાં કપડાં વાસણ કરવાં પડતાં હતાં, લોકોનાં કપડાં થાગડ-થીગડનું કામ કરવું પડતું હતું છતાં પણ આ મોંઘવારીમા ખરચના બે છેડા ભેગા કરતાં તેમને નાકે દમ આવી જતો હતો...આવા સંજોગોમાં રાધાબાને લાગતું હતું કે જો ગાંડોઘેલો પણ કોઈક વસ્તાર હોત તો હૈયું ઠારવાનું કોઈક ઠેકાણું તો મળતને...! પણ હાય રે નસીબ....બધાંનાં પેટ હોંશે હોંશે ભરાવનાર આ અન્નપૂર્ણાને પોતાના પેટનો ખાડો પૂરવા બીજાની મજૂરી કરવી પડતી હતી...! નસીબના ખેલ તો જૂઓ...!

આ વળી જ્યારથી આ કોઈ વાસંતી પેદા થઈ છે ત્યારથી તેમને શાંતિ થઈ છે પણ હવે તો આ શાંતિ પણ તેમને અકળાવે છે. જિંદગીભર કોઈનું હરામનું લીધું ના હોય તેને આમ અચાનક હરામનું ખાવાનું આવે તો કેવું થાય?! આ હરામનું જ કહેવાય ને? જેને પોતે ઓળખતાં નથી, જેની સાથે કોઈ સંબંધ નથી, તેનો મદદ કરવાનો હેતુ ખબર નથી એની પાસેથી આમ હરામના દર મહિને પાંચ હજાર રૂપિયા લેવાના...?! રાધાબાનું હૈયું ચર...ચર...થતું હતું, તેમને આનો કોઈ માર્ગ જણાતો નહોતો. છેવટે ગામના પોસ્ટ માસ્તર હરૂભાઈ તેમની મદદે આવ્યા. રાધાબાએ આ મનીઓર્ડર મોકલનારને શોધી લાવવાનું કામ તેમને સોંપ્યું.

હરૂભાઈ મહિનાની પહેલી તારીખે જ્યાંથી મનીઓર્ડર આવતું હતું તે વડોદરા શહેરની એ જ પોસ્ટ ઓફિસમાં પહોંચી ગયાં. ત્યાંના પોસ્ટ માસ્તરને મળ્યા, પોતાની ઓળખાણ આપી, અને કામ જણાવ્યું કે આ વ્યક્તિ કે જે તમારા ગામનાં રાધાબાને દર મહિને પાંચ હજાર રૂપિયા મનીઓર્ડરથી મોકલે છે તેને શોધવાની છે, જે પોતાનું નામ વાસંતી લખી મોકલે છે, તેનું સરનામું લઈ લેવાનું છે. હરૂભાઈએ પોતાનો મોબાઈલ નંબર પણ તેમને આપ્યો અને કહ્યું કે જેવું આ મનીઓર્ડર કરનારનું સરનામું મળે તમે મને મારા મોબાઈલ ઉપર મેસેજ કરી દેજો. અને હરૂભાઈ પાછા આવતા રહ્યા. હવે રાધાબા અને હરૂભાઈએ મેસેજની રાહ જોવાની હતી.

રાધાબાને તો દિવસ વરસ જેટલો લાંબો લાગતો હતો. તેમની વિચારશક્તિના સીમાડા આવી ગયા હતા. કોણ હશે આ વાસંતી? તેમની સાથે શો સંબંધ હશે? વિચારી વિચારીને અડધાં થઈ ગયાં રાધાબા. જો તેનું સરનામું ના મળે તો આ મહિને તો મનીઓર્ડર લેવું જ નથી, એવું તેમણે મનોમન નક્કી કરી લીધું. જેથી મનોઓર્ડર પાછું જાય અને વાસંતી પકડાય...!

રાત દિવસ તેમને આ એક જ સમસ્યા સતાવ્યા કરતી હતી. કોણ હશે આ વાસંતી...? ક્યાંક એવું તો નથી ને કે તેના ધંધા અવળા હોય. અને અવળા ધંધાના પાપને છૂપાવવા તે આ પુણ્યનું કામ કરતી હોય...! મહિનાની ત્રીસ તારીખથી તેઓ રાહ જોવા માંડ્યાં. હવે તો સરનામું મળશે ને? વાસંતી મનીઓર્ડર કરવા આવશે એટલે પેલા પોસ્ટ માસ્તર તેનું સરનામું મેળવી લેશે અને હરૂભાઈને મેસેજ મળ્યો...જેમાં વાસંતીનું સરનામું હતું, કોઈક સોસાયટીનું સરનામું હતું. વડોદરા શહેરમાં જ રહેતી હતી વાસંતી. હરૂભાઈએ સરનામું રાધાબાને આપી દીધું. રાધાબાએ ત્રણ ચાર વખત સરનામું વાંચ્યું. વાસંતી સોલંકી, ૫, અવંતિકા સોસાયટી, માંજલપુર, વડોદરા. પણ સરનામાના આધારે તેમને કશો અંદાજ આવતો નહોતો. પણ તેમણો મનોમન નક્કી કરી લીધું કે હવે યુદ્ધના ધોરણે વાસંતીને મળવાનું ગોઠવવું પડશે.

એક દિવસ રાધાબા હરૂભાઈને લઈને વાસંતીના ઘેર વડોદરા ઊપડી ગયાં. બપોરનો સમય હતો. એસ.ટી. ડેપોથી રિક્ષા કરીને એ લોકો પહોંચ્યાં ત્યારે વાસંતીના ઘરનું બારણું બંધ હતું. તેમણે રવિવારનો દિવસ પસંદ કર્યો હતો જેથી વાસંતી અને તેનો ઘરવાળો ઘેર જ મળે. બેલ મારીને એ લોકો બારણું ખુલવાની રાહ જોતાં હતાં. ઘર ઉપરથી તો વાસંતી સુખી જણાતી હતી. આગળ ગાર્ડન હતો. આંગણામાં ફોર વ્હીલર ગાડી ઊભી હતી. બારણું ખૂલ્યું. બારણામાં સફેદ સાડીમાં સજ્જ એક સ્વરૂપવાન યુવતી દેખાતી, રાધાબા તેને ધારી ધારીને જોઈ રહ્યાં પણ ઓળખાણ પડી નહીં.

બારણું ખોલીને વાસંતી રાધાબાને બાઝીને ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડી. રાધાબા તેના બરડે હાથ ફેરવતાં રહ્યાં. એ યુવતી શાંત થતાં રાધાબા બોલ્યાં, 'મેં તને ઓળખી નહીં વાસંતી.' તરત જ તે ફરીથી રડવા માંડી અને રડતાં રડતાં બોલી - મને ના ઓળખી બા...? હું તમારી બબુ...અને ફરીથી રડી પડી, તમારી દીકરી...

હવે રાધાબા પણ રડવા લાગ્યાં. મા-દીકરીનું અનોખું મિલન જોઈ હરૂભાઈની આંખમાં પણ આંસુ આવી ગયાં...! ■

"ROLEX" Brand



**Rushabh**
**STEEL CENTRE**

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**

MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

વાર્તા

# પેટવરાણે

નિર્ઝરી મહેતા

પૈસા ચૂકવતાં કેતકીએ રિક્ષાવાળાને વિનંતી કરી, "ભાઈ, આ હેન્ડબેગ જરા વરંડામાં મૂકી આપશો?" કેતકીના હાથમાં છ મહિનાનું બાળક અને ખભે દૂધ-ડાયપરથી ફૂલેલી શોલ્ડરબેગ જોઈ તે તૈયાર થઈ ગયો. "ભલે, બેન!" ઠસોઠસ ભરેલી હેન્ડબેગ રિક્ષાવાળાએ વરંડામાં મૂકી આપી. બેલ પાસે આંગળી એક વાર ધરી પાછી ખેંચી, પછી એણે ફરી હાથ લંબાવી બેલ વગાડી. સહેજવારે બારણું ખૂલ્યું.

"તું? આમ કેમની આવી?" બારણું ખોલતાં જ રોહિણીબેનનો પ્રશ્ન ફેંકાયો. જરાક ખુલેલાં બારણાને સહેજ હડસેલો મારી કેતકી ઘરમાં ઘુસી.

"પ્રણવ છ મહિનાનો થયો તે મારી જાતે જ મેં મને તેડું કર્યું ગણી આવી ગઈ."

"તેડું? તારી જાતે?" રોહિણીબેન હજી પ્રશ્નપ્રદેશમાં જ હતાં!

"હા તારું ઘર તે વહુ તરીકે! તું ઘરની નહીં!" કેતકી સાસુને બોલતાં સાંભળી રહી. તે આ રીતે જ બોલે! એકદમ સાધારણ કુટુંબની કેતકી માટે પહોંચતા ઘરના પરદેશથી આવેલ દીકરાનું માગું આવ્યું. કોઈક પ્રસંગમાં જોયેલ તે મનમાં વસી ગયેલ, દીકરાના આવવાની જ રાહ જોતાં'તાં... બે નોકરી વચ્ચેના ગાળાનો લાભ લેવા ઓચિંતો આવ્યો છે... પરદેશ તરત જોડે મોકલવાં છે કહીને લગ્ન તરત લેવડાવ્યાં. પરદેશ જવાની આંટીઘૂંટી એના સાવ સાદાસીધા સાધારણ સ્થિતિના મા-બાપને શી ખબર! પાસપોર્ટ ઓળખીતા દ્વારા તરત થશે કહી ફોર્મમાં સહી કરાવી ગયાં બસ! મા-બાપ તો રાજી રાજી. તેમને તો દીકરીને આવાં વર-ઘરના હરખના આવતા ઓડકારમાં બાકી બધી કાળજીનો વીંટો જ વળી ગયો.

લગ્નની પહેલી રાતથી જ વચકેલ જેવો સિદ્ધાર્થ માની જાતભાતની સમજાવટોની જણાતી ગુસપુસ પછી બેચાર રાત સાથે રહ્યો, પટાવવા જેવું થોડું હર્યોફર્યો તેની જોડે ને અગાઉના છુપા પ્લાન પ્રમાણે લગ્નના દસ દિવસે તેને કહ્યા વગર, ખબર ન પડે તેમ પરદેશ પણ ઉપડી ગયો. "તેને જરી ઓઝપ થતી હતી... સાથે લઈ જવાનું ન'તું થાય તેમ... એટલે આમ ગયો..." એવી ગોળગોળ વાતો કરી સાધારણ ઘરની 'નસીબે ચાંદલો કરેલ' છોકરીને સમજાવી દેવાઈ. આ ઘરનાનાં સારા નસીબ તે થોડા દિવસમાં તેને 'સારા દિવસ' હોવાની ખબર પડી. 'સિદ્ધાર્થ લઈ જશે' ના પટામણાં વચ્ચે સિદ્ધાર્થનો સમ ખાવા પૂરતો ય ફોન ન આવ્યો. ઘરનાં જોડે તેને ખબર ન પડે તેમ વાત થઈ જતી હશે. આમે તેની હેળ આકરી હતી. તબિયત સખળડખળ રહેતી તે ડોક્ટરે શક્ય એટલો આરામ લેવાનું કહેતાં, તેને અંગે રોહિણીબહેનની બડબડ પછી વડછડમાં પલટાવા માંડી. આખરે તે જાતે જ નક્કી કરી થોડાંક કપડાં અને થોડાં ઘરેણાં લઈ ઘરનાં બહાર ગયાં હતાં ત્યારે ઘેરથી નીકળી મા-બાપને ઘેર પહોંચી ગઈ. જવા અંગેની ચિઠ્ઠી મૂકી ગઈ હતી એટલે પછી એ લોકને તેને મળવા આવવાની તસ્દી લેવાની ય ન રહી. ઉચાટવાળા મનને લીધે દીકરો આવ્યો, તેય અધૂરે-પચીસ દિવસ વહેલો અને ખાસ્સો નબળો. જે ઘરનો દીકરો હતો તે લોકો એકવાર જોવા આવ્યાં તે આવ્યાં. પછી કોઈ દેખાયું જ નહીં. સિદ્ધાર્થ આવેલ તેવી તેના પાછા ગયા પછી ખબર પડી પણ કેતકી કે દીકરા બાજુ તો તે ફરક્યો ય નહીં! અધૂરે જન્મેલ દીકરોને પાછું સિઝેરિયન-બધાંની જફા તો મા-બાપ કરતાં. પણ સાવ સાધારણ સ્થિતિમાં ખર્ચો તેમની કમર જ તોડી નાખે. અગાઉથી વેચેલ ઘરેણાંથી એ ખર્ચો મા-બાપને સમ આપીને તેણે ન કરવા દીધો, તેણે જ સંભાળ્યો. નોકરી કરી આગળની જિંદગી સંભાળવાનું પ્રણવ છએક મહિનાનો થયો એટલે વિચારવા લાગી હતી. જિંદગીએ જે ખેલ ખેલ્યો - એ રિયાલિટી શોને ભજવ્યા વગર ચાલવાનું થોડું હતું!

કેતકી પ્રણવને ચેકઅપ અને પોલિયો વગેરેના ડોઝ માટે હોસ્પિટલ લઈ ગઈ હતી, બે દિવસ પહેલાં. તેના જન્મ વખતે હતી એ નર્સ તેને તાળી ને ચપટી વગાડી 'ગટુડિયા...ગટુડિયા' કરી રમાડતી હતી તે ત્યાં પૂછી બેઠી, "દાદા-દાદીનો તો બહુ લાડકો હશે નહીં? દીકરો જોઈતો'તો ને તેમને? દીકરી હોત તો ખબર ન પડે તેમ થઈ જાત કશોક કારસો!"

"તેમને? તમને કેવી રીતે ખબર? મને તો કંઈ ખબર નથી."

"અરે, સોનોગ્રાફી કરનાર સોમેશને સાધીને તેમણે શું છે તે જાણી લીધું હતું. એને તો પછી કાઢી મૂક્યો ડોક્ટર મેડમે. ઘણાંયને તેણે આમ જણાવેલું, તે ખબર પડતાં જ તગેડી મેલ્યો!"

કેતકી ચોંકી હતી. ઘેર ગઈ પણ મને ડહોળાયેલું જ રહ્યું. માની જોડે તો ખાસ વાત તે કરી ન શકતી. તેણે પપ્પા સાથે

થોડી વાત કરી. સોનોગ્રાફી અંગેની વાત પછી તેનું માથું ફરી ગયું હતું. આર્થિક સ્થિતિ સાધારણ એટલે કંઈ આમ તેણે એ લોકના ખેલના ગીનીપીગ બનતાં રહેવાનું!? કોને ખબર આગળ એમનો શું ય પ્લાન હશે!? એમની દુનિયાના આટાપાટા એની કલ્પના બહારના હતા. ઘણા વિચારવમળ પછી આખરે તે અહીં પહોંચી હતી. પ્રણવને સોફા પર મૂકીને તેણે પર્સમાંથી કાગળિયાં કાઢ્યાં - "આમાં પ્રણવનું બર્થ સર્ટિફિકેટ, વેક્સિનેશનનું કાર્ડ અને જોડે તમારા ઘરનાં ઘરેણાં વેચ્યાની પાકી રસીદ અને દવાખાનાના ચુકવાયેલ બિલ છે, પ્રણવનું હેલ્થકાર્ડ છે. આપણો હિસાબ ચૂકતે! અરે, હા સાથે છૂટાં કાગળિયાં છે તે છૂટાછેડાનાં છે. તમારા ચાલબાજ દીકરા પાસે કરાવી લેજો સહી એમાં. ને, હવે સંભાળો તમારા ઘરના દીકરાને!" કહી વરંડામાં મૂકેલ ભરચક હેન્ડબેગ તે અંદર લઈ આવી.

"જો તો, પગમાંથી ચંપલે નથી કાઢ્યાં ને ઘરની છું કહી તારા જણ્યાને અમારે માથે મારવા ચાલી આવી છો?"

"હા, જણતર તો મારું જ છે પણ તમારા ઘરનો તો દીકરો છે ને! કાલ મને ઘણી ખબર પડી - ડૉક્ટરે ન'તી કહી તેવી ય સોનોગ્રાફી કરાવેલ, તેના બાકી પૈસા ય કાલે હું ચૂકવી આવી. રસીદ છે આ સરંજામમાં."

"કોક ફૂટકળિયાની વાત સાંભળી આવીને જેમતેમ બોલે છે?! માન-મર્યાદા તો માબાપે શીખવ્યાં જ નથી. ન ભાળ્યાનું ભાળ્યું આ ઘરમાં એમાં છૂટાછેડા ને દૂધ પીતા છોકરાને અહીં મૂકી જવાનું ત્રાગુ કરી પૈસા ઓકાવવાની પેરવી છે આ તારી! તે મોટો થાત પછી લઈ જાત અમે તેને સરખો કરત ઉછેર – આ ઘરના દીકરાની જેમ!"

"તમારા પૈસા ને તમારી તરખડ તમે જાણો! મને ખ્યાલ આવી જ ગયો કે પૈસા વેરી દીકરો છે કે નહીં તે જાણી લેનારાં, યુ.એસ. માં પરણેલા દીકરાને ફરી અહીં પરણાવનારાં, મારા દીકરાને એને સાચવવો ન પડે ઝાઝો એવડો થશે કે ઝૂંટવી જ લેશો."

"જોને જીભ ચલાવે છે તે..."

"તમે જ તો કહ્યું મોટો થયે લઈ જાત તેને!...તમને એમ કે ભલે હમણાં એની જનમ દેનારી મા આયા બની સંભાળતી. તો, થયું કે આમે દીકરો તો મારો છે, તે સમજણો થાય ને તેને મારાથી અળગા થવાનું વસમું પડે તે કરતાં અણસમજણે જ અહીં ન મૂકી જાઉં! હું ગમે તે કરું, તમે ધાર્યું કરી શકો તેમ છો! તમારા પૈસાના હાથની પહોંચ લાંબી છે - સેલ્ફીસ્ટીક જેવી! તો, લો ચાલો સંભાળો આને."

"હેયાફૂટી આવડા અમથાને તરછોડી જાય છે!...મા છો કે કોણ છો?"

"છું તો મા જ ને તે પણ આની! પણ તમે તો ઘરનાં વારસની સગાઈ સિવાય એનું કે મારું શું જાણ્યું, આજ લગી? તમારી બધી રીતની હોંશિયારીનો આટઆટલો પરચો મળ્યા પછી એમ માનીને ચાલીશ કે તમારે ત્યાં પેટવરાણે રહેલી સરોગેટ મા હતી હું." કેતકીનું ગળું ભરાઈ આવ્યું. ડામરમાં ફસાઈ પડેલ પગ કાઢતી હોય તેવા ભારના પ્રયત્ન સાથે તે પ્રણવ તરફ જોવાનું ટાળી ઘરની બહારની તરફ વળી. ■

---

## છોરાંવછોઇ

**(અનુ. : પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)**

બે મહિનામાં બે ટપાલો અને બે વિમા (મનીઓર્ડર) પણ આવી ગયાં. એ હવે દર મહિને સારા એવા પૈસા મોકલવા લાગ્યો હતો. રતન હવે મૂલ મજૂર ન કરે તોય ચાલે તેવું હતું. છતાં રતન મૂલ મજૂરની હાકલ હોય તો કદી દાનકી ન પાડતી. એને થતું. આ માતાજીયુંને મોટીયું થતાં ક્યાં વાર લાગશે? હમણા એના દી આવી જશે. તો પહેલેથી જ થોડી ગોઠવણી કરી હોય તો તે દી તાણ ન પડે. ચાર દીકરીયું દઈને ઇયે (ભગવાને) કસોટી કરેર્યો કે જોઉં તો ખરો એના સંસ્કાર! દીકરીયુંથી કેવો પ્રેમ કરેર્યા. ઇ જોઉં તો ખરો?'

એ ભગવાનને ક્યારેક કહેતી 'તારી પરીક્ષામાં નાપાસ થાય ઈ આ રતન નીં! મને ભલે ઊભા ઘરે આવવું પડ્યું પણ હું તો દીકરીયું ને ભરાભર ભણાવીશ ને મોટી ધૂરને (મોટા ઘરને) લાયક બનાવીશ. હવે તાં ઇ મરતે મરતે હાજાય થઈર્યા ને બગડતે બગડતે સુધરીયે ગ્યા. હવે હું એકલી થોડી હૌં? આ રીતે જો અમારું હાલ્યું જશે તો ખપે શું? ભગવાન એને હાજાહારા રાખે તોય બસ!

દીકરીયું ને ભણાવવાનાં ખૂબ અરમાન હતાં એને. પોતે ભણેલી ન'તી છતાં સાંજે લેસન કરતી દીકરીયું પાસે બેસીને એને પ્રોત્સાહિત કરતી.

સ્કૂલે જતી બંને દીકરી હોશિયાર હતી. તેમાંય મોટી દીકરી જ્યોતિ તો સ્કૂલમાં પહેલો નંબર આવતી. ને માત્ર ભણવામાં નહીં; રમવામાં, ગાવામાં કે બધી જ પ્રવૃત્તિમાં એનો પહેલો નંબર હોય જ. આને લઈને સ્કૂલમાં એનું માન હતું.

એકવાર જન્માષ્ટમી ટાણે ૧૫ ઓગસ્ટના પ્રોગ્રામ સમયે હાતમ કરવા આવેલા પટેલ સમાજના બધા જ ભાઈઓની હાજરીમાં તેના સારા રિઝલ્ટ, નિયમિતતા, શિસ્ત, ઓલરાઉન્ડર દેખાવ બદલ સ્કૂલ તરફથી એને આદર્શ વિદ્યાર્થીનું ઇનામ આપી તાલુકા પંચાયતના પ્રમુખના હસ્તે તેનું સન્માન કરવામાં આવ્યું. એ સમયે આચાર્યશ્રી જોષીસાહેબે પોતાના પ્રવચનમાં કહ્યું 'તું, "જ્યોતિ બહુ હોશિયાર દીકરી છે. એને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન મળશે તો ભવિષ્યમાં નામ કરશે." ત્યારે સમાજમાં ઘણા બધાએ એની પીઠ થાબડી હતી. ને એને રોકડ ઇનામ પણ આપ્યાં હતાં. ત્યારે રતનની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં હતાં. તેની છાતી ગજગજ ફૂલતી હતી. ***(ક્રમશઃ)***

નિબંધ

# બંદૂકની ગોળી... દવાની ગોળી!

ગુણવંત શાહ

આફ્રિકાના સાવ નાના ગામમાં બે દિવસ રહેવાનું બનેલું. ગુજરાતી પરિવારમાં રહેવાનું બને ત્યારે એક અનુભવ કાયમ થતો રહ્યો છે. રોજ મિષ્ટાન્ન અને રોજ ફરસાણ! ભોજનની થાળીમાં બધી વાનગીઓની સાથોસાથ એક અનોખી વાનગી પણ પિરસાતી રહે છે. એ વાનગીનું નામ છે : ઉમળકો. મહેમાનને લાગવા માંડે કે પોતે વીઆઈપી છે!

પરિવારના સભ્યો સાથે બેસીને એક અંગ્રેજી ફિલ્મ જોવાનું બન્યું. સત્ય ઘટનાને આધારે બનેલી એક જાસૂસકથા એ ફિલ્મમાં પ્રગટ થઈ છે. એ ફિલ્મનું નામ હતું : 'ઓડિસી ફાઈલ.' ફિલ્મની બીજી વિગતો યાદ નથી. પરંતુ એમાં જોયેલું એક દૃશ્ય હજી બરાબર યાદ છે. ત્રણ માણસને એક ખાડાની ધાર પર ઊભડક બેસાડવામાં આવ્યા છે. થોડેક દૂર ભરેલી બંદૂક સાથે સૈનિક ઊભો છે અને પાસે થોડાક માણસો ઊભા છે.

થોડીક ક્ષણો વીતે પછી બંદૂકમાંથી એક ગોળી છૂટે છે અને પેલા ત્રણમાંથી એક માણસ ખાડામાં ઢળી પડે છે. માંડ એકાદ મિનિટ વીતે છે અને બીજી ગોળી છૂટે ને બીજો માણસ પણ ખાડામાં ઢળી પડે છે. હવે ત્રીજો માણસ પોતાના બે પુરોગામીઓની માફક ગમે તે ક્ષણે મૃત્યુ પામવાની તૈયારી સાથે ઊભડક બેસી રહ્યો હતો, પરંતુ...

વાત જરા જુદી બની. બંદૂક ચલાવનારા સૈનિકને રમત રમવાનું મન થયું. ઝડપાઈ ગયેલા ઉંદર સાથે બિલાડી કરે એવી એ રમત હતી. સૈનિકે હવામાં ગોળી છોડીને અમથો ધડાકો કર્યો અને ત્રીજો માણસ ખાડામાં ઢળી પડ્યો! એ માણસને ગોળી વાગી નહોતી. એ તો ધડાકો સાંભળીને જ ખાડામાં ઢળી પડ્યો. એને ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યો અને ફરીથી ખાડાની ધાર પર ઊભડક બેસાડવામાં આવ્યો અને ગોળી છૂટી ત્યારે પેલા બે સાથીઓની માફક ત્રીજો માણસ પણ સાચેસાચ મર્યો. આ વાત વાંચીને તમને ફિલ્મ શોલેનો ગબ્બરસિંઘ યાદ આવી ગયો? માણસને રમતપૂર્વક મારવાની 'મજા' કેવી!

એકવીસમી સદીનું સૌથી પ્રિય રમકડું બંદૂક છે. અમેરિકન બાળકોની સૌથી પ્રિય રમત બંદૂકબાજી છે. ૧૯૬૬-'૬૭ ના વર્ષમાં અમેરિકન લોકોએ બોની એન્ડ ક્લાઈડ નામની ફિલ્મ જોઈ ત્યારથી બંદૂકબાજીનો ચેપી રોગ આખી દુનિયામાં ફેલાયો. શું લોકોને બંદૂકની ગોળીથી વીંધાઈ જતા માણસનું દૃશ્ય જોવાનું ગમે છે? શું નોર્મલ માણસને ક્રૂરતાની કરામત ગમે ખરી? ગાંધીજીએ શોલે ફિલ્મ જોઈ હોત તો એમનો પ્રતિભાવ કેવો હોત?

એકવીસમી સદીનો માણસ હવે હોંશે હોંશે ગોળી ખાતો થયો છે. સહેજ માથું દુખે તો ગોળી! તાવ આવે તો ગોળી! બ્લડ પ્રેશર ન વધે એ માટે ગોળી! કોલેસ્ટેરોલ ન વધે એ માટે ગોળી! ઊંઘ ન આવે તો ગોળી! ડિપ્રેશન આવે તો ગોળી! કોઈ પણ મેડિકલ સ્ટોરમાં જાવ, આખી દુકાનમાં કેટલા પ્રકારની ગોળીઓ સીંચાયેલી છે એનો અંદાજ કેવળ દુકાનદારને જ હોય છે. એકવીસમી સદીમાં થતો આવો ગોળીબાર કરુણાથી ભરેલો છે.

બંદૂકની ગોળી મનુષ્યની હત્યા કરે છે, દવાની ગોળી મનુષ્યની રક્ષા કરે છે. આજકાલ ઈરાક-સિરિયાની સરહદ પર ક્રૂરતાનાં કારખાનાં ધમધોકાર ચાલી રહ્યાં છે. સ્ત્રીઓ અને બાળકોની કતલ કાંદા-બટાટાની માફક થતી રહે છે. બધી ક્રૂરતા ધર્મના નામે થતી રહે છે.

આ પરિસ્થિતિમાં રેડ ક્રોસની કરુણા લાચાર છે. હજારો સ્ત્રી-પુરુષોની કત્લેઆમ થાય ત્યાં એમ્બ્યુલન્સનું અરણ્ય રુદન કોણ સાંભળે? ૫૦૦ માણસની વસતિવાળું એક ગામ એકાદ કલાકમાં તો ૫૦૦ શબનું કબ્રસ્તાન બની ગયું! દવાની ગોળી ત્યારે બંદૂકની ગોળી સામે લાચાર છે. ક્રૂરતા આગળ કરુણા લાચાર!

*એક માણસ હણાય ત્યારે*
*એની પત્નીનું જીવન વેરાન બને છે*
*અને એનાં બાળકોનું ભવિષ્ય*
*કાંટાળું બની જાય છે.*
*કોઈ હોસ્પિટલના ઑપરેશન થિયેટરમાં*
*એક સ્ત્રી નવજીવન પામે ત્યારે*
*પરિવારને માતા પ્રાપ્ત થાય છે.*
*બંદૂકની ગોળી આખરે શું છે?*
*એ એક માતાવિરોધી દુર્ઘટના છે.*

***યોગ્ય સમય પર કરેલું નાનું કામ પણ બહુ ઉપકારી હોય છે. જ્યારે સમય વહી ગયા પછી કરેલું મહાન કાર્ય પણ વ્યર્થ હોય છે.***

નિબંધ

# શું શું કહે છે આ વિપરીત બુદ્ધિ

રતિલાલ 'અનિલ'

રાત્રે નાઈટલેમ્પ માત્ર બળતો હોય છે, એનો ક્ષીણ પ્રકાશ પણ એના સ્થાને રહે એ માટે હું આંખ મીંચી દઉં છું. દિવસ દરમ્યાન પ્રકાશમાં આ કૃતિઓ, પડછાયા, દૃશ્યો, ચહેરા જોયા-એ સૌને બહાર રાખ્યા પછી તે ચેતન મનનીયે બહાર રહે એ માટે આપોઆપ નિંદમાં સરી જાઉં. સુખ અને શાંતિ વિશે આપણે જે માન્યું છે તે એક પક્ષ છે, તમે સુખ અને શાંતિના જ્ઞાનથી પર થઈ જાવ એ જ ખરેખર હોય તો સુખ અને શાંતિ નથી? પણ આપણે તો પોતે જાગ્રત હોઈએ અને અનુભવીએ તેને સુખ-શાંતિ એવું નામ આપીએ છીએ. એ બતાવે છે કે એ હોય તે પહેલાં નહોતાં; આપણે હાજરીપત્રક બનાવ્યું છે. પણ હાજરીપત્રક પર સહી કરીએ તે પહેલાંય આપણે હતા અને કાલે સહી કરવાનું ભૂલી જઈશું ત્યારે પણ હોઈશું. શું માણસની બહાર તે હોવાની પ્રતીતિ હોય? આપણને પોતાને વિશે શું એટલી બધી અશ્રદ્ધા છે કે હાજરીપત્રકમાંની સાક્ષી જોઈએ? જુઓ, અહીં સાક્ષીભાવના રૂઢ-પ્રચલિત અર્થ કરતાં જુદો જ સાક્ષીભાવ દેખાય છે; રૂઢ અર્થોની બહાર શું કોઈ અર્થ નથી હોતો? અર્થ-અનર્થની ફૂલગૂંથણી નહીં, પણ માયાજાળ રચાયેલી છે અને આપણે એમાં સપડાયેલા છીએ.

કોઈ માણસ ધ્યાનમાં ઓગળી જાય ત્યારે જ્ઞાન, અનુભવનો સંઘરો કરનારું મન હોવા છતાં એ સમય પૂરતું ઓગળી ગયેલું કે હાજર હોવા છતાં ગેરહાજર જેવું હોય છે. ધ્યાનમાંથી ઊઠ્યા પછી કોઈ કહે તેમને ધ્યાનમાં આવો અનુભવ થયો તો એણે ધ્યાન વિશે જે વિચાર્યું કે વાંચ્યું હોય તે હોય! તમે બરફને પોતાને વિશે કશું કહેતા સાંભળ્યો છે? સૂર્યને કશું કહેતા સાંભળ્યો છે? મૂળને વાચા નથી હોતી; એટલે ઓગળી ગયાના અનુભવને વાચા નથી હોતી. પણ ધ્યાનના અનુભવ વિશે કહેનારો કહે છે કે આ અનુભવ સંઘરનાર મન ત્યાં હતું! ત્યારે ધ્યાન બહુ તો એકાગ્રતા હોય છે. તે તો પેલી ડોશી સોયમાં દોરો પરોવવાનો પ્રયત્ન કરે છે તેના વિશે પણ એવું કહી શકાય.

અંધકારમાં કશું નથી દેખાતું? શી વાત છે. અંધકાર તો દેખાય છે એટલે તો એને નામ આપ્યું; તમે અદીઠને ઈશ્વર કહી નાખ્યો તે માફ, બાકી બીજા અદીઠ વિશે જાણે જોયો હોય એ રીતે કહેતા થોભજો. જ્ઞાન વિશે પણ ભ્રમમાં રહેવા જેવું નથી. તમને પોતાને કેટલું જ્ઞાન થયું, બીજાઓ દ્વારા અને લખેલા છાપેલા શબ્દો દ્વારા કેટલું એના ભાગ પાડવા જોઈએ. સંજ્ઞા દ્વારા આપણે સંજ્ઞાતીત સુધી પહોંચીશું? શબ્દ દ્વારા તો નહીં જ; માણસે પોતાને માટે કશું મૂળભૂત રહેવા દીધું છે? ના, એ કહે કે ના, મેં સૌને સંસ્કારી બનાવી દીધા છે અને અહીં જ અનેકાર્થો માટે કુશાદે જગ્યા થઈ જાય છે; પણ માણસના અગ્નિસંસ્કાર કરો તો રાખ અને માટીના અગ્નિસંસ્કાર કરો તો ઈંટ, માટીનાં વાસણ પ્રાપ્ત થાય. અહીં વ્યાપ્ત અર્થ સાંકડો થઈ જાય છે. આદિ માનવને સંસ્કારી થવાનું હતું તે આરણ્યક ઋષિ થયા. પણ વસતીમાં તો એણે પણ પોતાનું રૂપાંતર કરવું પડે. પણ આપણે પહેલા અર્થ પાસે બેસી રહીએ છીએ, એવા ચોંટડુક રૂપે કે જરા ખસીશું તો અર્થ ભાગી જશે. સંસ્કારપ્રક્રિયા એવી ચાલી કે કોઈ શબ્દ એકલો હોય જ નહીં, એનો વિરોધી શબ્દ હોય જ. ઓગળી જવું-ભલે થોડા સમય-ગમે છે કારણ કે સંસ્કારોથી જ બનેલું, વિરોધોથી ભરેલું મન ત્યારે નથી હોતું. વિચારણા તો અંધકારથી શરૂ થયેલી એટલે અંધકાર એ વિરોધાર્થી શબ્દ છે એવું પ્રકાશનો વિરોધી શબ્દ કયો એવું પૂછનાર બાળકને કહેવું પડે કેમ કે તેને શિક્ષકને જવાબ આપવાનો છે. આપણે કહેવાતી ઓળખ માટે દ્વંદ્વસ્પર્ધા રચી કાઢ્યાં; અંધકાર એ પ્રકાશથી વિપરીત છે. તો સ્ત્રી એ અર્થમાં પુરુષની વિપરીત છે? તે પુરુષ નથી માટે વિપરીત છે? તો પછી, લોકો શા માટે સંલગ્ન થાય છે એ પૂછવું જ પડે. અંધકાર એ પ્રકાશ નથી જ. એકલો પ્રકાશ હોત તો એને પ્રકાશ જ કોણ કહેવાનું હતું? બધા જ પુરુષ હોય એ તો અશક્ય છે પણ આપણા પુરાણકારની કક્ષાએ પહોંચી જઈએ, કહીએ કે માત્ર પુરુષો જ છે તો એને પુરુષ કહેવાની જરૂર જ શી હોય? વાસ્તવમાં અંધકાર છે એટલે પ્રકાશ જેવું નામ છે, પણ વાસ્તવમાં બે મળી એક બને છે. રાત્રિ ન હોય તો દિવસને દિવસ નામ મળ્યું હોત? દિવસ પૂર્ણ બને છે જ રાત્રિથી. અને કોઈ બ્રહ્મચારી પોતાનો વાંધો અનામત રાખે; સ્ત્રી-પુરુષ મળીને તો એક માણસ બને છે. 'નારી નરકની ખાણ' કહેનારાઓનો વંશ બહુ લાંબો છે. તેમણે અંધકારની, રાત્રિની ભર્ત્સના કરી છે. બે મળી એક અર્થ બને તેને આપણે વિરોધાર્થી બનાવી દીધાં. કેટલાંક યુગલો સ્પર્ધાત્મક જીવતા હોય તો તેમનામાં વિરોધાર્થી શબ્દ શિક્ષણના ગાઢ સંસ્કાર હોઈ શકે.

સંસ્કારની જ વાત આવી તો પેલું ધીખતા ચૂલે કલેડું જુઓ; નિભાડાના અગ્નિસંસ્કાર એને ઓછા પડ્યા કે એ રોજ ધીખતા ચૂલે બબ્બે વાર ચઢે છે અને એક બાજુ મેશ વહોરે છે? પૃથ્વી

અને આકાશ કંઈ એક માત્ર માણસની સગવડ માટે બન્યાં નહોતાં. તેમ પ્રકાશ અને અંધકાર કંઈ માણસની ઓળખની સગવડ માટે નહોતા બન્યા. માણસ એમને પોતાની સગવડ અનુસાર અર્થ આપે અને ઓળખ તે ઓળખ વળી સંસ્કાર પ્રક્રિયામાંથી આવી હોય તો એણે રચેલી માયાજાળમાંથી એણે જ છૂટવાનું હોય.

આપણા પડખાં એ શું શરીરનો જ ભાગ નથી? હૃદય એ ડાબા પડખે છે એટલે એ શું કોમરેડ છે? હૃદય તો કોમરેડો નહોતા ત્યારેય હતું. પ્રકાશ અને અંધકાર માણસ નહોતો ત્યારેય હતાં અને ઝઘડ્યા વિના, એકબીજાના નાશનું યુદ્ધ ખેલ્યા વિના શાંતિથી રહ્યાં – આ માણસને તેનું સંસ્કારી જ્ઞાન આવ્યું એટલે અંધકાર વિરોધાર્થી બની ગયો; કેવું સારું છે કે રાત્રિની ઊંઘમાં, 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ સત્યે તું લઈજા' એવી પ્રાર્થના સંસ્કાર અને ટેવવશ ગાઈ જ શકાતી નથી. ઊંઘ નહીં, અનિવાર્ય એવાં સીમિત સુખશાંતિનો ભંગ ન થાય અને ઊંઘનો એક સંકેત તો ખરો જ કે પોતાને માટે અજ્ઞાત થઈ જવું. આ સાહજિક સ્થિતિ જેને અજ્ઞાત કહો છો તેનામય થવા પોતેય અજ્ઞાત થવાની સ્થિતિ નથી સૂચવતી?

ગિરનારની પેલી બાજુએ સૂર્ય હોય ત્યારે આ બાજુની ખીણ ઓછા અંધકારે રહસ્યમય લાગતી. અને રાત્રિના અંધકારમાં ઉચ્ચ સ્થાને રહી દૂર દૂર જ સુધી નજર નાખો, રાત્રિનું મૌન અને ફેલાયલા અંધકારમાં બધું કેવું રહસ્યમય લાગે છે?

ગિરનારની પેલી બાજુ સૂર્ય હોય એટલે એ બાજુ પ્રકાશિત, એની આ બાજુ ખીણ ભરીને ઝાંખો અંધકાર...પણ આ પ્રકાશ અને અંધકાર વિરોધાર્થી શબ્દ અશક્ય એવું પરાક્રમ કરે છે. અખંડ ગિરનારના બે છૂટાં ફાડચાં કરી નાખે છે! ■

## માફ કરના....

(અનુ. : પાના નં.-૨૯ ઉપરથી ચાલુ)

મળી છે. તમારા પપ્પાએ જે માફીનાં બીજ મારા હૈયામાં રોપ્યાં હતાં તે અત્યારે ફૂલીફાલીને વૃક્ષ બન્યાં છે. મારામાં રહેલા ગુણો જેવા કે ધીરજ, બીજા પ્રત્યેનું માન, હું કેળવી શકી છું. મારામાં કદાચ આ બધા જ ગુણો હતા, પણ નિખર્યા હવે. મને હવે જિંદગીની ઉદારતાને સમજવાનો મોકો મળ્યો છે.

મમ્મી સાચી છે. અંકલને કારણે અમે પણ વધારે ને વધારે ઉદાર બની રહ્યાં છીએ.

તમને એક સરસ વાત તો કહેવાની રહી ગઈ. તેમના જેવી જ સમાજસેવા કરતાં ઊર્મિબેન સાથે તેમણે હમણાં હમણાં જ લગ્ન કર્યાં છે અને બંને સાથે મળીને લોકોને ઉપયોગી થઈ રહ્યાં છે. છે ને મજાની વાત!

*'અમિધારા', ૧૫-બી, પારસ સોસાયટી,*
*ગીતા મંદિર સામે, જામનગર-૩૬૧ ૦૦૨.*
*મો. ૮૭૫૮૮ ૭૧૭૨૦*

જીવન માંગલ્ય (સત્ય ઘટના પર આધારિત)

# માફ કરના...

માલતી શાહ

મારાં મમ્મી-પપ્પા અલગ અલગ ડાન્સ ક્લાસ ચલાવતાં અને અમે બંને બહેનો સ્કૂલ ગર્લ્સ. સૌનું જીવન આનંદમય હતું.

આજે રાત ખૂબ જ અંધારી લાગતી હતી. રાતને પણ અંધારા - અજવાળામાં પોતાની જાતને ફંફોળવી પડે છે. આજે તો ચંદ્રની ગેરહાજરી અને શિયાળાની રાત. રસ્તા પરની અવરજવર ખૂબ જ ઓછી થઈ ગઈ હતી અને તેને કારણે થોડુંક સૂનું લાગે. અમે બે બહેનો તથા મમ્મી કારમાં ઘરે આવ્યાં ત્યારે રાતની જેમ જ ઘરમાં પણ અંધારું હતું. હંમેશાં પપ્પા તો ખૂબ વહેલા ઘરે આવી ગયા હોય અને તેઓ પોતાનું કોમ્પ્યુટર વર્ક કરતા હોય. આજે અમે પપ્પાની કાર લઈને ગયાં હતાં. મમ્મીની કાર સર્વિસમાં ગઈ હતી તેથી પપ્પા બાઈક લઈને ગયા હતા.

પપ્પા હજી ઘરે આવ્યા નહોતા. પપ્પાનો ફોન સામેથી આવે તેની રાહ જોયા સિવાય અમારી પાસે કોઈ રસ્તો નહોતો. મમ્મીએ અમને સૂઈ જવા માટે કહ્યું. પણ અમને ઊંઘ શેની આવે?

ત્યાં જ ફોનની ઘંટડી વાગી. ફોનની ઘંટડીમાં આનંદ કે શોકની કોઈ લાગણી વ્યક્ત નથી થતી. ફોન ઉપાડ્યા પછી ખબર પડે. અમારે પણ તેવું જ થયું. ફોન પપ્પાનો નહોતો પણ પોલીસ સ્ટેશન પરથી હતો. મમ્મીને પોલીસ સ્ટેશને બોલાવી હતી. પપ્પાનું કોઈ બાઈકવાળાએ એક્સિડન્ટ કર્યું હતું અને પપ્પા ત્યાંજ મૃત્યુ પામ્યા હતા. અમે ત્રણે સાથે ત્યાં પહોંચ્યા. અકસ્માત કરનાર અંકલ ત્યાં જ પપ્પાના મૃતદેહ પાસે ઊભા હતા. ત્યાં ઘણી રોકકળ ચાલી. મમ્મીએ તેમને શું શું કહ્યું તે અમને યાદ નથી. તેમની બેદરકારી બદલ તેમને અપમાનજનક શબ્દો પણ કહ્યા હતા. મમ્મી દુઃખ અને ગુસ્સાથી ભાંગી પડી હતી. પપ્પા વગરની અમારી દુનિયાની અમે કલ્પના જ નહોતાં કરી શકતાં.

ગુનેગાર અંકલ શાંત અને દુઃખી ઊભા હતા. તેમનાથી આ શું થઈ ગયું તે તેમને સમજાતું ન હોય તેમ તેઓ પપ્પાના મૃતદેહ તરફ ક્ષણભર જોઈને આંખો મીંચી જતા હતા. અકસ્માત એ અકસ્માત જ હતો. તેમાં કોઈ પ્રયોજન નહોતું. પણ કદાચ બેદરકારી હશે, કદાચ પોતાનું કોઇ ટેન્શન હશે. પપ્પાએ તો આંખો મીંચી દીધી. કોઈનો જીવ તો લઈ શકાય છે, કોઈને જીવનદાન આપી શકાતું નથી. અમારી રોકકળ જોઈને તેઓની આંખો પણ વારંવાર ભરાઈ જતી હતી. કોઇ જ ઈરાદો ન હોય અને આકસ્મિક જ આવા અકસ્માત થઇ જાય ત્યારે ગુનેગારની હાલત બહુ જ દયાજનક બની જતી હશે. આ મેં નજરે જોયું. મને ત્યારે ઘણું દુઃખ થયું. અમે અને તેઓ, એમ બંને પક્ષ લાચાર હતા.

મમ્મીએ તેમને ગુસ્સામાં ઘણું બધું કહ્યું હતું. અમારા પક્ષે નુકસાન ઘણું મોટું હતું અને મમ્મીના મત પ્રમાણે તેમને સજા થવી જ જોઈએ.

એક વખત અમે બેઠા હતા ત્યારે મેં મમ્મીને પૂછ્યું હતું, 'મમ્મી, તેં રાહુલ અંકલ વિશે કંઈ જાણ્યું? તેમના મમ્મી પપ્પા પણ તેમની આ સજા સાંભળીને ખૂબ દુઃખી થયા હશે નહીં મમ્મી?' ત્યારે મમ્મીએ મને વાત કરી. રાહુલ અંકલ અનાથ હતા. ન માતા-પિતા, ન કોઈ ભાઈ-બહેન. દૂરના કોઈ સગાને ત્યાં મોટા થયા અને પછી પોતાની રીતે જીવવા લાગ્યા. તેમના સારા-નરસા કામ માટે કોઈ તેમને રોકવા ટોકવાવાળું નહીં. તેથી તેઓ દારૂના રવાડે ચડી ગયા હતા અને નશો તો કોઈપણ પ્રકારનો ખરાબ છે. બીજાં ઘણાં દૂષણો નશાને કારણે માણસમાં પ્રવેશી જાય છે.

તેમના સારા નસીબે રીયા સાથે પરિચય થયો. છેલ્લાં બે વર્ષથી તેઓ એકબીજાના સંપર્કમાં હતા અને રાહુલ અંકલ પણ સારા બની રહ્યા હતા. સમાજમાં ગૌરવભેર માથું ઊંચું કરી શકે તેવા! પણ અકસ્માતને દિવસે બધું જ અવળું બની રહ્યું હતું. તે દિવસે તેમણે ફોન કરી રીયાને મળવા બોલાવી. રીયાને નહોતું આવવું. તેને કોઈ કામ હશે કદાચ! થોડો ઝઘડો તેમણે બંનેએ ફોન પર કરી લીધો. પછી થોડો દારૂ પી, પોતાનું બાઈક લઈને તેઓ નીકળી પડ્યા. ક્યાં જવું છે તે પણ નક્કી નહોતું. ગુસ્સો અને નશો બંને તેમના પર સવાર હતા. બાઈક તેમણે સ્પીડમાં મારી મૂકી. તેમને પોતાને તો થોડું ઘણું વાગ્યું પણ પપ્પાએ તો Head injuryને કારણે એમ્બ્યુલન્સ આવે તે પહેલાં જ આંખ મીંચી દીધી હતી.

પપ્પાના ગુજરી ગયા પછી ઘણા દિવસો સુધી અમારી આંખો વારંવાર ભીની થઈ જતી હતી. આંસુ અને સમય બંને માનવીને કોઈ પણ પહાડ જેવડા દુઃખમાંથી પણ બહાર લાવે છે. દિવસો વીતતા ગયા તેમ પપ્પાની ગેરહાજરી અમે સ્વીકારવા લાગ્યાં હતાં. પણ પપ્પાને ભૂલી તો ક્યારેય નથી શક્યાં. પપ્પા હતા પણ તેવા — પ્રેમાળ અને માયાળુ અને કોઈની પણ ભૂલને સરળતાથી માફ કરી દે તેવા. ક્ષમાશીલ કેમ થવાય તે અમે

પપ્પા પાસેથી શીખ્યા હતા.

પપ્પાને ગુજરી ગયાને બે વર્ષ જેટલો સમય વીતી ગયો હતો. આ સમય દરમિયાન રાત-દિવસ ખૂબ જ ધીમાં વીત્યા હતા. દુઃખમય દિવસો આ જ રીતે વીતતા હશે કદાચ...

અમે રાહુલ અંકલને ફેંસલાના દિવસે કોર્ટમાં જોયા. પછી તેમને જોયા ન હતા. ફેંસલો સાંભળીને તેઓની આંખો છલકાઇ ઊઠી હતી તે હજી પણ મને યાદ છે.

હજી હું નાની કહેવાઉં પણ તેટલી નાની તો નથી જ કે માનવીય સંવેદનાને સમજી ન શકું. મને ઘણીવાર રાહુલ અંકલને મળવાની ઇચ્છા થાય છે. તેમને પપ્પાના એક્સિડન્ટ કર્યા બદલ માફી આપું. પણ હું તો નાની. મને આ બધું કોઈ કરવા દે ખરું?

છતાંય એક દિવસ હિંમત કરીને મેં મમ્મીને પૂછી જ લીધું, 'મમ્મી, આપણે રાહુલ અંકલને માફ કરી દઈએ તો?' મમ્મી મારી સામે ઠપકાભરી નજરે જોઈ રહી. પછી કહે, જેને કારણે આપણે આટલી બધી મુશ્કેલી વેઠી રહ્યા છીએ તેમને માફ કરવાના? ના... ના... ના... મમ્મીની આંખો આંસુથી છલકાઇ ઊઠી હતી.

અમે બંનેએ તે પછી રાહુલ અંકલ વિશે કોઈ વાત નહોતી કરી. પણ એક વખત મારા રૂમમાં હું એક ગ્રીટિંગ કાર્ડ બનાવી રહી હતી અને મમ્મી મારા રૂમમાં આવી. મને કહે, હજી તો દિવાળીને વાર છે. આટલાં વહેલાં કાર્ડ બનાવવા લાગી?

"આ કાર્ડ તો રાહુલ અંકલ માટે બનાવ્યું છે. ક્યારેક તેમને મળીશ ત્યારે તેમને આ કાર્ડ આપીશ."

મમ્મી મારી સામે થોડીવાર માટે જોઈ રહી. પછી બોલી, 'બેટા, સાચે જ તું રાહુલ અંકલને મળવા માંગે છે? આપણે તેમને માફી આપવી જોઈએ એવું તું ઇચ્છે છે બેટા?'

'હા મમ્મી. પપ્પાના મૃત્યુનું નિમિત્ત રાહુલ અંકલ બન્યા, પણ તેઓ તો માત્ર નિમિત્ત જ હતા. મૃત્યુ તો નિશ્ચિત જ હોય છે. તે સમય પહેલાં તો કોઈ મૃત્યુ પામતું નથી માં!

આ પછી લગભગ મહિના સુધી મારી તથા મમ્મીની આ બાબતે કોઈ વાતચીત ન થઈ. હું મમ્મીને કોઈ ટેન્શન આપવા નહોતી માંગતી. તેથી મેં મમ્મીને વધારે કંઈ પૂછ્યું નહીં. આજે મમ્મી ડાન્સ ક્લાસમાંથી આવીને બહાર ગઈ હતી. તે પાછી ફરી ત્યારે તેનો ચહેરો થોડો ગમગીન હતો. તે મારી પાસે બેઠી. મારા વાળમાં હાથ ફેરવતા કહ્યું, 'બેટા, આજે હું રાહુલ અંકલને જેલમાં મળવા ગઈ હતી. તેઓ તેમની યુવાન વયે પણ ખભેથી સહેજ નમી ગયા હતા. શરીર સહેજ દૂબળું થઈ ગયું હતું. મને જોઈને તેમને ખૂબ જ આશ્ચર્ય થયું. તેમણે ક્યારેય આશા નહીં રાખી હોય કે હું તેમને મળવા આવીશ.' મમ્મીએ તેમને મારું બનાવેલું કાર્ડ આપ્યું.

*પ્રિય અંકલ,*

આ કાર્ડ તમને Good Wishes માટે મોકલી રહી છું. અંકલ, તમારાથી થયેલા અકસ્માતને કારણે ગુમાવેલા અમારા પપ્પાને અમે ક્યારેય નહીં ભૂલી શકીએ. જીવનમાં પપ્પા વગર સર્જાયેલો ખાલીપો અમે ક્યારેય નહીં ભૂલી શકીએ. જીવનમાં પપ્પા વગર સર્જાયેલો ખાલીપો તો એમ જ છે. પણ અંકલ, અમે તમને માફ કર્યા છે. No drugs and no anything undesirable... અને અંકલ be a good man. અને અંકલે ડોકું ધુણાવી કહ્યું હતું, "હા બેટા, હવે તું ઇચ્છે તેવી જિંદગી હું જીવીશ." અંકલની વાત કરતાં કરતાં મમ્મી રડી પડી હતી. કઈ પરિસ્થિતિમાં અંકલનું વર્તન આટલી બેદરકારીભર્યું થયું હતું તે વાત તે ફરી ફરી કરતી રહી. આ ભરી ભરી દુનિયામાં એકલા હોવાનું દુઃખ શું હોઈ શકે તે હું અને મમ્મી બંને સમજી શકતાં હતાં.

જેલમાં અંકલે મમ્મીને પ્રોમિસ આપ્યું હતું કે અહીંથી છૂટ્યા પછી તે સારા માનવી બનશે. સમાજ ઉપયોગી કાર્યો કરશે. જાણે તેમને સમજાયું કે પ્રેમ તો દીવાની જ્યોત જેવો છે. એક દીવામાંથી અનેક દીવા પ્રગટાવી શકાય, પ્રેમનો વ્યાપ ખૂબ જ વધારી શકાય. પશ્ચાત્તાપનું પવિત્ર ઝરણું તેમને પાવન કરી ચૂક્યું હતું.

આપણે જેલની બહાર રહેનારાઓ માટે વરસો તરત જ વીતી જતાં હોય તેમ લાગે. આ હોળી આવી... રંગોનો અદ્ભુત તહેવાર, સાથે હાસ્યનો કિલકાર... આ નવરાત્રી નવલા ગરબાની રમઝટ સાથે માતાજીની કૃપા લાવે અને પછી દિવાળી... હરખભેર ફટાકડાનો ઝગમગાટ લઈને આવે. આપણા તો આનંદના આ બધા દિવસો! કેદીઓના આ દિવસો કેવા વીતતા હશે?

આવી તો ઘણી દિવાળી ગઈ અને અંકલનો જેલમાંથી મુક્ત થવાનો દિવસ આવી ગયો. મમ્મી અને અમે બે બહેનો ત્યાર પછી તેમને ઘણીવાર મળ્યાં.

હવે અંકલ જરૂરિયાતવાળા માણસોને મદદ કરે છે. એકવાર મેં તેમને પૂછ્યું હતું, 'અંકલ, જરૂરિયાતવાળા માણસો કોણ છે તેમની તમને શી રીતે ખબર પડે?' ત્યારે તેમણે કહ્યું હતું, 'બેટા, તને તેઓની લાચારી આંખોમાં દેખાશે. તેઓ હાથ લાંબો નથી કરી શકતા પણ આંખની લાચારી છુપાવી પણ નથી શકતા.'

અંકલ પોતે ખૂબ જ મહેનત કરે છે. હવે તો તેના ચહેરા પર ખુશીની આભા ફેલાયેલી રહે છે. બીજા માટે જીવવું તેજ સાચું જીવન. પોતાના જ ફ્લેટમાં નાના નાના બાળકોને ભણાવે છે, તેઓને રમાડે છે અને ભેટ પણ આપે. તેઓ અમને ઘણીવાર કહે છે કે તમારા ફેમિલીએ મને આપેલી માફીની ભેટ અમૂલ્ય છે. મારે કંઈક એવું કામ કરવું છે કે મને મળેલ માફીની આ અમૂલ્ય ભેટને હું વધારે ને વધારે ન્યાય આપી શકું.

મમ્મી કહે છે, 'અંકલને માફી આપીને તેમણે પોતાને પણ ખૂબ જ ઉપર ઉઠાવી છે. એક નવી જિંદગી રાહુલ અંકલને કારણે

**(અનુ. : જુઓ પાના નં.-૨૭ ઉપર)**

પ્રેરક પ્રસંગ કથા

# ઇમાનદારી

ડૉ. આઈ.કે. વીજળીવાલા

બપોરના બાર વાગ્યા હતા. હું મારી ઓપીડીનાં કામમાં વ્યસ્ત હતો. દરરોજ લગભગ ૧૨૦ જેટલાં દર્દીઓને જોવા પડતા હોવાના કારણે અમે અત્યંત વ્યસ્તતા અનુભવતા હોઈએ છીએ. દરરોજ મશીનની માફક અમારું કામ ચાલતું હોય. બાળ-દર્દીઓને તપાસવા, એમના રિપોર્ટ્સ જોવા, દવા લખી આપવી, ખોરાકથી માંડીને દવા વિશે સમજાવવું - એમ ઢગલોએક કામ ક્રમબદ્ધ ચાલતા હોય.

'સાહેબ, એક બાળક ખૂબ સિરિયસ લાગે છે, મોકલું?' એ યંત્રવત કામોની ભરમાર વચ્ચે મારા માણસે મને કહ્યું.

'શું થયું છે?' મેં પૂછ્યું.

'નાનું બાળક છે અને ખૂબ હાંફે છે.' એણે જવાબ આપ્યો. મેં એને મોકલવા માટે માથું હલાવીને સંમતિ આપી.

થોડીવારમાં જ એક માજી અને એક બહેન દોઢેક વરસના એક દીકરાને લઈને મારી ચેમ્બરમાં દાખલ થયાં. બંનેનાં કપડાં પરથી એમના ઘરની સ્થિતિનો તરત જ અંદાજ આવી જતો હતો. અનેક થીગડાંવાળાં કપડાં બતાવી જ આપતાં હતાં કે એમની પરિસ્થિતિ કેવી હશે. બાળકને પણ એવાં જ ગાભામાં વિંટાળ્યું હતું. મેં એમને મારી બાજુમાં બેસવાનો ઈશારો કર્યો. માજી એ દીકરાને લઈને મારી બાજુમાં બેસી ગયાં.

'કયા ગામથી આવો છો?' મેં પૂછ્યું.

'ગારિયાધારની બાજુના ગામડેથી' માજીએ જવાબ આપ્યો.

'બાળક કેટલા દિવસથી બીમાર છે?'

'ત્રણ દિવસથી. ત્રણ દિ' પહેલાં એને ઉધરસ શરૂ થઈ હતી અને ગઈકાલથી ઊભો શ્વાસ થઈ ગયો છે.' માજીએ કહ્યું.

મેં બાળકને ઓઢાડેલું કપડું હટાવ્યું. સાવ હાડપિંજર જેવું એ બાળક ધમણની માફક હાંફતું હતું. કુપોષણ અને ઘણાં બધાં વિટામિનની ખામીથી એ કૃશ શરીર કાળું મેશ જેવું બની ગયું હતું. આંખો અર્ધી ખુલ્લી હતી. એનું શરીર પણ ખાસ્સું તપતું હતું. હાથપગના નખ ભૂરા થઈ ગયા હતા. આ બધી બાબતો એને બંને ફેફસામાં ન્યુમોનિયા થયો હોવાની ચાડી ખાતી હતી.

'માજી! આને દાખલ કરવો પડશે. કદાચ એને શ્વાસના મશીનની જરૂર પણ પડે (વેન્ટીલેટરની). એ સગવડ મારી પાસે નથી. તમે એક કામ કરો. ભાવનગરના સરકારી દવાખાને આને દાખલ કરી દ્યો. ત્યાં હવે આવી બધી સુવિધાઓ હોવાથી આ બાળકના બચી જવાની શક્યાત વધારે રહેશે.' મેં કહ્યું. ભાવનગર મેડિકલ કૉલેજ બન્યા પછી અહીંની સર તખ્તસિંહજી હોસ્પિટલમાં ખૂબ સારી સુવિધાઓ ઉપલબ્ધ થઈ ગઈ છે.

'પણ બાપા! અમે બે જ જણ આવ્યાં છીએ. અમને તો એમ હતું કે દવા લઈને પાછાં જતાં રહીશું!' માજી બોલ્યાં.

'નહીં માડી! પાછાં જવાય એવું નથી. બાળક ખૂબ સિરિયસ છે. ઘરે દવા થઈ શકે એવું નથી લાગતું. તમારે એને દાખલ તો કરવું જ પડશે.' મેં ભાર દઈને કહ્યું.

'પણ...! પણ...' માજી બે વખત 'પણ' બોલીને અટકી ગયાં. એને શું કહેવું હતું એનો અંદાજ લગાવતા હું બોલ્યો, 'માડી! તમે કોઈ પણ જાતની ચિંતા કરતા નહીં. આ સરકારી દવાખાનું છે. ગરીબ માણસોને સાવ મફતમાં સારામાં સારી સારવાર ત્યાં મળે છે, એટલે તમે ખર્ચની ચિંતા નહીં કરતા.'

'પણ અમે સાસુ-વહુ ત્રણસો રૂપિયા લઈને નીકળ્યાં છીએ! એમાંથી ચોથા ભાગના ટિકિટમાં વયા ગ્યા. હવે અમારી પાસે માંડ બસોએક રૂપિયા વધ્યાં છે. અમારે દવા કે એવું કાંઈક લાવવું પડશે તો?' માડીએ વાત કહી જ નાખી.

મને એમના ખચકાટનું કારણ શું હોઈ શકે એનો લગભગ અંદાજ તો હતો જ. મેં એમને પાંચસો રૂપિયા આપ્યા અને કહ્યું, 'માડી! અત્યારે તમે આ લઈને જાવ અને દાખલ થઈ જાવ. એક વાર દીકરાની સારવાર શરૂ થઈ જાય પછી બીજું બધું જોયું જાશે.'

પરંતુ મારી નવાઈ વચ્ચે માજીએ એ લેવાની સાફ ના પાડી.

'કેમ માડી?' મેં કહ્યું, 'અત્યારે આ લઈને તમે જલદી જાવ અને આને દાખલ કરી દ્યો.'

પણ મારો હાથ પાછો ઠેલતાં માજી બોલ્યાં, 'ના સાહેબ! અમે હમણાં બસસ્ટેન્ડે જઈને કો'ક ઓળખીતા ભેગું કે'વડાશું એટલે ઘરે સમાચાર મળી જાશે. પછી આ છોકરાનો બાપ ગમે એમ કરીને પૈસાનું કરશે. પણ તમારા થોડા લેવાના હોય?'

'માડી!' મેં કહ્યું, 'અત્યારે એવો બધો સંકોચ છોડો અને મારી વાત ધ્યાનથી સાંભળો. તમારે જતાવેંત મોંઘાં ઈન્જેક્શન લાવવાનાં થયાં તો? તમે કહેવડાવો અને છોકરાનો બાપ વ્યવસ્થા કરીને ભાવનગર આવે એટલી વારમાં તો મોડું ન થઈ જાય?

એના કરતાં આ પૈસા લેતા જાવ અને જલદી એને મોટા દવાખાનામાં દાખલ કરી દ્યો. અને હા! જો ત્યાં દાખલ થયા પછી પણ કોઈ દવા કે ઇન્જેક્શન લાવવા માટે પૈસાની જરૂર પડે તો મારી પાસેથી લઈ જજો. પણ હવે જલદી જાવ!' મેં એમને સમજાવવાની કોશિશ કરી.

મારા આપેલા પૈસા લેવાની એમની જરા પણ ઇચ્છા નહોતી. પરંતુ મારી સમજાટની અસર હોય કે પછી બાળકની ગંભીર સ્થિતિ એ ગમે તે હોય પણ માજીએ વધારે રકઝક કરવાનું માંડી વાળ્યું અને બાળકને લઈને સાસુ-વહુ સરકારી દવાખાને જવા રવાના થયાં.

એ વાતને ત્રણ દિવસ વીતી ગયા. ચોથા દિવસે બપોરે હું ઓપીડીના બાકી રહેલા છેલ્લા બાળદર્દીને તપાસી રહ્યો હતો. મેં મારા માણસને પૂછ્યું કે, 'બહાર કોઈ છે હવે?'

'હા સાહેબ! ત્રણ દિવસ પહેલા જે સિરિયસ છોકરાને મોટા દવાખાને મોકલ્યો હતો એનાં દાદીમા બહાર બેઠાં છે. મોકલું?'

મેં હા પાડી. રોજની દોડધામમાં અમે એ વાત ભૂલી પણ ગયા હતા. પછી હું વિચારમાં પડી ગયો. મને થયું કે, 'કદાચ પેલા છોકરા માટે વધારે મદદની જરૂર પડી હશે. નહીંતર મોટાભાગે તો બીજા દવાખાને મોકલેલા દર્દીના સગા ભાગ્યે જ મળવા આવતા હોય છે.' હું આગળ કાંઈ વિચારું એ પહેલાં જ પેલા માજી અંદર આવ્યાં.

મેં માજીને બેસાડ્યાં. પછી પૂછ્યું, 'બોલો માડી! કેમ આવવું થયું?'

'આ પાંચસો રૂપિયા પાછા આપવા આવી છું, સાહેબ!' માજી બોલ્યાં.

'પાછા આપવા? કેમ?' મને નવાઈ લાગી.

'હા સાહેબ! પાછા આપવા આવી છું.' માજીએ કહ્યું.

'પણ કેમ માડી?'

'સાહેબ અમે મોટા દવાખાને ગયા પછી બે કલાકમાં જ દીકરો તો ગુજરી ગ્યો. ત્યાંના દાક્તરે એકેય દવા બજારમાંથી નહોતી મંગાવી. દીકરો તો ઈ પહેલા જ પાછો થયો હતો. તે દિ' તો અમે મૈયત લઈને ઘરે વયાગ્યા'તા. આજ જિયારત પત્યા પછી હું આ પૈસા દેવા આવી છું.'

'પણ માડી, એ રાખવા હતા ને? ઘરમાં કામ આવત. એટલાક રૂપિયા માટે આટલો લાંબો ધક્કો થોડો ખવાય?' મેં કહ્યું.

'ના સાહેબ! એ તો હરામના કે'વાય. તમે તો દીકરાની દવા માટે આપ્યા'તા. દીકરો તો પાછો થયો. એના માટે એક ફદિયું પણ વપરાયું નહોતું. હવે ઈ પૈસા અમારે નોં જ રખાય. તમે ઈ પાછા લઈ લ્યો.' માડીએ મારા ટેબલ પર પૈસા મૂક્યા.

હું નિઃશબ્દ બની ગયો. આજકાલ દરેક બાબતમાં કળિયુગ આવી ગયો છે એવું બોલાય છે. ઘણી વખત અનુભવાય છે. પણ એ ક્ષણે હું જે જોઈ રહ્યો હતો એ થોડીક મિનિટો ચોક્કસપણે કહી શકાય કે કળિયુગની તો નહોતી જ! ધરતી માનવીઓનો ભાર કદાચ એમ જ ઝીલી નહીં લેતી હોય. આવા લોકોના કારણે જ એ શક્ય બનતું હશે. ગામડામાં વસતો સાવ છેવાડાનો માણસ વ્યવહારમાં હજુ આવો અણીશુદ્ધ રહી શક્યો છે ત્યાં સુધી આ દેશની ચડતી જ હોય એવો વિશ્વાસ મને આવી ગયો. મારા દેશના આવા કહેવાતા 'નાના' પરંતુ હકીકતમાં 'વિરાટ' માણસો માટે મારી છાતી એકાદ ગજ ફૂલી ગઈ. આપણા સમાજની ઇમારતનો ઉપરનો માળ ઘણો સડી ગયેલો લાગે છે, પણ એનો પાયો હજુ મજબૂત છે એવી નક્કર હૈયાધારણ મળી ગઈ.

'માડી!' મેં માજીના હાથમાં પાંચસો રૂપિયા પાછા મૂકતા કહ્યું, 'આ પૈસા તમારે રાખવાના છે. તમારી ઈમાનદારીના છે. નહીંતર આજના જમાનામાં આમ કોઈ ગાંઠના પૈસા ખર્ચીને પાછા આપવા આવે ખરું? તમે વાપર્યા કે નહીં એ હું ક્યાં જાણું છું કે ક્યાં પૂછવાનો હતો?'

'પણ ઉપરવાળો તો પૂછશે ને?' માજી બોલ્યાં.


માડીનો જવાબ સાંભળીને હું ફરી એકવાર નિઃશબ્દ બની ગયો. મને થયું કે નીતિ-અનીતિની સાવ સ્પષ્ટ સમજણ જે આ અભણ માણસોમાં છે એ આ ભ્રષ્ટાચાર આચરતા ભણેલા ગણેલા લોકોમાં નહીં હોય? કદાચ હશે તો પણ એ લોકો પોતાના અંદરના અવાજને દબાવી દેતા હશે.

મેં માંડ માંડ એ માજીને સમજાવ્યાં. એ નહોતાં જ માનતાં. જ્યારે મેં કહ્યું કે 'માડી! એ પૈસા પેલો ગુજરી ગયો એ દીકરાના નામના છે, હું એ પાછા ન લઈ શકું. એટલે એની યાદમાં ક્યાંક વાપરજો' ત્યારે છેક એમણે એ સ્વીકાર્યા.

મારી સામે જોઈ, આંસુભરી આંખે અને હળવે પગલે મારી ચેમ્બરમાંથી એ માજી બહાર ગયાં. વખતે એમની વળેલી કમર જોઈને મને થતું હતું કે ખરેખર, આ આખી ધરતીને ટકાવી રાખવાના ભારથી માણસની કમર આટલી તો વળી જ જાય! એ કાંઈ નાનો સૂનો ભાર થોડો છે? ■

DEEP JYOT
DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

*With Best Compliments From*



# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

# J. D. LOGISTICS

**■ H.O. ■**

708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525
E-mail : jdtcompany@gmail.com

**■ Admn. O. ■**

313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950
E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

ધર્મ - ચિંતન

# અવતાર, મંદિર અને મૂર્તિપૂજા

વ્રજકિશોર પી. શાસ્ત્રી

ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે "યદા યદા...ધર્મ સંસ્થાપના...સંભવામિ યુગે યુગે." અર્થાત્ જ્યારે જ્યારે ભારતવર્ષમાં અધર્મ વધી જશે ત્યારે ત્યારે હું ધર્મની પુનઃ સ્થાપના કરવા અવતાર લઈશ અને અધર્મનો નાશ કરીશ. આપણે લોકો ગૌરવ લેતા હોઈએ છીએ કે આ હા હા હા...આપણા દેશમાં કેટ કેટલા અવતારો થઈ ગયા. શાસ્ત્રો મુજબ ઈશ્વરે ૨૧થી ૨૪ અવતારો લીધા છે. એનો એક અર્થ એ કે આપણા દેશમાં જ સૌથી વધારે અધર્મ, અત્યાચાર, પાપાચાર વધ્યો હશે ત્યારે આટલા અવતારો પ્રભુએ લેવા પડ્યા હશે? માટે એ ગૌરવની નહીં પણ શરમની વાત ગણાય. પુરાણશાસ્ત્રો પ્રમાણે રાવણ, કંસ, દુર્યોધન, દુઃશાસન, મહિષાસુર...જેવા અનેક રાક્ષસો જનમ્યા હતા. બીજા દેશોમાં આટલા દુષ્ટોનો ઉલ્લેખ નથી અને અવતારો પણ નથી.

કથાકારો કહે છે કે આજે પણ ઘણા દુષ્ટો જીવે છે. કલિયુગ છે આવું તો થવાનું જ. પણ પ્રશ્ન થાય કે ઈશ્વર અવતાર ક્યારે લેશે? શું તેના માટે પરીસ્થિતિ વધારે બગડવા દેવી? વધુ બગડે તો ઈશ્વર અવતાર લેશે તેની કોઈ ખાતરી ખરી? જોકે વિદ્વાનો ઠેકી ઠેકીને કહે છે કે હા ભગવાન શ્રી કૃષ્ણએ ગીતામાં અવતાર લેવાનું વચન આપ્યું છે. પણ ઔરંગઝેબના રાજમાં સૌથી વધું મંદિરો તૂટ્યાં, લૂંટાયાં, લાખો લોકોની કત્લેઆમ થઈ, લાખોનું ધર્માંતર થયું. આવો અત્યાચાર ભારતવર્ષમાં ક્યારેય થયો નથી. (પ્રાચીન કાળ, રામાયણ કાળ કે મહાભારત કાળમાં પણ નહીં.) તો ત્યારે ઈશ્વરે અવતાર કેમ ના લીધો? તેના જુલ્મો કેમ ના અટકાવ્યા? ગીતામાંના તેના વચનનું શું થયું? અહીં પ્રશ્ન એ થાય છે કે જે પંડિતો છાતી ઠોક ઠોકીને લોકોને ગુમરાહ કરે છે તેનું શું? લોકો તો કેફમાં જ રહે ને કે કોઈ ચિંતા નહીં, ઈશ્વર અવતાર લેશે અને આવીને બધુ સરખું કરી દેશે. માટે આપણે કશું કરવાની જરૂર નથી. આમ કરવાથી પ્રજા નિર્માલ્ય બની ગઈ છે તો એના માટે જવાબદાર કોણ? શું પ્રજાને ગેરમાર્ગે દોરી પતનની ખાણમાં ધકેલવાનો કોઈને અધિકાર છે?

મહમદ ગઝનીએ સોમનાથ મંદિરને ૧૬ વાર લૂંટ્યું. મંદિરનાં ચાંદીના દરવાજા, સોનાની મૂર્તિઓ, તેના હીરા મોતીનાં આભૂષણો, ઝુમ્મર, (માત્ર ઘંટની સોનાની સાંકળનું વજન ૧૬૦ કિલો હતું) વગેરે લૂટ્યાં. સૈનિકોને છૂટો દોર આપ્યો. ત્રણ દિવસ કત્લેઆમ ચાલી. લગભગ ૫૦ હજાર હિંદુઓને મારી નાખ્યા. અહીં સવાલ એ થાય કે સાક્ષાત ઈશ્વર (શંકર) પોતાના ભક્તો અને મંદિરનું રક્ષણ કેમ ના કરી શક્યા? મહમદ ગજનવીનું હૃદય બંધ કેમ ના કરી શક્યા? (આમ તો સામાન્ય માણસને હાર્ટ એટેક આવી જતો હોય છે) આ ઘટનાનો કોઈ બચાવ હોઈ શકે નહીં. છતાં કેટલાક કહે છે કે મહમદ ગજનીનાં પુણ્ય હશે. પુણ્ય હોય એટલે તેનો આવો દુરુપયોગ ઈશ્વર/અલ્લાહ કરાવે ખરા?? તો તો તેમા મર્યા અને લૂંટાયા તે બધા પાપી જ હશે ને?? નહિંતર આવો ક્રૂર ભોગ કેમ બને? તન મન ધનથી શંકરની પૂજા કરવા છતા જો પાપમુક્ત ન થઈ શકાય તો એવા ભગવાનની ભક્તિ કરવાનો અને મંદિરમાં ધનનો ધોધ વહાવાનો કોઈ અર્થ ખરો??

ખાંડ/ગોળ હોય ત્યાં કીડીઓ, માખીઓ આવે જ. દોષ આ જંતુઓનો નથી, દોષ ઢોળનારાઓ છે, વેડફાટ કરાવનારાઓનો છે. આ કાંઈ અપવાદ રૂપ ઘટના નથી, હજારો મંદિરો તૂટ્યા છે. હજારો હુમલાઓ અને અબજોની લૂંટ થઈ છે. આ કાંઈ મારા ઘરની વાત નથી, આ નક્કર/ઠોસ સત્ય છે. ક્યારેક ધર્મગ્રંથોને બદલે ઈતિહાસ વાંચો. ક્યારેય દેવોએ પોતાના અસ્તિત્વનાં પ્રમાણો આપ્યા નથી. છતા આપણને મંદિરો પાછળ આજે પણ પાગલ બનાવવામાં આવી રહ્યા છે. તે સનાતન વૈદીક ધર્મ વિરુદ્ધ હોવા છતાં આપણને મૂર્તિપૂજામાં તન મન ધન ન્યોચ્છાવર કરવાની પ્રેરણા અપાઈ રહી છે. અને છતા આપણા કોઈ વડીલોને કાંઈ પડી નથી. આપણા પ્રશ્નો તો ઉકેલાતા નથી. જો તે સોનુ મંદિરોને બદલે લોકો પાસે હોત તો મંદિરો પર હુમલા/લૂંટ થાત નહીં. લોકો વધુ સુખી અને સમૃદ્ધ હોત...આપણે એક વાહન કે વસ્તુ લઈએ છીએ, તેની અનેક રીતે ચકાસણી કરીએ છીએ. જેમ કે તેની કંપની, ઍવરેજ, ટકાવપણું વગેરે. પણ ધર્મ/ઈશ્વરની બાબતમાં કાંઈ જ ચકાસતા જ નથી. છતા જે માથે રહીને મરવી નાખે છે તે પૂજાય છે. સમાજને નુકસાનકારક વિચારો થોપનાર લોકોને શોધી કાઢો અને તેને અટકાવો, તેનો સામાજિક બહિષ્કાર કરો. નહિતર તેઓ આપણને વધુ પછાત બનાવી, ખતમ કરી નાખશે. સવાલ આપણા અસ્તિત્વનો પણ છે.

ગજનીએ શિવલિંગને તોડી તેના થોડા ટુકડા મસ્જિદના પગથિયા માટે લીધા જેથી સામાન્ય મુસ્લિમના પગ તળે કચડાય. શિવલિંગના બાકીનાં ખંડિત ભાગ પર સૈનિકોને વિષ્ટા કરવાના

આદેશ આપ્યા. આવું હડહડતું અપમાન થયું છતા આપણા વિદ્વાનોને કોઈ જ અક્કલ આવી નથી. પોતાના લોકોને પૂજા વિધિમાં જરાક ભૂલ થઈ જાય તો એવા ડરાવવામાં આવે કે દેવ/માતાજી તમારું ધનોત પનોત કાઢી નાખશે. દુશ્મનો સામે જાગૃત કરવાને બદલે, આપણા સ્વાર્થી ધર્મગુરુઓએ લોકોને ડરાવી ડરાવીને માયકાંગલા કરી નાખ્યા છે અને હજુ પણ ફેઈલ ગયેલી જૂની ઘીસી પીટી શ્રેષ્ઠતાની રેકર્ડ જ વગાડ્યા કરે છે. પણ શીખ ધર્મગુરુઓએ લોકોને બહાદુર બનાવ્યા, તેઓએ દેશ બચાવ્યો.

આજે પણ સોમનાથ, દ્વારકા, અંબાજી, શીરડી સાંઈબાબા, સિદ્ધિવિનાયક, તિરુપતિ બાલાજી...વગેરે મંદિરોમાં કરોડો રૂપિયા અને સોનું ચઢાવવામાં આવે છે તેને કેમ કોઈ રોકતું નથી? જોકે પ્રોત્સાહન અને ઉન્માદ ચઢાવવામાં આવતો હોય તો જ આવા અઢળક ધાર્મિક દાન થાય, નહિતર કોઈ ગાંડાની જેમ પથ્થર પર સોના રૂપિયાનાં ઢગલા કરે નહીં. મજૂરોની મજૂરીમાં હંમેશાં કસ કાઢતા રહેતા લોકો જ્યારે મબલખ ધર્માદો કરે છે ત્યારે તેઓ ઈશ્વરને મૂર્ખ બનાવે છે. પણ જે લોકો આપણું જ ખાઈને આપણને ખત્મ કરી રહ્યા છે તેનું શું? તેઓ ક્યારે જાગશે? સવાલ એ છે કે જેઓ લોકોનું ધન આવી રીતે ઉડાવી દેવાની પ્રેરણા આપતા હોય તેને પૂજ્ય ગણવા કે દુશ્મન??? અજ્ઞાની હો તો હવે તો જાગો.

મૂર્તિ એ પ્રતીક છે, ઈશ્વર નથી. સનાતન હિંદુ વૈદિક ધર્મમાં માન્ય નથી. મૂર્તિપૂજાના અનેક દૂષણો છે : (૧) વિધર્મીઓને આપેલા આકર્ષણથી વેરેલો વિનાશ. (૨) અર્થહીન કર્મકાંડમાં કિંમતી દ્રવ્યનો નાશ (૩) પૂજાવિધિમાં હજારો માનવ કલાકોનો વ્યય (૪) સોના ચાંદી હીરાના દાગીના માટે, લોકોનું આર્થિક શોષણ (૫) દર્શન કરવા થતી ભીડમાં દર વર્ષે થતા સેંકડો લોકોનાં મૃત્યું (૬) મૂર્તિપૂજામાં થતા દૂધ દહીંના અભિષેકથી થતી ગંદકી...અને વ્યક્તિપૂજા તો ઈશ્વર સામેનો મહાભયંકર અપરાધ છે, પાપ છે.

એક સાચા સંતે કહ્યું છે કે દાન કરતાં પહેલા (૧) ઘર કુંટુબની જરૂરિયાત અને જવાબદારી નિભાવો. (૨) ગરીબ બહેન દિકરીઓને ચીજ વસ્તુઓ લઈ આપો. (૩) સમાજ અને પાડોશીઓને મદદ કરો. (૪) દેશનુ રક્ષણ કરતા સૈનિકોના પરિવારને સહાય કરો. (૫) પછી ધન વધે તો ધર્માદો કરો. બીજા એક સંતે કહ્યું કે ગરીબ સામાન્ય લોકોએ દાન કરવાની જરૂર જ નથી, તેઓ માત્ર સંખ્યા વધારી આપે એટલે ઘણું છે. (કાળાં નાણાંવાળા પ્રચુર દાન કરતા હોય છે)

દાનની જ વાત કરીએ તો, અમેરિકાનાં સૌથી ધનવાન બિલ ગેટ્સ અને વોરન બફેટે ૯૦% સંપત્તિનું દાન કર્યું છે. તેની 'ગીવીંગ પ્લેઝર' યોજનામાં બીજા ૪૦ ઉદ્યોગપતિઓ જોડાયા છે જેમણે ૫૦%થી વધુ સંપત્તિનું દાન કર્યું છે. તેમાં ભારતનાં ત્રણ ધન કુબેરો પણ જોડાયા છે. આ દાન જરાય ધાર્મિક નથી, પરંતુ સમગ્ર દુનિયા માટેનું માનવતાવાદી છે. જ્યારે ભારતમાં ૯૦% થી ૯૫% દાન ધાર્મિક હોય છે, છતા ઈશ્વરની કૃપા થઈને ગરીબી હટી નથી. હા, પાખંડી બાબા ગુરુઓની અમીરી વધી છે. જો કે ગરીબી નાબૂદ કરવા દાન ગરીબોને થવું જોઈએ પણ થતું નથી. અમેરિકા સૌથી સમૃદ્ધ છે છતા દાન સામાજિક/માનવતાવાદી છે. ધાર્મિકતાથી નૈતિકતા કે પ્રામાણિકતા વધતી નથી. ધાર્મિક દાન ઈશ્વરને તો કદી મળતું જ નથી. જે ઈશ્વરના નામે મોજ ઉડાવે છે તેઓ જ લોકોને ધર્માદા માટે પ્રોત્સાહિત કરે છે. વર્ષે કરોડોનું દાન મેળવનાર મંદિરોએ ગરીબોને મદદ કર્યાનું તમે ક્યાંય સાંભળ્યું છે? દાનનો પ્રવાહ પોતાની તરફે વળી રહે તે માટે પરલોકની અને પુણ્યની લાલચ આપે છે. લોકો દયાવશ પણ ગરીબોને મદદ ના કરે માટે, પછાત લોકો તરફ નફરત અને તિરસ્કાર કરાવે રાખે છે, એટલે આઝાદીને ૭૦ વર્ષ થયા, બે પેઢીઓ વહી ગઈ, છતા હજુ ગરીબી, જ્ઞાતિવાદ, અસ્પૃશ્યતા, નફરત ગયા નથી એ હકીકત છે.

આપણા જેટલો આંધળો દેશ કોઈ ના હોઈ શકે, કેમ કે લાખો ગરીબ લોકો કંગાળ હાલતમાં ભૂખે મરે તે કોઈને દેખાતું નથી અને કરોડોનાં મંદિરો થઈ રહ્યા છે. વળી તેની વાહ વાહ થાય છે. મંદિરોમાં ચોરીઓ થાય છે. યાત્રાઓની બસના એક્સિડન્ટ વધું થાય છે છતા લોકો મૂર્તિપૂજામાં વ્યસ્ત છે. એટલુંય નથી સમજતા કે જ દેવ, મંદિરોમાં ઉત્સવો દરમ્યાન ભાગદોડમાં પોતાના શરણે આવતા પોતાના ભક્તોને બચાવી શકતા નથી તે આપણા ધંધા રોજગારને કેવી રીતે વધારી શકે? ફળ, શાક, ચંદ્ર, વાદળામાં ભળતો આકાર દેખાય તો ભગવાનનો ચમત્કાર ગણી ગાંડાની જેમ આપણે દોડાદોડી કરીએ છીએ તેવું વિશ્વમાં કોઈ કરતું નથી. ઈશ્વર સર્જિત દરેક કુદરતી હોનારતમાં, મદદની અપેક્ષા સરકાર પાસેથી રાખીએ છીએ. પણ ટેક્ષ બચાવી બચાવીને ભરીએ છીએ. જ્યારે ધર્મમાં તો હોશો હોશો દાન કરીએ છીએ છતા આપણે ઈશ્વર કે ધાર્મિક સંસ્થાઓ પાસેથી મદદની કશી અપેક્ષા રાખતા નથી. ધર્મ દ્વારા આપણું કેવું વરવું માનસિક ઘડતર થયું છે?

દેશમાં આજે એક વર્ગ અયોધ્યામાં રામમંદિર બાંધવા ઉત્સુક

**Corporate Office :**
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવાણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

**HD FIRE PROTECT PVT. LTD.**
Protecting What Matters Most to You

છે. શું રામ મંદિર બંધાઈ જશે એટલે દેશના બધા પ્રશ્નો ઉકેલાઈ જશે? કોઈ એક પ્રશ્ન પણ ઉકેલાશે? ભગવાન રામ પોતાનું ઘર (મંદિર) સાચવી ના શક્યા તો તેઓ આપણું રક્ષણ કેમ કરી શકશે? હિંદુ પ્રજામાંથી અસ્પૃશ્યતા, અંધશ્રદ્ધા, જ્ઞાતિવાદ, જાતિવાદ અર્થહીન કર્મકાંડ જેવા અનિષ્ટો દૂર કરી એકતાના પ્રયત્નો કરવામાં આવે તો જ કાંઈક પરિણામ મળે. આવી પોઝિટિવ પ્રેરણા કોણ આપશે? ક્યારે આપશે? કોઈ આપણને દારૂ, જુગાર વ્યસનના રવાડે ચડાવી, બરબાદ કરી નાખે, તો તેને દુશ્મન ગણીએ છીએ પણ અધર્મના રવાડે ચડાવી, બરબાદ કરી નાખે તેની શું પૂજા આરતી કરવાની હોય? પૂરી ૧૦૦% મૂર્ખતા. માનો કે રામ મંદિર બંધાઈ ગયું, લોકો દર્શન કરવા જશે ને હિંદુઓનાં જ પૈસાનું પાણી થશે, આયાતી પેટ્રોલના ધુમાડા થશે એ અલગ. દેશમાં મંદિરો ક્યાં ઓછા છે, હજારો છે. તેને જાળવી રાખીએ તોય ઘણું છે. પણ માનો કે કોઈ ત્રાસવાદીએ બોમ્બથી રામમંદિર ઉડાવી દીધું તો તમે શું કરશો? તમારી તો મહેનત અને પૈસા ગયાને પાણીમાં. બાબરના વખતમાં રામ કાંઈ ન કરી શક્યા તો આજે શું મંદિર બચાવી શકશે? પાકિસ્તાની ત્રાસવાદી સંગઠનો અને ISIS નો ઉદય જોતા આ ખતરો અશક્ય નથી. અયોધ્યામાં રામ મંદિર બાંધવાથી શું ઈશ્વર પ્રસન્ન થઈ જશે? શું હિંદુઓનો ઉદ્ધાર થઈ જશે? એકતા આવી જશે? પણ ના, વિરોધીઓમાં ઝનુન જરૂર પેદા કરશે. રાષ્ટ્રીય સદભાવનાને નુકસાન કરશે. બાબરી ધ્વંસ વખતે આપણે આ બધું અનુભવ્યું હતું, છતા ભાવુક/મૂર્ખ આગેવાનો આ સમજી શકતા નથી. છતાય જો મંદિર બનાવવું જ હોય તો પહેલા સંગઠિત થઈ પ્રચંડ શક્તિશાળી બનો.

દેશમાં લાખો મંદિરોમાં અબજો ખર્વો રૂપિયા ડેડ કેપિટલ છે અને મૂડીરોકાણ માટે વિદેશીને કરગરીએ છીએ. જો તે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં વપરાયા હોત તો રોજગાર મળત અને બીજા પ્રશ્નો ઉકેલાયા હોત. મંદિરોથી કયો પ્રશ્ન ઉકેલાયો? કરોડોના મંદિરોમાં હજારો માનવ કલાકો અને મેઈન્ટેનન્સમાં લાખો રૂપિયા બરબાદ થતા રહે છે. યુરોપ, અમેરિકામાં ખ્રિસ્તી લોકો હવે નવા ચર્ચો બાંધતા નથી. નકામા જર્જરીત પાડી નાખે છે યા વેંચી નાખે છે. તેઓ તેને જરૂરી ગણતા જ નથી. આપણે તેને જીવન મરણનો પ્રાણ પ્રશ્ન બનાવીએ છીએ. તેઓ તેનું રક્ષણ કરવા સક્ષમ હોવા છતા એવા ફાલતું કામમાં સમય શક્તિ વેડફતા નથી. તેમ છતા તેઓ સૌથી વધારે સુખી, સમૃદ્ધ, શક્તિશાળી અને પ્રામાણિક પણ છે.

વિશ્વ આપણને હંમેશાં હારતી રહેતી (ઇતિહાસના સંદર્ભે) અને વૈચારીક રીતે પછાત પ્રજા તરીકે ઓળખે છે. એકવાર ભૂલ કરે તેને મનુષ્ય કહેવાય. બીજી વાર ભૂલ કરે તેને મૂર્ખ કહેવાય. પણ એકની એક ભૂલ અનેક વાર કરે, તે પણ ભયંકર નુકસાન કરવા છતા, તેને તો મહામૂર્ખ વિશેષણ પણ ઓછું પડે. તેમ છતા કેટલાક તેનો અર્થ 'હમ મહાન હૈ' એવો ધરાર કરાવે છે. આવું કહેનારા અજ્ઞાનીઓ છે કે મૂર્ખ બનાવનારા? રોગ સુપીરિયાલિટી કોમ્પ્લેક્ષમાંથી ક્યારે બહાર આવીશુ? સ્વાર્થી ધર્મગુરુઓ અધર્મનું ઝેર પીવડાવી, બધાને ઉકસાવી રાખે તો જ આવું થાય. જો કે પ્રજા અતિ ભોળી અને મૂર્ખ છે, વાળીએ તેમ વળે છે. કેટલાક મીડિયા પણ અધર્મોને માથે ચઢાવે છે. ખોટા ધ ધુ પ પુ ના આખા પાના ભરી દેશે પણ લોક ઉપયોગી સાચા લેખો ઓછા છાપે છે. શું તેઓ ઇતિહાસ નથી જાણતા? શું તેઓ વાસ્તવિકતા નથી જાણતા? શું તેઓ ગરીબ છે? તેઓને ખાવાનું ઘટે છે? શા માટે માનસિક પછાત ગણાવે છે? ક્યાં સુધી લોકોને અંધારામાં રાખશો? લોકોને ગેરમાર્ગે દોરવા ગુનો છે. તેઓ એટલું પણ જાણતા નથી કે તેનાથી દેશ/પ્રજાને કેટલું ભયંકર નુકસાન કરી રહ્યા છે... શાંતિ કાળમાં પોતાના પરચા, શક્તિપાત, બ્રહ્મ સ્વરૂપ, ઇશ્વરનો અંશ, ભગવાન ગણાવનારા આપણા ધર્મગુરુઓ, યુદ્ધ, આતંકી હુમલા, બોમ્બ બ્લાસ્ટ, કુદરતી પ્રલય વખતે કેમ ચૂપ થઈ સંતાઇ જાય છે? દેશ અને પ્રજા આપત્તિમાં હોય ત્યારે પોતાના ચમત્કારો કેમ બતાવતા નથી? લોકોય કેમ પૂછતા નથી?...અમારી કોઈ હેસિયત નથી છતા નિઃસ્વાર્થ ભાવે લોકોને જાગૃત કરવાનો અલ્પ પ્રયત્ન કરીએ છીએ. આ અમારો એક મરણિયો પ્રયાસ છે. લોકોએ ખુલ્લા મનથી વિચારવાનું છે. જો તેમણે પોતાનું શોષણ અટકાવવું હોય, અસ્તિત્વ ટકાવવું હોય, પ્રગતિ કરવી હોય અને સુખી થવું હોય તો (આ લેખ ફરી વાંચજો, વધુ સમજાશે. યોગ્ય લાગે તો બીજાને વંચાવો, ઉમળકો આવે તો બે પાંચ હજાર છપાવો)

**વિશેષ વિક્ષેપ (૧) :** ગુજરાતી કહેવત છે કે 'મોતને દોડીએ ત્યારે તાવ આવે' પણ અહીં આટલું ૧૦૦% નક્કર સત્ય (વાસ્તવિકતા) રજૂ કરવા છતાં જો મામૂલી સુધાર પણ ના થાય તો સમજજો કે આપણા જેવા મૂર્ખ શિરોમણિ કોઈ નથી.

**વિશેષ વિક્ષેપ (૨) :** સ્વામી વિવેકાનંદ : જે ઈશ્વર કે ધર્મ, વિધવાનાં અશ્રુઓ લૂછી ના શકે, કે અનાથ (ગરીબ) ના મુખમાં રોટલાનું બટકું ના આપી શકે એવા ઈશ્વર કે ધર્મમાં હું માનતો નથી. (રાજકોટમાં રામકૃષ્ણ પરમહંસ આશ્રમ બહાર

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૨૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

E-mail : kaykay_industries@yahoo.com

લખેલ પ્રેરકસૂત્ર-૨૦૧૬)

*- શ્રી વ્રજકિશોર પદ્મસંભવ શાસ્ત્રી*

## ● પૌરાણિક હિંદુ ધર્મની માન્યતાઓ ●

(૧) ઈશ્વર સાકાર છે અને મૂર્તિ પૂજા કરવાથી જ પ્રસન્ન થાય છે.

(૨) ઈશ્વર અવતાર લે છે અને રામ, કૃષ્ણ વગેરે ઈશ્વરનાં અવતારો છે.

(૩) વેદ, પુરાણો ઘણા છે અને પ્રમાણિત છે જે સ્ત્રી, ક્ષુદ્રોએ ભણવા નહિ.

(૪) પુનર્જન્મ એ કર્મ ઉપરાંત દાન, પુણ્ય પર આધારિત છે. (હિન્દુસ્તાન)

(૫) કાશી, હરિદ્વાર વગેરે તીર્થ છે અને ગંગા, યમુના નદીઓ પવિત્ર છે.

(૬) સ્વર્ગ-નર્ક છે અને ભૂત પ્રેતનું પણ અસ્તિત્વ છે.

(૭) વર્ણવ્યવસ્થા જન્મ આધારિત છે. બ્રાહ્મણ પૂજ્ય છે, શૂદ્ર અછૂત છે.

(૮) પિતૃ તર્પણ જરૂરી છે અને ગણેશ પૂજા અર્ચન જરૂરી છે.

(૯) મૃત્યુ બાદ બ્રાહ્મણોને દાન આપવાથી પિતૃઓ તૃપ્ત થાય છે.

(૧૦)જીવ અને બ્રહ્મ એક છે. બ્રહ્મ જ માયાવશ જીવ બની જાય છે.

## ● સનાતન વૈદિક ધર્મની માન્યતાઓ ●

(૧) ઈશ્વર નિરાકાર છે અને કોઈ પણ પ્રકારની મૂર્તિ પૂજાનો નિષેધ છે.

(૨) ઈશ્વર કદી અવતાર લેતો નથી અને રામ, કૃષ્ણ વગેરે મહાપુરુષો છે.

(૩) વેદ ચાર છે, જે ઈશ્વર પ્રમાણિત છે અને મનુષ્ય માત્ર ભણી શકે છે.

(૪) પુનર્જન્મ માત્રને માત્ર કર્મ આધારિત છે. (આર્યવર્ત, ભારત)

(૫) સત્ય જ્ઞાન, વિદ્યા-સત્સંગ, વિદ્વાનોનો સંગ વગેરેને તીર્થ માને છે.

(૬) સુખ એ જ સ્વર્ગ, દુઃખ એજ નર્ક છે. ભૂત પ્રેતનું અસ્તિત્વ નથી.

(૭) વર્ણાશ્રમ વ્યવસ્થા કર્મ આધારિત છે. માતા-પિતા તથા વિદ્વાનો પૂજ્ય.

(૮) જીવિત માતા-પિતા તથા વિદ્વાનોને તૃપ્ત કરવા એ સાચું તર્પણ છે.

(૯) દાન આપવાથી પિતૃઓ તૃપ્ત થતા નથી, માત્ર સ્વ કર્મો જ સાથે આવે છે.

(૧૦)બ્રહ્માંડમાં ઈશ્વર, જીવ અને પ્રકૃતિ ત્રણ અલગ મુખ્ય તત્ત્વો છે.

જ્યારથી આપણો સાચો મૂળ સનાતન આર્ય ધર્મ ભૂલાયો છે ત્યારથી ભારતે ૧૨૦૦ વર્ષ ગુલામી વેઠી, અડધી ભૂમિ ગુમાવી અને આજે માનવ સુચકાંકમાં વિશ્વમાં ૧૨૦મા સ્થાને. દેશની પડતીનાં દસ કારણો : (૧) નિરાકાર ઈશ્વરનો નિષેધ અને મૂર્તિ પૂજાનો અતિરેક. (૨) અસંખ્ય જ્ઞાતિ - સંપ્રદાયોમાં પ્રતિસ્પર્ધા કરતો, વિભાજીત ભારતીય સમાજ. (૩) એકતાનો સદંતર અભાવ અને આંતરીક કલહ. (૪) ધાર્મિકતાનો અતિરેક અને વિજ્ઞાન તેમજ વાસ્તવવાદનો વિરોધ. (૫) આ લોકની ઉપેક્ષા અને પરલોકની પીંજણ. શંકરાચાર્યનો સંસાર મિથ્યાવાદ. (૬) માનવતામાં મદદ નહીં ને, અર્થહીન કર્મકાંડની ભરમાર. (૭) અતાર્કિક અવતારવાદ. (૮) જૈન અને હિંદુ ધર્મનો સંકુચિત અહિંસાવાદ. (૯) પાખંડી ફલ જ્યોતિષ. (૧૦) સાધુ, બાવા, ગુરુઓની નકામી ફોજ. ■

## અરે! ઘડપણ...

*તું ઘડીક માટે પાછું ચાલ્યું કાં ન જાય અરે ઘડપણ?*
*મારે ફરી એકવાર જીવી લેવું છે, એ ભોળું બાળપણ...*

*રહી ગયેલી ઘણી વાતો પૂરી કરવાને કાજે,*
*મોબાઈલના ઘેરાવામાંથી બહાર નીકળી આજ,*
*ફરી ઢીંગલા-ઢીંગલીને ઘર-ઘરની રમતમાં ખોવાઈ જવા કાજ...રે ઘડપણ.*

*માતાના પ્રેમાળ પાલવમાં મીઠી નીંદર લેવા કાજ,*
*પિતાના મજબૂત ખભા પર ચઢી મેળામાં ફરવા કાજ,*
*ભાઈ-બેનીના એ મીઠા ઝઘડા ફરી માણવા કાજ...રે ઘડપણ.*

*ઘોંઘાટના આ યુગમાં થોડી શાંતિ મેળવવા કાજ,*
*પ્રદૂષણની આ કાળી છાયાથી દૂર જવા કાજ,*
*એક સ્વચ્છ શ્વાસ લેવાના અભરખાને પૂરો કરવા કાજ...રે ઘડપણ.*

*જીવન પુસ્તકનાં પાનાં ઉથલાવવાને કાજ,*
*કરેલાં કર્મોનો જમા-ઉધારનો હિસાબ કરવાને કાજ,*
*મળેલા અમૂલ્ય માનવદેહને સાર્થક કરવાને કાજ...રે ઘડપણ.*

*તું ઘડીક માટે પાછું ચાલ્યું કાં ન જાય અરે ઘડપણ,*
*મારે ફરી એકવાર જીવી લેવું છે એ ભોળું બાળપણ.*

***– પ્રતિમા વિપ્રદાસ***

With Best Compliments From
**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**
**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

ધર્મ ચર્ચા

# પ્રતિક્રમણ : વગડાનું ફૂલ કે બગીચાનું 'ડિઝાઇનર ફૂલ?'

ડૉ. સર્વેશ પ્ર. વોરા

મા-બાપે સખત મહેનત કરી, ભણાવી ગણાવીને દીકરાને અમેરિકા મોકલ્યો. લગ્ન કરાવ્યા. દીકરો ખૂબ જ 'બિઝી' થઈ ગયો. માતા માંદી પડી. છેલ્લા શ્વાસ ચાલે. વૃદ્ધ બાપે દીકરાને સંદેશ મોકલ્યો : 'તારી માવડી ખૂબ બીમાર છે, મળવા આવ.' 'બિઝી' દીકરો મળવા આવ્યો નહીં. 'ગેટ વેલ સુન' કાર્ડ મોકલી દીધું. સમય પસાર થતો ગયો. માતાએ ચીરવિદાય લીધી. વૃદ્ધ પિતા સતત બીમાર રહેતા હતા. અમેરિકાની જીવનશૈલી અને હૂંફનો ખાલીપો કોઈ હિસાબે માફક ન આવે. છેવટે એમણે પણ દેહ છોડ્યો. પડોશીઓએ મેસેજ કર્યો, 'જલ્દી આવો, પિતાજીની અંતિમ ક્રિયા તો અમે પતાવી દીધી છે. હવે જૂનાં ઘરની કાયદેસર પતાવટમાં સહી સિક્કા માટે આવો. તમારી રૂબરૂ જરૂરિયાત છે.' ખૂબ 'બિઝી' રહેતા સુપુત્ર મારતે વિમાને ભારત આવ્યા. અમેરિકામાં એમનાં પત્ની સુવાવડ માટે હોસ્પિટલમાં હતા. ભારતનાં ઍરપોર્ટ પર પગ મૂકતાં મેસેજ મળ્યો : 'કોન્ગ્રેચ્યુલેશન્સ, યુ હેવ બીકમ ફાધર...'

માત્ર આ શબ્દો 'પિતા બનવા માટે અભિનંદન' અને 'બિઝી' યુવાનની આંખો ખૂલી ગઈ. આંખોમાંથી અશ્રુધારા વહી નીકળી. વૃદ્ધ માતા-પિતા સામે નજર સામે તરવરી ઉઠ્યાં... એક ક્ષણ અને પોતે 'પિતા' બનવાની સભાનતા સાથે પોતે વૃદ્ધ માતાપિતા પ્રત્યે બતાવેલ જડતા, સંવેદનવિહીનતા આંસુરૂપે વહી નીકળી.

આ 'પ્રતિક્રમણ'ની ક્ષણ હતી.

કોઈ જ 'બ્રાન્ડ' વિનાનું પ્રતિક્રમણ...

ના જૈનનું... ના વૈષ્ણવનું... ના ખ્રિસ્તીનું... ના સ્થાનકવાસીનું... ના દેરાવાસીનું...

આપણે નાશવંત અને ક્ષણિકથી છુટવાનાં પ્રતિક્રમણની વાત પછી કરશું. 'હું અવિનાશી, શુદ્ધ સ્વરૂપી આત્મા છું' એ કક્ષાના પ્રતિક્રમણની વાત, પ્રતિક્રમણનાં શાસ્ત્રીય વિધિ વિધાનની વાત પછી કરશું, પણ 'હું' પશુ નથી, માણસ છું, હું કોઈ 'બ્રાન્ડ' ધારી, આ 'પારકાં' આ 'પોતાના'ની લોખંડી ભ્રમણા ધરાવતો સાંપ્રદાયિક નથી, પણ હું ઉચ્ચ સંવેદના, અન્યની સંવેદના સમજવાની ક્ષમતા ધરાવતો 'માણસ' છું, એટલું વારંવાર જાતને યાદ આવે એ પ્રતિક્રમણની વાત કરીએ.

આપણી ક્ષણિકતા કે નાશવંતતાની વાતો, અપરિગ્રહની વાતો પણ 'પહેરવાની' બની ગઈ છે. 'આર્મચેર ફિલસૂફી' (આરામ ખુરશી પર બેસીને, પેટ ભરીને કરવાની વાતો!)

'પ્રતિક્રમણ'ની સંકલ્પના અદ્‌ભુત છે.

પરમ જ્ઞાનની કોટિએ પહોંચેલા મૂઠી ઊંચેરા મહાપુરુષોએ, વ્યક્તિત્વને માનવ બનાવવા, દેવત્વ પામવા, મુક્ત બનવા માટે 'પ્રતિક્રમણ'ની અનુભૂતિ આપણી સમક્ષ ધરી.

*'સ્વસ્થાનાત્ યઃ પરસ્થાનં, પ્રમાદસ્ય વશાત્ ગતમ્*
*તદૈવ ક્રમણં ભૂયઃ પ્રતિક્રમણં ઉચ્યતે.'*

પોતાની બુનિયાદી કક્ષા ભૂલીને ભટકી ગયેલો જીવ ફરી પાછો જાતનાં શુષ્ક, બુનિયાદી, પાવન સ્વરૂપ તરફ પાછો ફરે, એ 'પ્રતિક્રમણ.'

પોતે જ્યાં છે ત્યાંથી ઉચ્ચત્તર દશા કે કક્ષાએ જવાની શક્યતા, એની જાગૃતિનો તણખો અંદરથી જાગે એ જ પ્રતિક્રમણનો પ્રાણ છે. આપણે મુક્તિ અને શુદ્ધ આત્મસ્વરૂપની વાત પછી કરશું, પણ અન્યનાં દુઃખ પ્રત્યે સમસંવેદન, 'પરકાયા પ્રવેશ'ની સંવેદનક્ષમતા એ એક શુદ્ધ માણસ હોવાની નિશાની છે. માણસને જ શુદ્ધ આત્મતત્ત્વની જાગૃતિ થાય, પશુને નહીં. આપણામાં પશુતા ઠાંસોઠાંસ ભરી હશે તો 'પ્રતિક્રમણ'ની શાસ્ત્રીય ફોર્મ્યુલા, કે વિધિવિધાન કામ નહીં આવે.

*આચાર્ય ઉમાસ્વાતિ કહે છે :*

*'સમ્યગ્ દર્શન જ્ઞાનચારિત્રયાણિ મોક્ષમાર્ગઃ*
*તન્નિસર્ગાત્ અધિગમાત્ વા.'*

(સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર્ય મોક્ષમાર્ગ છે. એની ક્ષણ નૈસર્ગિક અથવા કોઇ નિમિત્તે આવે છે.)

ટી.બી.ના જંતુ આપણા મોટાભાગના લોકોનાં શરીરમાં રહેલાં હોય છે. પણ કુદરતે એ જંતુઓનો સામનો કરનારી જીવનશક્તિ (વાઇટાલિટી) પણ દરેકને આપી છે. રોગીષ્ઠ જંતુઓ અને એની સામે લડીને પરાજિત કરનારી જીવન શક્તિ વચ્ચેનું યુદ્ધ આપણાં દરેકનાં શરીરમાં ચાલી રહેલું હોય છે.

બસ, બરાબર આવું જ આપણા માનસ-શરીર, આપણાં સૂક્ષ્મ શરીરમાં ચાલતું હોય છે. એક બાજુ બંધાવાનું ખેંચાણ, બીજી બાજુ છૂટવાની ઝંખના. આ યુદ્ધમાંથી કોઈ જ બાકાત નથી. આ લખનાર અને ઉચ્ચ દાર્શનિક પ્રવચનો આપનારથી

માંડીને ખરેખર સાધક દશામાં આગળ વધેલા જણ પણ ખરા!

પણ છૂટવાનો, ઉચ્ચત્તર દશામાં ગતિ કરવાનો, કોઈક ક્ષણે સહજ રીતે થયેલો સંકલ્પ કદી જ એળે જતો નથી, નાશ પામતો નથી. વિમાનનાં બ્લેક બોક્ષ જેમ, દેહ છૂટ્યા પછી પણ, એ સંકલ્પ સાથે આવે છે. અને ગીતાજી પણ આ જ વાત કહે છે. ભગવાન મહાવીરના પૂર્વજન્મો આ બાબતની સાક્ષી પૂરે છે :

*કઈ બાર ડૂબે, કઈ બાર ઉબરે,*
*કઈ બાર સાહિલ સે ટકરા ભી આયે.*
*તલાશે તલબ મેં વો લિજ્જત મિલી હૈ,*
*દુવા કર રહા હૂં કી મંજિલ ન આયે!*

ઈલાયચીકુમારનું ઉદાહરણ કોને ખબર નહીં હોય? પણ મહત્ત્વની વાત એ છે તે દરેકની ઉન્નતિ ઈલાયચીકુમાર માફક થતી નથી. ઈલાયચીકુમારના કોઈક જન્મના સંકલ્પની જીવન શક્તિએ કમાલ કરી! આપણી દરેકની અંદર આ આકર્ષણ અને એનાથી મુક્ત થવાની જાગૃતિનું યુદ્ધ ચાલતું જ હોય છે અને છેવટે યુદ્ધમાં, મુક્તિનાં પ્રબળ સંકલ્પની જીત થાય છે.

જે સહજ, ખૂબ જ સહજ ક્ષણ, વર્તમાનમાંથી ઉપર ઉઠવાની એ જ ક્ષણ એટલે પ્રતિક્રમણનો પ્રારંભ, પ્રતિક્રમણનો પ્રાણ.

આ આંતરિક સંઘર્ષ અત્યંત રોચક છે. કોઈ સાધક, કોઈ ચુલબુલી, મીઠડી યુવતીથી આકર્ષાય, પણ જો મુક્ત રહેવાનો એનો સંકલ્પ દૃઢ હોય તો કદાચ એજ ખેંચાણ એને મુક્તિ તરફ લઈ જાય. એક સંતનું ઉદાહરણ બહુ જાણીતું છે. એમની પ્રિયતમા પાછળ પાગલ થઈને સાપને દોરડું સમજીને સાપને પકડીને ઉપર ગયા, પણ પછી પેલી સુંદર યુવતીના શબ્દોએ એમના પ્રતિક્રમણના દ્વાર ખોલી નાખ્યા.

*તો પ્રતિક્રમણ વગડામાં ઊગતું ફૂલ છે*
*હા, તમે એ ફૂલને ઘરે લાવીને ઉછેરી શકો.*

બસ બરાબર એ જ સ્થાન સાધનામાં અભ્યાસનું છે, ફોર્મ્યુલાનું છે, વિધિ વિધાનનું છે. આપણને આંતરિક પ્રગતિમાં 'બ્રાન્ડ' કે 'ફોર્મ્યુલાકરણે' જબરદસ્ત નુકસાન કર્યું છે. આપણી વફાદારી નુસખા, બ્રાન્ડ કે ફોર્મ્યુલા તરફ કેન્દ્રિત થઈ ગઈ છે. એક વાર મનમાં દૃઢ સંકલ્પ પેદા થાય, જાતના નિરીક્ષણનો, ક્ષણે ક્ષણે બનતી ઘટનાઓ અને જાતમાં ચાલતા દ્વંદ્વમાંથી છૂટવાનો સંકલ્પ, તો એ સંકલ્પ જ બીજ બની જાય છે. હા, પછી નિયમિત અભ્યાસ એ બીજને પુષ્પમાં પરિવર્તિત કરે છે. એટલે પ્રતિક્રમણના વિધિમાં આપણો સહજ સંકલ્પ (આપણે અમુક સંપ્રદાયના છીએ એટલે દૈનિક ફરજ એમ નહીં) એકડો છે અને અભ્યાસ એ ઉપર ચઢતાં મીંડાં છે.

જે ક્ષણે ગણતરીઓ ઊંધી પડે, જે ક્ષણે જાતને જાતના પ્રતિભાવોને અલગ કરીને જોવાની ક્ષણ સાંપડે, જે ક્ષણે દુન્યવી સુખ કે સફળતા વચ્ચે પણ 'આ પણ જશે' એવી તીવ્ર પ્રતીતિ મહેસુસ થાય, જે ક્ષણે કોઈની નિષ્ફળતા કે નબળાઈ પ્રત્યે નફરતને બદલે અનુકંપા જાગે એ ક્ષણ આપણાં પ્રતિક્રમણના પ્રારંભની ક્ષણ છે. આપણે ઈચ્છીએ, આપણું વળગણ હોય એ ન મળે, ત્યારે રોદણા રોવાને બદલે એકાંતમાં જાતને અલગ કરીને તપાસવાનો અવસર એટલે પ્રતિક્રમણ.

આપણે પ્રતિક્રમણને કાયોત્સર્ગ અને લોગસ્સ સાથે જોડીએ છીએ. એકવાર મુક્ત થવાનો સંકલ્પ દૃઢ બને એટલે આપણે વૃત્તિઓથી સંબંધિત વળગણો અને આપણાં મૂળભૂત મુક્ત સ્વરૂપ વચ્ચેના તફાવત બાબત સભાન બનીએ. આપણા આદર્શ બદલાઈ જાય. લોગસ્સ એટલે સર્વતંત્ર સ્વતંત્ર તીર્થંકરપદની સતત ઝંખના. આપણે 'પ્રતિક્રમણ'ને 'આવશ્યક' માન્યું છે. સીધું સાદું કારણ એટલું જ કે આ આંતરિક શુદ્ધિનું અનિવાર્ય સાધન છે.

એક મિત્રે પ્રશ્ન કર્યો : શુદ્ધિની વ્યાખ્યા શી? દરેક બાબતને વ્યાખ્યામાં બોધવાનો મહારોગ ઘણાં છીછરા લોકોને પીડતો હોય છે. હકીકતમાં શુદ્ધિની આખી ઘટના પૂર્ણપણે વ્યક્તિગત અનુભૂતિની જ ઘટના છે. તમે શુદ્ધ થાવ એટલે તમારા પ્રત્યાઘાત તપાસવાના... સુખ પ્રત્યે... દુઃખ પ્રત્યે... દુન્યવી કોઈપણ લાલચ પ્રત્યે... સૌંદર્ય પ્રત્યે... પ્રાપ્તિ થાય ત્યારે... વિરહ થાય ત્યારે... ઈર્ષ્યા પેદા થાય ત્યારે... ઈર્ષ્યાનો ભોગ બને ત્યારે... બસ... અહીં જ 'પ્રતિક્રમણ' એક 'ક્વોલિટી કન્ટ્રોલ ટેસ્ટ' (જાત-તપાસ)નું સાધન બને. આપણને આ અનુભવો કેટલા બાંધે છે તે તપાસવાનું... આ જ પહેલાં આવી ઘટના આપણને કેટલા બાંધતી હતી એ જોવાનું... આ જાત દ્વારા જાતની તુલના છે : એ અન્યને તપાસવાનું દૂરબીન નથી.

આપણે હળવા બનીએ, આપણી જાતને પહેલાં કરતાં મુક્ત થતી નિરખીએ એ આપણી પ્રતિક્રમણ - સફળતાનું પ્રમાણપત્ર છે.

અને જેના પ્રત્યાઘાતો હળવા બને એનું આખું વ્યક્તિત્વ બદલાવા લાગે, ભાવો શુદ્ધ બનવા લાગે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો પ્રત્યે આપોઆપ સમભાવ પ્રગટે.

હા, સામાયિક અને પ્રતિક્રમણ ચોક્કસ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, પણ તમે અન્ય વૈજ્ઞાનિક પ્રયોગો સાથે એની તુલના કરો એ યોગ્ય નથી, કારણકે અહીં દરેક વ્યક્તિ જુદા જુદા કન્ડિશનિંગ, જુદી જુદી કક્ષા, જુદા જુદા લેણાદેણીના સંબંધો સાથે આવે છે.

પ્રતિક્રમણ એક વગડાના ફૂલ જેમ વિકસતી, વ્યક્તિગત ઘટના છે. અન્ય વૈજ્ઞાનિક પ્રયોગોની જેમ આપણે આ ઘટનાને ફોર્મ્યુલા કે વ્યાખ્યામાં બાંધી ન શકીએ.

***૧૦૧, લાભ આશિષ 'એ' બિલ્ડિંગ, પહેલે માળે,***
***ઑફ ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશન સામે,***
***અંધેરી (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૯.***
***મો. ૯૯૬૭૩ ૯૮૩૧૬***

ધર્મચર્ચા

# અમર ગ્રંથશિષ્યો

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ

વિજાપુરના કણબી પટેલના દીકરા બેચરદાસ માત્ર છ ચોપડી સુધી અભ્યાસ કરી શક્યા પણ એમની સરસ્વતીસાધના જીવનભર ચાલુ રહી. પંદર વર્ષની ઉંમરે પણ એમણે નર્મદ - દલપત શૈલીની કવિતાથી સર્જનયાત્રાનો પ્રારંભ કર્યો. એ સમયે ડાહ્યાભાઈ નામના વડીલ મિત્રનો મોટો સાથ મળ્યો. આ ડાહ્યાભાઈ પાસે પુસ્તકોનો ભંડાર હતો. સરસ્વતીનો ચાહક એ ભંડારમાં એકલીન બની ગયો. વત્સરાજ જીજી નામના બારોટનો એમને મેળાપ થયો. બારોટને ગળથૂથીમાં કવિતાદેવી વરી હોય છે. વાતવાતમાં કવિતા રચી નાખે. આ બાળક મનમાં વિચાર કરે, કવિ દલપતરામ કેવા હશે? જીજી બારોટ તો પળમાં કાવ્ય રચી દે છે. આવાં કાવ્યો હું ન રચી શકું? અને બાળકના હૃદયમાં કવિતાની જ્યોત જાગી ઊઠી. અંતરમાં સૂતેલી કાવ્યવીણાના તાર રણઝણી ઊઠ્યા. મનમાં કંઈકંઈ ભાવો ગૂંજવા લાગ્યા. અજબગજબની ઊર્મિઓ ઊભરાવા લાગી. આપોઆપ એક કાવ્યની રચના થઈ.

*'ઓ ઈશ્વર માબાપ તું, છે તારણહાર;*
*સારો કર મુજને પ્રભુ, લે મારી સંભાળ.*
*સારી વિદ્યા આપ તું, દુર્ગુણ દોષો ટાળ;*
*કૃપા કરી મુજને પ્રભુ, ગણજે તારો બાળ.*
*જગમાં મોટો તું ધણી, તું મોટો રખેવાળ;*
*સત્ય માર્ગમાં દોરજે, કરજે મુજ પર વ્હાલ.*

આમ બાળપણમાં જ કવિતાનું ઝરણું સુંદર રીતે પ્રગટ થઈને વહેવા લાગ્યું. સાહિત્યનું સર્જન અને આત્માની સાધના એ બે એમનાં જીવનનાં મુખ્ય ધ્યેય. આ બંને ધ્યેયોનો સુમેળ કાવ્યરચનાથી થયો. કવિતાની કલા અંતરની ભાવનામાં એકરૂપ બની ગઈ.

આરંભની કવિતામાં ભાવના હતી, તો ધીમેધીમે એમાં ઊંડાણ સધાવા લાગ્યું. માત્રામેળ અને છંદમેળની એમની કવિતા વધારે ગૌરવવંતી અને મનમોહક બની. આ બુદ્ધિસાગરજી સાધુ બન્યા પણ એમની જ્ઞાનસાધના ચાલુ રહી. સાહિત્ય સર્જનનું અને કવિત્વનું ઝરણું ય વહેતું રહ્યું.

વીજાપુરના કણબી પટેલ બહેચરદાસમાંથી એ બુદ્ધિસાગર બન્યા. આચાર્ય બન્યા, યોગનિષ્ઠ કહેવાયા. સંતો, મહંતો, રાજાઓ, તવંગરો અને ભક્તોની એમની આસપાસ ઠઠ જામવા લાગી. પણ સરસ્વતીની ઉપાસનાને કદી આંચ આવવા દીધી નહીં.

એ જમાનામાં સાધુ સમુદાય શિષ્યોની સંખ્યા વધારવાની પ્રવૃત્તિમાં પડ્યો હતો. જેમ વધારે શિષ્યો એમ મહત્તા વધારે. શ્રાવકો એમના સંખ્યાબળને જોઈ એમને વધુ પૂજનીય અને પ્રભાવશાળી માને. જે સાધુને ઓછા શિષ્યો એની ઓછી ભક્તિ થાય. શિષ્ય બનાવવાનો મોહ વધતો ચાલ્યો. સંખ્યા વધારવા પર નજર રહેતી તેથી પાત્રતા બહુ ઓછી જોવાતી.

એક વખત તો એવો આવ્યો કે જૈન બાળકોની સ્થિતિ જોખમમાં આવી ગઈ. બાળક કલાક-બે કલાક ન દેખાય તો માતા-પિતાના હૈયે ફાળ પડતી. એની શોધ એના ગોઠિયાને ઘેર નહીં, પણ ઉપાશ્રયમાં થતી હતી. બાળકોને સંતાડીને સાધુનો વેશ પહેરાવી દેવામાં આવતો. બુદ્ધિસાગરજી મહારાજ વિચાર કરે છે કે કરવું શું? લોકોમાં વાતો થતી હતી કે એક સાધુરાજે તો એકસો ને આઠ શિષ્યો કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

બુદ્ધિસાગરજી મહારાજને આવી વાતોથી ભારે દુઃખ થતું. તેઓ વિચાર કરતાં કે આવા વગર વિચારે થયેલા સાધુઓ કઈ રીતે ધર્મપ્રવૃત્તિ કરે. એનાથી કોનું કલ્યાણ થાય. સમજીને સાધુતા સ્વીકારનાર એક સાધુ અનેકનો તારક બનશે. પોતે એવા શિષ્યો ચાહતા હતા જે સદા અમર હોય, કદી પણ વેશ છોડીને ભાગી ન જાય. ક્યારેય શાસનની અવહેલના ન કરે. સદા સહુનું કલ્યાણ કરે. એમણે મનોમન નિર્ધાર કર્યો કે પેલા પૂજનીય સાધુની માફક હું પણ એકસો ને આઠ શિષ્યો બનાવીશ, પરંતુ એ ગ્રંથરૂપે. મારી પાછળ જે સદા ચમક્યા કરે, મારા વિચારોને હંમેશાં મૂર્ત કર્યા કરે. મારી ભાવનાઓને સમાજના ખૂણેખૂણે પહોંચાડે અને જ્યાં જાય ત્યાં સહુનું કલ્યાણ કરે — આવા એકસો આઠ ગ્રંથશિષ્યો તૈયાર કરીશ. જ્ઞાનની સાધના હતી, કવિની કલ્પના હતી, ચિંતકનું ચિંતન હતું અને પંડિતોએ વિદ્વતાનું દાન કર્યું હતું. વળી ગુરુદેવોના આશિર્વાદનું બળ પણ હતું. તો પછી હવે વાર શેની?

એવામાં એ સાધુરાજની કલમને વહેતી મૂકનારી એક ઘટના બની. મુનિ બુદ્ધિસાગરજીએ દીક્ષા જીવનનું પહેલું ચાતુર્માસ સુરતમાં કર્યું. આ સમયે એમના હાથમાં એક પુસ્તક આવ્યું. પુસ્તકનું નામ હતું 'જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો.'

એનો હેતુ જૈન ધર્મને ઉતારી પાડવાનો અને ખ્રિસ્તી ધર્મનો મહિમા બતાવવાનો હતો. જો એમાં કેવળ ખ્રિસ્તી ધર્મની મહત્તા

બતાવી હોત તો મહારાજશ્રીને એની સામે કોઈ હરકત નહોતી. જો એમાં સર્વધર્મ સમભાવની વાત હોત તો પણ તેઓ તેનાં સારાં તત્ત્વોનો આદર કરત. દલીલપૂર્વક કોઈ તાત્ત્વિક વિચારણા આપી હોત તો એથી પણ એમને ખૂબ આનંદ થાત. પણ આ પુસ્તક તો કોઈ જુદા જ હેતુથી લખાયું હતું. એનો ઇરાદો સ્વધર્મની પ્રતિષ્ઠા માટે અન્ય ધર્મની નિંદા કરવાનો હતો. જૈન ધર્મને હીન દર્શાવવા માટે લખનારે પોકળ દલીલો અને જુઠ્ઠા આક્ષેપો કર્યા હતા. શરમ ઉપજે એવી ટીકાઓ પણ કરી હતી. વળી આ પુસ્તકનો લેખક કોઈ ખ્રિસ્તી ધર્મનો અનુયાયી નહીં, પણ જિતમુનિ નામના ધર્મપલટો કરનાર સાધુ હતા. એમણે જયમલ પદમીંગ એવું નામ ધારણ કરીને આ પુસ્તક લખ્યું હતું.

સહુના દિલ ઘવાયાં હતાં. સમગ્ર સંઘમાં ખળભળાટ મચી ગયો હતો. બધાને કારી ઘા લાગ્યો હતો કારણકે જૈન ધર્મ પર સાવ ખોટા આક્ષપો કર્યા હતા. પેટ ભરીને વિષવમન કર્યું હતું. આવે સમયે કોણ જાણે કેમ, પણ કોઈની જબાન ખૂલી નહીં. અંતર સહુનું સળગે, પણ જીભ પર ઉંહકારો ય ન આવે! સત્યના ચાહક મુનિરાજ બુદ્ધિસાગરજીથી આ બધું જોયું જતું નહીં. એમનું હૈયું કકળી ઊઠ્યું. જાહેરમાં ચર્ચા કરવા આહ્વાન આપ્યું. કહ્યું કે હું તમારા પુસ્તકના તમે કરેલાં આક્ષેપો અંગે ઉત્તર આપવા માગું છું. આપ કહો તે સમયે અને સ્થળે હાજર થઈશ.

મુનિ બુદ્ધિસાગરજીના પડકારનો કશો જવાબ ન મળ્યો. મુનિરાજ જાણતા હતા કે આવાં પુસ્તકો એ તો ચેપી રોગ જેવા કહેવાય. એને ઊગતાં જ ડામી દેવા જોઈએ. શ્રી બુદ્ધિસાગરજી તો પલાંઠી લગાવીને ઘૂંટણના ટેકે નોટબુકને ટેકવીને લખવા માંડ્યા. બરૂની કલમથી લખવાનું શરૂ કર્યું. રોજમેળ જેવી ડાયરીમાં એ પુસ્તકની એકેએક દલીલનો સચોટ જવાબ આપવા માંડ્યા.

કામ માથે લીધું એટલે પૂરું પાડવું જ એ તો એમનો સ્વભાવ હતો. દસ દિવસમાં તો એમણે એ લખાણ પૂરું કર્યું. હૃદયમાં સંતાપ એટલો બધો કે કલમ વણથંભી જ વહી રહી હતી અને અઢીસો પાનાનો એક ઉમદા ગ્રંથ જોતજોતામાં લખાઈ ગયો. ક્યાંય આપવડાઇ કે પરનિંદા નહીં. લખાણનાં પાને પાને એમના સૌજન્યની સુવાસ મહેંકે. એમાં એમણે વિરોધીની એકેએક દલીલનો જવાબ આપ્યો હતો, એનું અજ્ઞાન ખૂલ્લું પાડ્યું હતું.

આ ગ્રંથનું નામ રાખ્યું – 'જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો – તેમાં જૈન-ખ્રિસ્તી સંવાદ.'

ગ્રંથ લખીને શ્રી બુદ્ધિસાગરજીએ શ્રી મોહનલાલજી મહારાજને બતાવ્યો. મહારાજશ્રીએ વ્યાખ્યાનમાં એ ગ્રંથની મુક્ત મને પ્રશંસા કરી. સુરતના શ્રીસંઘે જ પુસ્તક છપાવવાનું હોંશભેર માથે લીધું. એ ગ્રંથ છપાયો. એની નકલો ઠેર ઠેર વહેંચવામાં આવી. એક નકલ જયમલ પદમીંગને પહોંચાડવામાં આવી. એ વાંચતા જ જયમલનો જીવ ઊડી ગયો. એની એકેએક વાતનું આમાં સચોટ ખંડન કરવામાં આવ્યું હતું. જૈન ધર્મની બદબોઈ કરવાની એની મહેનત એને પોતાને જ ભારે પડી. આખરે સુરતમાંથી એને ભાગી નીકળવું પડ્યું.

આ અગાઉ શ્રી બુદ્ધિસાગરજીએ ઘણાં કાવ્યો રચ્યાં હતાં, પણ એમનો આ પહેલો ગ્રંથ તો ગદ્યમાં જ લખાયો.

એકસો ને આઠ ગ્રંથશિષ્યો રચવાનો એમનો ભેખ હતો. એવામાં વિ.સં. ૧૯૮૦માં ક્ષીણ થતા દેહને જોઈને ડૉક્ટરે જાહેર કર્યું કે મધુપ્રમેહનો રોગ એટલો વધેલો છે કે આવો રોગી છ માસથી વધુ ન ભાળે.

મૃત્યુને તરી ગયેલા સૂરિરાજ બુદ્ધિસાગરજી હસ્યા અને કહ્યું, 'હજી તો મારે ઘણા શિષ્યો બનાવવાના બાકી છે, ઘણું કામ બાકી છે.'

આ વેળાએ ઉપસ્થિત એક શ્રાવકે સૂરિજીને કહ્યું, 'અરે! આપ આ કેવી વાત કરો છો? આપે શાસન પર ઘણો ઉપકાર કર્યો છે. આપને વળી શિષ્યોનો ક્યાં તોટો છે?'

સૂરિજીએ જવાબ વાળ્યો, 'ભાઈ, આ તો મારા એકસો ને આઠ શિષ્યો રચવાના મનસુબાની વાત છે. મારે એકસો ને આઠ અમર ગ્રંથશિષ્યો રચવા છે. હવે કામ વેગે ઉપાડવું પડશે.'

આ માટે એમણે અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ નામની સંસ્થા સ્થાપી. આ સંસ્થા દ્વારા પોતાના ગ્રંથશિષ્યોને પ્રગટ કરવાનો નિરધાર કરવામાં આવ્યો. આ બડભાગી સંસ્થાઓએ ગ્રંથશિષ્યો પ્રગટ કરવાનું કામ બરાબર કરી જાણ્યું.

ઉન્નત આધ્યાત્મિક જીવનના પ્રતિઘોષરૂપે આચાર્યશ્રી બુદ્ધિસાગરજીનું ગદ્ય અને પદ્યમાં સાહિત્યસર્જન ચાલતું રહ્યું. માત્ર સાત ધોરણ સુધીનો વ્યવહારિક અભ્યાસ કરનાર આચાર્યશ્રીએ પંદર વર્ષની વયથી કવિતા રચવાનો પ્રારંભ કર્યો હતો. દોહા, ચોપાઇ, છંદ, સવૈયા વગેરેમાં કાવ્યસર્જન કરીને તેઓ એમના શિક્ષકને બતાવતા અને શિક્ષક એમની સાહિત્યિક પ્રતિભા જોઈને પ્રસન્ન થતા હતા.

એ સમયના કેશવ હર્ષદ ધ્રુવ જેવા પ્રખર સંશોધકો અને કવિ ન્હાનાલાલ જેવા સાહિત્ય સ્વામીઓ સાથે આચાર્યશ્રી સતત

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

સંપર્કમાં હતા અને સંશોધક કેશવ હર્ષદ ધ્રુવના અવસાન સમયે આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીએ કાવ્ય રચીને એમને અંજલિ આપી હતી.

આચાર્ય બુદ્ધિસાગરજીએ સૃષ્ટિ સૌંદર્યનાં કાવ્યની રચના કરી, તો સાથોસાથ રાષ્ટ્રપ્રેમનાં ગીતોનું સર્જન કર્યું. ભજનો અને પદો જેવાં પ્રાચીન કાવ્ય સ્વરૂપોની સાથે એમણે ગઝલનું પણ સર્જન કર્યું. આ કાવ્યોમાં એમના આધ્યાત્મિક જગતમાં ચાલતા ભાવો પ્રતિબિંબિત થયા છે. શ્રદ્ધા, વૈરાગ્ય અને સત્-અસત્‌ના દ્વંદ્વોની એમણે વાત કરી છે. કબીર, મીરાંબાઈ, આનંદઘન કે નિષ્કુલાનંદ જેવા અનેક ભક્ત કવિઓનો પ્રભાવ શ્રીમદ્ બુદ્ધિસાગરજી ઉપર જોઈ શકાય છે.

*એક ભજન કાવ્યમાં તેઓ કહે છે :*

> ***'તુજ પ્રેમથી એ અશ્રુઓ ઝરે એ અશ્રુનો સાગર કરું,***
> ***એ અશ્રુના સાગર વિશે, ઝીલું ઝીલાવું સર્વને.'***

આવી જ રીતે એમણે ગદ્યમાં ગ્રંથ રચનાઓ કરી અને એમાં તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, વિવેચન, જીવન ચરિત્ર, પત્ર, ધર્મ, નીતિ અને સમાજ સુધારણા વિષયક ગ્રંથોનું સર્જન કર્યું. વળી એમણે સંસ્કૃત ભાષામાં સોળ જેટલા ગ્રંથો રચ્યા. આની સાથોસાથ સરસ્વતીની ઉપાસનાને વેગ મળે તે માટે અમદાવાદમાં શ્રી લલ્લુભાઈ રાયજી બોર્ડિંગ, વડોદરામાં દશા શ્રીમાળી બોર્ડિંગ (અત્યારે મહાવીર વિદ્યાલય), પાલિતાણામાં યશોવિજયજી ગુરુકુળ અને સુરતમાં રત્નસાગરજી જૈન હાઈસ્કૂલની તેમણે સ્થાપના કરી.

સૂરિરાજે લખતી વેળા કદી ટેબલ તો શું, પણ ઢાળિયાનોય ઉપયોગ કર્યો નહોતો. પલાંઠી લગાવી બેસે. સરસ્વતીની એમની સાધના શરૂ થાય. ઘૂંટણના આધાર પર એમની કલમ વહેવા લાગે. લખતી વખતે કદીય ઓઠીંગણ દઈને બેસે નહીં.

એવું પણ બનતું કે ઉપાશ્રયના એકાંત ખૂણે લખતા હોય ત્યારે કોઈ શ્રાવક કે જિજ્ઞાસુ આવે તો તે યોગનિષ્ઠ આચાર્યશ્રીને નિઃસંકોચ મળી શકતા હતા. આચાર્યશ્રી એમની વાત સાંભળીને યોગ્ય માર્ગદર્શન આપતા હતા અને જેવા એ વિદાય થાય કે તરત જ પુનઃ લેખનમાં પ્રવૃત્ત થઇ જતા હતા. જ્ઞાનોપાસના પ્રત્યે એમનો એટલો ભાવ હતો કે જીવનના અંતિમ દિવસોમાં પણ એમને એમની મહેચ્છા વિશે કોઈએ પૃચ્છા કરતા કહ્યું હતું કે – 'મારું લેખન કાર્ય તો મારી જિંદગીના અંત સુધી લગભગ ચાલુ જ રહેશે.'

લખવાનું મોટેભાગે એકાંતમાં રાખતા. વિજાપુરમાં ભોંયરામાં બેસીને લખતા. મહુડીમાં પણ સાબરમતીને કાંઠે આવેલા જૂના કોટયર્કના મંદિરમાં આવેલા ભોંયરામાં ધ્યાન ધરતા કે પુસ્તક લખતા. આ ભોંયરાનો પ્રવેશ એક કૂવા જેવો છે. તેમાં ઉતરવા માટે કૂવાની જેમ માત્ર ટેકા જ ગોઠવેલા છે, એમાં પગથિયાં મૂકેલા નથી.

ઉપલક નજરે તો આ નાનો પાણી વગરનો કૂવો જ લાગે. પરંતુ એ સમચોરસ જગા પૂરી થતાં જ લગભગ બેએક ફૂટનો વળાંક બાંધેલો છે. એ વળાંક પૂરો થતાં જ એક ખંડ દેખાય. ખંડમાં એક જ જાળિયું અને એ જાળિયામાંથી સીધો પ્રકાશ ખંડની દીવાલો પર અથડાય અને ચારેબાજુ ફેલાઇ જાય. આ જગા વસતિથી દૂર ઊંચી ટેકરી પર આવેલી તેમજ ચારેબાજુ બંધ દીવાલોથી ઘેરાયેલી રહેતી હોવાથી આ ભોંયરામાં ખૂબ જ શાંતિ રહેતી. આવા શાંત એકાંત સ્થળે તેઓ ગ્રંથ લખતા હતા. આવા ગ્રંથો લખવા માટે એમણે ઇન્ડીપેનનો કદી ઉપયોગ કર્યો નહોતો. માત્ર બરૂની કલમ કે પેન્સિલથી જ તેઓ લખતા. દિવસમાં લગભગ બારેક પેન્સિલ વાપરી નાખતા. બરૂની કલમો તો હંમેશાં છોલીને તૈયાર જ રાખતા. પોતાના ગ્રંથનાં પ્રુફો પણ તેઓ જાતે જ તપાસતા. જેવો ગ્રંથ તરફનો અનુરાગ એટલી જ એ માટેની ચીવટ. જેવી આત્મસાધના એવી જ જ્ઞાનસાધના.

આચાર્ય બુદ્ધિસાગરજીએ ત્યાગી અવસ્થામાં ૧૪૦ ગ્રંથોનું સર્જન કર્યું. ૫૧ વર્ષના આયુષ્યમાં, તેમાંય માત્ર ચોવીસ વર્ષના સાધુકાળમાં સાધુ જીવનના વ્યવહારો અને ધ્યાનપ્રધાન આત્મસાધનાને અખંડિત રાખી ગદ્ય અને પદ્યમાં ઓગણીસ હજાર પૃષ્ઠો જેટલું સમૃદ્ધ સાહિત્ય સર્જન કોઈએ કર્યું નથી. આ ગ્રંથો સંસ્કૃત, પ્રાકૃત, હિંદી અને ગુજરાતી એમ ચારે ભાષામાં લખાયા છે. પચ્ચીસ ગ્રંથો તો તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મ જ્ઞાનથી ભરપૂર છે. ચોવીસ ગ્રંથોમાં એમનું કાવ્યસર્જન વહે છે.

એમણે લગભગ ત્રણ હજાર જેટલાં ભજનો લખ્યાં. ભજનપદ, સંગ્રહ ભાગ ૮મો ૮૪૦ પાનાનો ગ્રંથ છે. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની કાવ્યયાત્રાનું દર્શન કરતાં એમ લાગેકે અર્વાચીન યુગમાં ભાગ્યે જ કોઈ જૈન સાધુ મહાત્માઓએ આટલું વૈવિધ્યપૂર્ણ કાવ્યસર્જન કર્યું હશે. યોગનિષ્ઠ આચાર્યશ્રીનાં કાવ્ય સર્જનોમાં એમના આત્મલક્ષી ભવ્ય જીવનનું પ્રતિબિંબ પડે છે. એમની દૃષ્ટિ કાવ્યના અનેક પ્રકારો પર ઘૂમી વળે છે. ભજન, ઊર્મિગીત, રાષ્ટ્રગીત, અવળવાણી, ખંડ કાવ્ય, કાફી, ચાબખા, ગહુલી જેવા અનેક કાવ્ય પ્રકારો પર એમની કલમ આસાનીથી વિહરે છે અને એમાં એમના હૃદયના ભાવો

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

અને આત્માની મસ્તી પ્રગટ થાય છે.

અન્ય બાવીસ ગ્રંથોમાં ધર્મ અને નીતિનો બોધ સચવાયો છે. આ સિવાય સંસ્કૃત ભાષામાં પણ બાવીસ ગ્રંથો લખ્યા છે. ગુજરાતીમાં ૧૧૧, સંસ્કૃતમાં ૩૮, પ્રાકૃતમાં ૧૧, હિંદીમાં ૧ અને જે ગુજરાતી ભાષાના પુસ્તકો છે, તેમાં ગુજરાતી - સંસ્કૃત ૧૮ અને ગુજરાતી - પ્રાકૃત ૮ છે.

'શ્રીમદ્ દેવચંદ્રજી' નામનું બે ભાગમાં લખેલું ચરિત્ર એ એમનો સૌથી મોટો ગ્રંથ છે. બંને ભાગને સાથે ગણતાં કુલ પચીસસો પાના થાય! એમણે એક ચોસઠ પાનાનો પત્ર લખ્યો. એ પત્ર 'તીર્થયાત્રાનું વિમાન' નામે પુસ્તકરૂપે પ્રગટ થયો. એમના દરેક ગ્રંથની પ્રસ્તાવના એ જાણે ગ્રંથના હાર્દ જેવી જ લાગે. 'આગમસાર' નામનો ગ્રંથ એમણે એકસો વાર વાંચ્યો હતો. પોતાના જીવન દરમ્યાન શ્રીમદજીએ બાવીસ હજાર જેટલાં ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. આ બાવીસ હજાર પુસ્તકોમાં કેટલાંકનો તો પુનઃ પુનઃ સ્વાધ્યાય કર્યો હતો. જેમ કે શ્રી આચારાંગ સૂત્ર ત્રણ વખત, શ્રીમદ્ ભગવદ્ ગીતા આઠ વખત અને આગમસાર એકસો વખત વાંચ્યું હતું. રોજના ૫૦૦ પૃષ્ઠ વાંચતા હતા.

ભારતીય સંસ્કૃતિની એક અજોડ વિચારધારા તે કર્મયોગની વિચારધારા છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણના મુખેથી અર્જુનનો વિષાદયોગ દૂર કરવા માટે કર્મયોગનું નિરૂપણ થયું છે. આ કર્મયોગ વિશે શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોકો સાથે એનું જમાને જમાને મહાત્માઓ, સંતો અને વિચારકોએ વિવેચન કર્યું છે. સ્વામી વિવેકાનંદ, શ્રી મણિલાલ નભુભાઈ, લોકમાન્ય તિલક અને સંત વિનોબા જેવી વ્યક્તિઓ અને બીજા અનેક સાધુ મહાત્માઓએ આના પર પોતાની દૃષ્ટિથી વિવરણ - વિવેચન કર્યું છે.

આશ્ચર્યની વાત એ છે કે યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ કર્મયોગની વિચારધારાને દર્શાવતા ગ્રંથ પર વિવરણ કરવાને બદલે પોતે જાતે ૨૭૨ સંસ્કૃત શ્લોકો રચીને જીવનનો નિચોડ આપ્યો છે અને આ કર્મયોગમાં એમના ગહન તત્ત્વજ્ઞાન અને યોગવિદ્યાના વિશાળ જ્ઞાનનો મધુર સુમેળ નિરખવા મળે છે. આવા ગહન વિષયને આધ્યાત્મિક ભાવનાનો ઊર્ધ્વ રસપુટ આપીને એની છણાવટ કરી છે અને અધ્યાત્મજ્ઞાન વડે આત્મોન્નતિના ચરમ શિખરે પહોંચવાની ભૂમિકા રચી આપી છે.

૧૯૬૬માં કર્મયોગમાં ગ્રંથ લખવાનો વિચાર કર્યો. ૧૯૭૦માં એના કેટલાક શ્લોકોની રચના કરી અને વિ.સં. ૧૯૭૩ના મહા સુદી પૂનમે રચાયેલા ૧૦૨૫ પૃષ્ઠના આ ગ્રંથમાં પચાસ પૃષ્ઠની તો પ્રસ્તાવના છે અને જૈન આચાર્ય દ્વારા લખાયેલો હોવા છતાં એના અનેકાંતવાદી દૃષ્ટિકોણમાં ગીતાનો જયધ્વનિ અને કુરાનની આયાતોનો દિવ્ય નાદ સંભળાય છે. આમાં પ્રવૃત્તિમાં નિવૃત્તિનો સંદેશ પ્રવાહી અને પ્રાસાદિક ગદ્યમાં દૃષ્ટાંત સહિત આલેખવામાં આવ્યો છે.

આ ગ્રંથ જ્યારે તૈયાર થઈને છપાતો હતો, ત્યારે એના છાપેલા ફર્મા લોકમાન્ય તિલકને અભિપ્રાય અર્થે મોકલ્યા હતા, ત્યારે લોકમાન્ય તિલકે લખ્યું, 'જો મને શરૂઆતમાં ખબર હોત કે તમે કર્મયોગ ગ્રંથ લખી રહ્યા છો, તો મેં કર્મયોગ વિશે લખ્યું ન હોત. આ ગ્રંથ વાંચી હું ઘણો પ્રસન્ન થયો છું. મને આનંદ છે કે ભારત દેશ આવી ગ્રંથરચના કરનાર સાધુ ધરાવે છે.'

માત્ર પંદરમા વર્ષે કાવ્ય રચનાનો પ્રારંભ કરનાર બાળક (બેચરદાસ) બુદ્ધિસાગરે દુહા, ચોપાઇ, છંદ અને સવૈયામાં પ્રારંભિક કવિતાઓ લખી, પરંતુ એ પછી એમની નિસર્ગદત્ત કાવ્યપ્રતિભા એવી ખીલી કે જેને પરિણામે એમની પાસેથી વિપુલ કાવ્ય સરિતાનું દર્શન થાય છે. એમની વિશાળ ભાવના સૃષ્ટિને જોઈએ તો પ્રભુ ભક્તિના કાવ્યથી રાષ્ટ્ર ભક્તિના કાવ્ય સુધી અને એથીય વિશેષ ભાવિ યુગની કલ્પના કરતાં કાવ્યો સુધીની રચનાઓ મળે છે. શાસ્ત્ર વિશારદ યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ એક બાજુ ભજન, પદ, ખંડ, કાવ્ય, કાફી, ચાબખા, ગહુલી, દુહા, પૂજા, ચોપાઇ અને સ્તવન જેવાં કાવ્ય પ્રકારોમાં રચના કરી, તો બીજી બાજુ ઊર્મિગીતો, પ્રકૃતિ કાવ્યો અને રાષ્ટ્ર ભક્તિનાં ગીતોનું સર્જન કર્યું. તો વળી ત્રીજી તરફ એમનાં કાવ્યોમાં આધ્યાત્મિક મસ્તી અને નવા જમાનાનો સૂર પ્રગટ થાય છે. યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી પાસેથી નરસિંહ, મીરાં કે આનંદઘનનું સ્મરણ કરાવે એવી કાવ્ય રચનાઓ મળે છે, તો બીજી બાજુ કવ્વાલી અને ગઝલ જેવા આધુનિક સાહિત્ય સ્વરૂપોમાં કરેલી રચનાઓ મળે છે.

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ આજથી એકસોથી પણ વધુ વર્ષ પૂર્વે ઈ.સ. ૧૯૧૧ (વિ.સં. ૧૯૬૭)માં લખેલું આ કાવ્ય એમનું અપૂર્વ ભવિષ્ય દર્શન કરાવે છે. મહાવીરના શબ્દોથી જગતમાં સ્વાતંત્ર્ય આવશે એમ સૂચવીને જાણે અહિંસક માર્ગે આઝાદ થયેલા ભારતનો સંકેત આપતા ન હોય! ભારતની આઝાદી પછી વિશ્વના અનેક દેશો અહિંસાના મારેગ ચાલીને આઝાદ થયા. મહાવીરના શબ્દો એટલે કે અહિંસાથી જગતમાં સ્વાતંત્ર્યનો પ્રકાશ રેલાયો.

આ કાવ્ય રચના કરી ત્યારે દેશ અંગ્રેજોની ગુલામી તળે

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

કચડાયેલો હતો અને તે સમયે દેશની આવનારી આઝાદીનો અણસાર અહીં વ્યક્ત થાય છે. માનવજાતની કરુણા કેવી વ્યાપશે એનો એમણે ખ્યાલ આપ્યો છે. યોગવિદ્યાના શિખરે બિરાજમાન યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી વિજ્ઞાનનો મહિમા કરે છે. એ કહે છે કે વિજ્ઞાનની ઘણી શોધોથી અત્યાર સુધી જે પ્રગટ થયું નહોતું એવી અદ્‌ભુત વાતો પ્રગટ થશે અને આપણે જોઈએ છીએ કે જગતમાં વિજ્ઞાને અનેક ક્ષેત્રોમાં નવાં નવાં સંશોધનો કર્યા છે.

યોગનિષ્ઠ આચાર્યનો એ સમય રાજ-રજવાડાંનો સમય હતો અને ત્યારે રાજાશાહી ચાલી જશે એમ કહે છે અને જગતમાં ઉદ્યોગો અને કળાનું સામ્રાજ્ય સ્થપાશે એની વાત કરે છે. આશ્ચર્યની વાત એ છે કે એમણે લખ્યું કે એક ખંડના સમાચાર બીજા ખંડમાં પળવારમાં પહોંચી જશે અને આજે આપણે મોબાઇલ, કોમ્પ્યુટર અને ટેલિવિઝનથી આનો સાક્ષાત્ અનુભવ કરી રહ્યા છી. આજના વિશ્વમાં ન્યાયનો મહિમા છે, માનવ અધિકારનો મહિમા છે, વ્યક્તિ સ્વાતંત્ર્યનો મહિમા છે એનું દર્શન યોગનિષ્ઠ આચાર્યશ્રીએ આપ્યું છે અને ભગવાન મહાવીરના તત્ત્વો જેવાં કે અહિંસા, અનેકાંત, અપરિગ્રહનો મહિમા થશે એવી એમની ભવિષ્યવાણી આજે સાચી ઠરતી લાગે છે. કેટલીક વ્યક્તિઓ પોતાના યુગને જોતી હોય છે, તો કેટલીક વ્યક્તિઓ યુગની પાર આવતા યુગના પ્રકાશને જોતી હોય છે. આવી વિભૂતિને ક્રાંતદર્શી એટલે કે પેલે પારનું જોનાર કહે છે. યોગનિષ્ઠ આચાર્યશ્રીની ક્રાંતદર્શીતા અને આર્ષદર્શન આ કાવ્યમાં પદે પદે પ્રગટ થાય છે.

## એક દિન એવો આવશે

*એક દિન એવો આવશે, એક દિન એવો આવશે*
*મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગતમાં થાવશે.* એક દિન... ૧
*સહુ દેશમાં સ્વાતંત્ર્યના શુભદિવ્ય વાદ્યો વાગશે,*
*બહુ જ્ઞાનવીરો, કર્મવીરો, જાગી અન્ય જગાવશે.* એક દિન... ૨
*અવતારી વીરો અવતરી, કર્તવ્ય નિજ બજાવશે,*
*અશ્રુ લ્હુહી સૌ જીવનાં, શાંતિ ભલી પ્રસરાવશે.* એક દિન... ૩
*સહુ દેશમાં, સહુ વર્ણમાં, જ્ઞાનીજનો બહુ ફાવશે,*
*ઉદ્ધાર કરશે દુઃખીનો, કરુણા ઘણી મન લાવશે.* એક દિન... ૪
*સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણી જ ચલાવશે;*
*જે ગુપ્ત તે જાહેરમાં, અદ્‌ભુત વાત જણાવશે.* એક દિન... ૫
*રાજા સકલ માનવ થશે, રાજા ન અન્ય કહેવાશે,*
*હુન્નર, કળા સામ્રાજ્યનું, બહુ જોર લોક ધરાવશે.* એક દિન... ૬
*એક ખંડ બીજા ખંડની, ખબરો ઘડીમાં આવશે,*
*ઘરમાં રહ્યા વાતો થશે, પર ખંડ ઘર સમ થાવશે.* એક દિન... ૭
*એક ન્યાય સર્વે ખંડમાં, સ્વાતંત્ર્યતામાં થાવશે,*
*બુધ્યબ્ધિ પ્રભુ મહાવીરનાં, તત્ત્વો જગતમાં વ્યાપશે.* એક દિન... ૮

જૈન યોગના વિષયને શ્રીમદ્‌ના સર્જનમાં પહેલીવાર ગૌરવભર્યું સ્થાન મળ્યું. જૈન સાધુઓમાં ડાયરી લખનાર તેઓ સૌપ્રથમ હતા.

આ ડાયરીમાં એમનાં હૃદયમાં ચાલતા વિચારોના ઘમ્મરવલોણાથી નીકળેલું ચિંતનનું નવનીત મળે છે. જાણે કાલ્પનિક અધ્યાત્મ મહાવીર એ શ્રીમદ્‌નો અપૂર્વ ગ્રંથ છે. વિ.સં. ૧૯૮૧ના ચૈત્ર સુદી દસમના રોજ આ ગ્રંથ શ્રીમદ્‌જીએ મોહનલાલ પાદરાકરને સોંપ્યો. આ ગ્રંથમાં એમનું સમાજ અને ધર્મનું દર્શન તેમજ દેશોન્નતિની ધગશ જોવા મળે છે. ધર્મ અને સમાજને સાચી દિશાએ વાળવાની એમની તમન્ના નજરે પડે છે.

આ ગ્રંથ સોંપતી વેળાએ એમ કહેલું કે તે પચીસ વર્ષ પછી પ્રગટ કરવો. એમની એ ભાવના પ્રમાણે આ ગ્રંથ પચીસ વર્ષ તો નહિં, પરંતુ પિસ્તાળીસ વર્ષે પ્રગટ થયો. એક મહાન જોગંદર, મહાન અવધૂત અને સાથે સાથે મહાન સમાજસેવક અને સાહિત્યકારનું આ પુસ્તક વિચારનું વલોણું પૂરું પાડે છે.

બાળપણમાં સરસ્વતી માતાની છબી આગળ હાથ જોડીને પ્રાર્થના કરનાર ખુદ જ્ઞાનની જ્યોત સમા બની ગયા. રોજ ધર્મચર્ચા ચાલે, વ્યાખ્યાન આપે. દિવસમાં બે વખત પ્રતિક્રમણ કરે. કેટલાય મૂંઝાયેલા માનવીઓને માર્ગદર્શન આપે. ધાર્મિક અનુષ્ઠાનો ચાલે. સામાજિક પ્રવૃત્તિઓ થાય. પણ આ બધામાં શ્રીમદ્ ની સાહિત્ય પ્રવૃત્તિ તો સતત અને એકધારી ચાલ્યા કરે. માંદગીના બિછાને હોય તોય કામ વણથંભે ચાલ્યા કરે. એમની તબિયત ઘણી અસ્વસ્થ બની હતી, ત્યારે કોઈએ એમને સાહિત્ય સાધના પૂર્ણ કરવા કહ્યું. આ સમયે શ્રીમદે જવાબ આપ્યો, 'મારું લેખનકાર્ય તો મારી જિંદગીના અંત સુધી લગભગ ચાલુ જ રહેશે.'

તેમના સમયના વિખ્યાત સાહિત્યકારોએ શ્રીમદ્‌ના સાહિત્યની મુક્ત મને પ્રશંસા કરી હતી. લોકલાડીલા નવલકથાકાર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈએ કહ્યું, 'શ્રી બુદ્ધિસાગરજીનું સાહિત્ય એટલે? એને હિંદુ પણ વાંચી શકે, જૈન પણ વાંચી શકે અને મુસ્લિમ પણ વાંચી શકે. સૌને સરખું ઉપયોગી થઈ પડે તેવું એ કાવ્ય સાહિત્ય બુદ્ધિસાગરસૂરિજીને આપણા ભક્ત અને જ્ઞાની કવિઓની હારમાં મૂકી દે એવું છે.'

આજેય એમના ૧૪૦ ગ્રંથો શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિના અમીટ કીર્તિસ્થંભ અને અમર શિષ્યોરૂપે જનસમુદાયમાં બોધ, ચિંતન અને આત્મકલ્યાણની સુવાસ વહાવી રહ્યા છે.

**૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,**
**પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.**
**મો. ૯૮૨૪૦ ૧૯૯૨૫**

ચિંતન

# લક્ષ્ય

આચાર્ય ફુલચંદ્રસૂરિજી

સાધારણ મનુષ્ય તરીકે જન્મ્યા પછી અસાધારણ કાર્યો કરનારા, જીવન જીવવાનો આનંદ પ્રાપ્ત કરે છે. કશુંક વિશિષ્ટ - અકલ્પ્ય - અનુપમ જીવનમાં પ્રાપ્ત થાય છે ત્યારે તે પાછળ પોતાનું સર્વસ્વ લગાવી દેવાય છે અને ત્યારે જ લક્ષ્યપૂર્ણ જીવન જીવંત લાગે છે.

જીવન તો બધાય સહુ-સહુની રીતે સંજોગ સ્થિતિ કે સમજ પ્રમાણે જીવી જાય છે પરંતુ જન્મ અને મૃત્યુ વચ્ચેના ગાળામાં, જન્મ અને મૃત્યુની નોંધ દુનિયાને લેવી પડે તેવું જીવન જીવનારા કેટલાં?

આ જગતમાં કોઈપણ માનવ, મહાપુરુષ, સિધ્ધ પુરુષ કે દિવ્ય પુરુષરૂપે જન્મ્યાં નથી હોતા. આ પદ તો પાછળથી પ્રાપ્ત થાય છે. લક્ષ્ય સિદ્ધ થવાથી.

લક્ષ્યનો મતલબ છે કે તમે સારા-સાચાં સપના જુઓ, જીવનનો કોઈ હેતુ નક્કી કરો, નાના-મોટાં કોઈ ધ્યેયને વળગી રહો, કોઈક ગોલને પ્રાપ્ત કરવા મચી પડો તે અંગેનું આયોજન કે પ્લાનિંગ બનાવીને આગળ વધતાં રહો.

બીજી રીતે સમજીએ તો લક્ષ્ય એટલા માટે રાખવું જોઈએ કે હાલમાં કુદરતે (કર્મે) જે શક્તિ સામર્થ્ય-સમય-સંજોગ અને સમજણ વગેરે આપ્યાં છે તે કોઈ ઉચ્ચ ધ્યેયને સિદ્ધ કરવા માટે આપ્યાં છે તે ન કરી શક્યાં તો મળેલી તે તે શક્તિ-સામર્થ્ય વગેરે પાછા ખેંચી લેતા કુદરતને વાર નહિં લાગે.

જીવનમાં ઘર-કુટુંબ-પરિવાર-પદ-સત્તા-સંપત્તિ, નામ-કીર્તિ કેમ વધુ મળે? તેની આજીવન ચિંતા કરનારા અને તેમાં જ રચ્યાં-પચ્યાં રહેનારા આપણે ખરેખર શું સિધ્ધ કરીએ છીએ? તે જાણ્યું છે ખરાં?

★ આખા જગતમાં આંતક ફેલાવનારા હિટલર-મુસોલિની, નાદિરશાહ, ચંગીઝખાન વગેરે સત્તાધીશોએ જગતને શેની ભેટ આપી?

★ સોનાની લંકા બનાવીને પણ રાવણ રાજે આખરે શું સિદ્ધ કર્યું?

★ કૌરવોના પ્રત્યેક રાજવીઓએ મહાભારતનું યુદ્ધ કરીને પણ શું મેળવ્યું? કોઈપણ ભૌતિક-સાંસારિક કે બાહ્ય ચીજ-વસ્તુના લક્ષ્ય રાખનારા ન તો આત્મિક નક્કર તથ્યભૂત કોઈ સિદ્ધિ મેળવી શકે છે કે ન તો અન્યને કોઈ ઉચ્ચ આદર્શ પૂરો પાડી શકે છે કે સુખ-શાંતિ આપી શકે છે.

જે લક્ષ્ય રાખવાથી સ્વ-પર-સર્વને કાયમી લાભ કે ફાયદો મળતો હોય જીવન સુધારાના પંથે આગળ વધાતું હોય તો તે લક્ષ્ય-લક્ષ્ય કહેવાય. બાકી બાહ્ય ભૌતિક જીવનને જ લાભ કરે અને સરવાળે આત્માને નુકસાન કરનારા લક્ષ્યવાળા જીવન જીવવાથી શું ફાયદો? એવા બાહ્ય લક્ષ્ય રાખવાથી કેટલું મળે? કેટલું ટકે?

સપના જ સેવવા હોય તો એવા સેવવા જોઈએ કે જે નિરંતર સાચા લાભ આપતા હોય.

તમે ખુદને માટે કોઈ દિવસ શાંતિથી વિચાર્યું છે?

★ જીવનમાં કોઈપણ દુઃખ-દર્દ-પીડા ન આવે-ન મળે તે માટે હું શું કરી શકું?

★ કોઈપણ સ્થિતિ-સંજોગોમાં મનને સ્વસ્થ અને બેલેન્સમાં કેવી રીતે રાખી શકું?

★ મારા સંપર્ક-સંસર્ગમાં જે કોઈપણ આવે તેને પૂર્ણ પ્રામાણિકતાથી તેનું ભલું જ કરી શકું! તેવી શક્તિ સમજ ક્યારે મળે?

★ મનના વિકારો, દંભ-જૂઠ-ઈર્ષા-નિંદા-પરપંચાત-આળસુપણું-બેદરકારી-બેજવાબદારીપણું, અવિશ્વાસ, બેઈમાની, લોભ-લાલચ-જીદ્દીપણું અવિવેક ઉધ્ધતાઈ વગેરે દોષો દૂર કરવા હું ક્યારે હૃદયથી પ્રયત્નશીલ બનીશ?

★ નિઃસ્વાર્થભાવ, નિર્દોષભાવ-નિર્દંભભાવ-પરોપકારપણું અને ઇંદ્રિય-મનનો સંયમ મારો ક્યારે સિદ્ધ થશે?

માણસ અંદરથી સાચો બને, અંતરથી સુધરે, અન્યના આશિષ પ્રાપ્ત કરે, સજ્જનતા-સાધુતાના દિવ્ય ગુણો પ્રાપ્ત કરે તો તેનાથી ઉંચા કોઈ સપના નથી હોતા અને બહારની ઝાકઝમાળ વાળી ભૌતિકતા કે સત્તા સંપત્તિથી કોઈ કાયમી સુખ પામી શક્યું નથી.

હાં! સત્તા-સંપત્તિથી બીજાને દબાવી શકાશે, આંજી શકાશે. પોતાનો અહં પણ સિધ્ધ કરી શકાશે પરંતુ તેનાથી સુખ-શાંતિ આનંદ કે પ્રસન્નતાનો અનુભવ નહીં કરી શકાય. આત્મ સંપત્તિ કે ગુણ સંપત્તિ તો જોજનો દૂર રહેશે.

ખરેખર! તમે જ્યારે કોઈ એક સાચા-ઉમદા અને સર્વ કાર્યોને સિદ્ધ કરે એવું કોઈ લક્ષ્ય બનાવવાં માંગતા હો તો એક જ છે.

તમારા જીવનમાંથી દોષો અને પાપોને ઘટાડતાં જાવ. અને સદગુણોને અને સદાચારોને જીવનમાં ગોઠવતાં જાવ.

"સ્વની સુધારણા જેવું કોઈ (લક્ષ્ય) પુણ્ય નથી અને પર પરિણિતિ જેવું કોઈ પાપ નથી."

આ વાતનું હાર્દ કોઈ જ્ઞાની ભગવંત પાસે બેસીને શાંતિથી સમજવા જેવું છે.

જીવનમાં આવતાં કોઈપણ પ્રકારના દુઃખ, દર્દ કે મુશ્કેલીનું મૂળ આપણા દોષો અને ભૂતકાળમાં સેવેલા પાપો જ છે.

તેથી દોષ નાશ પામે અને સત્કાર્ય સ્વભાવ બની જાય આવા એકાદ ગુણ-સદ્ગુણને પ્રાણાંતે પણ વળગી રહે તો જે જીવને લાભ ફાયદો થાય તે કલ્પનાતીત છે.

ઘણીવાર એવું લાગે કે આપણે બધાને કશુંક ને કશુંક સિધ્ધ તો કરવું જ હોય છે અને તે માટે ઉલ્લાસ-ઉમંગ પુરુષાર્થ-પ્રયત્ન ચાલુ પણ કરી દઈએ છીએ. પરંતુ થોડો સમય, થોડાં દિવસ થાય અને પાછા હતાં ત્યાં ને ત્યાં ઉભા રહીએ છીએ. કશું સિધ્ધ કરતાં નથી કે કરી શકતાં નથી. આવું કેમ? ૨-૪-૬ મહિને કે વરસે પણ અમુક કુટેવો કે વ્યસનોથી પણ મુક્ત થઈ શકતાં નથી તો આગળ - ઉપર કેટલાં વધી શકાય?

આ સંદર્ભમાં નીચે વિચારીને જાતને આગળ વધારી શકાય કે સુધારી શકાય?

★ (૧) કોઈપણ અમુક કાર્ય સિદ્ધ કરવું છે? (૨) કાર્ય કરવું પણ છે? (૩) કે કાર્ય કરવું જ છે? એ પહેલાં જાતને પૂછી લેજો અને જ્યાં સુધી ત્રીજા વિકલ્પ ઉપર કે "આ કાર્ય સિદ્ધ કરવું જ છે" તે નક્કી નહિં થાય ત્યાં સુધી તમે ચીલાચાલુ જિંદગીથી કોઈપણ ભોગે વિશેષ કશું સિધ્ધ નહીં કરી શકો.

★ કોઈપણ વસ્તુ કે ભાવનું મહત્ત્વ પૂરેપૂરું નહિ સમજાય કે નહિ અનુભવાય ત્યાં સુધી તમારો પ્રયત્ન-પુરુષાર્થ પાંગળો રહેવાનો અને "પ્રચંડ કે પ્રબળ પુરુષાર્થનો કોઈ વિકલ્પ નથી."

★ વસ્તુના અભાવે કે ભાવોની દરિદ્રતાને કારણે તીવ્ર લગ્ન કે તડપન ઉઠતી ન હોય તો રસપૂર્વકનો પ્રયત્ન તમે કરી શકતા નથી, જે કાર્યને સિધ્ધ કરવા દેતું નથી.

સમયશક્તિ-સમજશક્તિ અને સહનશક્તિ જેટલી વધુ, તેટલી કાર્યસિધ્ધિ વહેલી થાય અને હાં!

શ્રદ્ધા-વિશ્વાસ-પ્રેમ-ધીરજ-લગની-નિષ્ઠા અને સમર્પણના ભાવો જીવનમાં કેળવવા જેવા છે. એ હશે તો જ જીવન ભર્યું-ભર્યું લાગશે અને જીવનની જીવંતતાનો અનુભવ મળશે. બાકી...

મોટી-મોટી વાતો કર્યા કરવાથી, રોજ-રોજ બોલવાથી કે માત્ર વિચારો કરવાથી, બીજાઓનું નિરીક્ષણ કે પરીક્ષણ કર્યા કરવાથી, કોણ શું કરે છે? અને કોને શું કરવું જોઈએ? આ વ્યક્તિ કે વસ્તુ આમ હોત તો વાંધો ન આવત! અને આ વ્યક્તિએ આમ ન કર્યું હોત તો...વગેરે બહાનાઓ કે કારણો જણાવવાથી કોઈ દિવસ કોઈ કામ કોઈપણ વ્યક્તિ લક્ષ્યને સિદ્ધ કરી શકી નથી અને કરી શકશે પણ નહિ.

બીજી એક વાત તમે તમારા જીવનને મામૂલી સમજશો, સહુને મળ્યું તેવું મને મળ્યું એમાં શું? એવું સમજશો તો એવું જ જીવન પસાર થશે. મૂલ્ય વગરનું સમજશો તો મૂલ્ય વગરનું જીવશો. એવા જીવનનો કોઈ અર્થ નથી. તથા મને પુરુષાર્થ કે ભાગ્ય સથવારો દેતું નથી, કરું છું ઘણું પણ કશું મળતું નથી એ અધૂરી સમજ છે. આંખો મીંચીને દિન-રાત તમારા ઈષ્ટ લક્ષ્ય પાછળ લગાવી દો, કોઈ કામને નાનું-નીચું નકામું ગણ્યાં વિનાં મંડી પડો તો ધીરજના અંતે લક્ષ્ય મળે અને ફળે જ છે. હા! એવું બને કે બહુ મોટા-ઉંચા સપના જોયા પછી તે નાના-નાના લક્ષ્યો પાર પાડવા ન માંગતા હો તો મોટા કે ઉંચા લક્ષ્યો સીધા કોઈને સિધ્ધ થતા નથી.

લક્ષ્યને સાચે સાચ સિદ્ધ કરવાં હોય તો...

★ ખુદની વિચારધારાને વિશાળ અને ઉદાર બનાવવી.

★ જીવન શક્તિને પરિમિત આંકવાની ભૂલ ન કરવી.

★ તમારા ગોલ કે ધ્યેયને સ્પષ્ટ રાખો. ફેરફાર ન કર્યા કરો.

★ રોજ-રોજ માનસપટ ઉપર વિઝ્યુલાઈઝ કરો અને આત્મવિશ્વાસ કહેતાં 'આ કાર્ય હું કરી શકીશ જ' એવું માનો.

★ કોઈ તક કે અવસરને જવાં ન દો, ઝડપીને લાગી પડો.

★ શીખવા - સમજવા કે કામ કરવામાં પ્રમાદ કે આળસ ન રાખવી.

★ હૃદય સાફ-સરળ રાખો અને મૌન વધુ રાખો.

★ અપજશ કે તકલીફ મળે તો મનમાં ન લો. મૂળ લક્ષ્ય ન ભૂલવું.

★ તમારી એકાગ્રતા ખંડિત ન કરો.

★ "બોલવું ઓછું અને કરવું વધારે" એ ગુરુમંત્ર સમજવો.

★ દેહં પાતયામિ કાર્ય સાધયામિ - મતલબ કે દેહ પાડી દઈશ પણ કાર્ય તો સિધ્ધ કરીશ જ આ વાતને મૂલ સિધ્ધમંત્ર સમજવો.

★ નમ્રતા - સાદાઈ અને સરળતા કાર્યસિધ્ધિને પચાવી શકે છે.

આજે ગાંધીજી, સરદાર, સ્વામી વિવેકાનંદ, રાણાપ્રતાપ, શિવાજી વગેરે અનેકાનેક પ્રસિદ્ધ નામી વ્યક્તિઓને લોકો યાદ કરે છે તેમણે સાધેલા ઊંચા નિશાનોને કારણે અને પ્રભુ મહાવીરના સમય (શાસન) માં થયેલા ધન્ના, અણગાર, શાલીભદ્ર, અનાથીમુનિ મહારાજા શ્રેણિક, કુમારપાળ, અભયકુમાર મહામંત્રી, ચંદનબાળા, સુલસા, મનોરમા વગેરે... ઈતિહાસ પ્રસિદ્ધ મહાન વ્યક્તિઓનું નામ ગૌરવપૂર્વક લેવાનું મન થાય છે આધ્યાત્મિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હોવાને કારણે.

બસ! આપણે એ જ સમજવું-શીખવું અને સ્વીકારવું છે કે કુદરત તરફથી અમૂલ્ય જીવન મળ્યું જ છે તો તેને જેમ તેમ, જ્યાં ત્યાં, મનફાવે ત્યાં, વેડફી નથી નાખવું પણ કોઈ એક ઊંચું નિશાન સાધવું છે અને તેમાં જ જિંદગીનો આનંદ છુપાયેલો છે.

*"નિશાન ચૂક માફ, નહિ માફ નીચું નિશાન."*

ચિંતન

# કયા પ્રકારના માણસ થવાની તમારી પસંદગી છે?

ફાધર વર્ગીસ પોલ

માણસ અખિલ બ્રહ્માંડમાં ઈશ્વરનું સર્વશ્રેષ્ઠ સર્જન છે. દુનિયાના પટ પર અસંખ્ય પ્રકારના જીવો છે, પ્રાણીઓ છે, જીવજંતુઓ છે. પરંતુ એ બધા જીવોમાં માણસ જેવો કોઈ જીવ નથી. કોઈકે કહ્યું છે કે, માણસનો જીવ એના માટેની ઈશ્વરની સર્વોત્તમ ભેટ છે; અને માણસ પોતાના જીવથી જે બને છે, જે કરે છે, તે ઈશ્વર માટેની માણસની ભેટ છે. ઈશ્વરની માણસ માટેની ભેટ અને માણસની ઈશ્વર માટેની ભેટ બંનેને સમજવા અને કદર કરવા માટે આપણે માણસને ભિન્ન પ્રકારના બે સરોવરો જોડે સરખાવીએ. અને માણસ બે પ્રકારના માણસોમાં કયા પ્રકારમાં આવે છે તે જાણવા પ્રયત્ન કરીએ.

હું માણસને પેલેસ્ટાઈન દેશના બે સરોવરો સાથે સરખાવવા માગું છું. સરોવરોનાં નામ છે ગાલીલનું સરોવર અને મૃત સરોવર. યર્દન નદીમાં બંને બાજુના પર્વતોથી આવતી ઝરણી અને ઉપનદી પાણી ભરે છે અને યર્દન નદી એ બધું પાણી ગાલીલના સરોવરમાં અને પછી મૃત સરોવરમાં ઠાલવે છે. યર્દન નદીમાંથી સ્વચ્છ મીઠું પાણી વહીને બંને સરોવરોને મળે છે. છતાં બંને સરોવરોના પાણીમાં આભ-જમીનનો તફાવત છે.

અંગ્રેજીમાં 'સી ઑફ ગલીલી' નામે ઓળખાતા ગાલીલના સરોવરની વાત લઈએ. યર્દન નદીની જેમ ગાલીલના સરોવરનું પાણી મીઠું છે. રંગદ્વાર પ્રકાશને ૨૦૦૬માં પ્રકટ કરેલા મારા પુસ્તક 'યાદગાર અનુભવો'માં 'પુણ્યભૂમિ ઈઝરાયલ' નામે એક લાંબું પ્રકરણ છે. એમાં મેં નોંધ્યું છે તેમ, હૃદયના આકારના ગાલીલનું સરોવર આશરે ૧૪ માઈલ લાંબું અને ૭ માઈલ પહોળું છે. ગાલીલના સરોવરના પાણીનું સ્તર દરિયાના સ્તર કરતાં ૬૯૬ ફીટ નીચું છે અને સરોવરની ઊંડાઈ ૧૯૫ થી ૨૩૦ ફીટ છે. (પૃ. ૧૬૨-૧૯૦).

મારા જેવા પ્રકૃતિ અને પર્યાવરણ પ્રેમીઓને ખાસ આકર્ષનાર બાબત સરોવર કિનારાનાં છોડવાઓ અને વૃક્ષોથી વ્યાપેલી હરિયાળી છે. સરોવરનું પાણી પણ વિવિધ પ્રકારની માછલીઓથી જીવંત હોય છે. સરોવરના કાંઠા પર માછીમારો અને એમની જાળ છે તો ક્યાંક તીર્થયાત્રા કે ઉજાણી માટે આવેલાં લોકોની ટુકડી પણ નજરે પડે છે. ટૂંકમાં કહું છું તો, 'સી ઑફ ગલીલી' એક જીવતુંજાગતું સરોવર છે. ગાલીલનું સરોવર એક છેડે યર્દન નદીનું પાણી સ્વીકારે છે તો બીજા છેડેથી યર્દન નદીમાં પાણી છોડે છે. એટલે યર્દન નદીનું મીઠું પાણી ઉપરથી અને નીચેથી સતત વહ્યા કરે છે.

પેલેસ્ટાઈનનું બીજું સરોવર 'ડેડ સી' નામે ઓળખાતું મૃત સરોવર છે. ગાલીલના સરોવરની સરખામણીમાં મૃત સરોવરનું એક તદ્દન ભિન્ન દૃશ્ય આપણી આગળ ઊભું થાય છે. મૃત સરોવર ગાલીલના સરોવર કરતાં ખૂબ મોટું છે. એની લંબાઈ ૫૩ માઈલ અને પહોળાઈ ૧૦ માઈલ છે અને એની ઊંડાઈ ૧૩૦૦ ફીટ છે. એના પાણીનું સ્તર દરિયા કરતાં ૧૨૯૦ ફીટ નીચે છે!

યર્દન નદી અને ઉપનદીઓનું સ્વચ્છ ને મીઠું પાણી મૃત સરોવરમાં ઠલવાય છે. પરંતુ સરોવરનું પાણી ખારું છે; એટલું જ નહીં પણ દરિયાઈ પાણીની ખારાઈ કરતાં મૃત સરોવરનું પાણી છ ગણું વધુ ખારું છે. એના પાણીનું ક્ષારપણું કે લવણતા ૨૫ ટકા છે. એટલે મૃત સરોવરના પાણીમાં માછલી કે અન્ય કોઈ પણ પ્રકારનો જીવ નથી. યર્દન નદીના મીઠાં પાણી સાથે કોઈ માછલી મૃત સરોવરના પાણીમાં આવે તો તરત જ મરી જાય છે! એ જ રીતે મૃત સરોવરના કિનારે કે તટપ્રદેશમાં કોઈ છોડવા, વૃક્ષ કે કોઈ પણ પ્રકારની હરિયાળી નથી. ત્યાં કોઈ માછીમાર નથી. મૃત સરોવરમાંથી યર્દન નદીનું શુદ્ધ અને મીઠું પાણી મળે છે, પરંતુ મૃત સરોવરમાંથી ખારું કે મીઠું પાણી બહાર વહી જતું નથી!

તમે ઘણા યાત્રાળુ મુસાફરોની જેમ મૃત સરોવરના પાણીમાં જશો તો તળાવની હોડીની જેમ પાણીની સપાટી પર તરતા રહેશો. પાણીની ખારાશને કારણે તમે ડૂબી શકતા નથી. જીવવિહોણા મૃત સરોવરની જેમ એની આસપાસના પ્રદેશમાં પણ ઝાડવાં-ઝાંખરાં નથી, હરિયાળી નથી પણ મરુભૂમિની જેમ આખો પ્રદેશ વેરાન છે, ઉજ્જડ છે.

'સી ઑફ ગલીલી' અને 'ડેડ સી' બંને મોટાં સરોવરો છે. બંને સરોવરોમાં યર્દન નદી અને ઉપનદીઓ અને નાનાં મોટાં ઝરણાંઓ દ્વારા મીઠું પાણી ઠલવાય છે. પણ એકનું પાણી મીઠું છે અને બીજાનું પાણી ખારું છે. એકમાં જીવ છે, બીજું બિલકુલ નિર્જીવ છે. ગાલીલનું સરોવર યર્દન નદીનું મીઠું પાણી મેળવીને બીજે છેડેથી યર્દન નદીને મીઠું પાણી આપે છે. એટલું જ નહિ પણ ગાલીલનું સરોવર અને આસપાસનો પ્રદેશ જીવજંતુઓ અને વૃક્ષલતાદિથી જીવતાંજાગતાં રહે છે. બીજી બાજુ મૃત સરોવર મીઠું પાણી મેળવે છે પણ ખારા પાણી સાથે ભળી જઈને બીજાને કશુંય આપી શકતું નથી. મૃત સરોવરના પાણીમાં

કોઈ પ્રકારનો જીવ નથી. એમાંથી પાણી બહાર જતું નથી. એમાં પડતું મીઠું પાણી એના ખારા પાણીમાં સમાઈ જાય છે.

બે ભિન્ન પ્રકારોના માણસોને ચીતરવા માટે ગાલીલનું સરોવર અને મૃત સરોવર ઉત્તમ દાખલા પૂરા પાડે છે.

મીઠું પાણી મેળવતાં બંને સરોવરોની જેમ બધા માણસો પોતાનાં સગાંસંબંધીઓ, મિત્રો તેમના સંપર્કમાં આવતા બધા માણસો અને કહો કે સમગ્ર દુનિયામાંથી ઘણુંબધું મેળવે છે. બધા માણસોને ઈશ્વર પાસેથી જીવનની મહામૂલી ભેટ મળી છે. ઘરકુટુંબ અને સમાજ તથા ધર્મના સંસ્કાર મળે છે. સદાચાર અને સદ્‌ગુણો મળે છે. ઘણા લોકોને વારસામાં ધનદોલત અને સાધનસંપત્તિ મળે છે. માણસો શિક્ષણથી પ્રબુદ્ધ બને છે. ઘણા લોકો બુદ્ધિ અને મહેનતથી ધનદોલત મેળવે છે. નાનીમોટી સિદ્ધિઓ મેળવે છે.

આ બધા લોકોને બે પ્રકારના લોકોમાં જુદા પાડી શકાય છે : પરગજુ માણસો અને સ્વાર્થી માણસો. પરગજુ ઉદાર માણસો અને સ્વકેન્દ્રિત સ્વાર્થી માણસો. એટલે કે, બીજાને માટે જીવનાર માણસો અને ખુદ પોતાના માટે જીવનાર માણસો. આમાં પ્રથમ પ્રકારના માણસો બીજાને માટે થઈને જીવે છે. બીજાને માટે જે પોતાનું છે તે બધું આપવા તૈયાર છે. પોતાનાં સુખદુઃખમાં બીજાને ભાગીદાર-સાથીદાર બનાવે છે. બીજાનાં દુઃખમાં પોતાનાથી થાય એ રીતે ભાગીદાર બનીને દુઃખને હળવું કરે છે.

આ પ્રકારના પરગજુ માણસો પોતાની ધનદોલત સંગ્રહી રાખવાને બદલે એક કુશળ કારભારીની જેમ બીજાને વિશેષ તો જરૂરિયાતમંદોને પોતાના ધનદોલતનો લાભ આપે છે. આ પ્રકારના ઉદાર માણસો ફક્ત પોતાની સાધનસંપત્તિમાં જ નહિ પણ પોતાની આવડત, પોતાનો સમય, પોતાનો હોદ્દો જેવી બધી બાબતોનો લાભ કોઈ ઢંઢેરો પીટ્યા વગર નિઃસ્વાર્થ ભાવનાથી બીજાને આપે છે. ટૂંકમાં કહું તો એવા માણસો ખુદ પોતાનું જીવન બીજાને માટે જીવીને ધન્યતા અનુભવે છે.

બીજા પ્રખારના સ્વાર્થી માણસોનું જીવન તથા તેમના આચારવિચાર બધું જ સ્વકેન્દ્રિત હોય છે, સ્વાર્થ માટે હોય છે. તેઓ બધી બાબતોને પોતાના માટે અને પોતાનાં નજીકનાં કુટુંબીજનો માટે વાપરવા કે સંગ્રહી રાખવામાં માને છે. તેઓને બીજાની કોઈ પરવા નથી. આ પ્રકારના માણસો સંગ્રહખોર હોય છે, ખૂબ કંજૂસ હોય છે. તેઓ પોતાને માટે ધનદોલત અને સાધનસંપત્તિ બધું ભેગું કર્યા કરે છે. એમાં કદી એમને સંતૃપ્તિ નથી.

હવે આ બે પ્રકારના માણસોમાં આપણી ગણતરી કેવા પ્રકારના માણસોમાં થાય છે? ગાલીલના સરોવરની જેમ આપણે જીવનમાં ઘણુંબધું મેળવીને એમાં બીજાને નિઃસ્વાર્થપણે સાથીદાર-ભાગીદાર બનાવીએ છીએ? આપણે બીજાને માટે થઈને જીવીએ છીએ? કે પેલા મૃત સાગરની જેમ આપણા જીવનમાં બીજાઓ પાસેથી કે બીજાઓ દ્વારા ઘણુંબધું મળે છે તે બધું પોતાના હકનું માનીએ છીએ? શું બધું જ ખુદ પોતાને માટે અને વધુમાં વધુ પોતાનાં કુટુંબીજનો માટે વાપરીએ છીએ? બધું જ સંગ્રહી રાખીએ છીએ?

જેમની જન્મજયંતી આપણે ડિસેમ્બર ૨૫મીએ ઊજવીએ છીએ તે બાળ ઈસુ બીજાને માટે, એટલે આપણા માટે જીવવા આ દુનિયામાં આવ્યા છે.

આપણા દૈનિક જીવનમાં આપણે બંને પ્રકારના લોકોને મળીએ છીએ. એટલે નિઃસ્વાર્થપણે વિવિધ સેવાઓમાં રોકાયેલા લોકોને પ્રથમ પ્રકારના પરગજુ માણસોમાં ગણી શકાય. દાખલા તરીકે કેળવણીમાં રોકાયેલા શિક્ષક-શિક્ષિકાઓને તેમ જ તબીબી સેવામાં મંડ્યા રહેતા લોકોને પ્રથમ પ્રકારના પરગજુ માણસોમાં ગણી શકાય. જોકે, શિક્ષણ અને તબીબીક્ષેત્રમાં પણ સેવાની ભાવના ભૂલી જઈને કેવળ નાણાં કમાવાના એક જ હેતુથી કામ કરતા સ્વાર્થી લોકો છે. આપણે તેમને બીજા પ્રકારના લોકોમાં ગણવા જોઈએ. જાતમહેનત કર્યા વિના મળતા નાણાંના મોહમાં આ પ્રકારના લોકોની સંખ્યા વધતી રહે છે તે દુઃખદ વાત છે.

સામાજિક સેવામાં પરોવાયેલા કર્મશીલો, જનકલ્યાણમાં રોકાયેલા મિશનરીઓ પ્રથમ પ્રકારના લોકોમાં આવે છે. લોકસેવાના નામે ફક્ત ખુદ પોતાને માટે ગમે તે માર્ગે ધનસંપત્તિ ભેગા કરતા રાજકારણીઓ તથા ધર્મ અને ભગવાનનું નામ લઈને યુક્તિ-પ્રયુક્તિથી ભક્તોને ગેરમાર્ગે દોરતા ધનલોલુપ દંભી ધર્મગુરુઓ અને કહેવાતા સાધુસંતો બીજા પ્રકારના સ્વાર્થી માણસોમાં આવે પણ રાજકારણ અને ધર્મ સંપ્રદાયોની સેવામાં પણ ખરા દિલથી લોકકલ્યાણની સેવા કરતા પરગજુ લોકો પણ આપણી વચ્ચે છે તે નિર્વિવાદ છે.

આજે શહેરના ચાર રસ્તાઓમાં, મંદિરો અને અન્ય દેવસ્થાનો બહાર ભીખ માગતા લોકો હોય, બાળમજૂરો હોય, શહેરોના પુલો નીચે રાતવાસ કરતા ઘરવિહોણા માણસો હોય, ઝૂંપડપટ્ટીઓમાં રહેતા લોકો હોય તો એનું એકમાત્ર કારણ બીજા પ્રકારના સ્વાર્થી લોકો છે. આ બધા ગરીબ લોકો મહેનત કરે છે. છતાં તેઓ મકાન, કપડાં અને રોટીથી વંચિત રહેતા હોય તો સમાજ અને દેશમાં સાધનસંપત્તિનો અભાવ નથી પણ લોકોને ગરીબ અને

(અનુ. : જુઓ પાના નં.-૪૯ ઉપર)

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.

ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

ચિંતન

# પ્રામાણિકતાનો પરમાનંદ

રણછોડ શાહ

જીવનમાં અનેક પ્રસંગો અવિસ્મરણીય બની જાય છે. સેંકડો પુસ્તકો વાંચવાથી જીવન જીવવાની જે જડીબુટ્ટી પ્રાપ્ત થતી નથી તે નાનકડી વ્યક્તિ તેના જીવનના ઉદાહરણ દ્વારા સમજાવી જાય છે. ધાર્મિક પુસ્તકો કે મહાન કથાકારોની અનેક સપ્તાહો સાંભળ્યા બાદ જે જ્ઞાન પ્રાપ્ત થતું નથી તે કદાચ એક નાનકડા પ્રસંગ દ્વારા કોઈ અજાણતા શીખવી જાય છે. જે વાત યુનિવર્સિટી શિક્ષણ બાદ પણ સમજાતી કે શીખાતી નથી તે બાબત એક જીવંત ઘટના દ્વારા હૃદયના દ્વાર ખોલવાનું નિમિત્ત બની જાય છે.

એક દિવસ અમે ચાર મિત્રો એક કામ અંગે બહારગામ જવા નીકળ્યા હતા. ચોમાસાની ઋતુ હતી. ઘરેથી નીકળ્યા ત્યારે તો તડકો હતો. બહાર સખત ગરમી હોવાથી કારમાં એ.સી. ચાલુ કરવું પડ્યું હતું. પરંતુ થોડેક દૂર ગયા અને અચાનક ધોધમાર વરસાદ તૂટી પડ્યો. કારની ઝડપ અત્યંત ઘટાડી દેવી પડી. વાવાઝોડા અને તોફાનને કારણે થોડે દૂર જતાં જ રસ્તાની વચ્ચે ઝાડ પડી જતાં વાહન વ્યવહાર ખોરવાઈ ગયો. ગાડીઓ, ટ્રક્સ અને અન્ય વાહનોની લાંબી લાઈન થઈ ગઈ. અમે સૌ અમારું કામ કેવી રીતે પૂર્ણ કરીશું તેની મૂંઝવણ અનુભવતા હતા. પરંતુ વરસાદ રોકાવાનું નામ લેતો નહોતો.

રસ્તા વચ્ચે રોકાઈ જવું પડ્યું અને સમય તો પસાર કરવાનો જ હતો. સૌ વાતોએ વળગ્યા. વણજોઈતી ફુરસદના સમયમાં સુવિચારોને બદલે કુવિચારોનું આક્રમણ જોરદાર બની જાય છે. સમાજ કેવી ખરાબ બદીઓથી ઉભરાઈ રહ્યો છે તેની ચર્ચા થાય તે સ્વાભાવિક હતું. સૌ લોકો અપ્રામાણિક થઈ ગયા છે. લાંચ રુશવતની બદી સમાજના કણે કણમાં પ્રસરી ગઈ હોવાનું મંતવ્ય એક પછી એક રજૂ થયું. શિક્ષકો શાળામાં ભણાવવાને બદલે વિદ્યાર્થીઓ પોતાને ઘેર ટ્યુશનમાં આવે તેમાં વધુ રસ ધરાવે છે. ડૉક્ટરો દર્દીઓની યોગ્ય સારવાર કરતા નથી તેવું કોઈકે જણાવ્યું. કોન્ટ્રાક્ટરો ઘર વેચાણ રાખનારને લૂંટે છે તેવું એક ભાઈ બોલ્યા. એક બહેને કહ્યું કે અનાજ કે શાકભાજી ખરીદવા જઈએ ત્યારે દુકાનદારોનો વ્યવહાર પણ પ્રામાણિક હોતો નથી. બીજા મિત્રએ રજૂઆત કરી કે સૌ નોકરિયાત લોકો આળસુ થઈ ગયા છે. પગાર તગડો જોઈએ છે પરંતુ કામચોરીનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. નવરા માણસો સારી વાત કરવાને બદલે નકારાત્મક વાતોને રવાડે ચઢી જતાં હોય તેવું અનેકવાર જોવા મળે છે.

ધીમે ધીમે વરસાદ ઓછો થયો અને વાહન વ્યવહાર ચાલુ થયો. અમને પણ હાશકારો થયો. સવારના નીકળ્યા હતા. સાંજ પડવા આવી પરંતુ કાંઈ ખાધું નહોતું તેથી ભૂખ્યા પણ થયા હતા. ગ્રામ્ય વિસ્તાર હોવાથી કોઈ મોટી હોટેલ તો આજુબાજુમાં નજરે પડતી નહોત. ધીમે ધીમે આગળ વધતાં રસ્તાની બાજુમાં એક નાનકડી ઝૂંપડી જેવી હોટલ નજરે પડી અને સૌ એક સાથે બોલી પડ્યા કે ત્યાં જઈને ચા-નાસ્તો કરીએ. હોટેલમાં બિસ્કીટ, થોડાક નમકીનના પેકેટ અને એક કાચની બરણીમાં ચવાણું નજરે પડ્યું. વરસાદ તો ચાલુ હતો. છતાં અમારામાંથી એક જણ વરસાદમાં ભીંજાતા હોટલમાં ગયા અને શું મળી શકે તે જોવા પ્રયત્ન કર્યો. હોટેલવાળાએ તેની હોટલમાં કામ કરતા એક બાર-પંદર વર્ષના છોકરાને પાણીના ગ્લાસ લઈને અમારી કાર પાસે મોકલ્યો. અમે ગાડીના કાચ ઉતારી તેની પાસેથી ગ્લાસ લઈ લીધા. છોકરો પાણીમાં પલળતો હતો અને અમે તો ગાડીમાં આરામથી બેઠા હતા. છોકરો હસતાં હસતાં વરસાદનો આનંદ માણી અમારી સામે સ્મિત ફરકાવતો હતો.

અમારામાંથી હોટેલમાં ગયેલ મિત્રએ ચાર કપ ચા અને નાસ્તાનો ઓર્ડર દીધો હતો. તે પરત આવીને ગાડીમાં બેસી ગયા. અમે વળી ગપ્પે ચડ્યા. હોટેલની ગંદકી અને અવ્યવસ્થાની ચર્ચા કરવા લાગ્યા. સ્વચ્છતા અભિયાન ચલાવતા નેતાઓની અપ્રામાણિકતાના ઉદાહરણો વાગોળવા માંડ્યા. એટલામાં તો પેલો નાનકડો છોકરો નાસ્તો લઈને આવી ગયો. અમે ગાડીના કાચ ઉતારીને નાસ્તો લઈ ગાડીમાં બેસી નાસ્તો ઝાપટવા માંડ્યા. પેલો છોકરો હસતો અને પલળતો હોટેલમાં પરત જતો રહ્યો. વળી થોડીવારમાં પાણીના ગ્લાસ લઈને પુનઃ છોકરો અમારી પાસે આવીને કાચ ઉપર ટકોરા મારવા લાગ્યો. અમે ગ્લાસ લઈ પાણી પીધું. સવારના ભૂખ્યા ડાંસ હોવાથી પકવાનનું જમણ કરતા હોય તેવો અનુભવ થયો!

આ સમય દરમિયાન ચા તૈયાર થઈ ગઈ હતી. પેલો છોકરો ચાર કપ ચા લઈને આવી ગયો. આ વખતે બારણું ખોલી ચાના કપ લઈ લીધા. છોકરો મરક મરક હસતો હતો. ચા-નાસ્તાના પૈસા તો મિત્ર ઓર્ડર આપવા ગયા હતા ત્યારે દુકાનદારને ચૂકવીને જ આવ્યા હતા. એટલે બીલ તો ચૂકવવાનું બાકી નહોતું. પરંતુ અમારામાંથી એક બહેનને દયા આવતાં તેમણે જણાવ્યું કે આટલા વરસતા વરસાદમાં આપણી સેવા કરતાં છોકરાને કાંઈક ટીપ આપવી જોઈએ. આપણે મોટી હોટેલમાં જઈએ છીએ ત્યાં કેટલી વધારે ટીપ આપીએ છીએ!

બહેને પર્સમાંથી દસ રૂપિયાની નોટ કાઢીને છોકરાને આપવા હાથ લંબાવ્યો. છોકરો બહેન તરફ આશ્ચર્યચકિત થઈને જોઈ રહ્યો. જે ભાઈએ પૈસા આપ્યા હતા તેના તરફ આંગળી કરી જણાવ્યું, "પૈસા આવી ગયા છે." બહેન તેના તરફ જોઈને બોલ્યા, "અરે ભાઈ! આ તો અમે ખુશ થઈને તને આપીએ છીએ." છોકરાના ઉત્તરે અમને સૌને હચમચાવી મૂક્યા. તેણે જણાવ્યું, "બહેન, મને મારી નોકરીનો પગાર મારા શેઠ આપે છે. તેથી મારે વધારે કાંઈ જરૂર નથી." અમે તેને ફરીથી જણાવ્યું કે અમે ખુશ થઈને આપીએ છીએ. પરંતુ છોકરો માનતો ન હતો. તેથી અમારામાંથી એક જણ ગાડીમાંથી ઉતર્યું અને તેના ખમીસના ખિસ્સામાં બળજબરીએ તે નોટ મૂકી દીધી. અમે ગાડી રીવર્સ કરતા હતાં ત્યારે જોયું કે તે છોકરો તેને મળેલ બક્ષીસ તેના શેઠના હાથમાં આપી રહ્યો હતો.

હજુ પણ સમાજમાં વફાદારી, ઈમાનદારી, કર્તવ્ય પરાયણતા, નીતિ, પ્રામાણિકતા અને સચ્ચાઇ બચી છે તે અમને એક નાનકડો છોકરો શીખવી ગયો. પ્રામાણિકતાનો પરમાનંદ આજે પણ માણી શકાય તેવી સ્થિતિ છે. કવિશ્રી હિંમત ખાટસુરિયાએ સાચું જ કહ્યું છે કે,

*"તમે ઈચ્છો તો આ જગમાં જીવાય એવું છે,*
*કોઈકને કંઈક થોડું કાનમાં કહેવાય એવું છે,*
*બરફના છે બધા ચહેરા એવું માનીને ન ચાલો,*
*અગર ધારો તો ડગલું એક હજી દેખાય એવું છે."*

***૬૩, ભૃગુપુર સોસાયટી, ભરૂચ.***
***મો. ૯૯૭૯૮ ૬૧૬૩૧***

---

## કયા પ્રકારના માણસ થવાની તમારી પસંદગી છે?

**(અનુ. : પાના નં.-૪૭ ઉપરથી ચાલુ)**

નિરાધાર રાખવામાં માનનારા બીજા પ્રકારના લોકોનો નર્યો સ્વાર્થ છે. ગાંધીજીએ કહ્યું છે તેમ, બધા લોકો સારી રીતે જીવી શકે એટલી બધી સાધનસંપત્તિ દુનિયામાં છે, પરંતુ માણસોનાં સ્વાર્થ અને સંગ્રહવૃત્તિને પોષવા જેટલી માલમિલકત નથી!

આ લખું છું ત્યારે 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' અને બીજા એક અખબારમાં વાંચેલા એક સમાચાર આપણા સમાજનો ખ્યાલ આપે છે. સમાચાર છે કે, રેલવેના ટિકિટ ચેકરોએ છેલ્લા અગિયાર મહિનામાં રૂપિયા એક કરોડથી વધારે રકમ વિના ટિકિટે મુસાફરી કરતા લોકો, ખુદાબક્ષો, પાસેથી દંડરૂપે વસૂલ કરી છે! હું માનું છું કે, ટિકિટ વિના પકડાયેલા અસંખ્ય લોકોમાંથી સરકારને એટલે ઉપરી અધિકારીઓને બતાવતા પૂરતી પહોંચ ફાડી આપ્યાની એ રકમ હોઈ શકે છે.

ટ્રેનોમાં મેં કેટલીય વાર જોયું છે કે, મોટા ભાગના કિસ્સાઓમાં ટિકિટ વિના પકડાયેલા મુસાફરને દંડની કુલ રકમની પહોંચ ફાડી આપવાને બદલે ટીસી અડધી રકમ લઈને પહોંચ આપ્યા વિના જતા હોય છે! નવેમ્બર ૨૪, ૨૦૧૩ના રોજ હું આશ્રમ એક્સપ્રેસમાં દિલ્હી જતો હતો. મારી સામે એક યુવતી આવીને બેસી ગઈ. એની પાસે ખાસ લગેજ નહોતું. લાંબી મુસાફરીમાં લગેજ વિના આવીને બીજાના લગેજ ઉઠાવી જતા ચોરોની વાત મેં સાંભળી છે. એટલે હું સાવધ બન્યો. પરંતુ એ યુવતીના શાંત-સૌમ્ય ચહેરા પર એવી કોઈ શંકા કરવાની કે ખાસ સાવધાન રહેવાની મને જરૂર ન લાગી. ટીસી આવ્યા ત્યારે એની પાસે ટિકિટ નહોતી. ટીસીએ એને રૂા. ૭૦ ની શિક્ષા કરી તો તેણે તરત જ રૂા. ૭૦ કાઢી આપ્યા. રૂા. ૭૦ માંથી રૂા. ૨૦ પરત આપીને ટીસીએ પૂછ્યું, "ખુશ?" એ યુવતીના ચહેરા પર કોઈ પ્રતિભાવ ન દેખાયો.

ટીસી ઊઠીને જતા હતા ત્યારે મેં એમનું ધ્યાન દોરતાં કહ્યું, "સાહેબ, આપે રૂા. ૫૦ લીધા, પણ પહોંચ આપી નહીં!"

"સાહેબ, મારે તો પાંચ ડબાનું કામ કરવાનું છે. મેં આ રીતે બીજાનાં પણ નાણાં લીધાં છે. બધાને છેલ્લે પહોંચ ફાડી આપીશ," ટીસીએ મને કહ્યું.

"તો સાહેબ, આપ પહોંચ ફાડી આપશો ત્યારે એ બહેન પાસેથી પહોંચનાં નાણાં લેજો" મેં દઢતાથી કહ્યું.

એક જૂઠ છુપાવવા સો જૂઠાણાંનો આશરો લેવો પડે છે! જૂઠી વાતોથી ટીસીનો અવાજ વધતો રહ્યો અને હું તો બિલકુલ શાંત રહ્યો. એટલામાં બંને બાજુથી લોકોની ભીડ જામવા માંડી. ટીસી પેલી છોકરી પાસેથી લીધેલા રૂા. ૫૦ એને પરત આપીને આગળ ગયા. પછી મેં એ છોકરી સાથે વાત કરી તો મને જાણવા મળ્યું કે તે નિયમિત અપડાઉન કરતી કોલિજયન છે. એનો 'પાસ' ખલાસ થયો હતો અને બીજો પાસ કઢાવવાનો બાકી હતો. ટીસીને દર મહિને મસમોટી રકમનો પગાર મળે છે. છતાં ટીસી જેવા સરકારી કર્મચારીઓ ભ્રષ્ટાચારથી મુક્ત નથી એ આપણી કમનસીબી છે.

આપણી જાતને પ્રથમ પ્રકારના પરગજુ અને ભરોસાપાત્ર માણસોની હરોળમાં મૂકવા માટે ખોટી વાત અને લાંચ આપવા કે લેવા જેવી બધી બાબતોમાંથી સંપૂર્ણપણે મુક્ત રાખવા પડશે. નવા વર્ષે બધા જ પ્રકારના સ્વાર્થથી દૂર રહીને આપણા દૈનિક આચારવિચારથી આપણે પ્રથમ પ્રકારના માણસો થવાની પસંદગી કરીશું. ■

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
**THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH**
**FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS**

સમાજ ચિંતન

## સંબંધોના સથવારે

# મહિલા દિન – સાર્થક થાય છે ખરો?

ઇલા કે. શાહ

આંતરરાષ્ટ્રીય મહિલા દિન દર વર્ષની આઠમી માર્ચે ઉજવાય છે. દર વર્ષે આ રીતે આ દિવસ આવે છે ને જાય છે. શું ફેર પડે છે? મહિલાઓએ પુરુષ-સમોવડી થવા ઘણાં પ્રયત્નો કર્યા. આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધી એક સ્ત્રી તરીકે ગૌરવ અપાવનાર હતા.

દુનિયાનું એવું કયું ક્ષેત્ર છે કે જ્યાં સ્ત્રી નથી પહોંચી? ચાર દીવાલોનાં બનેલા ઘરમાંથી તે બહાર નીકળી શિક્ષણ ક્ષેત્રે હરણફાળ ભરીને એક બિઝનેસ વુમન બની તો એક સ્ત્રી એન્જિન ડ્રાઈવર પણ બની, રિક્ષાચાલક તરીકે કામ કર્યું તો પેટ્રોલ પંપ પણ સંભાળ્યો. બેંકમાં કામ કર્યું તો કોર્ટમાં પણ પાછી ન પડી. સિવિલ એન્જિનિયર બની તો કોમ્પ્યુટર ક્ષેત્રે પણ આગળ વધી. સાથે સાથે ઘર-પરિવારની પરવરિશ તો ખરી જ. પતિદેવની સાથે કુટુંબના વડીલોને સાચવે, માન આપે, પોતાના બાળકોના ઉછેર માટે પણ પૂરતું ધ્યાન આપે.

તેમ છતાં દરેકમાં અપવાદ હોય છે તેમ, નારી પર થતાં અત્યાચારો ઘટ્યા છે ખરા? દહેજનું દૂષણ અટક્યું છે ખરું? વહુને જીવતી જલાવી દેવાનાં પ્રસંગો હજુ હાલમાં પણ બની રહ્યાં છે. મા-બાપને સારી રીતે ન સાચવનાર દીકરા તેઓને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે. એટલે વૃદ્ધાશ્રમની સંખ્યા વધતી જાય છે. માતા-પિતાને શ્રવણ બનીને રાખનાર મમતાળુ દીકરા પણ છે, છતાં તેઓને ધુત્કારી કાઢી મૂકનાર દીકરાઓ પણ છે. તો આવું શા માટે? બળાત્કારનાં બનાવો તો પેપરમાં રોજ વાંચવા મળે છે. સરકાર આવી બધી સ્ત્રીની સમસ્યાઓ માટે કાંઈક કરે તો મહિલાદિનની ઊજવણી કરી લેખે લાગશે. મહિલા દિન નિમિત્તે જ એક મા-દીકરાના સંબંધના સથવારાની દિલની વાત તમને જણાવું...

તારાબેનનાં ઘરમાં કટુવાણીના વાગ્બાણ છૂટતા હતા. પરસ્પર શબ્દયુદ્ધ ખેલાતું હતું. આજુબાજુના લોકો કાન માંડીને સાંભળતા હતા.

"જો બા, આ બંગલો વેચી નાખ, અને અમારા ત્રણે ભાઈઓના ભાગ પાડી દે." મોટો દિકરો જુદો રહેતો હતો. તે દેવાળું કાઢીને પોતાની મા પાસે મિલ્કત પડાવવા આવ્યો હતો.

"તેં દેવાળું કાઢ્યું એમાં હું શું કરું? આટલાં વખતથી માતા શું કરે છે? શું ખાય છે? તબિયત કેવી રહે છે? કેવી રીતે ગુજરાન ચલાવતી હશે? તેવો વિચાર આવેલો ખરો? બાપના ગયા પછી મને - અમને સંભાળવાની મોટા દિકરા તરીકે તારી જવાબદારી ન કહેવાય?" તારાબેને પ્રશ્નોની ઝડી વરસાવી.

"હું કાંઈ ન જાણું, મારે તો મારો મિલ્કતનો ભાગ જોઈએ." મોટા દીકરાએ કહ્યું.

"બંગલો વેચું તો હું શું ખાઉં? તારી નાની બેન હજુ પરણાવવાની બાકી છે. આ નાનો દીકરો હમણાં જ ભણી રહ્યો છે. ત્રણ જણની ભરણ-પોષણની જવાબદારી લે તો ખબર પડે. બંગલો વેચવાની મૂર્ખામી મારાથી નહિં બની શકે. મારા નામે બંગલો છે તો સારું છે, નહિ તો મારે ફૂટપાથ પર રહેવાનો વારો આવત." તારાબેને હૈયાં વરાળ ઠાલવી.

ક્રોધથી ભભૂકતો ને દેવાળાંથી ત્રસ્ત થયેલો, લોકોની ઉઘરાણીથી અકળાયેલો હતો. તેથી પોતાની મા તારાબેન આગળ કાંઈક બોલે ત્યાં તો જોરથી એક તમાચો ચોડી દીધો. તેઓ તમ્મર ખાઈને પડ્યાં ને મોટેથી રડવાં લાગ્યાં. તેમનું કોણ હતું? આ અવાજથી ને બોલાચાલીથી મામલો બીચક્યો હતો. લોકોના ટોળાં ભેગાં થયા. પણ કોઈના ઘરની અંગત બાબતમાં કોણ પડે? તેથી બધાં બહાર જ રહ્યાં.

બંને દીકરા ભેગા મળીને આજે મમતામયી વિધવા માતાને રઝળતી કરવા આવ્યા હતા.

તારાબેનના પતિ ઘણી નાની ઉંમરમાં આ સંસારમાંથી વિદાય લઈ ચૂક્યા હતા. સારી એવી મૂડી અને આ એક બંગલો મૂકતા ગયેલા. પરંતુ આ કાળઝાળ મોંઘવારીને કેવી રીતે નાથી શકે? ભીષણ મોંઘવારીની ભીંસમાં તેઓ ભીંસાતા હતા ને જીવન ગુજારો કરતા હતા. તારાબેને દુઃખ વેઠીને, તડકો-છાંયડો જોયા વિના, ભૂખ-તરસને ગણકાર્યા વગર દીકરોઓને મોટા કર્યા હતા. ભણાવીને પરણાવ્યા પણ ખરાં. બે દીકરાનાં લગ્ન કર્યા ને વહુઓનું ઘરમાં આગમન થયું. હજી નાનો ત્રીજો દીકરો અને એક દીકરી ઘરમાં જ હતી.

સમાજમાં ચાલ્યું આવ્યું છે તેમ ધીમે ધીમે ઘરમાં કંકાસનાં વાતાવરણે સામ્રાજ્ય જમાવ્યું. સાસુ-વહુ વચ્ચે તો ઠીક પણ દેરાણી-જેઠાણી વચ્ચે ઝઘડા થવા માંડ્યા. હળીમળીને રહેવાને બદલે ભાઈ-ભાઈ વચ્ચેનો સંબંધનો સાથ છૂટી ગયો. બંને

(અનુ. : જુઓ પાના નં.-૫૪ ઉપર)

મંથન

# આદરભાવ

એસ.જી. પટેલ

આપણી પોતાની અને બીજાઓની અદબ સાચવવાથી આદરની કમાણી થાય છે. તે માટે ધન સંપત્તિ, મોંઘા કપડાં કે આકર્ષક દેખાવ જરૂરી નથી. તમારી જ્ઞાતિ અથવા કઇ શાળા - કૉલેજ - યુનિવર્સિટીમાંથી શિક્ષણ મેળવ્યું કે કયા કુટુંબમાંથી આવો છો એના આધારે તમારું માન-પાન ઊભું થતું નથી. માન-સન્માન એમનું જ થાય છે, જેઓ પોતાની સાચી લાયકાત મુજબ જ વાણી, વર્તન અને વ્યવહાર પ્રામાણિકતાથી કરે તેમજ અન્ય સાથે ગૌરવયુક્ત રીતભાતની અનુભૂતિ કરાવે. જો આપ સૌજન્ય અને સદ્ભાવના થકી પોતાનો ખ્યાલ રાખો અને સામેવાળી વ્યક્તિમાં રહેલ સકારાત્મકતાને ઓળખો તો આપોઆપ સન્માનના અધિકારી બનશો. માનવીમાંથી માનવ બનવા માટેનું ચિંતન - મનન કરીએ.

### ● સારી છાપ પાડો :

આપણી જાતને દર્શનીય બનાવવા માટે સુઘડ અને સ્વચ્છ પોષાક પરિધાન કરો. તે કિંમતી ન હોય તો ચાલે પણ સારી રીતે ઇસ્ત્રી કરાયેલ હોય એ ઇચ્છનીય છે. જેથી ખબર પડે કે તમો તમારી જાતની સારી માવજત કરી શકો છો. તમારી શારીરિક અને માનસિક સ્વસ્થતા સાચવો જેથી મુખારવિંદ હર્ષિત અને દાંતની ચમક દર્શનીય બને. આપનું હાસ્ય અન્યને અહેસાસ કરાવશે કે તમો તમારામાં આત્મવિશ્વાસ ધરાવો છો અને બીજાઓને પ્રેરણા પૂરી પાડી શકો છો.

### ● અન્ય માટે આદર્શ બનો :

આ અકળ જગતમાં સામાન્ય લોકો સમસ્યાઓથી ગ્રસ્ત હોય છે. તેમને ડગલે અને પગલે સલાહની જરૂર પડતી હોય છે. આપણો અભિગમ એવો કેળવીએ કે જેથી જરૂરિયાતવાળા લોકો તમારી પાસે સરળતાથી, વિના સંકોચે પહોંચી શકે અને વાત રજૂ કરે. આપણી સાથેની મુલાકાત એમના માટે પથદર્શક પુરવાર થાય. જતાં જતાં એવી છાપ લઈને જાય કે તમો નિઃસ્વાર્થભાવે જે કંઈ ચર્ચા કરી તે એમના ભલા માટે જ હતી. શક્ય છે કે તમો એમની મુશ્કેલી ન ઉકેલી શક્યા હો તો પણ એ તમારા માટે બે સારા બોલ જરૂરથી બોલી શકે. આવો આદર્શ વ્યવહાર આપના પરિવારમાં, કાર્યાલયમાં અને સામાજિક વ્યવહારોમાં સચવાઈ રહે. તમો ગમે તે પરિસ્થિતિમાં હો તો પણ હંમેશાં એવી તક શોધતા રહો કે બીજાઓ આત્મ સન્માનથી કેવી રીતે જીવી શકે અને બીજાઓનું ગૌરવ પણ સચવાય તેવા ઉપાયો સૂચવતા રહો.

### ● તમારો નિર્ણય તમે જ કરો :

જીવનપથ હંમેશાં કઠિન જ હોય છે. જેઓ જોઈ શકે કે જીવનપથ કઠિન છે તેઓ જ પ્રગતિ કરી શકે છે. જેઓ માને કે જીવન સરળ છે તેમણે કોઈ પુરુષાર્થ કરવાનો રહેતો નથી. પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગરતું નથી. સામાન્ય માણસો જીવનનૈયાની સઢ પવનની દિશા પ્રમાણે ફેરવી દે છે. જેથી હલેસાં મારવાં ન પડે અને સહેલાઇથી કિનારે પહોંચી જવાની આશા સેવે છે. શક્ય છે, આમ કરવાથી લક્ષથી ક્યાંક દૂર ફંટાઇ ન જવાય. આપણા જીવનમાં પણ ચઢાવ-ઉતાર વચ્ચે અનેક તબક્કે નિર્ણય લેવાની ફરજ પડતી હોય છે. કપરા સંજોગોમાં પણ નિર્ણય લેવો તો પડે જ છે. શક્ય છે તમારી કટોકટીમાં ઘણા પોતાના અનુભવ આધારિત તમને સલાહ આપશે જ. એ સલાહ માની લેવી એવું જરૂરી નથી. "સાંભળો સૌનું, પણ કરો પોતાનું." જ્યારે તમારા પોતાના આત્માના અવાજને અનુસરશો તો સફળતા તમારી જ છે. આમ, જાતે કરેલા નિર્ણયથી યશ અને અપયશના અધિકારી આપણે જ બનીએ છીએ જેથી લાંબા ગાળે આપણને આપણું માન મળે જ.

### ● અતિ સંપત્તિથી અળગા રહો :

નાશવંત ધનસંપત્તિ ક્ષણિક આનંદ આપે છે અને લાંબે ગાળે દુઃખી કરે છે. ચિરંજીવ આનંદમય જીવન જીવવા અને આપણી આસપાસના લોકોમાં કેન્દ્રસ્થાન મેળવવા મથ્યા કરો. તેઓ જ તમને સારી રીતે સમજી શકશે અને માન મર્યાદા જાળવાશે. આપણને બધાને ધનસંપત્તિની જરૂર છે કે જે આપણી રોજિંદી જરૂરિયાત સંતોષે. હંમેશાં યાદ રાખો કે ભૌતિક ચીજો સર્વસ્વ નથી. મનુષ્ય શરીરનાં સુખોને એવી રીતે વળગે છે કે અને સંતોષે છે, જાણે એ સુખસંતોષ કાયમ માટે ટકવાનાં હોય. જેમ જેમ મનુષ્ય ભૌતિક સુખ-સગવડો અને વૈભવની ચીજવસ્તુઓનો સંગ્રહ કરતો જાય છે, તેમ જાણે તેને કોઈ કેફી પદાર્થનું વ્યસન વળગતું હોય તેમ થાય છે. ક્ષણભંગુર મોજમજા અને ભૌતિક સુખોમાં તે ઊંડો ને ઊંડો ગરક થતો જાય છે. પરંતુ મનુષ્યને ખ્યાલ નથી આવતો કે શરીરની ઇચ્છાઓને સંતોષવાથી મળતું સુખ ક્ષણિક અને મિથ્યા છે. ઇચ્છાઓ ક્યારેય સંતુષ્ટ થતી નથી.

ઈચ્છાઓ તો સમુદ્ર સમાન છે. જેમ તેની ઈચ્છાઓ પૂરી કરીએ તેમ તે વધુ મોટો ઘૂઘવાટ કરે છે. ઈચ્છાઓના પ્રદેશમાંથી દુઃખ અને નર્ક ઉદ્ભવે છે. આવી ઈચ્છાઓ - વાસનાઓ પર અંકુશ મેળવવો તે જ સાચા સુખશાંતિનો રાહ છે. જીવનમાં સ્વર્ગ અને નર્ક ક્યાંય બહાર નથી. તે મનુષ્યની અંદરથી જ ઉદ્ભવે છે. મનુષ્યની આંતરિક સ્થિતિ જ સ્વર્ગ કે નર્ક સમાન પરિસ્થિતિઓના ઉદ્ભવ માટે કારણભૂત છે.

- **કરવાનું મુલતવી રાખવું નહીં :**

હંમેશાં હેતુપૂર્વક કાર્ય કરો. જ્યારે તમો નિર્ધાર કરો કે આવું કંઈક કરી બતાવવું છે, તો તે વિશે વિચાર કરો, આયોજન કરો. સારામાં સારી રીતે કરવા માટે કાર્યાન્વિત થાવ. થશે, કરીશ, કોઈકની પાસે કરાવી દઈશ એવા અંશકાલીન સંતોષ મેળવવાના ખ્યાલોમાંથી મુક્ત થાવ. આજનું કામ હમણાં જ કરો અને આવતીકાલનું કામ આજે જ પતાવો. કામનો ભરાવો કદી ન થવા દો. લોકો કાર્ય પતાવનારને જ માન આપે. મુલતવી રાખનારને કદી નહીં.

- **સંસ્કારી વ્યક્તિ બનો :**

તમારી આસપાસ અને વિશ્વમાં બનતી ઘટનાઓથી માહિતગાર રહો. ભલે તે ઘટના રમત-જગતની હોય, સિનેમાની હોય કે રાજકારણની હોય. બધા વિષયોમાં રસ કેળવી જાણકાર રહેવું. તેનાથી ફાયદો એ થશે કે જ્યારે તમો તમારા સામાજિક વર્તુળમાં એકત્ર થયા હોય ત્યારે બધા સાથે વિચારોના આદાનપ્રદાનમાં સક્રિયતા દેખાશે અને તમારા જ્ઞાનની નોંધ લેવાશે. જ્યારે તમે આદર્શ પ્રતિભા ઝંખતા હોવ ત્યારે સંકુચિત વિચારસરણી નહીં ચાલે, વિશાળ દૃષ્ટિ કેળવી વિશાળતાથી મન અને બુદ્ધિથી ભરપૂર રહો. આમ કરતાં કરતાં આપ સૌના પ્રીતિપાત્ર ઊભરી આવશો.

- **શિષ્ટ ભાષાનો ઉપયોગ કરો :**

શક્ય હોય ત્યાં સુધી સકારાત્મક દૃષ્ટિકોણ કેળવો. કોઈપણ મુદ્દા પર વાદવિવાદ ચાલતો હોય ત્યારે મનુષ્યો પારખી લેતા હોય છે કે આ વાતમાં કેટલો રસ છે, કેટલો સ્વાર્થ છે, ક્યાં અતિશયોક્તિ થાય છે. મનુષ્ય જે પણ સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે, કે જેમને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય છે તે બધું તેના વિચારોને શિષ્ટ ભાષામાં રજૂઆતનું સીધું પરિણામ છે. આ વિશ્વ અત્યંત સુવ્યવસ્થિત અને ન્યાયી છે. અહીં મનુષ્ય સમતોલન ખોઇ બેસે તો તેનો અર્થ સર્વનાશ છે. આ સંજોગોમાં વ્યક્તિએ પોતાની સંપૂર્ણ જવાબદારી ઉઠાવવી પડે છે. મનુષ્યની કોઈપણ સફળતા કે પ્રાપ્તિઓ તેના વિચારોની શિષ્ટ ભાષામાં રજૂઆત અને પ્રયત્નોના સરતાજ અને શિરોમણી સમાન હોય છે. સ્વ-નિયંત્રણ, કટિબદ્ધતા, શુદ્ધતા, સત્યનિષ્ઠા અને વિચારોને યોગ્ય દિશામાં સંચાલિત કરવાથી મનુષ્ય ઉન્નતિને વરે છે. સાચા અને વિચારો અને ભાષાથી મળેલી સફળતાઓ અને વિજયોને મનુષ્યે પૂર્ણ સભાનતા અને સાવધાનીથી જાળવવા પડે છે.

- **દૃઢ વિશ્વાસ ઝરવા દો :**

જો તમને તમારામાં જ વિશ્વાસ નહીં હોય, તો બીજા કોઈ તમારામાં વિશ્વાસ નહીં મૂકે. મનુષ્યો તમારી કસોટી કરશે અને તમારી અસલામતી સંકોરવાની કોશિશ કરશે. જો તમને તમારી જાત અને ક્ષમતાઓ પર પૂરતો ભરોસો હશે તો લોકો ગમે તેટલી અવ્યવહારુ વર્તણૂંક કરે છતાં તમો અડીખમ ઊભા રહી શકશો. કદાચ લોકો તેમની નાલાયક હરકતો ચાલુ રાખશે તો તમો તેમને અવગણીને તમારી આંતરિક શાંતિ સાચવી રાખશો. એવું જરૂરી નથી કે લોકો તમારી પ્રતિભાને બિરદાવે, આપણી નિષ્ઠા અને સત્યતાભર્યો આત્મવિશ્વાસ જ તમને જગતજીત બનાવશે.

- **આશાવાદી બનો :**

સામાન્ય રીતે કોઈકની નબળાઈઓ તરફ આંગળી ચીંધવી સહેલી હોય છે. પરંતુ એ નબળાઈઓમાંથી માર્ગ કાઢવા અવરોધો કેવી રીતે દૂર કરી શકાય, તે માટેનું ચિંતન કરી નિર્ણાયક ભૂમિકા ભજવવાથી સમસ્યાને હળવી બનાવી અન્ય માટે પ્રોત્સાહક બની શકાય. જો તમો આશાવાદી બનશો તો સ્વાભાવિક રીતે લોકો આપને મળવાનું હંમેશાં વિચારશે અને તમારા પ્રત્યે આદરભાવમાં વધારો કરશે.

- **વચન પાલન કરો :**

જે કંઈ બોલીએ તેનું ક્ષણિક વિચારી લેવું કે હું જે બોલું તેનો અમલ કરી શકીશ કે કેમ. જ્યાં તમને જરાપણ શંકા જતી હોય તો પ્રેમથી કહી દો કે – "મારાથી એ નહીં થઈ શકે" કે "હું એવું કરવા અસમર્થ છું." શક્ય છે કે તમારી પાસે આવનારને તાત્કાલિક અણગમો થશે. પણ લાંબેગાળે સમજાશે કે આપણો અભિગમ સાચો અને વ્યાજબી હતો. આમ તમો તમારું અને સામાવાળી વ્યક્તિનું સન્માન સાચવી શકશો. ટૂંકમાં, જે કંઈ બોલો તે કરી બતાવો. બોલવા ખાતર બોલવાનું નહીં. કેટલાક રાજકારણીઓ વચનભંગને કારણે જ માનભંગના ભોગી બને છે.

- **કશાકમાં સર્વશ્રેષ્ઠ બનો :**

આ સૃષ્ટિના સર્જનહારે દરેક મનુષ્યમાં કોઈકને કોઈક ખૂબીની ભેટ આપી છે. સવાલ એ છે કે એ ખૂબીને ઓળખી, તેની માવજત કરી તેમાં શ્રેષ્ઠતા પામવી. શક્ય છે કે આ ખૂબીને શોધવા, પાળવા કે માણવામાં સમય લાગે, પણ અધીકારીને અળગી કરી વળગી રહેવામાં જ મજા છે. ધીરજના ફળ હંમેશાં મીઠાં જ હોય છે અને કરેલું ક્યારેય ફોગટ જતું નથી. વિચારસરણી જ આપણને જાગતા રાખી નવા નવા શિખરો સર કરવામાં મદદરૂપ થશે.

**(અનુ. : જુઓ પાના નં.-૫૪ ઉપર)**

મંથન

# મા-બાપોને લાલબત્તી

હરેશ ધોળકિયા

તાજેતરમાં દિલ્હીની એક હોસ્પિટલમાં એક કિસ્સો આવ્યો જે ધ્યાન ખેંચે તેવો છે. ત્યાં એક નવ વર્ષના છોકરાને લઇ આવવામાં આવ્યો હતો. તે માંદો હતો? ના. તેનો કિસ્સો એ હતો કે તેણે ચપ્પુથી પોતાના હાથની નસને કાપવાનો પ્રયત્ન કર્યો હતો.

શું તે પ્રેમમાં નિષ્ફળ ગયો હતો? શક્ય નથી કારણકે તે તો માત્ર નવ વર્ષનો હતો! તો... આવડા નાના છોકરાને વળી શું સમસ્યા હોય? માતા-પિતા તેને ત્રાસ આપતા હતા?

ના રે! તે તો તેનું ખૂબ ધ્યાન રાખતા હતા. તો...?

આ બાળકની સમસ્યા વિચિત્ર હતી. તેણે પોતાના હાથની નસ એટલે કાપી હતી કે તેના માતા-પિતાએ તેના પાસેથી તેનો મોબાઇલ ફોન લઈ લીધો હતો. તેથી તે ખૂબ ગુસ્સે થઈ ગયો હતો અને તેના પ્રત્યાઘાતરૂપે તેણે આ કૃત્ય કર્યું હતું.

પણ માતા-પિતાએ તેનો મોબાઈલ શા માટે લઈ લીધો હતો?

જરા પાયામાંથી વાત જાણીએ.

આ છોકરો ચાર વર્ષનો હતો ત્યારે તેનાં માતા-પિતાએ તેને મોબાઇલ ભેટ આપ્યો હતો જે પછી તેનું માનીતું રમકડું થઈ ગયો હતો. પછી ધીમે ધીમે આ મોબાઇલ આ છોકરા માટે “આધાર” બની ગયો હતો. તેના વિના તેને એક મિનિટ પણ ચાલતું ન હતું. તે તેનો ગુલામ બની ગયો હતો. ચોવીસે કલાક તે તેની સાથે જ રહેતો હતો. તેનાથી જ રમ્યા કરતો હતો અને અચાનક માતા-પિતાએ તે લઈ લીધો એટલે અસ્વસ્થ થઈ ગયો. સહન ન કરી શક્યો અને આવું પગલું લઈ લીધું. માતા-પિતા પ્રત્યે આ રીતે તેણે પોતાનો ગુસ્સો કાઢ્યો.

પણ માતા-પિતાએ ચાર વર્ષના બાળકને મોબાઇલ આપ્યો શા માટે?

હા... અહીં વાત શરુ થાય છે!

માતા-પિતાએ બાળકને એટલે ફોન આપ્યો કારણકે તેઓ પોતાનો સમય “બચાવવા” માંગતા હતા. બાળકથી વળી સમય શા માટે બચાવવો પડે છે?

આ છોકરાનાં માતા-પિતા બંને કામ કરતા હતાં. પિતા એક વેપારી છે અને માતા પ્રાધ્યાપક છે. તેમની પાસે બાળક માટે બહુ જ ઓછો સમય હોય છે. એટલે શરૂઆતમાં તો બાળકને મનોરંજન મળે માટે આ મોબાઇલ આપ્યો હતો. પણ તે વ્યસનમાં બદલાઈ ગયું. પછી તો એવું બનવા લાગ્યું કે મા તેને ખવડાવવા આવે, ત્યારે પણ જો હાથમાં મોબાઇલ ન હોય તો છોકરો જમવાની ના પાડી દેતો. મોબાઇલ તેના માટે ચોવીસ કલાકની ઘટના બની ગઈ! અને અચાનક તે લઇ લેવામાં આવ્યો કે તરત તેણે આ પગલું ભર્યું.

આમ કેમ બન્યું? — માતા-પિતાને સવાલ પૂછાયો. તો તેમનો જવાબ આવ્યો કે તેઓ તેને બહાર રમવા જવાનો આગ્રહ જ નહોતા કરતાં. કેમ? ફરી સવાલ પૂછ્યો. તો કહે કે બહાર જાય તો ખરાબ કંપનીનો ભય રહે. ઘરમાં બેઠો હોય અને મોબાઈલમાં વ્યસ્ત રહે તો તેમાંથી તો બચી જાય.

માતા-પિતાને ફરી સવાલ પૂછાયો કે ક્યારે તેમને આ મુદ્દો સમસ્યાજનક લાગવા માંડ્યો? તેમણે જવાબ આપ્યો કે એકાદ વર્ષથી તેમને વહેમ જતો હતો. જ્યારે પણ બાળક પાસેથી મોબાઇલ લઈ લેવામાં આવતો, તરત તે છોકરો ગુસ્સો વ્યક્ત કરતો અથવા રીસાઇ જતો કે ખૂબ તાણમાં આવી જતો. ઉપરાંત તેને વારંવાર માથું દુઃખતું હતું. તપાસ કરાવી તો આંખો નબળી હોવાનું માલૂમ પડ્યું. ચશ્માં કઢાવ્યાં. આંખો વધારે નબળી ન પડે તે માટે માતા-પિતાએ મોબાઇલ અટકાવવા સાથે લેપટોપ, ટી.વી. વગેરે જોવાનું પણ અટકાવ્યું. પણ આ દરમ્યાન તો આ છોકરો રોગીષ્ટ બની ગયો હતો. તેના રોગનું નામ હતું “મોબાઇલ મેનિયા” અથવા તો “મોબાઇલ ગુલામી!” એટલે તેની પાસેથી મોબાઈલ લેવાનો જરા પણ પ્રયત્ન થાય કે તેનું વર્તન હિંસક બની જતું. તે ચીડાઈ જતો. તેને જો મોબાઇલ પાછો આપવામાં ન આવે તો તે ભીંતમાં માથું પછાડતો! અને છેલ્લા ઉપાય તરીકે તેણે પોતાના હાથની નસ કાપવાનો પ્રયાસ કર્યો.

તેને આ ટેવમાંથી દૂર કેમ કરવો? તેને મોબાઇલમાંથી સ્વાવલંબી કેમ બનાવવો? તેને નવાં નવાં બાળકો સાથે મૂકવામાં આવે છે. તેમની સાથે તે ભળે તેવા પ્રયાસો કરવામાં આવે છે. તે સાથે તે નવા શોખ કેળવે તેવા પણ પ્રયાસ કરાય છે. તેને ટેબલ ટેનિસમાં રસ જન્મે એવા પ્રયાસ કરાય છે અને સદ્‌નસીબે, તે રમે છે. તેને સંગીતના વર્ગમાં મોકલવામાં આવે છે.

પણ સમાંતરે તેની માતાને પણ “કડક” રીતે કહેવામાં આવે છે કે તેમણે શક્ય તેટલો મહત્તમ સમય બાળક સાથે પસાર

કરવો જોઈએ. તેમણે તેની સાથે હકારાત્મક રીતે જીવવું જોઈએ. તેને સતત હૂંફ આપવી જોઈએ. બાળક સાથે જ્યારે તેઓ રહે ત્યારે તેમણે પણ મોબાઈલ અને એવાં બીજાં સાધનો (ટી.વી., કોમ્પ્યુટર વગેરે)થી દૂર રહેવું જોઈએ અને કેવળ બાળક સાથે જ રહેવું જોઈએ અને આ બધું તે તેર વર્ષનો થઈ જાય ત્યાં સુધી સતત ચાલું રહેવું જોઈએ. ડૉક્ટરોએ માતા-પિતાને ચોખ્ખું કહ્યું કે તેમણે દિવસમાં એકવાર ભોજન બાળક સાથે જ લેવું જોઈએ અને ત્યારે પણ કોઈ પણ સાધનથી દૂર રહેવાનું છે. સાંજે તેની સાથે ફરવા જવું જોઈએ.

ડૉક્ટરો કહે છે કે આવા — મોબાઈલ પરાવલંબનના કિસ્સા વધતા જાય છે. પરાવલંબન તેને કહેવાય જેના પ્રભાવથી વ્યક્તિ તેના વિના ચલાવી જ ન શકે અને તેના સામાજિક, શૈક્ષણિક તથા વ્યવસાયિક જીવન પર વિપરીત અસરો પડવી શરૂ થઈ જાય. જેમકે દવાઓ - ડ્રગ્ઝનો નશો ભયંકર છે, તેમ આ પરાવલંબન પણ ભયંકર છે. તેનાથી સામાજિક એકલતા જન્મે છે, ગુસ્સો અને તાણ વધી જાય છે. એટલે શરૂઆતથી જ આ બાબતનો ઉપાય થાય તો જ હેરાનગતિ અટકી શકે છે.

છાપા, ટી.વી., સંશોધનો, ડૉક્ટરો હવે મોટા અવાજે કહી રહ્યાં છે કે બધાએ - ખાસ કરીને બાળકોએ - આ વ્યસનથી મુક્ત થવાની જરૂર છે. મોબાઈલ અવશ્ય એક ઉપયોગી સાધન છે. પણ મોટાભાગે તે વ્યસન બની ગયેલ છે. તેમાં પણ નાનપણથી બાળકોના હાથમાં તેને મૂકી દેવામાં આવે છે તેના કારણે બાળકોનો વિકાસ અટકવા લાગ્યો છે. તેની બુદ્ધિ નબળી પડવા લાગી છે. આંખ, હાડકાં વગેરે નબળાં પડવા લાગ્યાં છે. તેની એકાગ્રતા ઘટતી જાય છે. યાદશક્તિ ઓછી થતી જાય છે, તેના રસો ઘટતા જાય છે. એકલવાયું બનતું જાય છે. બાળપણથી જ તાણનો ભોગ બને છે.

અત્યારે માતા-પિતાઓ લાડના નામે બાળકને અનેક બિનજરૂરી વસ્તુઓ લઈ દે છે. પછી આવા બનાવો બને છે ત્યારે અસ્વસ્થ થઈ જાય છે. પણ આ બનાવ લાલબત્તી છે કે તેમણે શરૂઆતથી જ ચેતવાનું છે. બાળકને જરૂરી જ વસ્તુઓ આપવાની છે, તેમની સાથે રહેવાનું છે, તેને કેળવવાનું છે, તેને સામાજિક બનાવવાનું છે. તેનામાં વિવિધ રસો કેળવવાના છે. ફેસબુક, ટ્વીટર વગેરેથી દૂર રાખવાનું છે. તેના બાળપણને નિર્દોષ રાખવાનું છે. ગમે તેમ કરીને તેને ટેકનોલોજીના અતિરેકથી બચાવવાનું છે.

*મો. ૯૮૨૫૩ ૯૨૦૪૬*

## મહિલા દિન — સાર્થક થાય છે ખરો?

**(અનુ. : પાના નં.-૫૦ ઉપરથી ચાલુ)**

ભાઈઓ અલગ થઈ ગયા. માની પાસે નાનો દીકરો ને દીકરી રહ્યાં. દીકરા-વહુઓને વિચાર પણ ન આવ્યો કે પિતા વિના હવે અમે પણ નહીં હોઈએ ત્યારે મારી આ મા શું કરશે? સ્વાર્થનાં બંધારણે જોર પકડ્યું હતું.

કોઈ દીકરાને એવો વિચાર આવે છે કે પોતાના સંતાનોને ઉછેરતાં મા-બાપને કાંઈ દુઃખ પડ્યું હશે?

હવે તો તારાબેનની મૂડી પણ ખલાસ થવા આવી હતી. નાનો દીકરો નોકરી શોધી લાવ્યો. દીકરી પણ નાના-મોટાં કામો કરીને આવક ઉમેરતી ગઈ. હવે બન્યું એવું કે આ બાજુ મોટા દીકરાએ દેવાળું કાઢ્યું. આબરૂ ગઈ. દેવું કેવી રીતે ચૂકવે? લેણદારોની કતારો થવા લાગી. કોઈ રસ્તો બાકી ન રહ્યો એટલે માં યાદ આવીને તેની પાસે આવી આ રીતે ધમપછાડા કરી, માતાને મારીને પણ મિલ્કત મેળવવા કોશિશ કરવા લાગ્યો.

માતાનું રુદન ને આક્રંદ સાંભળવાની તેને ક્યાં ફુરસદ હતી? મામલો ઘણો આગળ વધ્યો હતો. નિવેડો લાવ્યા વગર છૂટકો જ નહોતો. છેવટે તેમનાં કુટુંબની એક અગ્રણી વ્યક્તિએ નિકાલ આણ્યો. એ જ બંગલાની એક રૂમમાં તેઓ રહી શકે તેવું નક્કી કરાયું. મિલ્કત ખાતર જીગરના ટુકડા થયા. નિર્દય અને નિષ્ઠુર દીકરાનો તારાબેનને પરિચય થયો. જીવનનો આ દીકરા સાથેનો અણમોલ સાથ છિનવાયાનો અનુભવ થયો. બીજા દીકરાને પણ મિલ્કતનો ભાગ મળ્યો તેથી ખુશ થયો. પણ મા પ્રત્યે લાગણી ન થઈ. પણ તેઓનાં નાના ભાઈ-બહેને માને સાંત્વન આપ્યું ને કહ્યું કે, "બા, તું જરા પણ ચિંતા ન કરીશ. હું કમાઈશ ને જિંદગીભર મારી સાથે ખૂબ પ્રેમથી રાખીશ." તો દીકરી કહેવા લાગી : "બા, હું લગ્ન જ નહીં કરું. હંમેશાં તારી સાથે રહીશ ને તને મદદરૂપ થઈશ."

તારાબેને બંને સંતાનોને માથે હાથ ફેરવી સાથે લીધા ને નક્કી કરેલ રૂમ તરફ જવા લાગ્યા. તેમના પતિની સ્મૃતિ તેમનાં હૃદયને રડાવી ગઈ. ■

## આદરભાવ

**(અનુ. : પાના નં.-૫૨ ઉપરથી ચાલુ)**

- **ભૂલનો સ્વીકાર કરો :**

"માણસ માત્ર ભૂલને પાત્ર છે" — આ ઉક્તિ આપણને શિખવાની પ્રક્રિયામાં પ્રોત્સાહક બને છે. છતાં યાદ રાખો કે તમો જે કંઈ કરો છો કે બોલો છો તેના અંતિમ નિર્ણાયક તમો જ છો. માટે જે કંઈ ભૂલ થઈ જાય તો તેનો સ્વીકાર કરો અને તેમાંથી બોધપાઠ લઈને આગળ વધો. તમને એવું લાગે કે જે માણસની ભૂલ ન થાય તે જ સન્માનનીય છે, પણ એવું નથી. ભૂલ તો થઈ શકે પણ ભૂલોની પરંપરા ન ચલાવી શકાય. જ્યાં આપણી જવાબદારી છે અને ભૂલ થઈ જાય તો ક્ષમાયાચના જ ઉત્તમ આચાર છે.

*મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર.*
*ફોન : (૦૨૬૯૨) ૨૩૭૧૦૮*

સંસ્કાર

# માતા-પિતાનું ઋણ અને સંતાનોનું ઉત્તરદાયિત્વ

ડૉ. સી. એલ. પટેલ

મુંબઈના એક ધનાઢ્ય પતિ-પત્નીએ પોતાની આવકમાંથી ઘણી સંપત્તિ ભેગી કરી હતી. તેમની સંપત્તિમાં એક ઈમારતમાં તેના દસમા માળે મોટા બે આલીશાન ફ્લેટ પણ તેમના પોતાના હતા. બંને પતિ-પત્ની ખૂબ સારી રીતે પોતાનું જીવન જીવી રહ્યાં હતાં પરંતુ ઘડપણ કોઈને પણ છોડતું નથી. બંને ઘરડાં થયાં, તેમની આજીવિકા માટે કોઈ ચિંતા નહોતી. આ અરસામાં પુરુષનું ઘડપણ તેના જીવનના અંતમાં પરિણમ્યું. પત્ની યાને ડોશી એકલાં પડ્યાં.

આ અરસામાં તેમને એક માત્ર સંતાન દીકરો છે અને તેના ઉચ્ચ અભ્યાસ બાદ દીકરો અને તેની વહુએ અમેરિકા સ્થાયી થવું તેવું નક્કી કરી, જરૂરી ઉચ્ચ અભ્યાસ મેળવી, ત્યાં અમેરિકા ધંધામાં સેટ થયા. દીકરાને ધંધાને લઈને બહાર રહેવાનું થતું. અવારનવાર દીકરો ઘરડી માને મુંબઈ ફોન કરતો રહેતો હતો. પરંતુ જતે દિવસે કામના બોજામાં વર્ષમાં એક દહાડો પણ માને ફોન કરવાનો ટાઈમ નહોતો મળતો. છેલ્લે ૨૦૧૫ માં જ્યારે તેણે તેની માને ફોન કર્યો ત્યારે માએ જણાવ્યું કે બેટા, હવે હું એકલી રહી શકું તેમ નથી, કાં તો તું પાછો આવી જા કે મને ત્યાં લઈ જા.

સમય જતાં દીકરાથી પોતાના અમેરિકાના રોકાણ અને વ્યવસાયમાં મા સાથે થયેલ વાત વિસરાઈ ગઈ. છેક બે વર્ષ બાદ ૨૦૧૭માં તેને યાદ આવ્યું કે માના ફોન કેમ બંધ થઈ ગયા છે અને તેણે પણ કોઈ ફોન કરી માની ખબર અંતર પૂછી નથી. અને તેને માનાજ વિચાર આવવા માંડ્યા અને તેણે ઈન્ડિયા જવાનું નક્કી કર્યું. મુંબઈ ઊતરી સીધો ઘરે ગયો. તેના મકાનના દસમા માળે જઈને ફ્લેટ ખોલવા બેલ માર્યો. કોઈ જવાબ ન મળ્યો અને તેની પાસે બ્લોકની ચાવી હતી તેનાથી પણ ડોર ન ખોલાયું. જેથી ચાવી બનાવનારને બોલાવી બારણું ખોલાવ્યું. અંદર બધી વસ્તુ બરાબર હાલતમાં હતી. માના બેડરૂમ તરફ ગયો. અંદર માને બૂમ મારી, જવાબ ન મળતાં માના બેડરૂમની અંદર ગયો.

બે વર્ષનાં વહાણાં વહી ગયાં હતાં. માના બેડરૂમમાં ગયો તો જોયું કે બેડરૂમમાં નહોતી મા કે તેનું મડદું. બેડરૂમના બેડમાં ફક્ત હાડપિંજર યાને કે માનાં હાડકાં જ હતાં અને મા જેવું કશુંય ન હતું. તે પશ્ચાત્તાપ કરે કે રડે પણ મા પાછી આવવાની નથી. બે વર્ષમાં મા મૃત્યુ પામી હશે અને જીવજંતુઓએ તેના હાડમાંસ સાથેનું બધું જ કાપી કાપીને ખાઈ ગયા હશે અને મડદામાં કંઈ રહ્યું નહીં જેથી હાડપિંજરમાં કોઈ જીવજંતુ માટે આશરારૂપ ન હોઈ જીવજંતુઓએ પણ હવે કશું મળવાનું નથી તેમ સમજી હાડપિંજરને છોડી દીધું હશે.

આમ, આ પ્રસંગ દરેક મા-બાપ જે ઘરડા હોય અને પુરુષ અથવા સ્ત્રી બેમાંથી એક ગુજરી ગયેલ હોય, જે મુખ્ય હોય પણ કોઈ દેખરેખ રાખનાર ન હોય તેમણે તેમના ઘડપણનું આયોજન કરવું જોઈએ અને નજીકના કોઈનો સહવાસ જાળવી રાખવો જોઈએ. તેમણે ઘડપણમાં બીજાઓ સાથે પણ સંબંધ જાળવી રાખવો જોઈએ. અમેરિકા કે બીજા દેશોમાં દૂર રહેતા દીકરા કે દીકરીએ સમયાંતરે ઘરડાં મા કે બાપની ખબર કાઢવી જોઈએ.

અમેરિકા અને બીજા વિકસિત દેશો તરફ અહીંના યુવાન વયના દીકરા દીકરીઓને ખૂબ આકર્ષણ રહે છે અને યેનકેન પ્રકારે ત્યાં જવા પોતાના અભ્યાસનો આશરો કે ફરવા જવાના વિઝા મેળવી કોઈપણ આશરો લઈ કાયમ થઈ જવા પ્રયત્ન કરે છે. આ ઘેલછા અહીં દેશમાં પ્રગતિ માટેની તકનો કોઈ ઉપયોગ થઈ શકે તે તરફ ધ્યાન જ નથી જતું અને પરદેશની ઘેલછા આપણા ઉપર સવાર થઈ જાય છે. આપણે ત્યાં બેઝિક વિષયોના જ્ઞાન માટે સરકારી અનુદાન માટેની સંસ્થાઓ છે, છતાં બધાને એન્જિનિયર કે ડોક્ટર થવું છે, તેના બદલે બેઝિક સાયન્સ, કોમર્સ, આર્ટ્સનો અભ્યાસ કરી સરકારી સંશોધન કેન્દ્ર કે સરકારી વ્યવસાયમાં જોડાવું જોઈએ.

અહીં પોતાના અંગત માણસોની ચાહના અંગે વિચારીએ તો તેઓ એકબીજાને મળતાં કેટલા આનંદિત અને ઉત્સાહિત બનતા જોવા મળે છે, તે જોવું હોય તો સરહદ પરથી સૈનિક ઘરે આવે ત્યારે રસ્તામાં આવતી શાળાના મેદાનમાં પોતાના પુત્રને જોતાં જ તેના નામની બૂમ મારી તેને જે રીતે વહાલ અપાય છે તે દૃશ્ય તેમજ મિલિટરીમાં કામ કરી પોતાની રજાઓ લઈને ઘરે આવી રહેલ પતિ અને પત્ની બંને એકબીજાને દૂરથી જોતાં દોડીને ભેટે છે તે દૃશ્ય લાગણીસભર હોય છે અને તે આપણને જોવું ગમે.

આવી જ રીતે દાદાની બીમારી સમયે દીકરાનાં સંતાનો રૂબરૂ આવી Dada, We love You નું ચિત્ર બતાવે ત્યારે અને જ્યારે દીકરાના સંતાનોને બીમારીના સમયમાં દાદાને મળવાની ઈચ્છા થાય ત્યારે ટિકિટ મોંઘી છે તેમ સાંભળીએ ત્યારે ઘડપણે પહોંચેલ મા-બાપ તેમના જુવાનીના દિવસો યાદ કરે અને દુઃખી થાય તે હકીકત છે. ■

લઘુ કથાઓ

# લઘુ કથાઓ

## સંતાનના સોગંદ... (સત્યઘટના - લઘુકથા)

**રેખા બી. સરવૈયા**

સાવ અજાણ્યા માણસોને મળીને એમનાં સુખદુઃખ જાણવાની મારી જિજ્ઞાસા કેટલી વ્યાજબી અને કેટલી ગેરવ્યાજબી હતી એ મને ખબર નથી. પરંતુ પોતાને જેની સાથે કંઈ જ સંબંધ ન હોય, લાગતું-વળગતું ન હોય એવા માણસોને મળવું એ જાણે કે મારા મનનો શોખ નહીં, પરંતુ મારા આત્માનો આનંદ છે એમ હું માનું છું...

પરંતુ...

આજે જ્યારે એવી જ એક જગ્યાએ હું આવી છું કે જ્યાં આગળ પોતાનાં જ સંતાનોએ જેઓને ભારરૂપ કે બોજારૂપ માનીને આ વૃદ્ધાશ્રમમાં મોકલી આપ્યાં છે એવા વયોવૃદ્ધ, જીવન જીવવા પ્રત્યે ઉદાસીનવૃત્તિ દાખવીને દિવસો ટૂંકાવીને જીવન વિતાવતા આ ઉપેક્ષિત વડીલો પાસે હું આવી હતી.

એમની વાતો અને નાની-નાની અપેક્ષાઓ મારા મનને સ્પર્શી જતી તો વળી ક્યારેક-ક્યારેક એ મારા હૃદયને ભાવુક પણ બનાવી મૂકતી!!!

આ વૃદ્ધાશ્રમનાં કેર-ટેકર કહો કે વોર્ડન કહો...એક પીઢ બહેન હતાં. એમની સામે બેસીને હું અહીંના વાતાવરણની, વૃદ્ધોની, એમની લાગણીઓની, ટેવોની, ગમાઅણગમાની વાતો કરી રહી હતી એવામાં...

વાતાવરણની શાંતિને સહેજ ડહોળતો કોલાહલ કાને અથડાયો. મારી સામે બેઠેલાં વોર્ડનનાં કપાળ ઉપર થોડી કરચલીઓ પડી. એમની ઝીણી આંખો થોડી વધુ સંકોચાઈ અને હું કંઈ નક્કી કરું એ પહેલાં તો

બે વૃદ્ધાઓ કંઈક બબડતાં - બબડતાં અમે બેઠાં હતાં ત્યાં આવી પહોંચી. પોર્ચની પાળીની પેલી તરફ બે-ત્રણ વૃદ્ધો પણ કુતૂહલવશ મુખ પર પ્રશ્નાર્થ લીંપીને હકીકત જાણવા સારુ ઊભા રહી ગયા હતા. હવે પેલાં વોર્ડન બહેને થોડા ઊંચા અવાજે પેલી બે આંગતુક વૃદ્ધાઓને અંદરો અંદર વાતો કરવાના બદલે જે કંઈ બન્યું હોય એ જણાવવા કહ્યું...

બે પૈકી એક વૃદ્ધાએ વોર્ડનને જણાવ્યું કે...એના જ રૂમમાં રહેલી બીજી વૃદ્ધાએ બાથરૂમના બેઝિનનો નળ ખુલ્લો છોડી દીધો હતો અને બપોરના ભોજન લઈને સૌ જ્યારે પોતાની રૂમ ઉપર પહોંચ્યાં ત્યારે એમની રૂમમાં પગની પીંડી ડૂબી જાય એટલું પાણી હતું. જેમાં પોતાની પૂજા-ઠાકોરજી અને પૂજાનું આસન સુધ્ધાં તરતું જોવા મળેલું અને આ બાબતે પોતે નળ ચાલુ રાખવાની વાતનો સતત અસ્વીકાર કરતી વૃદ્ધાની વાતું ન માનતા. આતંકિત થયેલ વૃદ્ધાએ, પોતાના માથામાં પીત્તળનાં દિવેલિયાનો છૂટો ઘા કર્યો હતો.

સઘળી બિના જાણી વોર્ડન એ ફરિયાદી વૃદ્ધાનાં કપાળ પર ફૂટેલાં લોહીનાં ટશિયાં જોયાં અને દિવેલિયું ફેંકનાર તરફ જોઈને પૂછ્યું કે...રૂડીમા...આ બન્યું એ બરાબર કહેવાય?

હવે રૂડીમાનો વારો હતો...રૂડીમાની ઢળતી વયનો ગૌર ચહેરો રતુંબડો થઈ જાય એટલા ક્રુદ્ધ થઈને, ઊંચા અવાજે એ બોલ્યાં :

"દિકરી...હુંય જાણું કે આ બરાબર નથી. પણ આવડી આ મૂઈ માની જ નઈ ને...ઠામુકી! અરે...વાલામૂઈને દહવાર કીધું કે મેં નળ સાલુ નથી રાઈખો...તો ય પાસી મંડાણી કે...ખા તારા દીકરાના હમ...(સમ)...અરે દીકરી! આવડી આ બે ટકાની ડોહી હાટે મારો ગગો ઈમ રેઢો સે...તી' ઈના હમ ખાઉં?!"

પસી તો નો રેવાણુ મારાથી...અને આંઈ હંધાય જાણે સે કે મને ખીજ ચડે...પસી હું દુરવાસાની દીકરી! તે પસી અંતે નો રેવાણું તો દિવેલિયું દીધું માથે! વોર્ડને રૂડીમાને શું કીધું એ મને ખબર ન રહી...હું તો રડતા હૃદયે ત્યાંથી એકદમ જ ઊઠી ગઈ, મારી કાર સ્ટાર્ટ કરતાં કરતાં વિચાર્યું.

આ માને એનો ગગો ઓળખતો હશે...ખરો???

*મો. ૯૯૨૫૦૧૭૫૮૪*

તીર્થ પટ

**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

## 'બા'

**તલકશી પરમાર**

પરદેશમાં ડૉક્ટરની ડિગ્રી મેળવીને, મેં સ્વદેશ પાછા ફરવા એરોપ્લેનમાં બેઠક લીધી. અચાનક જ બા યાદ આવ્યાં.

હું નાનો હતો ત્યારે બાપુજીએ વિદાય લીધેલી. કુટુંબમાં બા, મોટા ભાઈ, મોટી બહેન અને હું અમે ચાર જણ જ હતાં.

મારા પર બાનો અનહદ પ્રેમ હતો. હું પાંચ વરસનો થતા, શાળાએ બેસાડતા પહેલાં બાએ મારા ગાલ પર ને કપાળ પર ચૂમીઓ લીધેલી. હંમેશાં શાળાએ જતી વખતે બા ચૂમીઓ લેતી. પરીક્ષામાં પાસ થતા, બા વરસી પડતી. સાયન્સના વિષયો સાથે મેં બારમું ધોરણ વધારેમાં વધારે ગુણ મેળવીને પાસ કર્યું, ત્યારે ગાલ અને કપાળ પર ખૂબ ચૂમીઓ લીધેલી.

ડૉક્ટરની ડિગ્રી મેળવવા પરદેશ જતી વખતે તો બાએ મને ચૂમીઓથી ભીંજવી દીધેલો. પાછળથી બાની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસેલા.

એરોપ્લેને ઉતરાણ કર્યું. હું સીડી ઊતરીને નીચે આવ્યો. ભાઈ-બહેન ઊભાં હતાં. મેં તેમની સાથે કારમાં બેઠક લીધી.

મનમાં થયું. બા મારા આવવાની રાહ જોતાં દરવાજે ઊભા હશે. હું બાને મળીશ ત્યારે તો મારા ગાલ પર ને કપાળ પર ચૂમીઓ લેતાં થાકશે જ નહીં. કાર દરવાજે ઊભી રહેતા, હું ઝબકી ગયો. કારનું બારણું ખોલીને, હું નીચે ઉતર્યો. ઘરમાં ગયો.

સગાંસબંધીઓ હાજર છે. બા ભોંય પર ગાઢ નિદ્રામાં સૂતાં છે. મને થયું, મારા પગનો પગરવ સાંભળીને બા બેઠાં થશે ને મારા ગાલ પર ને કપાળ પર ચૂમીઓનો વરસાદ વરસાવશે.

*માધવ નગર, જંક્શન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૧.*
*મો. ૯૮૭૯૪૮૩૫૫૨*

## આ અવિરત ચક્ર...

**જયંતિ ધોકાઇ**

હા, આપણા સૌના જીવનની સાથે આ ચક્ર સતત જોડાયેલું રહ્યું છે. અવિરત ફરતું સમયચક્ર!

"एवं प्रवर्तित चक्रम् ।"

કદી ના અટકતું કે કોઈનાથી ના રોકાતું આ ચક્ર શું કરે છે, કેમ ફરે છે તે જોવા જેવું છે...હા, આ જીવનચક્ર આમ શરૂ થાય છે.

પાંચ વર્ષનું બાળક થોડું-થોડું સમજણું થાય, ત્યારે તે એમ માનવા લાગે છે કે...'મારા પપ્પા જેવા પ્રેમાળ અને ડાહ્યા, આ જગતમાં બીજું કોઈ નથી...'

જરા મોટું થાય છે, શાળામાં જવાનું શરૂ કરે છે, બહારની અવનવી વાતો જાણે છે જુએ છે અને એનો પરિચય જરા વિસ્તાર પામે છે...

જીવનચક્ર ફરતું રહે છે...

તેને થાય છે કે...પોતાના પિતાને તે ધારતો હતો એવા કદાચ નથી! તેમનાથી થોડી વધુ ચડિયાતી બુદ્ધિવાળા, વધુ સમજદાર લોકો પણ આ જગતમાં છે ખરા...

અને ચક્ર વધારે ફરે છે...

શાળાનો અભ્યાસ પૂરો કરી આ બાળક, બાળક મટી હવે યુવક બને છે. કૉલેજનો અભ્યાસ શરૂ કરે છે અને નવી અવનવી દુનિયા તેના સામે ખડી થઈ જાય છે....

અને તેની અગાઉની માન્યતામાં મોટો ફેરફાર થઈ જાય છે. તેને હવે એમ લાગે છે.કે...તેના પિતા બહુ હોશિયાર કે બુદ્ધિશાળી નથી, એટલું જ નહીં, તેઓ થોડા ગમાર કે મૂર્ખ પણ છે.

હા, ચક્ર તો ફરતું જ રહે છે....

કૉલેજનો અભ્યાસ પૂર્ણ કરી તે હવે વસમા વાસ્તવિક જગતમાં આવી પડે છે. નોકરીધંધાની શોધ આદરે છે, રખડે છે - ભટકે છે આમતેમ, ને વળી સલાહ-સૂચનોનો ધોધ!

હા, હવે તેને એમ લાગવા માંડે છે કે પોતે ધારતો હતો એવા તેનાં પિતા મૂર્ખ કે ગમાર નથી. કંઈક સમજદાર, શાણા ને અનુભવી પણ લાગે છે ખરા.

ફરતું રહે છે ચક્ર અવિરત...આગળ...

આ યુવકનાં હવે લગ્ન થાય છે. વળી, એક નવું જીવન. નવા અવનવા પડકારોનો તે સામનો કરી રહે છે. કડવી વાસ્તવિકતાઓ ને જોખમી જવાબદારીઓ વચ્ચે તે જાણે ભીંસાઈ જાય છે. ને ચક્ર તો હજુય ફરતું જ રહે છે...

એક બે બાળકોનો તે આકસ્મિક જ પિતા થઈ જાય છે, અને ...અગાઉની અગણિત માન્યતાઓમાં વળી એક જબરદસ્ત પલટો આવી જાય છે એના જીવનમાં...

તેને થવા લાગે છે કે...તેના પિતા ખરેખર ઘણાં સમજદાર ને અનુભવી છે. એટલું જ નહીં, તેઓ એક ઉમદા ખાનદાની પણ ધરાવે છે.

પણ...ચક્ર તો અવિરત...

એનાં બાળકો મોટાં થાય છે, શાળામાં જાય છે, કૉલેજમાં ભણે છે...પછી...તેના એ જ બાળકની વિચારધારા? બસ, આમ જ...

ચક્ર ફરતું રહે છે, સતત-અવિરત બિનરોકટોક!

*જવાહરરોડ, ઓખા, જિ. દ્વારકા-૩૬૧ ૩૫૦.*

# વહાલભરી વાદળી

**એમ. ડી. સોલંકી**

ગામ આખાયમાં વાયરે ચડીને વાત વહેતી થઈ'તી. 'ખરું કેવાય હોં! આટલું બધું ભારે મામેરું હોય?'

'મારી હમજણમાં આજ લગી આવું ભારે મામેરું કોઈએ મૂક્યું હોય એવું હાંભળ્યું નથી.' સફેદ દાઢી ઉપર હાથ ફેરવતા પસાકાકા બોલતા.

'અલ્યા ભઈ, મામેરા જેવા પરસંગ તો સમાના લાડ કે'વાય. અને બેન-દીકરીને તો જેટલું આપીએ એટલું ઓછું કે'વાય. પણ સુરેશે ભારે કરી. બાવન ગામની નાતમાં ડંકો વગાડી દીધો.' વાત સાંભળનાર કહેતું.

પાણી - શેરડે જતી-આવતી પનિહારીઓ પણ મામેરાની જ વાત કરતી. 'અલી બુન, રતનને તો ઇના ભઈએ આખેઆખી હોને જ મઢી દીધી હોં.'

લગ્ન પ્રસંગે બેનના ઘેર મામેરું મૂકી આવ્યાના પાંચેક દિવસ પછી સાંજે વાળું કરીને નિરાંતે બેઠેલો સુરેશ એની પત્ની સરોજને કહેતો હતો... 'સરોજ, ગામ આખાયમાં ચર્ચાતી વાતની જેમ તારા મનમાં પણ થતું હશે કે, આપણી નાતમાં મારું સારું દેખાય, સમાજમાં મારી વાહ વાહ થાય એટલા માટે મેં આવું મામેરું મૂક્યું હશે! પરંતુ એ વાત સાવ ખોટી છે. હું અને મારી બેન રતન મારા ગામની શાળામાં એક જ ધોરણમાં સાથે જ ભણતા હતા. ગામડાં ગામની એક શાળાનું ભણતર પૂરું થયા પછી આગળના ભણતર માટે બાપુએ મને એકલાને જ શહેરની છાત્રાલયમાં ભણવા મૂક્યો. અમને બંને ભાઈ-બહેનને ભણાવી શકાય એવી બાપુની - મારા પિતાની આર્થિક સ્થિતિ જ નહોતી. છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતો એ સમય દરમ્યાન મારે પૈસાની જરૂર પડતી ત્યારે હું બાપુને ગામડે પોસ્ટકાર્ડ લખતો. ગામડેથી મની ઓર્ડરમાં જ્યારે પૈસા આવતા ત્યારે મેં મંગાવેલા કરતાં પાંચ-દસ રૂપિયા વધારે જ આવતા! અમારા ઘરની આર્થિક પરિસ્થિતિની મને જાણકારી હતી જ એટલે મેં મંગાવ્યા હોય એના કરતાય થોડા વધારે પૈસા આવતા તેથી મને અચરજ થતું...

વેકેશન દરમ્યાન ઘેર આવતો ત્યારે વધારે પૈસા મોકલવા બાબતે હું મારા બાપુને પૂછતો. મારો સવાલ સાંભળીને મારા બાપુ ઘડીભર તો કંઈ ન બોલતા. થોડીવાર પછી એ કહેતા, 'ભઈ, હું રયો અભણ માણહ! એટલે તારી બેન રતન જ તારો કાગળ વાંચીને કેટલા પૈસા મોકલવાના છે એ મને કહેતી અને એ પ્રમાણે હું પૈસા મોકલતો.'

મારા બાપુના જવાબથી મને રહસ્યનો તાગ મળી જતો. ભાઈના ભણતરમાં પૈસાના અભાવે કોઈ વિક્ષેપ ના પડે એટલા માટે જ મારી બેન જૂઠું બોલીને બાપુને વધુ પૈસા મોકલવાનું કહેતી.

સરોજ, કોઈપણ ઈમારતની સુંદરતા એની ટોચની ઈંટોને નહીં પણ એ ઈમારતના પાયામાં પૂરાયેલા નાના ઢેખાળાઓને જ આભારી હોય છે. મને સારા પગારવાળી નોકરી મળી અને આપણે સુખ-ચેનથી રહીએ છીએ તેમાં મારી બહેનનો જ વિશેષ ફાળો છે. મારા ભણતરના ખર્ચને પહોંચી વળવા શરીરની ચામડી બળી જાય એવા ઓતરા - ચિતરાના આકરા તાપમાંય મારી બહેને જુવાર-બાજરી વાઢી છે. આભમાંથી અનરાધાર વરસતા વરસાદમાં ડાંગરની ક્યારીમાં ધ્રૂજતા હાથે ડાંગર રોપી છે! એટલું જ નહીં, ઉનાળાની આકરી લૂ નીય પરવા કર્યા વગર દાડી-દયાડી કરીને મારા ભણતરના ખર્ચને પૂરું કર્યું છે. મને નોકરી મળ્યા પછીય મારી બહેને હક્ક કરીને મારી પાસે ક્યારેય કશું જ માગ્યું નથી! માંગવાનું તો એ જાણે શીખી જ નથી! આવી પરોપકારી બહેનને તો જેટલું આપીએ એટલું ઓછું ગણાય.

અત્યાર સુધી એકચિત્તે પતિની વાત ધ્યાનપૂર્વક સાંભળી રહેલી સરોજની આંખની પાંપણ આ વહાલભરી વાદળીની વાત સાંભળીને ભીની થઈ ગઈ.

*મુ.પો. અસામલી, તા. માતર, જિ. ખેડા - ૩૮૩ ૫૩૦.*

## NanoNine™ *Sudoku*

*સપ્ટેમ્બર-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૯ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

| | | |
|---|---|---|
| ૧. | કુણાલ ત્રેવાડિયા | - અમદાવાદ |
| ૨. | મહેન્દ્ર મહેતા | - અમદાવાદ |
| ૩. | નયના ગોગરી | - અમદાવાદ |
| ૪. | પ્રિયંકા શાહ | - અમદાવાદ |
| ૫. | સંજય શાહ | - અમદાવાદ |
| ૬. | ગીતા મહેતા | - અમદાવાદ |
| ૭. | રોનક શેખ | - અમદાવાદ |
| ૮. | સરોજ શાહ | - અમદાવાદ |
| ૯. | ઉષ્મા શાહ | - અમદાવાદ |
| ૧૦. | સ્મિતા શાહ | - અમદાવાદ |
| ૧૧. | પ્રતિમા શાહ | - અમદાવાદ |
| ૧૨. | અવંતી દંડ | - અમદાવાદ |
| ૧૩. | શાંતિલાલ શાહ | - અમદાવાદ |
| ૧૪. | કલ્પના પાલાણી | - અમદાવાદ |
| ૧૫. | નલિની શેઠ | - અમદાવાદ |
| ૧૬. | ચંદુભાઈ કુબડિયા | - અમદાવાદ |
| ૧૭. | ઈન્દુબેન પટેલ | - અમદાવાદ |
| ૧૮. | દિનેશ વોરા | - અમદાવાદ |
| ૧૯. | ઝરણા પારેખ | - અમદાવાદ |
| ૨૦. | અજિત મહેતા | - અમદાવાદ |
| ૨૧. | પારિતોષ મહેતા | - અમદાવાદ |
| ૨૨. | તનય શાહ | - અમદાવાદ |
| ૨૩. | પાર્થ મહેતા | - સુરત |
| ૨૪. | હેમલતા દેઢિયા | - અડાલજ |
| ૨૫. | પ્રભા શેઠિયા | - વલસાડ |
| ૨૬. | જૈનમ પારેખ | - સિકંદ્રાબાદ |
| ૨૭. | દિવ્યા કુબડિયા | - ગાંધીધામ |
| ૨૮. | રસીલા ઝવેરી | - વિરાર |
| ૨૯. | ચંદનબેન શાહ | - અગાસ |
| ૩૦. | ઉષા બી. સંઘવી | - રાઉરકેલા |
| ૩૧. | લતા મોમાયા | - પૂના |
| ૩૨. | હેમલતા ગંગર | - અડાલજ |

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. કુણાલ ત્રેવાડિયા — અમદાવાદ
૨. નયના ગોગરી — અમદાવાદ
૩. ચંદનબેન શાહ — અગાસ

વિચાર વલોણું

# માહિતી અને સમજણ

હરીશ બ્રહ્મભટ્ટ

માહિતી વિસ્ફોટ અને ડિજિટલ રીવોલ્યુશનના આ યુગમાં માહિતી મેળવવી એ ડાબા હાથનો ખેલ નહીં, પણ જમણાં હાથના ટેરવાંનો ખેલ છે. જ્ઞાન, ડહાપણ, સમજણનું સ્થાન માહિતી લઈ રહી છે. શિક્ષણ પણ વિદ્યાર્થીમાં જ્ઞાન અને સમજણ વધારવાની જગ્યાએ ફક્ત માહિતી વધારવાનું કાર્ય કરી રહ્યું છે. તેમાં ટેકનોલોજીના વધુ પડતા ઉપયોગે બળતામાં ઘી હોમવાનું કાર્ય કર્યું છે. કુદરતે આપણને આપેલ અદ્‌ભુત શક્તિ ધરાવતા નાનકડા મગજનો ઉપયોગ ટાળી આપણે આપણા અસ્તિત્વને સ્માર્ટ ફોનના હવાલે કરતા જઈએ છીએ. દુનિયાભરનાં બનતા બનાવો અંગેની સાચી-ખોટી માહિતી આપણે સતત સ્માર્ટ ફોન ઉપર ઝીલતા રહીએ છીએ. પરંતુ આપણી નજીકનાં માણસો, સ્વજનના મનોભાવોને, લાગણીઓને આપણે ઝીલી શકતા નથી. દુનિયા સાથે સતત કનેક્ટ રહેવાની પળોજણમાં આપણે આપણા માણસોથી ડીસકનેક્ટ થઈ રહ્યા છીએ. ક્યારેક તો આપણે આપણા સ્વ થી પણ ડીસકનેક્ટ થતા રહીએ છીએ. સતત કનેક્ટીવિટી દ્વારા મળતી માહિતી મગજમાં ભરીને આપણે મગજને માહિતી ભરવાની વખાર બનાવી રહ્યા છીએ. આપણું મગજ એ જગતભરનો વણજોઈતો માહિતીરૂપ કચરો ઠાલવવાનું ડસ્ટબીન ન બનવું જોઈએ. હકીકત એ છે કે માહિતી જીવનમાં એક હદથી વધુ કશા કામની નથી. માહિતી કરતાં વધારે અગત્યની છે, સમજણ.

જીવનમાં સમજણનું સ્થાન માહિતી કે કેવળ પોપટીયું જ્ઞાન ન લઈ શકે. સમજણ ધરાવતો ઓફિસનો ઓફિસબોય તેના એમ.બી.એ. થયેલાં મેનેજર કરતાં વદારે સમજણ ધરાવતો હોઈ શકે. વ્યક્તિને ઓળખવાની, પરિસ્થિતિનો તાગ કાઢવાની અને પ્રશ્નોને સમજવાની સમજણ ક્યારેક શાળાના પટાવાળામાં તેના આચાર્ય કરતાં વધારે હોઈ શકે.

અગાઉના સમયમાં સમજુ વડીલોના ઉછેરને કારણે, શિક્ષકોના સાચા શિક્ષણને કારણે અને સંતો-મહાત્માઓના સત્સંગને કારણે સહજ રીતે માણસોમાં આવતી. આજે આમાંનું ઘણું બધું ખોવાયું છે. છતાં પણ હજુ એક આશ્વાસન બચ્યું છે. સારા પુસ્તકોનું વાંચન, સમજણ પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ સાધન છે. પુસ્તકોનો સત્સંગ એ પણ ખરા અર્થમાં એક સત્સંગ જ છે. સારું પુસ્તક આપણા માટે સાચા શિક્ષક, સાચા સંત અને સમજુ અનુભવસિદ્ધ વડીલની ગરજ સારે છે.

આજે આપણા મહાન શિક્ષકો, સાચા સંત-મહાત્માઓ કે સમર્થ યુગપુરુષોના સંપર્કમાં ન આવી શકીએ. કારણ, તેઓ પોતાનું કાર્ય કરી આ જગતમાંથી વિદાય થયા છે. તેઓ દ્વારા અથવા તેઓ વિશે લખાયેલ પુસ્તકો આપણને તેમના વિચારો અને કાર્યોથી રૂબરુ કરાવે છે. જે ખરા અર્થમાં સત્સંગ સમાન જ ગણી શકાય. તે દ્વારા સમજણ પ્રાપ્ત કરી શકાય. સમજણ જેને અંગ્રેજીમાં Wisdom કહે છે તે અંગે રશિયન લેખક આઈજેક એસિમોવ કહે છે : "The saddest aspect of life right now is that Science gathers knowledge faster than Society gathers Wisdom."

અને આ ચિંતા પણ સાચી છે. સાયન્સ અને ટેકનોલોજીના ઝડપી બદલાવ અને તેના સામાજિક પ્રભાવને કારણે સમજણ, ડહાપણને સ્થાને ફક્ત માહિતી ધરાવતો સમાજ બને તે કોઈપણ સભ્યતા, સંસ્કૃતિ, દેશ કે દુનિયા માટે શ્રેયકર નથી. ■

પંચગની હવાફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવાફેર કરવા પધારો.
શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709

Laxmichand Dharshi
Estd. 1955
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
H.O. : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
L. D. Yard (Jasai, JNPT) : 6522 3399

વિચાર વલોણું

# કંઈક નવું કરવાનું સપનું જુઓ

સંકલિત

તમે આ બધા વ્યક્તિઓનાં નામ તો ચોક્કસ સાંભળ્યાં હશે : મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ, શ્રી નરેન્દ્રભાઈ મોદી, લતા મંગેશકર, સચીન તેંડુલકર, અમિતાભ બચ્ચન વગેરે. શું તમે જાણો છો કે આ બધામાં સામ્ય શું છે? યસ, યુ આર રાઈટ! આ બધી જ વ્યક્તિઓ પોતપોતાના ક્ષેત્રે મહાન સિધ્ધિ પામી છે. તેઓએ પોતાના ક્ષેત્રે ઇતિહાસ સર્જ્યો છે.

આ બાબત પરથી એમ ચોક્કસ કહી શકાય કે દુનિયામાં બે જ પ્રકારના લોકો હોય છે : (૧) જેઓ ઇતિહાસ સર્જે (હિસ્ટરી મેકર) અને (૨) જેઓ ઇતિહાસ વાંચે (હિસ્ટરી રીડર). તમે જોયું જ હશે કે ઇતિહાસ સર્જનારની સંખ્યા તો માત્ર ૩% જેટલી જ હોય છે, જ્યારે ઇતિહાસ વાંચનારની સંખ્યા ૯૭% જેટલી હોય છે.

ખરેખર તો ઇતિહાસ સર્જનાર વ્યક્તિ કંઇ ઇતિહાસ સર્જવા માટે કાર્ય કરતી હોતી નથી. તે તો માત્ર પોતાના કાર્યમાં એટલા માટે ડૂબેલી હોય છે કારણકે તે કાર્ય તેમને ખૂબ જ ગમતું હોય છે. પરિણામે તેઓના કાર્ય ઇતિહાસ બની જાય છે. જ્યારે ઇતિહાસ વાંચનાર તો મોટાભાગે ઇતિહાસ સર્જનાર વ્યક્તિઓની ભૂલો શોધવામાં જ વ્યસ્ત હોય છે.

એક વૈજ્ઞાનિક જ્યારે કોઈ સંશોધનમાં ડૂબેલા હોય છે, ત્યારે તેઓ ક્યારેય એવું નથી વિચારતા કે આ સંશોધન થવાથી મને પ્રસિદ્ધિ મળશે. પરંતુ તેઓ તો બસ તેમને તે કામમાં ખૂબ જ આનંદ આવી રહ્યો હોય છે એટલા માટે તે કામમાં ડૂબેલા હોય છે.

કહેવાય છે ને કે જે કામ તમને ગમતું હોય તે કરો અથવા જે કામ કરતા હો તેને ગમાડો. એટલે કે તમને જે કાર્ય પ્રત્યે લગાવ હોય, પ્રેમ હોય, ગમતું હોય તે કાર્ય કરો અથવા તોજે કાર્ય કરવું પડે છે તેને ખૂબ જ પ્રેમથી કરો. તો તમારે તે કાર્ય તનાવયુક્ત ન કરવું પડે. તે કાર્યનો તમને થાક પણ ના લાગે. તમે તે કાર્ય અનેક કલાકો સુધી ખૂબ જ આનંદથી કરી શકો.

મારે તો આજે આપને બસ એ જ કહેવું છે કે તમે ૯૭%માંથી બહાર નીકળી જાઓ અને ૩%માં જોડાઇ જાઓ. તેમના જેવા શબ્દો ન બોલો. તેઓ જેવી વાતો કરે છે, તેવી વાતો તમે ન કરો. તેમના જેવા બહાનાં ન કાઢો. તેમના જેવી કામ ન કરવાની પદ્ધતિઓ ન વાપરો. બસ, ૯૭%માંથી બહાર નીકળી જાઓ અને તમારા ઉત્તમ જીવનની નવી શરૂઆત કરો. કંઈક જુદું કરો. યાદ રાખો, જે બધા કરે છે તેવું જ તમે પણ કરશો તો જે બધાને મળે છે તેવું જ તમને મળશે. પરંતુ જે કોઈ નથી તેવું તમે કરશો તો જે કોઈને નથી મળતું તેવું તમને મળશે.

અને આમ પણ જે કામ કરવું સહેલું હોય છે, તે ન કરવું હોય છે, તે ન કરવું પણ તેટલું જ સહેલું હોય છે. માટે ૯૭%માંથી બહાર નીકળી જાઓ. તમારી એક નવી ઇમેજ બનાવો. આ ખરેખર ખૂબ જ પાવરફુલ બાબત છે. આ સંદર્ભે હું વારંવાર વિદ્યાર્થીઓને કહેતો હોઉં છું કે, જો તમે ટી.વી. ન જુઓ તો એક દિવસ એવો આવશે કે આખી દુનિયા તમને ટી.વી.માં જોશે. એટલે કે જો તમે તમારું સંપૂર્ણ ધ્યાન કોઈ મહાન કાર્યમાં જોડશો તો તમે હિસ્ટરી મેકર બની જ જશો.

હિસ્ટરી મેકર બનવું એટલે કંઈ આખી દુનિયાને બદલી નાખવી તેવું નથી. તમે નાના નાના કાર્ય કરીને પણ ખૂબ જ આનંદ અને સંતોષની લાગણી અનુભવી શકો છો. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ આ બાબતે એક ખૂબ જ સરસ વાત કહેતા હોય છે. કંઈક બનવાનું નહીં પરંતુ કંઈક કરવાનું સપનું જુઓ. અને જ્યારે તમે કંઇક ઉત્તમ કાર્ય કરવા ગળાડૂબ થઈ જાઓ છો ત્યારે તમે આપોઆપ હિસ્ટરી મેકર બની જાઓ છો. જેમકે, સફાઈ અભિયાન. જરૂરી નથી કમે તમે આખા દેશને સ્વચ્છ કરી દો. તમે માત્ર તમારું ઘર, સોસાયટી કે ઓફિસમાં પણ સફાઈ અભિયાન ચલાવી શકો છો. કદાચ એવું બને કે શરૂઆતમાં હિસ્ટરી રીડર વ્યક્તિઓ તમારી મજાક ઉડાડે કે તમારો વિરોધ કરે. પરંતુ તમે તમારા કાર્યમાં દિલથી લાગેલા હશો તો અન્ય લોકો ધીમે ધીમે જોડાવા લાગશે અને જ્યારે હાથ પર લીધેલું કાર્ય પૂરું થશે ત્યારે તમે અદ્ભુત આનંદ અને સંતોષની લાગણી અનુભવતા હશો.

તો આજથી જ કોઈ ઉત્તમ કાર્ય કરવાનું નક્કી કરી લો અને તે કાર્યમાં લાગી જ જાઓ. જો તમે એક વિદ્યાર્થી હો, તો આજે જ નક્કી કરી લો કે અભ્યાસમાં કંઈક જબરદસ્ત પરિણામ લાવવું ચે. જો તમે એક વાલી હો તો આજે જ નક્કી કરી લો કે દીકરા / દીકરીને મહાન બનાવવા છે કે પછી એક ખૂબ જ સંસ્કારી વ્યક્તિ બનાવવા છે. જો તમે એક ઓફિસર કે રીટાયર થતાં પહેલાં સમાજોપયોગી કોઈક જબરદસ્ત કાર્ય દ્વારા કોઈક સિદ્ધિ મેળવીને જ રિટાયર થશો. કે પછી જો તમારામાં ઉત્તમ લેખનની આવડત હોય તો સારી વાતો લખીને સમાજને ઉપયોગી થાઓ. જો તમારામાં ઉત્તમ વક્તવ્ય આપવાની આવડત હોય તો પ્રેરણાદાયક વક્તવ્ય દ્વારા આજના યુવાનોને એક સાચી દિશા આપવાનું કામ પણ ચોક્કસ કરી જ શકાય.

તો બસ, આજે જ કંઈક નક્કી કરી લો અને આ નક્કી કર્યા બાદ તે દિશામાં જબરદસ્ત કાર્ય કરવાની શરૂઆત કરી દો. કારણકે એવું કહેવાય છે ને કે કટાઈ જવા કરતાં ઘસાઈ જવું સારું અને આમ કરવાનું બીજું કારણ પણ છે કે દુનિયા તમને એટલા માટે યાદ નહીં રાખે કે તમે શું મેળવ્યું છે પરંતુ એટલા માટે યાદ રાખશે કે તમે દુનિયાને શું આપ્યું છે! અને જ્યારે તમે કંઈક ઉત્તમ કાર્ય કરવાનું શરૂ કરો છો ત્યારે તમે આડકતરી રીતે પોતાના પરિવારને, સમાજને અને રાષ્ટ્રને કંઈક આપી જ રહ્યા હો છો... કેમ ખરું ને? ■

વિશ્વકારણ

# મ્યાનમાર : કસોટીની ઘડીએ

રક્ષા મ. વ્યાસ

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સમગ્ર માનવજાતના સંદર્ભમાં બે પ્રશ્નો ચર્ચાની એરણે છે. એક, આતંકવાદને કેવી રીતે નાથવો? બીજો પ્રશ્ન છે રોહિંગ્યા મુસ્લિમોની મ્યાનમારથી થતી હિજરત. બંને પ્રશ્નો રાષ્ટ્રીય સ્તરે ભારત માટે પીડા અને પરેશાનીના પ્રશ્નો છે. અહીં રોહિંગ્યા મુસ્લિમોની હિજરતના પ્રશ્નને સમજવા પ્રયાસ કરીશું. ૧૫મી સદીના મધ્યભાગમાં (લગભગ ૧૪૩૦થી) બાંગ્લાદેશના મુસ્લિમો અને હિંદુઓ – બંને જૂના બ્રહ્મદેશના પશ્ચિમ ભાગમાં આવેલા રાખાઈન વિસ્તારમાં ઠરીઠામ થયેલા. જે વિસ્તાર પછીથી રોહાંગ કહેવાયો, એ સંદર્ભે ત્યાં વસેલી પ્રજા તે રોહિંગ્યા. આમાં છેલ્લાં વર્ષોમાં હિંદુ વસ્તી અડધા લાખ જેટલી અને મુસ્લિમ વસ્તી લગભગ ૧૦ લાખ પર પહોંચી. તેમાં મુખ્યત્વે વિવિધ પ્રકારની મજૂરીનું કામ કરતા, તેમની મૂળ ભાષા બંગાળી જે હવે થોડા ફેરફારો સાથે રોહિંગી ભાષા બની છે.

આ વિસ્તારમાં મુસ્લિમ વસ્તી વધતાં ૧૯૨૦થી સ્થાનિક બૌદ્ધો દ્વારા ઊહાપોહ થયો અને એ જ કારણે ૧૯૩૦માં રમખાણો થયાં અને ૧૯૩૮થી ઘણાં જ ઉગ્ર બન્યાં. આ ઉગ્ર રમખાણોનું કારણ જાણવા - સમજવા જેવું છે. એ સમયે એક રોહિંગ્યા લેખકે બૌદ્ધ ધર્મનું અપમાન કરતું પુસ્તક પ્રકાશિત કર્યું. ત્યારથી મ્યાનમારના આ વિસ્તારની પ્રજા અને રોહિંગ્યા વચ્ચે વારંવારનો જાતિગત વિખવાદ અને સંઘર્ષ કાયમી બની ગયો. સાથોસાથ અગત્યની વાત એ પણ છે કે ૧૯૮૧માં મ્યાનમારના નવા રચાયેલા બંધારણમાં રોહિંગ્યા બાબતે પ્રશ્નો ઊભા થયા. બંધારણે મ્યાનમારના નાના-મોટા ૧૩૫ સમુદાયો સ્વીકાર્યા ત્યારે તેમાં રોહિંગ્યાનો સમાવેશ ન કરાયો. જેનું કારણ ભાષા હતી. તેમને તે વેળા મુખ્ય ભાષા તરીકે બંગાળી ભાષાનો વિકલ્પ આપવામાં આવેલો જે તેમણે અમાન્ય કર્યો હતો. પરિમામે ૨૦૧૪ની વસ્તી ગણતરીમાં તેમને અલગ સ્થાન ન મળ્યું. બીજું બૌદ્ધો સાથેના લાંબા સંઘર્ષના કારણે તેમનો ત્યાંની બહુમતી બૌદ્ધ પ્રજા સાથે સતત ટકરાવ રહ્યો.

આવાં કારણોથી રોહિંગ્યાના વર્ષોના વસવાટ છતાં તેઓ મ્યાનમારમાં અમાન્ય રહ્યા. તેઓ તે દેશના મુખ્ય પ્રવાહમાં સામેલ ન થયા. આથી આ રોહિંગ્યા લોકોને રાખાઈન સિવાયના અન્ય વિસ્તારોમાં પ્રવેશવાની બંધી કરવામાં આવી. આ પ્રવેશવંચિત ગરીબ પ્રજા આવા જ કારણોથી શિક્ષણ વંચિત અને ગરીબ રહી. તેમને ગરીબ અને વિવિધ ક્ષેત્રે વંચિત રાખી ભારોભાર ઉપેક્ષિત ગણવામાં આવ્યા. તેમને ધન, શિક્ષણ અને હોદ્દાઓથી વંચિત રાખવાની આ સમસ્યા મૂળ મ્યાનમારની છે. ત્યાંના જ શાસકોએ આફ્રિકાના અશ્વેતો જેવું તેમનું શોષણ કર્યું. પરિણામે હંમેશાં બને છે તેમ આ વંચિતો હિંસાના માર્ગે વળ્યા. તેમણે પોતાનું સંગઠન રચ્યું, જે "આરાકાન રોહિંગ્યા સાલ્વેશન આર્મી (ARSA)" તરીકે જાણીતું છે. આ સાલ્વેશન આર્મીએ ૨૫મી ઑગસ્ટે ૩૦ પોલીસ ચોકીઓ પર હુમલો કર્યો. ૬૯ બળવાખોરો અને ૧૨ પોલીસકર્મીઓને મોતને ઘાટ ઉતાર્યા. તેમાં હિંદુ રોહિંગ્યાઓને પણ તેમણે વ્યાપક રીતે મોતને ઘાટ ઉતાર્યા છે. એથી શ્રેણીબદ્ધ રમખાણોને પરિણામે મોટા પાયા પર હિજરત થઈ અને ભારત પર આ નવી માનવવસ્તીની ભીંસ ઊભી થઈ. એકંદરે એક રાષ્ટ્રીય પ્રશ્ન આંતરરાષ્ટ્રીય સ્વરૂપનો બની ગયો.

હવે પ્રશ્ન એ છે કે ભારતે કેવાં વળતાં પગલાં લેવાં? તેમનો ભારતમાં સમાવેશ કરવો કે તેમને અસ્વીકાર્ય ગણી પ્રવેશબંધી કરવી. માત્ર માનવતાની દૃષ્ટિએ અને ભારતીય પરંપરાની રીતે કહીએ તો સાવ નિરાધાર વ્યક્તિઓને આશ્રય આપવો રહ્યો. પરંતુ આ અંગે રાષ્ટ્રીય હિતની દૃષ્ટિએ, ભાવિ જવાબદારીની દૃષ્ટિએ તેમજ ભાવિ જોખમોની દૃષ્ટિએ – એમ અનેકાનેક સંદર્ભમાં સાથે વિચારીએ તો પ્રશ્ન ઘણો મોટો છે. વધુમાં આ પ્રશ્ન આંતરરાષ્ટ્રીય સ્વરૂપનો બની ગયો છે. દેશમાં ૪૦,૦૦૦થી વધુ રોહિંગ્યા મુસ્લિમો પ્રવેશી ચૂક્યા છે. તેમને આ દેશમાં સમાવવા કેવી રીતે? તેમના આશ્રયમાંથી ભાવિ જવાબદારીઓ અન્ન, પાણી, રોજગારી – ઊભી થવાની, તેનો વિચાર કરીએ તો પાયાનો પ્રશ્ન એ છે કે તેમને રોજગારી કેવી રીતે પૂરી પાડી શકાય? દેશમાં પહેલેથી જ માનવબળ ઘણું છે. તેમાં નવી મોટી જવાબદારી ઊભી કરવી તે દેશના હિતમાં નથી. વધારામાં આ મુદ્દો દેશની સુરક્ષા સાથે પણ સંકળાયેલો છે. રોહિંગ્યા મુસ્લિમોનું સંગઠન તેની હિંસાખોરીની છાપ ધરાવે છે. આ સંદર્ભે સરકાર પણ ચેતીને ચાલે તે આવશ્યક છે. આ સંદર્ભે દેશની ત્રીજી જાગીર એટલે કે ન્યાયતંત્રને પણ કંઈક કહેવાનું છે જે પર બારીકાઈથી ધ્યાન આપવું જોઈએ. આજની પરિસ્થિતિ પૂર્વે ન્યાયતંત્રનું વલણ એવું છે કે કોઈ પણ પ્રકારની ગેરકાયદે ઘૂસણખોરીને ટેકો ન જ આપી શકાય. ગેરકાયદે પ્રવેશ કે

(અનુ. : જુઓ પાના નં.-૬૩ ઉપર)

સ્વાસ્થ્ય

# મારા દીકરાને ભણવાનું મન થતું નથી – (૨)

## કિશોરાવસ્થામાં હતાશાની બીમારી
## (Adolescence Depressive Disorder)

ડૉ. મણિલાલ ગડા,
ડૉ. દિપ્તી શાહ (ગડા)

આગલા લેખમાં "કિશોરોમાં હતાશાની બીમારી"ના કેસ (અશ્વિનનો કેસ) વિશે જાણકારી મેળવી. આ લેખમાં કિશોરોમાં હતાશાની બીમારી (Adolescence Depressive Disorder) વિશે જાણકારી મેળવીએ.

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organisation – WHO)ના આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણ (International Classification of Diseases) મુજબ કિશોરોમાં હતાશાની બીમારીને પુખ્તવયમાં થતી હતાશાની બીમારી (Adult Depressive Disorder)થી અલગ રીતે વર્ગીકરણ કરવામાં આવેલ છે. કિશોરાવસ્થામાં હતાશાની બીમારીના લક્ષણો અલગ છે, સારવાર અલગ છે તથા જો સારવાર ન થાય તો બીમારીથી થતાં નુકસાન (morbidity) વધુ ગંભીર છે તથા બીમારી કિશોરોને આત્મહત્યા તરફ ધકેલે છે.

- **વ્યાપ અને વિસ્તાર :**

અમેરિકન એકેડેમિ ઑફ ચાઈલ્ડ એન્ડ એડોલેન્સ સાયકિયાટ્રી (American Academy of Child and Adolescence Psychiatry)ના સર્વેક્ષણ મુજબ દસ વર્ષની ઉંમર પહેલા ૨% બાળકોમાં હતાશાની બીમારી જોવા મળે છે. ૧૦થી ૧૪ વર્ષની ઉંમરમાં ૪% કિશોર / કિશોરીઓ હતાશાની બીમારીથી પીડાય છે. ૧૫થી ૧૮ વર્ષની ઉંમરમાં ૫થી ૭% કિશોર / કિશોરીઓ હતાશાની બીમારીથી પીડાય છે.

જો યોગ્ય સમયે નિદાન ન થાય તથા યોગ્ય સારવાર ન થાય તો હતાશાની બીમારીની નકારાત્મક અસર કિશોર /કિશોરીના ભણતર, વ્યક્તિત્વ, પરસ્પરના સંબંધો પર થાય છે (morbidity due to depressive disease.)

- **લક્ષણો :**

કિશોરોમાં હતાશાની બીમારીના લક્ષણો મુખ્યત્વે ભણતરને લગતા, શારીરિક લક્ષણો, ઊંઘમાં ખલેલ, વર્તણૂંકને લગતા, મન તથા વ્યક્તિત્વને લગતા ક્ષેત્રોમાં જોવા મળે છે.

- **ભણતરનું ક્ષેત્ર :**

✦ ભણવામાં મન ન લાગવું (loss of interest).
✦ એકાગ્રતા (Concentration) ઓછી થવી.
✦ ગ્રહણ શક્તિ (Grasping) ઘટી જવી.
✦ સ્મરણ શક્તિ (Memory) ઘટી જવી.

ઉપરોક્ત લક્ષણોને લીધે ભણવાની ક્ષમતા ઓછી થઈ જાય છે. પરીક્ષામાં વિદ્યાર્થીને પહેલાની સરખામણીમાં ઓછા ગુણાંક મળે છે (અશ્વિનનો કિસ્સો). ઘણી વખત વિદ્યાર્થી બુદ્ધિશાળી હોવા છતાં નાપાસ પણ થાય છે.

- **શારીરિક લક્ષણો :**

✦ નબળાઈ, અશક્તિ લાગે, જલ્દીથી થાકી જવાય.
✦ ભૂખ ઓછી થઈ જાય.
✦ વજન ઘટી જાય.
✦ વારંવાર માથાનો દુખાવો થાય.
✦ ઉબકા આવે, કોઈક વખત ઉલટી થાય.

- **ઊંઘમાં ખલેલ :**

✦ રાત્રે વ્યવસ્થિત ઊંઘ ન આવે.
✦ સવારે ઉઠવાનું મન ન થાય, પરાણે ઉઠવું પડે.
✦ તાજગીદાયક, સ્ફુર્તિભરી ઊંઘ ન આવે.

- **વર્તણૂંક :**

✦ નાની નજીવી બાબતમાં ચીડાઈ જવું (નોરમલી એ કિશોર / કિશોરીનો આ પ્રકારનો સ્વભાવ નથી હોતો.)
✦ એકાંતમાં વધારે સમય વિતાવે. (આ સ્વભાવ નથી હોતો.)
✦ સહનશક્તિ ઓછી થઈ જાય. જલ્દીથી ખરાબ લાગી જાય.
✦ મિત્રો જોડે રમવા ન જવું (મિત્રોને ટાળવા, મિત્રો જોડે ફોન પર ટૂંકામાં જવાબ આપવા, વાતો ન કરવી.)

- **મન તથા વ્યક્તિત્વનું ક્ષેત્ર :**

✦ મનગમતી તથા આનંદદાયક પ્રવૃત્તિઓમાંથી રસ ઊડી જવો.
૧. રમત – ક્રિકેટ, બેડમિન્ટન, ચેસ વગેરે રમતોમાં પહેલાનો રસ ઓછો થવો.
૨. ફિલ્મો વગેરેની વાતચીતમાં રસ ન રહેવો.
૩. બહાર ફરવા જવાનું ટાળવું.

૪. પિકનિકમાં જવાની ઈચ્છાનું લુપ્ત થવું.

૫. વાંચનમાં રસ ન રહેવો.

- ✦ નકારાત્મક વિચારો આવવા. ભવિષ્યમાં કાંઈ સારું નહીં થાય.
- ✦ આત્મવિશ્વાસ ઓછો થઈ જવો. "આગળનું ભણવાનું મારા માટે અઘરું છે. હું આગળ ભણી નહીં શકું."
- ✦ જીવવાની ઈચ્છા ઓછી થવી. "આના કરતાં મરી જવું સારું."

● **મનોવિશ્લેષણ :**

ઉપરોક્ત સર્વે લક્ષણો કિશોરોમાં થતી હતાશાની બીમારીને લીધે છે. આ લક્ષણો પર દર્દીનો (કિશોર / કિશોરીનો) કાબૂ નથી હોતો.

હતાશાની બીમારીમાં મગજમાં આવેલા મનના અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ, પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, અન્ય ઉચ્ચ કેન્દ્રોમાં) શારીરિક ફેરફારો (કદ રચનામાં) થાય છે. આને લીધે ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં નકારાત્મક ફેરફારો થાય છે. આ ફેરફારોને લીધે જ્ઞાનતંતુઓ તથા સાઈનેપ્સમાં (Synapse) (બે જ્ઞાનતંતુઓ વચ્ચેની સૂક્ષ્મ જગ્યા જ્યાં સંદેશાઓની આપ-લે ફક્ત ન્યુરોટ્રાન્સમિટર્સ દ્વારા જ થાય છે) સંદેશાઓની આપ-લે માં ગરબડ થાય છે. મનના કાર્યો પર આથી નકારાત્મક અસર થાય છે તથા બીમારીના ઉપરોક્ત લક્ષણો ઉત્પન્ન થાય છે.

યોગ્ય સારવાર કરવાથી મનના અવયવોના કદ, રચના નોર્મલ થાય છે. ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ થાય છે. હતાશાની બીમારીના લક્ષણો દૂર થાય છે. કિશોર / કિશોરીમાં ભણવાની ક્ષમતા પૂર્વવત થાય છે. અપેક્ષિત પરિણામ ભણવામાં મળે છે.

● **ગેરસમજ તથા મનોવૈજ્ઞાનિક સત્ય :**

**ગેરસમજ :** એને અભ્યાસ કરવો નથી. ભણવું નથી. બધાએ ઘણું સમજાવ્યું પણ સમજતો જ નથી. ભણવાનું નાટક કરે છે.

**મનોવૈજ્ઞાનિક સમજ :**

ભણવામાંથી રસ ઓછો થવો, ભણવામાં રસ ઊડી જવો (Loss of interest) એ કિશોરોમાં હતાશાની બીમારીનું લક્ષણ છે.

જેવી રીતે ટાઈફોઈડ કે વાઈરલ તાવમાં દર્દીમાં શારીરિક નબળાઈ આવે છે અને બીમારી વખતે દર્દી પોતાનું રોજિંદું કામ કરી શકતો નથી, આપણે બધા સમજીએ છીએ કે બીમાર વ્યક્તિમાં એ વખતે નબળાઇ થોડોક વખત રહેશે અને રોજિંદુ કામ નહીં કરી શકે. સારવાર બાદ દર્દી નોર્મલ થતાં પૂર્વવત કામ કરી શકે છે.

તેવી જ રીતે કિશોરાવસ્થાની હતાશાની બીમારીમાં દર્દીમાં ભણવામાં રસ ઓછો થાય છે, એકાગ્રતા, ગ્રહણ શક્તિ, સ્મરણ શક્તિ ઓછા થાય છે અને ભણવાની ક્ષમતા ઓછી થાય છે. યોગ્ય સારવાર બાદ હતાશાની બીમારીથી પીડાતો કિશોર પૂર્વવત અભ્યાસમાં રસ લે છે તથા ભણવાની ક્ષમતા નોર્મલ થાય છે તથા અપેક્ષિત પરિણામ ભણવામાં મળે છે.

કિશોર / કિશોરીઓમાં ભણવામાં ક્ષમતા કરતાં અલગ પરિણામ મળે તો એને બીમારીનું લક્ષણ સમજવું જરૂરી છે. એ કિશોર / કિશોરી પ્રત્યે સહાનુભૂતિની લાગણી બતાડવી જરૂરી છે. મનોચિકિત્સક પાસે યોગ્ય તપાસ કરાવી, નિદાન કરાવવું અગત્યનું છે જેથી ત્વરીત યોગ્ય સારવાર કરી શકાય. ભણવાની ક્ષમતાને નોર્મલ કરી ભવિષ્ય માટે ધાર્યું પરિણામ મેળવી શકાય.

***(ક્રમશઃ)***

## મ્યાનમાર : કસોટીની ઘડીએ

**(અનુ. : પાના નં.-૬૧ ઉપરથી ચાલુ)**

ઘૂસણખોરીના નામે રાજકીય લાભ ઉઠાવવા તત્પર તત્ત્વોથી સાવધ રહેવું જરૂરી છે. ભારતની સર્વોચ્ચ અદાલતે તેનો આવો અભિપ્રાય આ પૂર્વેના કિસ્સાઓમાં સ્પષ્ટ કરેલો જ છે. આ સંદર્ભે ૧૯૯૩માં ભારતીય સંસદે 'ઈલીગલ માઈગ્રેન્ટ બીલ' પસાર કરેલું જ છે. વધુમાં મુસ્લિમ સમુદાયને પેટ્રો ડોલરનો લાભ મળે છે અને સરવાળે આતંકવાદ ફેલાય તેવા સંજોગો ઘેરા બને છે. રોહિંગ્યા સાલ્વેશન આર્મી દ્વારા જે કંઈ કામો થયા છે તેને આ નજરે ચકાસવાં જરૂરી છે. તેઓ શરણાર્થી નથી પણ ગેરકાયદે ઘૂસેલા વસાહતીઓ છે તે બાબત સદાય લક્ષમાં રહેવી જોઈએ.

આ પ્રશ્ને એક ત્રીજું પરિમાણ ધરાવે છે. મ્યાનમારમાં નોબેલ શાંતિ પારિતોષિક વિજેતા મહિલા આંગ-સાન-સૂ કી રાજકીય નેતૃત્વ ધરાવે છે ૨૫ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ આ મુદ્દે તેમણે તેમના દેશમાં જાહેર પ્રવચન આપ્યું. તેમણે દેશના માનવ અધિકાર ભંગ અને ગેરકાયદે થતી હિંસાની ટીકા કરી છે ખરી પણ દેશમાં પારાવાર હડધૂત થતા સમુદાયો માટે કોઈ વિધેયાત્મક પગલાં ઘોષિત કર્યા નથી. અંગ્રેજી પત્રકાર જગતના કરણ થાપર જેવા બોલકા પત્રકારો કહે છે કે સૂ કી માંનો શાંતિચાહક આત્મા સુષુપ્ત થઈ ગયો છે અને તેમનો રાજકારણી આત્મા પ્રભુત્વ ધરાવે છે. તેમને અનેક અવાજેથી બોલવાની ફાવટ આવી ગઈ છે. ટૂંકમાં સ્પષ્ટ અવાજ સાથે તેઓ દુઃખી સમુદાય સાથે જોવા મળતાં નથી. રોહિંગ્યા સમુદાય જાણે નિરાધાર છે.

મ્યાનમારની સંસદીય લોકશાહી માટે, સૂ-કી જેવા ધરખમ નેતા અને તેમના પક્ષ માટે આ કસોટીની ઘડી છે. તેઓ માનવતાની દૃષ્ટિએ વિચારી રોહિંગ્યા સમુદાયને માટે નવી આશા સર્જશે તેવી વિશ્વની અપેક્ષા છે. ■

સ્વાસ્થ્ય

# કબજિયાત : બીમારીઓનું મૂળ

ડૉ. કિરીટ વૈદ્ય

કબજિયાત શબ્દ કબજ કે કબજી ઉપરથી આવ્યો છે. કબજ કે કબજી એટલે પકડી રાખવું, જપ્ત રાખવું. કબજિયાત કે કબજીયાત એટલે બંધકોષ, મળકોષ કે મળઅવરોધ. અંગ્રેજીમાં તેને કોન્સ્ટીપેશન કહે છે. ઘણાને તો સવાર સવારમાં ચપટીના ટકોરે પેટ સાફ આવે તેનું કોન્સટન્ટ પેશન રહે છે. મોર્નિંગની પેટ ફ્લશ કરવાની આ કુદરતી હાજત એ કુદરતની ખૂબ જ અદ્ભુત પ્લમ્બિંગ કરામત છે.

તમે સ્લો ફૂડ ખાઓ કે ફાસ્ટ ફૂડ ખાઓ, લગભગ ચોવીસ કલાકમાં તે રાંધેલા ખાધેલા અન્નનું બાંધેલા અને ગંધેલા મળમાં રૂપાંતર થાય છે. માણસનો અન્નમાર્ગ લગભગ ચાલીસ ફૂટ લાંબો છે. આ અન્નમાર્ગમાં મોં વડે ચાવેલા, અન્નનળી વડે લપસાવેલા, જઠર વડે દળાવેલા, નાના આંતરડા વડે પોષક તત્ત્વો પચાવેલા, મોટા આંતરડા વડે પાણી શોષાવેલા ખોરાકમાંથી છેલ્લે વધેલા નકામા પદાર્થનું મળમાર્ગમાંથી મળ તરીકે નિકાલ થાય છે. સીધી સાદી ભાષામાં આ સરસ મજાની ફૂડ કન્ડક્ટીંગ અને પ્રોસેસિંગ સિસ્ટમ સ્લો પડે, પાચનતંત્રની બેટરી ડાઉન થાય એટલે કબજિયાત થાય છે.

પરસેવાને બાદ કરતાં કુદરતી હાજતો આમ તો બે જ છે, એક નંબરની એકી અને બે નંબરની બેકી. જેમ બે નંબરનું નાણું, કાળું નાણું કહેવાય છે તેમ બે આંગળી ઊંચી કરી ઈશારાથી બતાવેલી બે નંબરની બેકી પણ કાળું સોનું (ખેતરમાં વપરાતા ખાતરના કાચા માલ તરીકે) ઓળખાય છે. જેમ કાળું નાણું સમાજમાં ફુગાવો વધારે છે તેમ કાળું સોનું પણ કબજિયાત થાય તો પેટનો ફુગાવો (ગેસરૂપે) વધારે છે. મળ ત્યાગને અંગ્રેજીમાં બોવેલ હેબીટ કહે છે. પેટની સફાઈ એ એક સુટેવ છે. ગામડામાં હજુ ઘણાને બીડીના કશ લગાવ્યા વગર ઝાડો ટશનો મશ થતો નથી. શહેરમાં પણ સવારની ચા પીધા વગર (કે સાથે છાપું વાંચ્યા વગર) ઘણાને ટોઈલેટ લેઈટ થઈ જાય છે. કબજિયાતને ઇંગ્લિશ મીડિયમિયાઓ કોન્સ્ટીપેશન તરીકે ઓળખાવી એક પેશનનો (આવેશ કે જુસ્સો) દરજ્જો આપે છે. સવાર સવારની બેડ ટી એક ગુડ મોશનનું કાયમનું મોટા આંતરડાનું નાનું ઇમોશન બની જાય છે.

જયમીન જન્મ્યા પછી એક વર્ષનો થાય ત્યાં સુધી તેની રૂચિરા મમ્મીને તેના બાળોતિયાં બદલાવતી વખતે જયુ બેટાને આખો તો નહીં પણ કબજિયાતનો કટકો રહે તેવી દુઆઓ (વારે ઘડીએ બાળોતિયાં બદલાવવાં ના પડે તે વાસ્તે!) તો કરવી જ પડતી હશે. પેલું રડતું હોય પેટની ભૂખ માટે અને મમ્મી તેને પેટની ચૂંક સમજી ઘરગથ્થુ ચમચો, બાળાગોળી કે ઘસારો આપ્યા કરે. તેમાં અફીણ જેવા તત્ત્વો હોવાથી પેલું બાળક શાંત તો પડી જાય છે પણ તેના આંતરડાં પણ અનાયાસે લાંબા આરામમાં જતા રહે છે. બાળક ચાલતું દોડતું થાય એટલે ઘણા સુખી કુટુંબમાં સવાર સવારમાં એક સુટેવ પડાવવાના બહાને નવી મમ્મીઓને તેમના પોટ્ટાઓ પાછળ હાથમાં પ્લાસ્ટિકની પોટ્ટી લઈને રીતસરનો પકડદાવ રમતાં જોવાયા છે.

સ્કૂલે જતાં બાળક કે રમતિયાળ ચંચળ બાળકને ભાગ્યે જ કબજિયાત થાય છે. સતત ટીવી જોયા કરતું કાઉચ પોટેટો પ્રકારનું કે ટીવી જોતાં પોટેટોની ચીપ્સ અને વેફર ખાધા કરતાં બાળકમાં કબજિયાતની શક્તાઓ ઘણી વધી જાય છે. પાંચમાથી દસમા ધોરણ સુધીમાં આજની લગભગ દરેક મમ્મીઓ તેના બાળકને વિજ્ઞાન (અને દરેક પપ્પા ગણિત) ભણાવતાં હોય છે. તેમણે આપણો ખોરાક, તેના ઘટકો અને સમતોલ આહાર ઉપર પેલાને વિજ્ઞાનની ચોપડીમાંથી, ગાઈડમાંથી કે ટીચરના પેમ્ફલેટમાંથી ટૂંકા કે લાંબા પ્રશ્નો, ટૂંકનોંધો અને ખાલી જગ્યાના કંઈક કોળિયા મગજમાં ભરાવ્યા હશે. દુઃખની વાત છે કે ચોપડીનું આ જ્ઞાન માત્ર બાળકની ચોપડીમાં, પરીક્ષા સુધી બાળકના મગજમાં અને પરીક્ષા વખતે સપ્લીમેન્ટરીમાં ઠલવાઈ રિઝલ્ટ વખતે તેની માર્કશીટમાં એક આંકડા તરીકે સચવાતું રહે છે. તે ક્યારેય રસોડામાં મમ્મીની તાવડી તપેલીમાં કે બેટાની થાળીમાં પોષકતત્ત્વોના આંકડા તરીકે ટ્રાન્સફર થતું નથી. તેની થાળીમાં તો ઝાઝી કડાકૂટ વગરના મેગી નુડલ્સ કે તૈયાર પિત્ઝા, હેમબર્ગર કે મંચુરિઅનનો કાયમનો ડીશવાટ રહેતો હોય છે. જાણે અજાણે પેલા બાળકને ગળથૂથીમાં મળથૂથીનું કબજિયાતીકરણ કરાવી દેવાય છે.

નવો નવો ડૉક્ટર થયો ત્યારે કબજિયાતના કારણે જ હું પહેલી વાર નવો નવો મૂરખ બનેલો. વી.એસ.હોસ્પિટલમાં હું એમ.ડી. નું ભણતો હતો. હું જે યુનિટમાં રેસિડેન્ટ હતો તે યુનિટના એક સાહેબ સિંધી સમાજમાં બહુ પોપ્યુલર હતા. તેમના પ્રાઈવેટના સિંધી પેશન્ટો અવારનવાર સ્પે રૂમમાં દાખલ થતા હતા. એકવાર આવા જ એક સિંધી સિનિયર સિટીઝનનો હું સ્પેશિયલ રૂમમાં તેમને રાઉન્ડ અપાવતો હતો. મેં પલ્સ, બીપી,

પેશન્ટની જનરલ કંડિશન વગેરે તે મોટા સાહેબને જણાવવા તૈયાર જ રાખેલા. હું કંઈ કહું તે પહેલાં તો મોટા સાહેબે જ પહેલાં પેલા કાકાના સગાને અને પછી કાકાને જ પૂછ્યું 'કાકો સોવે?' કાકાના સગાએ હા પાડી. કાકો પણ જાગતો હતો. તેણે પણ ખુશ ખુશ થઈને હા હા કર્યું. સાહેબ પણ ફાઈન ફાઈન કરતાં પેલા પેશન્ટની ઉપરછલ્લી તપાસ કરીને સ્પેશિયલ રૂમમાંથી બહાર નીકળી ગયા. સ્પેશિયલ રૂમના કોરીડોરમાં મારી ધીરજ ના રહી. મેં સાહેબને પૂછી જ નાખ્યું. સાહેબ, પેલો કાકો તો જાગતો હતો. સરસ મજાનો ચા નાસ્તો કરતો હતો. તમે તેને...કાકો સોવે?...એવો ઊંઘતો માણસ પણ જાગી જાય તેવો સવાલ કેમ પૂછ્યો? થોડીવાર તે મારી સામુ જોઈ મંદ મંદ હસી રહ્યા હતા. મારા મોઢા ઉપર તેમને જિજ્ઞાશા કરતાં બાઘાઈ વધારે જણાઈ હશે. તેમણે ફોડ પાડ્યો. હું 'કાકો સોવે' નહીં પણ 'કાકૂસ હોવે?' એવું પૂછતો હતો. સીંધી ભાષામાં કાકૂસનો અર્થ થાય છે સવાર સવારના પેટ સાફ આવવું તે. કાકૂસ હોવે એટલે ઝાડો થયો? હવે મારું મગજ સાફ થયું. વૈચારીક કબજિયાત ઓછો થયો. છેલ્લા ત્રણ મહિનાથી હું જોઈ રહ્યો હતો કે સાહેબ તેમના સીંધી પેશન્ટોનું અભિવાદન 'ગુડ મોર્નિંગ' ને બદલે 'કાકો સોવે' કહીને કેમ કરતા હતા!

આચરકૂચર ખાઈને આંતરડામાં ટ્રાફિક જામ થાય ત્યારે ભલભલા ભડવીરો હરડેની ફાકીઓ ખાતા કે દિવેલના ડોઝ પીતા થઈ જાય છે. આંતરડા એકબીજાને આંટીઓ ભીડાવવા માંડે (ઓબ્સ્ટ્રક્શન) કે પોતાનામાં અંદર બહાર ફસાય (ઇન્ટુશસેપ્શન), ઝાડા ઓકી ઓકીને કે ચૂંકથી મરડી મરડીને થાકી જાય (પેરાલિટિક ઈલીયસ) ત્યારે થતું કોન્સ્ટીપેશન કે ઓબ્સ્ટીપેશન (મળની સાથે વા-છૂટ પણ સ્ટ્રાઈક ઉપર જાય) એક સર્જીકલ ઈમરજન્સી બની જાય છે.

જોકે આ બધામાં લાખે નવ્વાણું હજાર નવસો નવ્વાણું લોકોને થતો કબજિયાત એ હેબીચ્યુઅલ કોન્સ્ટીપેશન છે. હેબીટનો મતલબ બીડી તમાકુ કે દારૂની ટેવ જેવો જ છે. પડતાં પડતાં તે પડી જાય છે. બેઠાડુ જિંદગી, નિયમિત કસરતનો અભાવ, ચીકાશવાળા પદાર્થોનું વધુ પડતું સેવન અને નાના નાના હંગામી કબજિયાત માટે પાડેલી મોટી મોટી કાયમચૂર્ણ લેવાની ટેવો, કબજિયાતની હેબીટનું જબરદસ્ત ફાઉન્ડેશન કરી દે છે. જોકે બંને પ્રકારની ટેવોમાં એક મૂળભૂત તફાવત છે. બીડી કે તમાકુની ટેવમાં તમે તે લો તો જ તમારી મગજની બેટરી ચાર્જ થતી લાગે. કબજિયાતની ટેવમાં તો સવાર સવારના પેટ સાફ ના આવે તો આખો દિવસ મગજની બેટરી અકારણ ડિસ્ચાર્જ થતી રહે છે.

મોટા મોટા તત્ત્વચિંતકોને ચોક્કસ કાયમી કબજિયાત રહેતું હોવું જોઈએ. ટોઈલેટ જ એક એવું શાંત અને મગજને મોકળું ફલર્ટિંગ કરાવતું સ્થાન છે કે મોટી મોટી વૈચારિક ક્રાંતિના બીજ ત્યાં પાંચ મિનિટના વિરામમાં નંખાઈ જતા હોય છે. બૈજોન દારૂવાલા જેવા મિડીઆ પ્રખ્યાત જ્યોતિષે તો કોઈક ટીવી ઈન્ટરવ્યૂમાં જાહેર કબૂલાત કરેલી કે મારી સચોટમાં સચોટ આગાહીઓ મેં આવા એક્ષ્ટેન્ડેડ સમય દરમ્યાન 'લૂ' ના સ્ટેન્ડ ઉપર બેઠાં બેઠાં કરેલી. લો અમે તો અત્યાર સુધી તમને જીનિયસ જ્યોતિષ માનતા હતા! છીઃ! તમે તો છીઃનીયસ જ્યોતિષ નીકળ્યા. ઘણા આ સમયનો સદઉપયોગ સવારનું છાપું વાંચવા કરતા હોય છે. તેમને મન છાપાના સમાચારથી થતી વિચાર વમળશુદ્ધિની સાથે સાથે શારીરિક મળશુદ્ધિ પણ સારી થાય છે.

અમારા ખાસ મિત્ર ડૉ. મુકુલભાઈ શાહ (એક્સ મેયર, અમદાવાદ મહાનગરપાલિકા) તો જાહેરમાં કહેતા રહેતા હોય છે કે સવારનું છાપું સાંજે ટોઈલેટ પેપર બની જાય છે (જે કદાચ બીજે દિવસે સવારે જ કામ આવે!) સાંજની વાત તો કોઈ બહુ લેઈટ પડેલો ટોઈલેટીઓ જ સાંજના જાણતો હશે પણ સવાર સવારના તો પેલું સમાચારપત્ર જ અનાયાસે તમારા બોવેલની સફળ મુવમેન્ટનું નિમિત્ત બની જાય છે.

કબજિયાતના દર્દીમાં એનીમા એટલે કે કૃત્રિમ રીતે ઝાડો કરાવવો તેનું એક આગવું સ્થાન છે. લાંબા સમય સુધી પથારીવશ રહેલા દર્દીમાં કબજિયાત રહેવું સ્વાભાવિક છે. આવી આમ જનતાનું અને તેના નજીકના સગાઓનું માનસ એટલી હદ સુધી મળમય થઈ જતું હોય છે કે સાંજ સુધીમાં દુખાવા બુખાવાની ફરિયાદ છોડો...હોસ્પિટલ સ્ટાફમાંથી પછી તે સ્વીપર હોય, આયાબેન હોય, સીસ્ટર હોય કે રેસિડેન્ટ ડોક્ટર હોય, જે નજીકમાં આવ્યું તેમને એક જ ફરિયાદ... સવારનો ઝાડો થયો નથી. રાત્રે કબજિયાતનું ચૂરણ કે ક્રીમાફીન જેવી પીવાની દવા અપાય. બીજા દિવસે સવારે એ જ નિરીક્ષણ અને સાંજે એ જ સગાઓની એ જ ફરિયાદ એ જ હોસ્પિટલ સ્ટાફના માણસો સામે ચાલુ રહે છે. બીજા દિવસે રાત્રે ફરી ડબલડોઝમાં એ જ જૂના ચૂરણ દવાના અખતરા થાય છે.

ત્રીજા દિવસે મોટા સાહેબ સુધી વાત પહોંચે એટલે તે સપોઝીટરી મૂકવાનું સૂચન કરે છે. સપોઝીટરી એટલે બૂલેટના આકારમાં સોલીડીફાય કરેલું ગ્લીસરીન. એ ગુદામાર્ગમાં મૂકવાથી ફક્ત મળમાર્ગ સ્લીપરી થાય છે. આવી સપોઝીટરી ગુદામાં ડિપોઝીટ કરાવ્યા પછી ઘણી વખત તેનું રીટર્ન જલ્દી મળતું નથી. આ વખતે સાયન્સ સુધી નહીં ભણેલા દર્દી અને તેના સગાની કાયમની શંકા રહે છે કે સાહેબ ઝાડો તો ના થયો પણ ગોળી પણ ફસાઈ ગઈ લાગે છે. તેમને સમજાવવું પડે છે કે ગોળી ગ્લીસરીનની જ બનેલી હોય છે જે ઇન્ટરનલ બોડી ટેમ્પરેચરે ઓગળી જ જાય છે. જો મળ ગુદામાર્ગમાં કડક થયો હોય તો જ તે પોચો પડીને પતન કરે છે. જો મળ મોટા આંતરડામાં જ ફસાયેલો હોય તો તેના માટે હોસ્પિટલનો થોડો કોમ્પ્લીકેટેડ એનીમા (જે સાદો કહેવાય છે) કે બજારમાં તૈયાર મળતો પ્લાસ્ટિકના પાઉચમાં મળતો યુઝર ફ્રેન્ડલી હેન્ડી પ્રેક્ટોક્લીસ એનીમા (જે સોફેસ્ટીકેટેડ કહેવાય છે) વડે બહાર

**(અનુ. : જુઓ પાના નં.-૭૪ ઉપર)**

યોગ

# નવી પહેલનો યોગ-સંયોગ

જસુ કવિ

*"છેલ્લાં ઘણાં વર્ષોથી અનિદ્રા એ મારી સમસ્યા રહી છે. પથારીમાં પડ્યા પછી મોડી રાત સુધી પડખાં ઘસવાં પડે. વિચારો તથા અકારણ કે સકારણ ચિંતાઓ મનનો કબજો લઈ લે અને એ રીતે અડધીપડધી ઊંઘ પછી બીજી સવારે જાગું ત્યારે સ્ફૂર્તિનો અભાવ અને સુસ્તીને કારણે બેચેની લાગ્યા કરે. પણ વિશ્વકોશમાં પાંચ દિવસની આ યોગ-પ્રશિક્ષણ શિબિરના બીજા જ દિવસથી ચમત્કાર થયો હોય એમ પથારીમાં પડતાંની સાથે જ ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. સમજ આવ્યા પછી જીવનમાં પહેલી વાર સ્ફૂર્તિથી છલોછલ સવારના અનુભવે મારા આખા દિવસને ખુશનુમા બનાવી દીધો."*

આ શબ્દો છે અંધકન્યા પ્રકાશગૃહની ઉદ્યોગશાળામાં તાલીમ લેતી પ્રજ્ઞાચક્ષુ કન્યા શાંતાબહેન ચૌધરીના. તા. ૧૫ સપ્ટેમ્બરથી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રજ્ઞાચક્ષુ કન્યાઓ અને મહિલાઓ માટે આયોજિત આ ખાસ યોગ તાલીમ શિબિરમાં ૧૮ પ્રજ્ઞાચક્ષુ કન્યાઓ અને એક ઑર્થોપેડિકલી હૅન્ડિકેપ યુવતી તથા એક મૂકબધિર કન્યા સહિત ૨૦ તાલીમાર્થીઓને યોગની સઘન તાલીમ આપવામાં આવી.

યોગને આંતરરાષ્ટ્રીય દરજ્જો મળ્યા પછી તેની લોકપ્રિયતા અને જીવનના આ હાથવગા વૈભવને હજી આપણે પૂરતા પ્રમાણમાં આપણા જ સમાજના અંગભૂત પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગજનો સુધી પહોંચાડવામાં થોડાક પાછળ રહ્યા છીએ. અંધત્વ કે બીજી કોઈ વિકલાંગતાને કારણે આ વર્ગનાં ભાઈ-બહેનો દેખતા લોકોની જેમ સરળતા અને સહજતાથી રોજેરોજ ચાલવાની (Walking) કે હરવા ફરવા કે દોડવાની કે પછી તરવાની (Swimming) કસરત કરવાથી મોટેભાગે અળગા રહે છે. કદાચ તેથી તેમને માટે યોગ વધારે સહજ, સરળ અને સુલભ બનાવાય તો તેઓની મનદુરસ્તી અને તનદુરસ્તી સુધારવા માટે સારાં પરિણામ મેળવી શકાય એવા સ્વાભાવિક ચિંતનમાંથી પ્રજ્ઞાચક્ષુઓ માટે યોગ-સુલભ કરાવવાના હેતુથી આ શિબિરનું આયોજન કરાયું. વિશ્વકોશ સાથે સંકળાયેલાં યોગચિકિત્સક ભારતીબહેન મિસ્ત્રીએ આ પડકાર સ્વીકારીને લગભગ બે મહિનાના અભ્યાસ, વિચાર અને પૂર્વતૈયારી પછી પ્રજ્ઞાચક્ષુઓને યોગાસનો શિખવાડવાની ખાસ તકેદારી, ટેકનિક અને તૈયારી પછી પ્રશિક્ષણની એક ખાસ તરાહ (Pattern) તૈયાર કરી. ભારતીબહેન મિસ્ત્રી અને તેમની દસ જેટલી મદદનીશ શિક્ષિકાઓએ પુષ્કળ ધીરજ, ખાસ સૂઝ, ચોક્કસ સમજ અને પૂરી સંવેદના સાથે ૨૦ પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગ કન્યાઓને પ્રાથમિક યોગવિદ્યાથી પ્રશિક્ષિત કર્યા.

આ શિબિરની બીજી પણ એક વિશેષતા રહી કે જોઈને શીખી શકાતી શરીરભાષા (Body Language) જેવી કે બેસવા - ઊઠવાની, નમસ્તે કે પછી આવજો કરવાની શરીરમુદ્રા, પ્રભાવક રીતે ચાલવાની કે પછી હસ્તધનૂન કરવાની પદ્ધતિ સહિત રોજબરોજના જીવનમાં ઉપયોગી બને તેવી અંગભંગિમાઓ (Posture) તથા ચહેરા ઉપરના હાવભાવ (Gesture)ની પ્રાથમિક જાણકારી અને તાલીમનો પણ સમાવેશ કરાયો. પ્રજ્ઞાચક્ષુ તાલીમાર્થી બહેન ઊર્મિલા રાઠોડ જણાવે છે તેમ,

"ધ્યાનમુદ્રા અને જ્ઞાનમુદ્રા સાથે વજ્રાસનમાં ટટ્ટાર બેસવાની કે પછી હાથ મેળવવાની કે પછી નમસ્તે કરવાની સાચી પદ્ધતિની જાણકારી આ શિબિરમાં મને પહેલીવાર મળી."

આમ, આ રીતે પ્રજ્ઞાચક્ષુ કન્યાઓ માટેની આ યોગ શિબિર સ્વસ્થ અને શ્રેષ્ઠ જીવન તરફ દોરી જતી એક બહુહેતુક શિબિર બની રહી. પોતાની સંસ્થાની પ્રજ્ઞાચક્ષુ દીકરીઓને આવી સુંદર તક પૂરી પાડવા બદલ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં અંધકલ્યાણ કેન્દ્રનાં પ્રમુખ કુમુદબહેન શાહે જણાવ્યું કે વિશ્વકોશ દ્વારા પ્રજ્ઞાચક્ષુઓ માટે કરાતા આ અને આવા કાર્યક્રમો તેમના સર્વગ્રાહી વિકાસ માટેનો એક નવો રાહ તૈયાર કરે છે.

આ શિબિરના અંતે યોગ-પ્રશિક્ષણની રોજેરોજની તાલીમમાં કામ લાગી શકે તે માટે યોગની તાલીમની એક ખાસ ઓડિયો સી.ડી. તથા પ્રત્યેક તાલીમાર્થીને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યાં.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ જ્ઞાન વિજ્ઞાનના પોતાના ઉદ્દેશ સાથે સામાજિક ઉત્તરદાયિત્વની પ્રતિબદ્ધતા સાથે પ્રજ્ઞાચક્ષુ યુવક-યુવતીઓ માટે આ પૂર્વે સંમિલિત કાવ્યપાઠ, સંમિલિત એકાંકી નાટ્ય સ્પર્ધા, વાર્તા સ્પર્ધા તથા કાવ્યગાન જેવા કાર્યક્રમો પછી આ સફળ યોગ શિબિર પૂરી કરી ટૂંક સમયમાં તેમને માટે એક ત્રિ-માસિક શ્રાવ્ય સામાયિક શરૂ કરવા જઇ રહ્યું છે ત્યારે વિશ્વકોશના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. કુમારપાળ દેસાઈ જણાવે છે એ મુજબ પ્રજ્ઞાચક્ષુઓમાં રહેલી અમાપ શક્તિ અને શક્યતાઓને તક અને મંચ આપવા માટે તથા તેમની સામાજિક સ્વીકૃતિનું વાતાવરણ તૈયાર કરવા માટે પ્રયત્નો કરવા માટે વિશ્વકોશ પ્રતિબદ્ધ રહેશે. પંડિત સુખલાલજી જેવા વિદ્વાન અને તપસ્વી પ્રજ્ઞાપુરુષનું કદાચ આ જ સાચું ગુરુતર્પણ બની રહેશે.

હળવાશની ક્ષણોમાં

# નારદજી લાવ્યા સંદેશ

ડૉ. સુધીર ચી. મોદી

અથ શ્રી ગોવિંદાય નમઃ હે સુજ્ઞ શ્રોતાજનો, આજે આપ સર્વેને હું વર્તમાનકાળની એક સંવાદ કથાનું પાન કરાવવાનો છું. જે શ્રોતાઓ શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરી જીવનમાં તે પ્રમાણે અમલ કરશે તેનો આ ભવનો ફેરો સફળ થઈ રહેશે. માટે શ્રોતાઓ હવે કથાનું ધ્યાનપૂર્વક શ્રવણ કરો.

શ્રાવણ માસમાં નારદમુનિ નારાયણ! નારાયણ! કરતા વૈકુંઠધામ પહોંચી ગયા. બપોરના સમયે વિષ્ણુ ભગવાન આરામ કરતા હતા. નારદમુનિનું નારાયણ નારાયણ સાંભળતા સફાળા બેઠા થઈ ગયા. નારદમુનિ નારાયણ! નારાયણ! બોલતા ભગવાનના પગ પાસે બેસી ગયા. ભગવાન બોલ્યા : 'પધારો નારદજી, વૈકુંઠમાં તમારું સ્વાગત છે. પરંતુ મને પ્રશ્ન થાય છે કે આ પવિત્ર શ્રાવણ માસમાં તમે કાયમ શંકર ભગવાન પાસે જતા હો છો, તો આજે વૈકુંઠમાં શા કારણે પધાર્યા?'

*નારદમુનિ* : ભગવાન! આપ તો જાણો છો, શંકર ભગવાન તો ભોળા શંભુ છે. જલ્દી વરદાન આપી દે છે. પરંતુ પૃથ્વી લોકની સમસ્યાના ઉપાય માટે તો આપની પાસે જ આવવું પડે.

*ભગવાન* : બોલો, શું સમસ્યા લઈને આવ્યા છો?

*નારદમુનિ* : પૃથ્વીલોકના માનવોએ એક કામ સોંપ્યું છે. સર્વે માનવીઓએ મને હૃદયપૂર્વક વિનંતી કરી હતી કે હે નારદજી, આપ તો ભગવાનના પરમ પ્રિય ભક્ત છો. આપ ત્રણે લોકમાં વિહાર કરી શકો છો. તો અમારી એક સમસ્યાનો ઉપાય ભગવાન પાસેથી મેળવી લાવો. અમે સર્વે દુઃખી અને ગુંચવાયેલા છીએ.

*ભગવાન* : બોલો, માનવોની શું સમસ્યા છે?

*નારદજી* : ભૂલોકના વાસીઓ કહે છે કે આજના ખૂબ ઝડપી રોકેટ યુગમાં અમને વેદ, ઉપનિષદ, ભાગવત જેવા ગ્રંથો વાંચવાનો સમય નથી તેમજ સંસ્કૃત ભાષામાં બહુ સમજણ પડતી નથી. તો સારી રીતે જિંદગી જીવવા માટે સહેલો અને ટૂંકો ઉપાય બતાવો. આપ તો ભગવાનના પ્રિય ભક્ત છો એટલે ભગવાન જરૂરથી અમારી વિનંતી સ્વીકારીને આપને સમસ્યાનો ઉકેલ બતાવશે.

*ભગવાન* : નારદજી, બધામાં શોર્ટ કટ ના ચાલે. થોડો તો પરિશ્રમ કરવો પડે.

*નારદજી* : હા પ્રભુ! મેં પણ તેઓને આ જ વાત કરી. પરંતુ તેઓ બધા ગળગળા થઈને કહેવા લાગ્યા, નારદજી, આપની વાત સાચી છે પરંતુ અમારી દોડાદોડ અને રઘવાટભરી જિંદગી તો જુઓ. અમારે તો ઘડિયાળના કાંટે દોડવું પડે છે. મુંબઈ જેવા શહેરમાં તો અમે અમારા બાળકોને ફક્ત રવિવારે જ મળી શકીએ છીએ. શું આપને પણ અમારી દયા નથી આવતી?

પ્રભુ! હું ત્રણે લોકમાં ફરું છું. પરંતુ આ પૃથ્વીલોકના માનવોની સ્થિતિ જોઈને મને પણ દયા આવે છે. તેમજ આ કળિયુગના માનવો બધામાં શોર્ટ કટ શોધતા થઈ ગયા છે. જો આપ શોર્ટ કટ નહીં બતાવો તો શેતાન અથવા ઢોંગી ઠગ ભગતો ખોટા રસ્તા બતાવી, ખોટો લાભ લેશે.

*ભગવાન* : હા, આ વાત સાચી. માટે મારે જરૂર તેમને સારી જિંદગી જીવવાની ચાવી બતાવવી પડશે.

*નારદજી* : ધન્યવાદ! ધન્યવાદ! આપને વારંવાર પ્રણામ કરું છું. પ્રભુ, આપે મારી વાત સ્વીકારીને મારી આબરૂ સાચવી.

*ભગવાન* : તમારી આબરૂની વાત આમાં ક્યાં આવી?

*નારદજી* : આ માનવો મને ટોણા મારતા કે નારદજી, તમે પ્રભુના પ્રિય ભક્ત નથી. પ્રભુએ તમારી વિનંતી ક્યાં સ્વીકારી? ખાલી ડેલીએ હાથ દઈને પાછા આવ્યાને?

*ભગવાન* : હા વત્સ! આ બધો કળિયુગનો પ્રતાપ છે.

*નારદજી* : તો પ્રભુ, આપ મને આપના પવિત્ર મુખે જ્ઞાન આપો. તે હું માનવોને આપી શકું.

*ભગવાન* : નારદજી, હું તમને જ્ઞાન તો આપું, પરંતુ તમારે તે સીધું પૃથ્વીલોકમાં નહીં કહેવાનું.

*નારદજી* : કારણ પ્રભુ?

*ભગવાન* : પૃથ્વીલોકમાં લોકો સાધુસંતો પર વિશ્વાસ કરતા નથી. તેમને બધા ઠગભગતો જ દેખાય છે. તમે સીધું કહેશો તો તમારી વાત સાંભળશે પરંતુ અમલ નહીં કરે. તેઓ માનશે કે નારદજી ભગવાન પાસે ગયા વગર ઉપદેશ આપવા બેસી ગયા.

*નારદજી* : હા પ્રભુ, આપની વાત સાચી છે. પૃથ્વીલોકમાં ઢોંગી સાધુ મહારાજો વધતા જાય છે. લોકો બધાની તરફ શંકાની નજરે જુએ છે. તો પ્રભુ, સંદેશો કેવી રીતે પહોંચાડું?

*ભગવાન* : જુઓ નારદજી, તમને આપેલો સંદેશો કોઈ સારા માનવ દ્વારા જ પહોંચાડશો.

*નારદજી* : હા, તો કોના દ્વારા પહોંચાડું?

*ભગવાન* : એક ગૃહસ્થ દ્વારા. લોકોને થશે કે આ આપણા જેવી જ જિંદગી જીવતો માનવ છે. માટે તેની વાત સાંભળવી જોઈએ.

*નારદજી* : કયા ગૃહસ્થ દ્વારા?

*ભગવાન* : લો, તે પણ મારે બતાવવાનું? તમે પૃથ્વીલોકમાં વારંવાર ફરો છો તો શોધી કાઢજો.

*નારદજી* : પ્રભુ, આપે તો મને મુશ્કેલીમાં મૂકી દીધો.

*ભગવાન* : મુશ્કેલીની વાત જવા દો, મને તમારામાં વિશ્વાસ છે.

*નારદજી* : ભલે પ્રભુ!

*ત્યારબાદ ભગવાન સ્વમુખે નારદજીને સંદેશો આપે છે.*

*નારદજી* : વાહ પ્રભુ! આપે તો ટૂંકમાં પણ કેટલી સરસ વાત બતાવી દીધી.

*હવે એક ગૃહસ્થની વાત...*

*ગૃહસ્થ* : મને સ્વપ્નમાં નારદજી વીણા વગાડતા વારંવાર ત્રણ દિવસથી દેખાયા કરે છે. જરૂર કોઈ કારણ હશે.

*નારદજી* : ઓ ભૂલોકના ગૃહસ્થ, મારે તને ભગવાનનો સંદેશો આપવાનો છે.

*ગૃહસ્થ* : અહો ધન્યભાગ! ધન્ય ઘડી! આપ મને ભગવાનનો સંદેશો આપશો? આપ મને કહેશો, શું સંદેશો આપ્યો છે?

*નારદજી* : એમ ને એમ ના કહેવાય.

*ગૃહસ્થ* : મારે તેના માટે શું કરવાનું?

*નારદજી* : તેના માટે થોડી તો તૈયારી કરવી પડશે.

*ગૃહસ્થ* : શું તૈયારી?

*નારદજી* : સાંજે સપરિવાર જગન્નાથજીના મંદિરે જઈ દર્શન પવિત્ર ભાવથી કરી આવવાના. રાત્રે સ્નાન કર્યા બાદ ૧૧ વાર પ્રભુની માળા કર્યા પછી સૂઈ જવાનું. વહેલી પરોઢે બ્રાહ્મમુહૂર્તમાં હું ભગવાનનો સંદેશો સ્વપ્નમાં આપીશ.

*ગૃહસ્થ* : ભલે. આવતીકાલે શ્રાવણી પૂનમનો પવિત્ર દિવસ છે. આપે જણાવ્યા પ્રમામે આપની આજ્ઞાનું પાલન કરીશ.

***પૂનમની રાત્રે વહેલી પરોઢે બ્રાહ્મમુહૂર્તમાં....***

*નારદજી* : આજે હું તને ભગવાને આપેલો સંદેશો આપવાનો છું. તારે આ જ્ઞાન પૃથ્વીલોકના માનવોને જણાવીને તેમની સમસ્યાનો ઉપાય બતાવવાનો છે.

*ગૃહસ્થ* : નારદજી! હવે તો મારા કર્ણ આપના પવિત્ર મુખેથી સંદેશો સાંભળવા આતુર છે. આપ મારા પર કૃપા કરો.

*નારદજી* : આ શોર્ટ કટના જમાનામાં પ્રભુએ એક જ લીટીનો સંદેશો આપ્યો છે તે હવે શ્રવણ કરો : ***"જીવનમાં ક્યાં અટકવું, ક્યાં છટકવું અને ક્યાં ટકવું જાણી લેશો તો લટકવું નહીં પડે."***

*ગૃહસ્થ* : વાહ રે વાહ! આ એક જ વાક્યમાં આપે તો જિંદગી જીવવાની સમજ આપી દીધી. આમ છતાં મારા જેવા અજ્ઞાનીને થોડી વધારે સમજ આપશો તો આભારી થઈશ.

*નારદજી* : આ વાક્ય જીવનના દરેક ક્ષેત્રમાં સામાજિક, આર્થિક, રાજકીય કે આધ્યાત્મિક ક્ષેત્રમાં અમલ કરો તો બેડો પાર થઈ જાય.

આધ્યાત્મિક ક્ષેત્રની વાત કરું :

***ક્યાં અટકવું*** : લોભ, લાલચ, તૃષ્ણામાં અટકવું.

***ક્યાં છટકવું*** : મોહમાયામાંથી છટકવું.

***ક્યાં ટકવું*** : પ્રભુ ભક્તિમાં ટકવું.

સમજી ગયા ને? હવે તેનો અમલ કરવો તમારા હાથમાં છે. મારું કામ પૂરું થયું.

નારાયણ! નારાયણ! નારાયણ!

***૧-એ, વ્રજરાયજી કોલોની,***
***સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ પાસે, નવરંગપુરા,***
***અમદાવાદ-૩૮૦ ૦૦૯.***
***મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫***

હાસ્ય

# 'બ્લેક હ્યુમર' બોલે તો...

નલિની ગણાત્રા

એક એવી અંધશ્રદ્ધા પ્રવર્તે છે કે મોડી સવારે બેસણાંની જાહેરાત વાંચવાથી વાંચનારનું આયુષ્ય દિવસે ન વધે એટલું રાત્રે અને રાત્રે ન વધે એટલું દિવસે વધે છે! મને પોતાને અંધશ્રદ્ધામાં આંધળી શ્રદ્ધા!! એટલે આયુષ્ય વધારવાના નુસખા તરીકે બેસણાંની જાહેરાત હું નિયમિત વાંચું જ વાંચું અને એ રીતે હું નિયત સમયે એટલે કે એક મોડી સવારે અખબારમાં બેસણાંની જાહેરાત વાંચવા બેઠી. એમાં એક સચિત્ર જાહેરાત જોઈ હું ચમકી કે, લે, આ તો હર્ષદભાઈ!! મને તો આઘાતથી ભારોભાર આશ્ચર્ય થયું. કારણ કે હર્ષદભાઈ તો મરવામાં બિલકુલ માનતા જ નહોતા. તો પછી આવું બની જ કેવી રીતે શકે? આમ વિશ્વાસ ન આવતાં મેં તો એમને જ ફોન કર્યો. અને મારો અવિશ્વાસ સાચો પડ્યો. એમણે જ ફોન ઉપાડ્યો અને...હું તો હાય-હલો કર્યા વગર સીધો હલ્લો જ કરવા માંડી કે, 'ભલા માણસ, મરી જાવ છો અને કહેતાય નથી!! મિત્રભાવે મને એટલી તો આશા હોય ને કે, તમારા મૃત્યુના સમાચાર હું તમારા જ મોંએથી સાંભળું. અને કહ્યું-કહેવડાવ્યું હોત તો અમે કાંઈ દુઃખી થોડા જ થવાનાં હતાં?! અને મરતી વખતે તો ચાલો સમજ્યા કે તમે મરવામાં બિઝી હોવ એટલે રઘવાટમાં જાણ કરવાનું ચૂકી જવાય પરંતુ મર્યા પછી નરી શાંતિ હોય ત્યારે તો ફોન કરવો જોઈએ ને કે હું મરી ગયો છું. વળી તમે તો મિસ કોલ મારવાના કેટલા શોખીન હતા? (છો...!) છતાં 'ઉપર' પહોંચી ગયા પછી મિસ કોલ ન માર્યો! પછી તમને મિસ કરવાની અમનેય શું મજા આવે?!'

આમ નોનસ્ટોપ આટલું અમથું બોલીને હું શ્વાસ ખાવા રોકાઈ કે તુરત જ મારી ખેદ વગરની રુકાવટની તક ઝડપી લઈને હર્ષદભાઈ બોલ્યા કે, 'નલિનીબહેન તમારી ગેરસમજ સાવ સાચી છે. મતલબ તમે વાંચેલી-જોયેલી એ બેસણાની જાહેરાતમાં અટક સાથે નામ પણ મારું હતું અને ફોટો પણ બિલકુલ મને મળતો આવતો હતો...એટલે તમારી જેમ જ ચાર-પાંચ મિત્રોના હરખના ફોન પણ આવી ગયા; પરંતુ સદરહુ મૃતક મારો હમશકલ હતો, હું પોતે નહોતો.' મેં કીધું, 'હર્ષદભાઈ ચહેરો અને નામ આટલાં આબેહૂબ મળતા હતા તો મરવામાં કાં મોળા પડ્યા?!'...આમ મૃત્યુના વિષય પર અમે બંને ખૂબ હસ્યાં. આનું નામ બ્લેક હ્યુમર.

બ્લેક હ્યુમર એટલે કાદવમાં ખીલેલું કમળ! કમળને કંઈ કાદવમાં ખીલવાનો અભરખો ન હોય; પરંતુ એ કમળ છે એટલે કાદવમાં ખીલી ઊઠવું એ એની ફરજ છે. એ જ રીતે કરુણ પ્રસંગની રમૂજમાં હસવું જરા વસમું અને વિચિત્ર લાગે પરંતુ બ્લેક હ્યુમરમાં હસીએ નહીં તો હ્યુમર સેન્સના અભાવશાળી લાગીએ એટલે બ્લેક હ્યુમરમાં હોઠ ઉપર પથ્થર મૂકીને પણ હસવું પડે છે. હસવું જોઈએ જ. અને હસવાથી માણસ સારો જ લાગે છે એટલે સારા લાગવા માટે પણ હસવું ફરજિયાત છે. પછી એ હ્યુમર કોઈ પણ કલરની કેમ ન હોય? અને બ્લેક હ્યુમરમાં હસવાથી તો માણસ મજાનો કાદવ જેવો, સોરી, કાદવમાં ખીલેલા કમળ જેવો લાગે છે! જેમ કાળા માણસની સામું જોવાથી આપણે કાળા નથી થઈ જતા એમ બ્લેક હ્યુમરમાં હસવાથી માણસ કાળો નથી થઈ જતો. કદાચ એવું થતું હોત, તો-તો કાળા લોકો ધોળા માણસોને બ્લેક હ્યુમર સંભળાવી-સંભળાવીને હસાવી-હસાવીને કાળા કરી નાખત!! આમ હ્યુમરમાં આવી સીધી આડઅસર ન હોવા છતાં મેં જોયું છે કે બ્લેક હ્યુમરમાં ક્યારેક ખુદ કાળા માણસોને પણ હસતાં જોર આવે છે.

માસૂમ મૂળચંદ તો એવું સમજતો હતો કે બ્લેક હ્યુમર એટલે કાળા માણસો વડે, કાળા માણસો માટે અને કાળી રાત્રિએ થતી હ્યુમર! જેમાં હસવાથી માણસ બે ઘડી કાળો પડી જતો હશે. જોકે મેં એના મગજમાંથી એ ભૂંસું કાઢીને નવું ભૂસું ભરતાં કીધું કે એવું નથી. બ્લેક હ્યુમર ધોળા માણસો પણ કરે છે, ધોળા દિવસે પણ કરે છે. ધોળા ઈરાદાથી એટલે કે હસાવવાના પવિત્ર ઈરાદાથી કરે છે. એટલું જ નહીં; પરંતુ એમાં કાળા, ધોળા અને રંગબેરંગી માણસો પણ વિના સંકોચે અને છૂટથી હસી શકે છે. મૂળચંદની મૂઢ માન્યતા પ્રમાણે હ્યુમરમાં જો રંગભેદ પેસી ગયો હોત તો હું તો ભરાઈ પડત ને? મારા 'પાક્કા' કલરને કારણે હું તો કદી વ્હાઈટ હ્યુમર કરી જ ન શકત. એટલું જ નહીં પણ વ્હાઈટ હ્યુમર કરું તો બધા હસે કે નલિનીબહેન શું જોઈને બ્લેક કા વ્હાઈટ કરતા હશે? હું વર્ણભેદમાં નથી માનતી પણ વર્ણમાં માન્યા વગર તો છૂટકો જ નહીં ને? હું જન્મથી જ રંગે શ્યામ હોવાથી એવું તો કહી જ શકું કે બ્લેક હ્યુમર કરવી એ મારો જન્મસિદ્ધ અધિકાર છે.

ટૂંકમાં બ્લેક હ્યુમર એટલે બ્લેક બ્યુટી! જે કાળી હોય, કદરૂપી નહીં. અને...જે હસાવે, હસે એ ક્યારેય કદરૂપું ન લાગે. બાય ધ વે, આનંદ એ જીવનનું અંતિમ છે અને એ 'અંતિમ પગલું' બધાએ ભરવા જેવું છે.

● **છમ્મવડું :**

'તારી ખોટ પડશે' એવું વિચારીને અમે તો કેવા ખુશ હતા?! પણ તેં તો આપઘાત કરવાનું જ માંડી વાળ્યું. છટ્...તું તારા સિવાય કોઈનો વિચાર જ નથી કરતી!!! ■



## બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

### બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે રોડ તે વોડાફોનજે કસ્ટમર કેર જી ઓફિસ આય તેમેં હેવર જ મુંજી નજર સામે હકડો માડુ આવ્યો ને ઓતે હાજર સેલ્સમેન વો તેંકે કીં પૂછે તડેં તેરંઇ હુ સેલ્સમેન ચકરી ખાઇને નીચે છણે પ્યો ને બેહોશ થે વ્યો. ત જરા ધોડધો વન ને તપાસ કરતા, હુ માડુ એડો ત કુરો પૂછે કે સેલ્સમેન બેહોશ થે વ્યો... વનતા... હાણેં ભાનમેં આવ્યો લગેતો... ત જરા તપાસ કરે અચ.

બચુડો : (તપાસ કે ને ચેં) હુ માડુ પૂછેલા આવ્યો વો ક મિસ્ડકોલ કરેલા કોય સારો પ્લાન આંજી કંપનીમેં આય? વે ત મુંકે માહિતી ઘો. હી સુણે કરે સેલ્સમેન તેરંઇ ચકરી ખાયને બેહોશ થે વ્યો વો.

### ખિલજા મ ભલા

પત્ની : તમારી સુટકેસ કેમ વસાતી નથી? આવ્યા ત્યારે તો અંદર થોડી જગ્યા પણ હતી.

પતિ : ટુવાલ અંદર મૂક્યો એટલે.

પત્ની : પણ આપણે ટુવાલ ક્યાં ખરીદ્યો જ છે?

પતિ : હોટલમાં તો ટુવાલ હોય ને...

☺ ☺ ☺ ☺ ☺

પોલીસ : અહીં ઊભા ઊભા શું કરો છો?

રાહદારી : રાહ જોઈ રહ્યો છું.

પોલીસ : કોની?

રાહદારી : અંધારું થાય તેની.

પોલીસ : કેમ?

રાહદારી : અંધારામાં જ મારો ધંધો ચાલુ કરી શકું છું.

☺ ☺ ☺ ☺ ☺

શેઠાણી : અલ્યા આમ રસ્તા ઉપર ઊભા રહીને ભીખ માંગતા શરમ નથી આવતી?

ભિખારી : તો શું ભીખ માંગવા ઓફિસ ખોલવી પડશે?

☺ ☺ ☺ ☺ ☺

જુહારમલ : ચાલો બધા કારીગરો અહીં આવી જાવ. આ વરસે ધંધો ખૂબ સારો થયો છે. માટે હું આપ બધાને ૫૦૦-૫૦૦ રૂપિયાનો ચેક બક્ષિસમાં આપું છું.

કારીગરો : શેઠ સાહેબ, આપનો ખૂબ ખૂબ આભાર.

જુહારમલ : હવે આવતા વર્ષે પણ આવો જ નફો થશે તો તમારા બધાના ચેકમાં સહી કરી આપીશ. જાઓ, જલસા કરો...

☺ ☺ ☺ ☺ ☺

મમ્મી : ટીનુ, તેં તારા નાના ભાઈના પેટમાં લાત કેમ મારી?

ટીનુ : એમાં વાંક એનો જ છે. હું તો તેની પીઠ ઉપર લાત મારવા જતો હતો પણ તે અવળો ફરી ગયો.

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : અકસ્માતમાં તમને થયેલી ઈજા જોતા લાગે છે કે જો જલ્દી સારા થવું હોય તો ટાંકા લેવા પડશે.

દર્દી : ડૉક્ટર સાહેબ, પણ એના માટે ખર્ચો કેટલો થશે?

ડૉક્ટર : ઓછામાં ઓછા દસેક હજાર રૂપિયા તો થશે જ.

દર્દી : ડૉક્ટર સાહેબ, ટાંકા લેવાના છે કાંઈ મશીન એમ્બ્રોયડરી નથી કરવાની. ભગવાન માથે રાખો...

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : તમારામાંથી જે વિદ્યાર્થી મારા સવાલનો જવાબ આપશે તેને જલ્દી ઘરે જવા દેવામાં આવશે.

આ સાંભળતા જ આદિત્યએ પોતાની સ્કૂલબેગ બારીમાંથી બહાર ફેંકી દીધી.

એટલે શિક્ષકે પૂછ્યું, 'બેગ કોણે બહાર ફેંકી?'

આદિત્ય : સાહેબ, એ બેગ મેં બહાર ફેંકી છે. મેં જ તરત જવાબ આપ્યો એટલે મને જલ્દી ઘરે જવા દો.

☺ ☺ ☺ ☺ ☺

મનિયો : પપ્પા, તમારી પાસે પાંચ પૈસા, દસ પૈસા, પચ્ચીસ પૈસા, પચાસ પૈસા, રૂપિયો — બધાના જેટલા સિક્કા હોય તે મને આજે આપી દો.

પપ્પા : કેમ, તારે તેનું શું કરવું છે?

મનિયો : કરવું કશું નથી પણ તમારે રૂપિયાવળા થવું હોય તો હું કહું છું તેમ કરો.

પપ્પા : પણ એમાં રૂપિયા ક્યાંથી થશે?


મનિયો : કાલે અમારા ગણિતના સાહેબ પૈસામાંથી રૂપિયા કેમ બનાવવા, તેની રીત શીખવવાના છે.

☺ ☺ ☺ ☺ ☺

કાનો : અલ્યા માના, તું રાત્રે ઓનલાઈન ક્યારે હોય છે?

માનો : ઘરના વાસણ માંજવાનું કામ પતી જાય પછી.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*




'મંગલ મંદિર'ના દિવાળી અંકના તંત્રીલેખમાં તંત્રીશ્રી જાપાન અને જાપાની પ્રજા ઉપર ઓવારી ગયા છે. જ્યાં સુધી આજના જાપાનને લાગેવળગે છે ત્યાં સુધી એ સાચું પણ છે. આજનું જાપાન ખરેખર બિરદાવવા યોગ્ય છે જ.

જે વાત કહેવી છે એ બીજા વિશ્વયુધ્ધ પહેલાના જાપાનની છે. આજની પેઢીની તો વાત જ નથી, પણ મોટાભાગના વયસ્ક વડીલોને પણ જાપાનની અત્યંત કાળી બાજુની ખબર નહીં હોય. વીસમી સદીની શરૂઆતના દાયકાઓ દરમિયાન જાપાન એક મહાસત્તા હતું અને આજના મહાકાય રશિયા અને ચીનને પણ જાપાનીઓ સામે યુધ્ધમાં હારનો સામનો કરવો પડ્યો હતો. યુધ્ધમાં જીત મેળવવા ઉપરાંત હારેલી પ્રજા ઉપર જે જુલમો જાપાનીઓએ વરસાવ્યા હતા તેનો જોટો એશિયામાં નહીં મળે.

નાનકડા કોરિયા ઉપર વરસાવેલા ત્રાસની કાળી કથા શ્રી મેઘાણીજીની પુસ્તિકા "એશિયાનું કલંક, કોરિયાની કથા"માં વર્ણવી છે. એ વાંચીને રૂંવાડા ઊભા થઈ જાય! થોડા વરસ પહેલાં જ જાપાનની સરકારે આના માટે કોરિયાની પ્રજાની માફી માંગી લીધી છે. છતાં ઉત્તર કોરિયા જાપાનને હજુ પણ કટ્ટર દુશ્મનની નજરે જ જુવે છે!

આ જ રીતે યુધ્ધમાં હારેલી ચીની પ્રજા ઉપર પણ જુલમો ગુજારવામાં જાપાનીઓએ બાકી રાખ્યું ન હતું. એ સમયે પ્રખ્યાત અમેરિકન લેખિકા શ્રીમતી પર્લબક ચીનમાં વસતા હતા. તેમણે આ ત્રાસદીનું વર્ણન તેમની ૨ નવલકથાઓમાં કરેલ છે, જેના માટે તેમને સાહિત્યનું નોબેલ પ્રાઇસ મળેલ. આ નવલકથાઓના ગુજરાતી અનુવાદ વાંચેલ છે, નામ યાદ નથી. ખાસ કરીને સેક્સ ભૂખ્યા જાપાનીઓએ કોરિયા અને ચીનની નાની બાળાઓથી લઈને પ્રૌઢ સ્ત્રીઓ ઉપર જે ત્રાસ ગુજાર્યો હતો તેને કોઈ ઉપમા આપી શકાય એમ નથી!

બીજા વિશ્વયુધ્ધમાં કોઈ ખાસ કારણ વગર પર્લ હાર્બર ઉપર હુમલો કરીને જાપાને અમેરિકા સામે યુધ્ધમાં કૂદી પડ્યું, એ તે વખતે તેમની સાહસિકતા અને આત્મવિશ્વાસના કારણે. (આ બનાવની બે ફિલ્મો "પર્લ હાર્બર" અને "ટોરા ટોરા ટોરા" નામે હોલીવુડમાં બની છે.) સમગ્ર દક્ષિણ પૂર્વ એશિયામાં જાપાનનો એટલો ખોફ હતો કે એ વિસ્તારમાં રહેતા વિદેશીઓ, જેમાં વધારે ભારતીયો જ હતા, તેઓમાં નાસભાગ મચી ગઈ હતી. સૌથી વધારે ભારતીયો બર્મા (હવે મ્યાનમાર)માં હતા કારણ ૧૯૩૫-૩૬ સુધી બર્મા બ્રિટીશ શાસન હેઠળના ભારતીય ઉપખંડનો જ ભાગ હતું. સિંધિયા કંપનીએ સ્ટીમરો મોકલીને શક્ય એટલા ભારતીયોને ભારત ભેળા કર્યા. છેલ્લી સ્ટીમર, જેમાં મારા નાના કાકા શામજીભાઈ પણ હતા, તેમણે માહિતી આપી કે સિંધિયા કંપની, છેલ્લી સ્ટીમરમાં મોટાભાગના ભારતીયોને વગર ટિકીટે ભારત લાવી હતી. આમ છતાં ઘણા ભારતીયો પાછળ રહી ગયેલ. તેઓ ડરના માર્યા ઉત્તર તરફ ભાગ્યા અને ત્યાંથી આરાકાનના પહાડો, જંગલોમાં થઈને પગરસ્તે હિજરત કરી અને રસ્તામાં ઘણા મરણશરણ થયા. આ હિજરતનું હૃદયદ્રાવક વર્ણન મેઘાણીજીએ તેમની સત્યઘટના ઉપર આધારિત નવલકથા "પ્રભુ પધાર્યા"માં કર્યું છે.

આમ છતાં દક્ષિણ પૂર્વ એશિયા, ખાસ વધારે પ્રમાણમાં બર્મામાં જ રહી ગયેલા ભારતીયો જાપાનીઓના ત્રાસથી બચી ગયા, જેનો શ્રેય એકમાત્ર સુભાષચંદ્ર બોઝને જ જાય છે. જેમણે ભારતની આઝાદી માટે જાપાનીઓ સાથે સહકાર કર્યો હતો. એ વિસ્તારમાં વસેલા ભારતીયો માટે નેતાજી ભગવાન જેવા હતા. આ બાબતની પ્રત્યક્ષ પ્રતીતિ મને જ્યારે ૧૯૪૬ જાન્યુઆરીમાં યુધ્ધ બાદ હું રંગૂન પહોંચ્યો ત્યારે થઈ ગઈ. નેતાજીનો જન્મ દિવસ ૨૩ જાન્યુઆરી. ત્યાંના ભારતીયોએ એટલા ઉત્સાહથી ઉજવ્યો હતો કે દિવાળીની ઉજવણી પણ એની પાસે કંઈ નહીં!

સાથે એ વાતની નોંધ લેવાવી જોઈએ કે આવા લડાયક અને ક્રૂર જાપાનીઓ અણુ હુમલાના એક જ ફટકાથી ચેતી ગયા અને તે વખતની ભવિષ્યની પેઢીને શાંતિના જ પાઠ ભણાવ્યા. અને આવો ભયાનક નરસંહાર કરનાર અમેરિકા પ્રત્યે પણ વેરભાવ ન રાખતાં સહકાર કર્યો અને એના પરિણામ તેઓ પ્રગતિરૂપે આજે ભોગવી રહ્યા છે.

આ હતો જાપાનનો ભૂતકાળ અને આ છે વર્તમાન. આપણો પાડોશી આના ઉપરથી કંઈ શીખે એવી આશા રખાય કે પછી તેને પણ મોટા ફટકાની જરૂર હશે!

*મગનલાલ સંઘવી - અમદાવાદ*
*ફોન : ૨૬૮૭૧૯૨૫*

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
**MFG. ST. STEEL UTENSILS**

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ

★ તા. ૯-૧૦-૨૦૧૭ના રોજ મળેલ બાતમીના આધારે ગોરક્ષક બચુભાઈ રાંભિયા તથા કાર્યકર્તાઓ રાતે ૧૦ વાગે ઈસનપુર પુલ નીચે ઊભા હતા ત્યારે એક આઈસર નં. જી.જે.-૧ બીટી ૮૯૬૧ પસાર થતાં, તેને અટકાવવાનો પ્રયાસ કરતાં, આ ટ્રક ચાલકે પૂરપાટ હંકારી મૂકેલ. જેનો પીછો કરી નારોલ સર્કલ પાસેથી પકડી પાડવામાં આવેલ. આ પકડેલ ટ્રકની તપાસ કરતાં ખૂબ જ ક્રૂરતાપૂર્વક બાંધી રાખેલ કુલ ૧૫ ભેંસો-પાડાને કતલખાને જતા બચાવી લીધેલ છે તથા તમામ અબોલ જીવોને સંસ્થાના કાર્યકર્તા દ્વારા પાંજરાપોળમાં આશ્રય અપાવેલ.

આ કામના આરોપી ડ્રાઈવર ઈરફાન અલીહુસેન શેખ રહે. ૭૭૮, સૈયદવાડી, વટવા, અમદાવાદને પકડી ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાવી આગળની વધુ તપાસ પોલીસ કરી રહી છે.

★ ગૌરક્ષા અને અબોલ જીવો માટે પોતાના પ્રાણનું બલીદાન આપનાર વીરાંગના અમરશહીદ ગૌરક્ષક ગીતાબેન રાંભિયાના માદરે વતન ગામ રામાણિયા, તા. મુંદ્રા, જિ. કચ્છમાં તા. ૬-૧૦-૨૦૧૭ના રોજ ગૌરક્ષક ગીતાબેન રાંભિયાના સ્મારકના ભૂમિ પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં માનનીય ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા, ધારાસભ્ય શ્રી ડૉ. નીમાબેન આચાર્ય તથા શ્રી ગીરીશભાઈ છેડા, મૂકેશભાઈ છેડા, રણજિતસિંહ જાડેજા તેમજ રામાણિયા પ્રાથમિક શાળાના આચાર્ય અમિષાબેન બટેલ, છાયાબેન ગઢવી ઉપસ્થિત રહેલ હતા. તેમજ આ સ્મારકના નિર્માણ કાર્યમાં શ્રી તારાચંદ છેડાએ રૂા. ૧,૧૧,૦૦૦/-નું અનુદાન આપેલ છે તેમજ રૂા. ૨,૦૦,૦૦૦/- પોતાની ગ્રાન્ટમાંથી ફાળવવાની ખાત્રી આપેલ છે. તેમજ સંસદસભ્ય શ્રી વિનોદભાઈ ચાવડા અને અદાણી ગ્રુપના પ્રતિનિધિશ્રીએ આ કાર્યમાં સહકાર આપવા ખાત્રી આપેલ છે તેમજ ક્ષત્રિય સમાજે રૂા. ૧૧,૦૦૦/-, મુસ્લિમ સમાજે રૂા. ૫,૦૦૦/-, મહેશ્વરી સમાજે રૂા. ૧૧,૦૦૦/- તેમજ સમસ્ત રામાણિયા ગ્રામજનો ઉપસ્થિત રહી અને આ સ્મારક બનાવવા માટે દરેક વ્યક્તિએ, સમાજે જે તન-મન-ધનથી સહકાર આપ્યો છે તે બદલ ગૌરક્ષક ગીતાબેન રાંભિયા પરિવાર તમામનો હૃદયપૂર્વક આભારી છે. ■

## જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

૧૬ નવેમ્બરને 'ફાસ્ટ ફૂડ ડે' તરીકે ઉજવવામાં આવે છે. ફાસ્ટ ફૂડનો ઈતિહાસ પ્રાચીન રોમ જેટલો જ પુરાણો છે. જો કે બીજા વિશ્વયુદ્ધ બાદ અમેરિકાના અર્થતંત્રે તેજી પકડી હતી અને ત્યાંના લોકો ખાણી-પીણી પાછળ મન મૂકીને પૈસા ખર્ચવા લાગ્યા હતા. આના કારણે ફાસ્ટ ફૂડે આધિપત્ય જમાવવાનું શરૂ કર્યું હતું. આ ફાસ્ટ ફૂડમાં પીઝા, બર્ગર, સેન્ડવિચ જેવી વાનગીઓ છે. આ બધી જ વાનગીઓ બહારથી આયાત થયેલી છે. એવી ખૂબ જ ઓછી ફાસ્ટ ફૂડ વાનગીઓ છે જેનો જન્મ ગુજરાતમાં થયો હોય અને આજે પણ તેની લોકપ્રિયતા બરકરાર હોય તેમજ લોકો વારંવાર આ વાનગી ઝાપટતા હોય! ગુજરાતની માત્ર નહીં પરંતુ કચ્છીઓને ગૌરવ લેવડાવે એવી આ કચ્છી વાનગી કચ્છ - ગુજરાત અને દેશના સીમાડા તોડીને વિદેશમાં વખણાવા લાગી છે અને ખવાવા લાગી છે. આ વાનગી છે કચ્છમાંથી ઉદ્ભવેલી અને સમગ્ર દુનિયામાં લોકોને અતિપ્રિય એવી "દાબેલી."

ચાલો, તો આપણે હવે 'દાબેલી' વિશે જાણીએ.

૧૯૬૦ના દાયકાની આ વાત છે જ્યારે કચ્છના માંડવીના સાંજીપડી ચોકમાં એક બેકરી આવેલી હતી. આ બેકરીના માલિક રુપનને મોહનલાલના મસાલાવાળા બટાકા ખૂબ જ ભાવતા હતા. દરરોજ સાંજે તેઓ મસાલાવાળા બટાકા મંગાવતા અને પોતાની જ બેકરીમાં બનતા બન વચ્ચે કાપો મૂકી અને બે અડધિયા વચ્ચે મસાલાવાળો બટેટો મૂકીને તેને આરોગતા હતા.

પરંતુ મૂળ રેસીપી એક જ છે. પાંઉની વચ્ચે મસાલેદાર બટાટાનું શાક ચોક્કસ પ્રકારની ચટણી સાથે મૂકી તેના પર મસાલાવાળા સીંગદાણા, દ્રાક્ષ, કોપરુ મૂકવામાં આવે છે.

માંડવી અને ભુજ વચ્ચે અંતર ભલે માત્ર ૫૮ કિ.મી. હોય પરંતુ બંનેમાં મળતી દાબેલીના સ્વાદમાં મહદ્ અંશે ફરક હોય છે.

ભુજમાં દાબેલી તવા ઉપર શેકવાની પ્રથા શરૂ થઈ હતી. 'કચ્છી બર્ગર' તરીકે ઓળખાતી દાબેલીનો વ્યાપ એટલો વધી ગયો છે કે તેનું એક દિવસનું ટર્નઓવર કેટલું હશે તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે.

મોહનભાએ દાબેલી વેચવાનું શરૂ કર્યું ત્યારે તેની કિંમત માત્ર છ આના હતી. એટલે કે સાડત્રીસ પૈસા અથવા તો રૂપિયામાં ત્રણ દાબેલી અને આજે તો દસ રૂપિયાથી શરૂ કરીને બસ્સો રૂપિયાની કિંમતવાળી દાબેલી પણ મળે છે. ■

## NanoNine™ શબ્દ રમત-૧૩૪

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | | ■ | ૭ | ૮ |
| ૯ | | | ■ | ૧૦ | | | | ■ | ૧૧ | | |
| | ■ | ૧૨ | ૧૩ | | | ■ | ૧૪ | ૧૫ | | ■ | ■ |
| ■ | ૧૬ | ■ | ૧૭ | | ■ | ૧૮ | | | ■ | ૧૯ | ૨૦ |
| ૨૧ | | | | ■ | ૨૨ | ■ | ૨૩ | | | | |
| ૨૪ | | ■ | ૨૫ | ૨૬ | | ૨૭ | ■ | ■ | ■ | | ■ |
| | ■ | ૨૮ | ■ | | ■ | ૨૯ | | | ૩૦ | | ■ |
| ■ | ૩૧ | | ૩૨ | | ■ | | ■ | ■ | | ■ | ૩૩ |
| ૩૪ | | | | ■ | ૩૫ | | ૩૬ | | ■ | ૩૭ | |
| ■ | | ■ | | ■ | | ■ | | ■ | ૩૮ | | |
| ■ | ૩૯ | ૪૦ | | ■ | ૪૧ | | | ■ | ■ | ૪૨ | ■ |
| ૪૩ | | | | | | ■ | ■ | ૪૪ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૦-૧૧-૨૦૧૭)*

### આડી ચાવીઓ

૧. રાતે પણ કામ ચાલવું તે (૪)
૪. અપાર, પુષ્કળ (૪)
૭. મિત્ર (૨)
૯. ઉષ્ણ, ઊનું (૩)
૧૦. સમૃદ્ધ, તાલેવાન, શ્રીમંત (૪)
૧૧. સાદગી, સાદાપણું (૩)
૧૨. રાતે ન દેખી શકે તેવું (૪)
૧૪. હંમેશ ચાલુ, કાયમી, નિરંતર (૩)
૧૭. દાવાનળ, દાવાગ્નિ (૨)
૧૮. શ્રીકૃષ્ણનો બાળ સખા (૩)
૧૯. શક, સંવત (ખ્રિસ્તી), દીકરો (ઈં), સૂર્ય (ઈં) (૨)
૨૧. મગના લોટનો લાડુ (૪)
૨૩. સાવ સહેલી, રમત જેવી વસ્તુ કે કામ (૫)
૨૪. ફળની અંદરનો ગર્ભ, ઝેરી આધાર, ગલ (૨)
૨૫. જુલ્મ, દોર, હુકમ પ્રમાણે (૪)
૨૯. વર કે કન્યા કે પહેરામણી, દાયજો, દહેજ (૫)
૩૦. વરરાજા, પતિ, વરદાન (૨)
૩૧. આ બાજુથી પેલી બાજુ, સોંસરું (૪)
૩૨. છેડો, અંત, હદ, સીમા (૨)
૩૪. શરીરની અંદર થતી વેદના કે પીડા (૪)
૩૫. સમ્રાટ, રાજાધિરાજ (૪)
૩૭. શરીર, કાયા (૨)
૩૮. દિન, દહાડો (૩)
૩૯. પવિત્ર (ફા), ખેતીની નીપજ (૨)
૪૧. સાચું, ખરું, વાસ્તવિક (૩)
૪૩. કલિના પ્રભાવથી દુઃખી નિષિધના રાજા વીરસેનનો પુત્ર રાજા અને રાણી (૬)
૪૪. ઉદાસ, રસ ન ધરાવનારું (૪)

### ઊભી ચાવીઓ

૧. ખૂબ મોટેથી ગાવું તે (૩)
૨. દૂધની મલાઈ (૨)
૩. કંગાળ, સાંકડા મનનું (૩)
૪. સૂકલું, કૃશ, એકવડિયું (૩)
૫. કાંજી, ઘેંસ, ભરકડું (૨)
૬. મરનારની મિલ્કતનો હક્કદાર (૫)
૭. હંમેશ, કાયમી, નિરંતર (૨)
૮. ખાણ, ઊંડો ખાડો (૨)
૧૦. શ્રીકૃષ્ણનું એક નામ (૩)
૧૧. એક સંખ્યા, ________ સૂર (૨)
૧૩. એક ભાજી (૪)
૧૫. બધું, સંપૂર્ણ (૩)
૧૬. સમુદ્ર, દરિયો (૩)
૧૯. શેરને માથે ________ (૪)
૨૦. નમેલું (૨)
૨૧. ખોપરીની અંદરનો નરમ ભાગ, ભેજું (૩)
૨૨. શંકા, વહેમ, સંશય (૨)
૨૪. હાથી, માતંગ (૨)
૨૬. કારીગરી, કસબ (૩)
૨૭. મુરાદ, ધારણા, હેતુ (૪)
૨૮. ગુજરાતનું હીરા માટે જાણીતું એક શહેર (૩)
૩૦. વિષ, ઝેર (૨)
૩૧. મિથ્યા, પટામણું (૫)
૩૨. બીજાનું, પરાયું (૩)
૩૩. જોખમ ભરેલું કામ (૩)
૩૫. ફળ ફૂલના ઝાડ ઉછેરવા લાયક (જમીન) (૪)
૩૬. શાસ્ત્ર વિષયક ચર્ચા, શાસ્ત્રના અર્થની ચર્ચા (૩)
૩૭. દેવને અર્પણ કરેલી સ્ત્રી (૪)
૩૯. તળાવનો કિનારો (૨)
૪૦. શરીરની ઊંચાઈ, પ્રમાણ, વિસ્તાર (૨)
૪૧. સંન્યાસી, જૈન સાધુ, સંયમી (૨)
૪૨. નોકરડી, સેવિકા (૨)

GIRISH ✆ 2567 5418 • MUKESH ✆ 2568 5279

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

## NanoNine™ શબ્દ રમત-૧૩૩નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | કો | મા | ■ | ધ | ર | ખ | મ | ■ | જી | ભ | ■ |
| વાં | ■ | સા | ગ | ર | ■ | ■ | સ્ત | વ | ન | ■ | ભા |
| ઢો | લ | ■ | ર્વ | ■ | મ | સ | ■ | હી | ■ | ર | વિ |
| ■ | વ | ત્સ | ■ | વ | સા | હ | ત | ■ | ચા | વી | ■ |
| ચ | ણ | ■ | કા | ગ | જ | ■ | જ | સ | ■ | ના | શ |
| મ | ■ | પા | મ | ર | ■ | ૐ | ■ | મા | સ | ■ | બ |
| ચ | ■ | ન | સ | ■ | શ્રી | ■ | દુ | પ | ટ્ટો | ■ | ન |
| મ | ગ | ■ | રા | જા | ■ | સુ | કા | ન | ■ | સા | મ |
| ■ | ર | ણ | ■ | પ | થ | રા | ળ | ■ | મો | ણ | ■ |
| આ | મ | ■ | સ્વા | ■ | ડ | ખ | ■ | તા | ■ | સી | ટી |
| શ | ■ | સ | હા | ય | ■ | ■ | સ્વ | રા | જ | ■ | ટી |
| ■ | રા | હી | ■ | દા | મો | દ | ર | ■ | ન | ળ | ■ |

*માસ સપ્ટેમ્બર-૨૦૧૭ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૩૨ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. લક્ષ્મી ખત્રી - અમદાવાદ
૨. સરલા શાહ - અમદાવાદ
૩. તૃપ્તિ સાવલા - અમદાવાદ
૪. સરોજ શાહ - અમદાવાદ
૫. પ્રિયંકા શાહ - અમદાવાદ
૬. ચંદ્રા શાહ - અમદાવાદ
૭. સ્મિતા શાહ - અમદાવાદ
૮. પ્રતિમા શાહ - અમદાવાદ
૯. નવલ શાહ - અમદાવાદ
૧૦. મહેન્દ્ર મહેતા - અમદાવાદ
૧૧. સંજય શાહ - અમદાવાદ
૧૨. ગીતા મહેતા - અમદાવાદ
૧૩. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૧૪. દમયંતી દંડ - અમદાવાદ
૧૫. રંજન શાહ - અમદાવાદ
૧૬. કલ્પના પાલાણી - અમદાવાદ
૧૭. નલિની શેઠ - અમદાવાદ
૧૮. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ
૧૯. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૨૦. મૃદુલા ચોક્સી - અમદાવાદ
૨૧. અજિત મહેતા - અમદાવાદ
૨૨. મહેન્દ્ર પુજ - અમદાવાદ
૨૩. મીત મહેતા - અમદાવાદ
૨૪. ચેતના વોરા - અમદાવાદ
૨૫. જશવંતી મહેતા - અમદાવાદ
૨૬. ચંદ્રા માંડલિયા - અમદાવાદ
૨૭. પારિતોષ મહેતા - અમદાવાદ
૨૮. માધુરી પદમશી ડાઘા - અમદાવાદ
૨૯. હસમુખ દેઢિયા - અડાલજ
૩૦. નેમજી ગંગર - અડાલજ
૩૧. પાર્થ મહેતા - સુરત
૩૨. નવલ નીસર - સુરત
૩૩. પ્રભા શેઠિયા - વલસાડ
૩૪. ડૉ. પ્રદીપ ખોના - ગદગ
૩૫. હર્ષ પારેખ - સિકંદ્રાબાદ
૩૬. રિશ્વા મહેતા - ગાંધીધામ
૩૭. મુકુંદ મહેતા - આદિપુર
૩૮. રસીલા ઝવેરી - વિરાર
૩૯. ભાવના શાહ - નાગપુર
૪૦. સોનલ શાહ - નાગપુર
૪૧. તારાબેન શાહ - નાગપુર
૪૨. સરોજ પી. શાહ - અગાસ
૪૩. શોભના દંડ - અંકલેશ્વર
૪૪. દિનેશ જોષી - માંડવી
૪૫. દિનેશ મોમાયા - પૂના
૪૬. ઉષા સંઘવી - રાઉરકેલા

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. નવલ શાહ – અમદાવાદ
૨. ચંદુભાઈ કુબડિયા – અમદાવાદ
૩. પાર્થ મહેતા – સુરત

## કબજિયાત : બીમારીઓનું મૂળ

**(અનુ. : પાના નં.-૬૫ ઉપરથી ચાલુ)**

કઢાય છે. ઘણા જીદ્દી કે હઠીલા કબજિયાતમાં સ્વીપર કે સીસ્ટર વડે ફીંગર ઈવેક્યુએશનની રીતે પણ સંતોષમય પરિણામ મેળવાય છે. આને બળ વાયુથી મળ વાયુનું ગેટઆઉટીકરણ કરતું શક્તિનું રૂપાંતરણ કહેવાય!

કોન્સ્ટીપેશનના ઉપાય બહુ જ સરળ છે. ખૂબ પાણી પીવું. રેષાવાળા શાકભાજી કે ફ્રુટ્સનું નિયમિત સેવન કરવું. સૂર્યોદયની નિયમિતતાથી અડધો કે એક કલાક ચાલવું કે યોગાસનો કરવા. ચીકાશ અને મેંદાવાળા પદાર્થોનો મિનિમમ ઉપયોગ કરવો. એકાદ અઠવાડિયામાં જ જોજો તમને ચપટી વગાડતાં જ પેટ સાફ થાય છે કે નહીં? બાબા રામદેવજી મહારાજની એક્યુપ્રેશરની ચોપડી રીફર કરવી પડશે કે ગુદામાર્ગનું પ્રેશર પોઈન્ટ ક્યાંક ચપટીમાં તો નથી ને? સ્વાદ વગરનું ફીકું ખાવા અને શારીરિક શ્રમ કર્યા વગર ચપટી વગાડ્યા કરવામાં કંઈ મળ પડે છે? સોરી કંઈ મેળ પડે છે?

**કોન્સ્ટીપેટેડ થોટ :**

*જે રીતે પબ્લિક આપી રહી છે... કબજિયાતને ઈમ્પોર્ટન્સ!*
*કહીશું આપણે તેને, કોલોન - રેક્ટમનું...ઈમ્પોટેન્સ?*

## NanoNine™ Sudoku

**સપ્ટેમ્બર-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૯ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**

**જુઓ : પાના નંબર-૫૯**

*પ્રેરણા પાછળ પરસેવાનું પાણી ન વરસે, તો એ પ્રેરણા થોડા વખતમાં જ રણ જેવી બની જાય છે. જેને કંઈ કરી બતાવવું છે, પ્રકાશવું છે, ખીલી ઊઠવું છે અને આગળ વધવું છે એને કદી પણ પ્રતિકૂળ સંજોગોની શરમ લાગતી નથી. વિજય મળે કે પરાજય એની પરવા કર્યા વિના એ પોતાની પ્રચંડ શક્તિ કામે લગાડી દે છે. ઈતિહાસને પાને નોંધાયેલા એવા કયા મહાપુરુષોના માર્ગ ઉપર ગુલાબના મુલાયમ બગીચાઓ બિછાવ્યા હતા, એ કોઈ કહેશે? ભગવાન બુદ્ધ જ્યારે ગૃહત્યાગ કરીને મધરાતે નીકળી પડ્યા, ત્યારે તેમણે વિચાર પણ નહોતો કર્યો કે બહાર ચાંદનીનું અપૂર્વ તેજ પથરાયેલું હોય તો સારું. જિસસ ક્રાઈસ્ટ, મહમ્મદ પયગંબર કે મહાવીર પ્રભુ માટે, શરૂઆતમાં કોણ કહે છે કે અનુકૂળ સંજોગો હતા?*

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૯૧ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૧૧-૨૦૧૭સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જાન્યુઆરી-૨૦૧૮ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૯૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 4 | 8 | | | | 2 | 6 |
| 7 | | | 2 | 1 | | 9 | | |
| 3 | | 5 | | | 9 | | 4 | |
